Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય

## [ સચિત્ર–સયંત્ર ]

ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે પ્રાપ્ત થતા પ્રાચીન ગ્રન્થો

તથા

વૃત્તિઓને અનુસરતું સર્વતોમુખી વિવરણ.

[ પ્રશ્નોત્તરો, ટિપ્પણો, પ્રકીર્ણ વિચારો, યન્ત્રો, મન્ત્રો, નામગર્ભિત સ્તોત્રો, યન્ત્ર આલેખનના પ્રકાર આદિ સહિત ]

: સંશોધક :

પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

પ્રયોજક તથા મુખ્ય સંપાદક:

શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, બી. એ.

:: સંપાદક ::

સુબોધચન્દ્ર નાનાલાલ શાહ

: પ્રકાશક :

જૈન સાહિત્ય વિકાસ મંડળ

ઇરલા, વીલેપારલે, મુંબઇ–૫૬ ( A. S.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક:—
સુબોધચંદ્ર નાનાલાલ શાહ
મંત્રી
જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, સ્વામી વિવેકાનંદ માર્ગ,
ઇરલા, વીલેપારલે (વેસ્ટ) મુંબઇ-૫૬ (A. S.)

પ્રથમ આવૃત્તિ

* * *

મૂલ્ય રૂપિયા ૧૦-૦૦

* * *

વિ. સં. ૨૦૨૭

ઇ. સ. ૧૯૭૧

* * *

પ્રતિ-૧૦૦૦

મુદ્રક :
ભાનુચંદ્ર નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અ....નુ....ક્ર....મ....ણિ....કા

કલામયદ્વારશાખામધ્યસ્થાપિત શ્રી પાર્શ્વસ્તુતિઃ (મુદ્રાલેખ)

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ સ્તવનમ્.

બે બોલ.

પ્રાક્કથન.

ઉપોદ્ઘાત.

પ્રકાશકીય નિવેદન.

ચિત્ર યન્ત્ર સૂચિ.

ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ ચિત્રોનો ક્રમાનુસાર પરિચય.

ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય લેખન ક્રમ સમજુતી.

અર્થ વૈવિધ્ય.

ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાયના લેખનમાં આધારભૂત ગ્રંથોની યાદી.

ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાયના લેખનમાં ઉપયોગમાં લેવાયેલી હસ્તલિખિત પ્રતિઓની યાદી.

સંકેતસૂચિ.

શુદ્ધિપત્રક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: વિષયાનુક્રમ :—


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મૂલપાઠ. | ૧ |
| ૨. | સંસ્કૃત છાયા. | ૨ |
| ૩. | અન્વય | ૩ |
| ૪. | વિવરણ. | ૪–૨૦ |
| ૫. | પ્રશ્નોત્તર. | ૨૧–૨૭ |
| ૬. | અર્થસંકલના. | ૨૮ |
| ૭. | ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓના વિભિન્ન વિભિન્ન અર્થો. | ૨૯–૩૨ |
| ૮. | ઉવસગ્ગહરં સ્તોત્રના પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર તથા પદ્માવતી પક્ષે કરાએલા અર્થો | ૩૩–૪૦ |
| ૯. | ટિપ્પણો. | ૪૧–૫૩ |
| ૧૦. | પ્રકીર્ણક | ૫૪–૧૨૫ |
| | (૧) ઉવસગ્ગહરં સ્તોત્રમાં નિર્દિષ્ટ नमिऊण મંત્રનું પ્રથમ પ્રાકટ્ય. | ૫૪ |
| | (૨) મંત્ર કેવી રીતે સિદ્ધ થાય ? | ૫૪ |
| | (૩) મંત્રયુગ | ૫૫ |
| | (૪) મંત્રની ફળદાયકતાનું અનન્ય કારણ | ૫૬ |
| | (૫) ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓ. | ૫૬ |
| | (૬) વિવિધ સંપ્રદાયોમાં ઉવસગ્ગહરં સ્તોત્ર. | ૫૭ |
| | (૭) ભક્તિની વ્યાખ્યા | ૫૭ |
| | (૮) ઉવસગ્ગહરં સ્તોત્રની મંત્રમયતા | ૫૮ |
| | (૯) નામમંત્ર. | ૫૮ |
| | (૧૦) हियएण પદના પ્રયોગની સૂચકતા. | ૫૯ |
| | (૧૧) મંત્રની વ્યાખ્યા. | ૬૦ |
| | (૧૨) સૂત્રનો પરિચય | ૬૧ |
| | (૧૩) અક્ષરમાન. | ૬૩ |
| | (૧૪) સંયુક્તાક્ષરો. | ૬૩ |
| | (૧૫) ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણમાં સ્થાન. | ૬૩ |
| | (૧૬) પ્રાથમિકતા. | ૬૪ |
| | (૧૭) ઉવસગ્ગહરં સ્તોત્રની જુદી જુદી ગાથાઓના જુદા જુદા પ્રભાવ. | ૬૪ |
| | (૧૮) ઉવસગ્ગહરં સ્તોત્રમાં મંત્રો. | ૬૪ |
| | (૧૯) ઉવસગ્ગહરં સ્તોત્રમાં યંત્રો. | ૬૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ઠ

(૨૦) ઉવસગ્ગહરં સ્તોત્રમાં દર્શાવેલ ફલો પ્રાપ્ત કરવા માટેની વિધિ. ૬૫
(૨૧) ઉવસગ્ગહરં સ્તોત્રનો રચનાકાળ. ૬૬
(૨૨) આચાર્યશ્રી દ્રભબાહુસ્વામિની અન્ય રચનાઓ. ૬૬
(૨૩) શ્રીભદ્રબાહુસ્વામિએ આવસ્સય નિજ્જુત્તિમાં દર્શાવેલ सव्वविसनिवारणी વિદ્યા. ૬૭
(૨૪) विसहर फुलिंग મંત્રમાં મંત્રબીજોનો પ્રયોગ. ૬૭
(૨૫) ઉવસગ્ગહરં સ્તોત્રમાં પંચપરમેષ્ઠિની સ્થાપના. ૬૮
(૨૬) ભગવાન શ્રીપાર્શ્વનાથની વિશેષતા. ૬૯
(૨૬) અ નવકાર મહામંત્રની આરાધના અને ઉવસગ્ગહરં સ્તોત્ર. ૭૦
(૨૭) विसहरफुलिंगमंतं પદની વિશિષ્ટ વ્યાખ્યા. ૭૦
(૨૮) ઉવસગ્ગહરં સ્તોત્રમાં દર્શાવેલા ત્રણ પ્રકારના ભક્ત આત્માઓ. ૭૩
(૨૯) ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ કરવા અંગે. ૭૪
(૩૦) नमिऊण મંત્રના આમ્નાયનું વિશ્લેષણ. ૭૫
(૩૧) ચિન્તામણિ મંત્રનો વર્ણ વિશ્લેષણ અથવા વિપ્રકીર્ણ પદ્ધતિએ વિન્યાસ. ૭૮
(૩૨) મંત્ર એટલે શું? ૭૯
(૩૩) ઉવસગ્ગહરં સ્તોત્રમાં વપરાયેલ ભગવાન શ્રી પાર્શ્વનાથનાં ચાર નામો. ૮૦
(૩૪) ઉવસગ્ગહરં સ્તોત્રમાં સમાસો, ક્રિયાપદો અને વિભક્તિઓ. ૮૦
(૩૫) ઉવસગ્ગહરં સ્તોત્રની રચના પાછળનો ઇતિહાસ. ૮૧
(૩૬) ઉવસગ્ગહરં સ્તોત્ર પર રચાયેલી વૃત્તિઓ અને તેની વિશેષતા. ૮૬
(૩૭) ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવને દર્શાવતું કથાનક. ૯૦
(૩૮) ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ દર્શાવનારા શ્લોકો. ૧૧૯
(૩૯) ઉવસગ્ગહરંની ગાથાઓનું વૈવિધ્ય. ૧૨૧
(૪૦) ઉવસગ્ગહરં સ્તોત્રની દેહરચના. ૧૨૫

**૧૧. પરિશિષ્ટ**

(૧) ઉવસગ્ગહરં સ્તોત્રમાં નિર્દિષ્ટ યંત્રો. ૧૨૬–૧૩૨
(૨) ઉવસગ્ગહરં સ્તોત્રમાં યંત્રોના આલેખન વિષે સમજુતી. ૧૩૩
(૩) ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિમાં દર્શાવાયેલા મંત્રો. ૧૩૪–૧૩૮
(૪) ઉવસગ્ગહરં સ્તોત્રના કલ્પ અંગે. ૧૩૯–૧૪૨

**૧૨ સ્તોત્ર વિભાગ** ૧૪૩

(૧) ત્રણસો પાંસઠ પાર્શ્વ જિનનામમાળા ૧૪૪
(૨) ૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન. ૧૪૫–૧૪૮
(૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામોનો છંદ ૧૪૯–૧૫૩
(૪) શ્રી પાર્શ્વનાથ ભગવંતના ૧૦૮ વિશેષણો. ૧૫૪–૧૫૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ઠ

(૫) ચતુર્દશ તીર્થ સ્થળોમાં વિખ્યાત થયેલાં ભગવાન શ્રી પાર્શ્વનાથનાં બિમ્બોનાં નામો. ૧૫૮

(૬) ભગવાન શ્રી પાર્શ્વનાથથી પવિત્રિત કેટલાંક તીર્થસ્થળોની નોંધ. ૧૫૯–૧૬૨

(૭) શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો અને તે તે પ્રતિમાઓનાં સ્થાનો. ૧૬૨–૧૬૫

(૮) શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પાદપૂર્તિરૂપં શ્રી મતિસૂરસૂરિ સ્તોત્રમ્. ૧૬૬–૧૬૭

(૯) ઉવસગ્ગહરં સ્તોત્રની પાદપૂર્તિરૂપ સ્તોત્ર. ૧૬૯–૧૭૦

## પૂરવણી

યન્ત્રોના આલેખનનો પ્રકાર. ૧૭૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्री–चिन्तामणि–पार्श्वनाथ–स्तवनम्.

किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयं,
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलीमयम्।
विश्वानन्दमयं महोदयमयं शोभामयं चिन्मयं,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवालम्बनम्॥ १॥

पातालं कलयन् धरां धवलयन्नाकाशमापूरयन्,
दिक्चक्रं क्रमयन् सुरासुरनरश्रेणिं च विस्मापयन्।
ब्रह्माण्डं सुखयन् जलानि जलधेः फेनच्छलाल्लोलयन्,
श्रीचिन्तामणिपार्श्वसम्भवयशोहंसश्चिरं राजते॥ २॥

पुण्यानां विपणिस्तमोदिनमणिः कामेभकुम्भे सृणिः,
मोक्षे निःसराणिः सुरद्रुकरणिर्ज्योतिःप्रकाशारणिः।
दाने देवमणिर्नतोत्तमजनश्रेणिः कृपासारणि–
र्विश्वानन्दसुधाघृणिर्भवभिदे श्री पार्श्वचिन्तामणिः॥ ३॥

श्रीचिन्तामणिपार्श्व! विश्वजनतासञ्जीवनं त्वं मया,
दृष्टस्तात! ततः श्रियः समभवन्नाशक्रमाचक्रि यत्।
मुक्तिः क्रीडति हस्तयोर्बहुविधं सिद्धं मनोवाञ्छितं,
दुर्दैवं दुरितं च दुर्दिनभयं कष्टं प्रणष्टं मम॥ ४॥

यस्य प्रौढतमप्रतापतपनः प्रोद्दामधामा जग–
ज्जङ्घालः कलिकालकेलिदलने मोहान्धविध्वंसकः।
नित्योद्द्योतपदं समस्तकमलाकेलीगृहं राजते,
स श्रीपार्श्वजिनो जने हितकृतौ चिन्तामणिः पातु माम्॥ ५॥

विश्वव्यापितमो हिनस्ति तरणिर्बालोऽपि कल्पाङ्कुरो,
दारिद्र्याणि गजावलिं हरिशिशुः काष्ठानि वह्नेः कणः।
पीयूषस्य लवोऽपि रोगनिवहं यद्वत्तथा ते विभो!
मूर्तिः स्फूर्तिमती सती त्रिजगती-कष्टानि हर्तुं क्षमा॥ ६॥

श्रीचिन्तामणिमन्त्रमोँकृतियुतं ह्रीँकारसाराश्रितं,
श्रीमर्हं नमिऊण पास कलितं त्रैलोक्यवश्यावहम्।
द्वेधाभूतविषापहं विसहर श्रेयः प्रभावाश्रयं–
सोल्लासं वसहाङ्कितं जिणफुलिंगानन्ददं देहिनाम्॥ ७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ह्रीँ श्रीँकारवरं नमोऽक्षरपरं ध्यायन्ति ये योगिनो
हृत्पद्मे विनिवेश्य पार्श्वमधिपं चिन्तामणिसंज्ञकम् ।
भाले वामभुजे च नाभिकरयोर्भूयो भुजे दक्षिणे,
पश्चादष्टदलेषु ते शिवपदं द्वित्रैर्भवैर्यान्त्यहो ॥ ८ ॥

नो रोगा नैव शोका न कलहकलना नारिमारीप्रचारा,
नैवान्ध्यं नासमाधिर्न विधुरदुरिते दुष्टदारिद्र्यता नो,
नो शाकिन्यो ग्रहा नो न हरिकरिगणा व्यालवेतालजाला,
जायन्ते पार्श्वचिन्तामणिनतिवशतः प्राणिनां भक्तिभाजाम् ॥ ९ ॥

गीर्वाणद्रुमधेनुकुम्भमणयस्तस्याङ्गणे रङ्गिणो
देवा दानवमानवाः सविनयं तस्मै हितध्यायिनः ।
लक्ष्मीस्तस्य वशा वशेव गुणिनां ब्रह्माण्डसंस्थायिनी,
श्रीचिन्तामणिपार्श्वनाथमनिशं संस्तौति यो ध्यायति ॥ १० ॥

इति जिनपतिपार्श्वः पार्श्वपार्श्वाख्ययक्षः,
प्रदलितदुरितौघः प्रीणितप्राणिसङ्घः ।
त्रिभुवनजनवाञ्छादानचिन्तामणिकः,
शिवपदतरुबीजं बोधिबीजं ददातु ॥ ११ ॥

इति श्री चिन्तामणिपार्श्वनाथस्तवनम्



પ્રસ્તુત સ્તોત્ર 'ચિંતામણિમંત્રામ્નાય' નામક હસ્તપ્રતમાંથી અહિં રજૂ કરાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બે બોલ

શ્રી 'ઉવસગ્ગહરં' સ્તોત્ર શ્રી જૈનશાસનમાં મહાપ્રભાવક ગણાય છે. શાંતિસ્નાત્રાદિ મહાપૂજાઓ તથા પ્રભુપ્રતિષ્ઠાદિ મહાપ્રસંગોએ 'નવસ્મરણ' તરીકે જે મહામંગલિક સ્તોત્રો ત્રિકાળ ભણવામાં આવે છે, તેમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના મુખ્ય છે. પ્રથમ શ્રી નવકાર મહામંત્ર, પછી શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર, પછી શ્રી સંતિકરં સ્તોત્ર એ રીતે નવસ્મરણોનો ક્રમ છે. જેના કર્તા અંતિમ શ્રુતકેવલી, ચૌદપૂર્વધર, સ્થવિર, આર્ય **ભદ્રબાહુસ્વામી** છે તે ઉવસગ્ગહરં સ્તોત્રને શ્રી નમસ્કાર મહામંત્ર પછી બીજું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયેલું છે તેની પાછળ અનેક કારણો છે. તેમાં મુખ્ય કારણ તેના રચનારા ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંત છે. વળી તે સ્તોત્ર અનેક મંત્ર-યંત્રોથી ભરપૂર છે, સર્વ પ્રકારનાં ઉપદ્રવોને નાશ કરનારું છે તથા જન્માંતરમાં પણ બોધિરત્નને પ્રાપ્ત કરાવનારું છે. વિશેષમાં તે સ્તોત્ર શ્રી નમસ્કાર મહામંત્રના બીજથી વાસિત છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચ ગાથાના આદિ પદોના આદિ અક્ષરો અનુક્રમે ઉપાધ્યાય, સાધુ, આચાર્ય, અરિહંત અને સિદ્ધપદના વાચક છે. તે અક્ષરો અનુક્રમે 'उव' 'विस' 'चिट्ठ' 'तुह' અને 'इअ' છે, એમ શ્રી **જિનપ્રભસૂરિજી**એ સ્વરચિત **'અર્થકલ્પલતા'** નામની આ સ્તોત્રની ટીકામાં સ્પષ્ટ કરેલ છે. આ ગ્રંથના પૃષ્ઠ ૬૮ ઉપર તેનું વિસ્તારથી વર્ણન કરેલું છે. તે જોવાથી શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રભાવકતાની પાછળ રહેલ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનાં સામર્થ્યનો પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે.

અચિંત્યપ્રભાવસંપન્ન જેટલા મંત્રો અને સ્તોત્રો છે, તે બધામાં બીજરૂપે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો અને તેમનાં ગુણોની છાયા એક યા બીજારૂપે રહેલી હોય છે. આ વસ્તુના બોધથી શ્રી નમસ્કાર મહામંત્ર ઉપર પણ અદ્વિતીય અને અનુપમ ભક્તિભાવ પેદા થાય છે.

**શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ** તરફથી આજસુધી બહાર પડેલ સાહિત્યમાં **'શ્રી નમસ્કાર સ્વાધ્યાય'** (સંસ્કૃત-પ્રાકૃત વિભાગ) **'લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય'** વગેરેની જેમ આ **'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય'** નામનો આકર ગ્રંથ પણ જિજ્ઞાસુઓને પરમ આશીર્વાદરૂપે નિવડવા સંભવ છે.

આ ગ્રંથમાં ઉવસગ્ગહરં સ્તોત્ર સંબંધી વર્તમાનમાં મળતું શક્ય સઘળું સાહિત્ય મંત્રો, યંત્રો અને ચિત્રો સાથે સુંદર સંપાદન સહિત સંગ્રહી લેવામાં આવ્યું છે.

શ્રી ઉવસગ્ગહરં એક પ્રભાવક સ્તોત્ર છે. તેની સાથે પરમમંત્ર પણ છે અને શ્રી નમસ્કાર મહામંત્રની જેમ તેનું પણ આજે શ્રી ચતુર્વિધ સંઘમાં નિત્ય નિયમિત પઠન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠન–શ્રવણ–મનન–જપ–ધ્યાનાદિ થઇ રહેલ છે. તેમાં આ ગ્રંથના સ્વાધ્યાયથી વિશેષ પ્રાણપૂર્તિ થવા સંભવ છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની અનેકવિધ વિશેષતાઓમાં એક વિશેષતા એ છે કે તેની પ્રથમ ગાથામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૮૦ પ્રકારે સ્તુતિ થાય છે. બીજી ગાથામાં ૪૦ પ્રકારે સ્તુતિ થાય છે. ત્રીજી ચોથી અને પાંચમી ગાથામાં બીજા ચાર પ્રકાર મળીને સમગ્ર સ્તોત્ર વડે કુલ ૧૨૮૦૦ પ્રકારે શ્રી પાર્શ્વનાથ ભગવંતની સ્તુતિ થાય છે. એક જ ભગવંતની ૮૦×૪૦×૪=૧૨૮૦૦ પ્રકારે સ્તુતિ માત્ર પાંચ જ ગાથાઓ વડે થઈ શકે તે સ્તોત્ર કેટલું મહિમાશાળી હોય તે સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય છે.

મંત્રશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રમાં વિશારદ પ્રાજ્ઞ પુરુષો ઉવસગ્ગહરં સ્તોત્રના મહામહિમાને પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાના બળથી વિશેષ પ્રકારે જાણી શકે છે. આ ગ્રંથ તેમાં પૂર્તિરૂપ બનીને ચતુર્વિધ સંઘની આરાધનામાં વિશેષ પ્રકારે સહાયક બનો એ જ એક શુભેચ્છા.*

માગશર વદ ૧૦ બુધવાર
પાર્શ્વજન્મકલ્યાણક દિન
વિ. સં. ૨૦૨૭ તા. ૨૩–૧૨–૭૦

પં. ભદ્રંકરવિજય ગણિ
(આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી શિષ્ય)



* ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૮૦ પ્રકારે સ્તુતિ રહેલી છે તેને સામાન્ય રીતે સમજવા માટે એક 'उवसग्गहरं पासं' શબ્દનાં પાંચ અર્થો, 'कम्मघणमुक्कं' ના બે અર્થો, 'विसहरविसनिन्नासं' ના ચાર અર્થો તથા 'मंगलकल्लाण आवासं' ના બે અર્થો મળીને ૫×૨×૪×૨=૮૦ અર્થો તથા બીજી, ત્રીજી આદિ ગાથામાં રહેલા અર્થો કયા અને કેવી રીતે રહેલા છે તે જિજ્ઞાસુ આત્માઓએ ગુરુગમથી સમજી લેવા.[1] તેને સમજવાથી સ્તોત્રના સ્વાધ્યાયમાં અનેરો ભક્તિભાવ જાગૃત થાય છે તે અનુભવસિદ્ધ છે. આ સ્તોત્રની વિશેષ પ્રસિદ્ધિમાં એ પણ એક કારણ છે કે આ વિષમ કાળમાં કાળદોષથી પણ માનવજીવન વિઘ્નપ્રચુર હોય છે. ધર્મમાર્ગ પણ અનેક વિઘ્ન અને ઉપસર્ગવાળો હોય છે તે વખતે આર્તધ્યાનાદિ અશુભ ધ્યાન નિવારણ કરવા માટે અને ધર્મમાર્ગને નિષ્કંટક બનાવવા માટે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ–જાપ–ધ્યાનાદિ અમોઘ નિવડે છે. એવો અનેક મહાપુરુષોનો અનુભવ હોવાથી આ સ્તોત્રને વિશેષ પ્રસિદ્ધિ મળી છે. ઉપસર્ગનિવારણ કરવા માટેનું અચિન્ત્ય સામર્થ્ય આ સ્તોત્રમાં રહેલું હોવાથી તેનું 'ઉવસગ્ગહર' એવું નામ 'यथा नाम तथा गुणाः' એ ઉક્તિ મુજબ સાર્થક થયેલું છે.

૧ આ અર્થો 'અર્થવૈવિધ્ય નામક પ્રકરણમાં દર્શાવાયા છે. —સંપાદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાક્-કથન

ઉવસગ્ગહરં સ્તોત્રને ગૂઢ અને રહસ્યમય માનવામાં આવે છે. તેની આસપાસ અનેક ચમત્કારી વાતો, જે કેવળ અટલ શ્રદ્ધાથી માની શકાય એવી ગૂંથાયેલી માલૂમ પડે છે.

✓ વસ્તુતઃ સમગ્ર સ્તોત્ર ભક્તિયોગ* અને મંત્રયોગ×નો સુમેળ પૂરો પાડે છે. આવા ભક્તિયોગને જૈન પરિભાષામાં સમ્યગ્દર્શન અથવા સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન એટલે આધ્યાત્મિક વિવેક. જૈનદર્શનમાં જીવ-અજીવ આદિનો વિવેક છે. આવા વિવેકનો ઉદય તે જ સમ્યગ્દર્શન કહેવાય છે.

જૈન પરંપરામાં મોક્ષના ઉપાય તરીકે જ્ઞાનમાર્ગનું પ્રાધાન્ય ફલિત થાય છે. ઇશ્વર માટે પ્રપત્તિ જેવી અનન્ય શરણાગતિની ઉત્કટ કોટિની ભક્તિ તેને સ્રષ્ટા કે ન્યાયદાતા રૂપે સ્વીકાર્યા સિવાય સહજભાવે નથી હૃદયમાં સ્ફુટ થતી કે નથી ટકી શકતી. તેથી એવી એક રૂઢ માન્યતા થઇ ગઈ છે કે '**અરિહંતદેવ સર્વથા વીતરાગ હોઇ કોઇના ઉપર અનુગ્રહ કે નિગ્રહ કરતા જ નથી.**' પ્રસ્તુત રૂઢ માન્યતાનું અસ્તિત્વ કાયમ રહેતું હોવા છતાં મહાન જ્યોતિર્ધરોએ અવારનવાર ભક્તિને સુખસંપત્કરી અને શ્રેયસ્કરી કહીને બીરદાવી છે અને તેને એવી રીતે નિર્દિષ્ટ કરી છે કે તેનો નિઃશ્રેયસ્ માટેનો માર્ગ બીજા બધા કરતાં ટૂંકો હોય અને સદ્યઃ પ્રત્યયકારી પણ હોય.

ત્રણસો જેટલા વર્ષો પહેલાં **ઉપાધ્યાય શ્રી યશોવિજયજી**એ 'સમકિતના ૬૭ બોલની સજ્ઝાય' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે દર્શાવ્યું છેઃ—

> "જિનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે?
> એવું જે મુખ ભાખીએ રે, તેની વચનશુદ્ધિ કહેવાય રે."

આવા ટંકશાળી વચનો પ્રાપ્ત થતાં હોવા છતાં જિનભક્તને જ્યારે દુઃખના વસમા દિવસો આવી પડે છે ત્યારે તેને મનુષ્યસ્વભાવની સહજ નિર્બળતા ઘેરી વળે છે. તે પોતાના હિત માટે કોઈ સ્રષ્ટા અથવા ન્યાયદાતાની શક્તિની મદદ માટે વલખાં મારે છે,

---

* **ભક્તિયોગ**—ઇષ્ટદેવને નિશ્ચિતરૂપે પ્રાપ્ત કરવા માટે અને તેના સ્વરૂપને હૃદયંગમ કરવા માટે તત્ત્વદર્શી ઋષિમુનિઓએ અનેક માર્ગોનો નિર્દેશ કર્યો છે. સર્વ સાધનાનું અંતિમ ફળ ભક્તિ છે. માટે તે સૌથી શ્રેષ્ઠ છે.

× **મંત્રયોગ**—શબ્દમય મંત્ર અને તેના અર્થના અવલંબનથી જે ભાવમય સાધના કરાય છે તે મંત્રયોગ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવે વખતે જિનભક્તિનો ધોરી માર્ગ છોડીને તે અન્ય દેવ દેવીઓની અનેક પ્રકારની આધા-આખડી રાખે છે અને ભૂવા-જોગીઓ પાસે જંતર-મંતર કે દોરા-ધાગા માટે ભટકયા કરે છે.

લગભગ ૧૭૦૦ વર્ષ પહેલાં આ વસ્તુ તેના પૂર્ણ સ્વરૂપમાં **આચાર્ય શ્રી માનદેવસૂરિને** સ્પષ્ટ થઇ હતી, તેથી તેમની શાંતિસ્તવ (લઘુશાંતિ) નામની કૃતિમાં તેમણે જિનભક્તોને ત્રણ વર્ગમાં વિભક્ત કર્યા છે. તે આ પ્રમાણેઃ—

**૧ 'ભવ્ય'** વર્ગ. જે મુમુક્ષુ છે અને જે સુખમાં કે દુઃખમાં ભક્તિના તાત્ત્વિક ધોરી માર્ગ ઉપર જ સ્થિર રહે છે.

**૨ 'સત્ત્વ'** વર્ગ. (સત્ત્વશાળી વર્ગ) જે ભય અને વ્યાધિથી વ્યગ્ર થાય છે અને તે અભય અને સ્વસ્તિ આદિ પ્રદાનથી ભક્તિના માર્ગમાં સ્થિર થઇ જાય છે.

૩ 'જંતુ' વર્ગ. (બાલ જીવો) જેને કાંઈ અશુભ થતાં ધૃતિ ગુમાવી બેસે છે અને જેને શુભ પ્રદાન માટે મદદની કાયમ જરૂર રહે છે.

આ ત્રણે વર્ગમાં ત્રીજો વર્ગ જે જંતુ ભક્તો અથવા બાલ જીવોનો છે તેની સંખ્યા અતિ વિશાળ છે.

સમયે સમયે આચાર્ય ભગવંતોએ તેમની (જિનભક્તોની) પ્રતિકૂળતાના શમન માટે ભદ્ર, કલ્યાણ અને મંગલનો માર્ગ દર્શાવ્યા કર્યો છે. આવા માર્ગ માટે ભક્તિયોગ અને મંત્રયોગના સમન્વયવાળી વિશિષ્ટ પ્રકારની ત્રણ પ્રથા પ્રચલિત છે જે પ્રસ્તુત કથનમાં હવે પછી દર્શાવવામાં આવશે.

અહીં આપણે એક સિદ્ધાંત સમજી લેવો જોઇએ કે **શ્રી જિનની આરાધનાથી અથવા વિરાધનાથી જે જે શુભ અથવા અશુભ ફળ પ્રાપ્ત થાય તે સર્વોત્કૃષ્ટ હોય છે.**

આ સિદ્ધાંત મધ્યવર્તી રાખીને યુગ યુગના ધર્માચાર્યોએ દુઃખ, દર્દ, આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરેના વિનાશ માટે ભક્તિમાર્ગ જ દર્શાવ્યો છે.

**ઉપાધ્યાયશ્રી યશોવિજયજીએ** તેમની બે કૃતિ 'જિન મહત્ત્વ દ્વાત્રિંશિકા' અને 'શ્રી ઋષભદેવ સ્તવન' માં ભક્તિ વિષે જે નિર્દિષ્ટ કર્યું છે તે અનુક્રમે આ પ્રમાણે છેઃ—

सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं परमानन्दसंपदाम् ॥ १ ॥

* * *

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચમક પાષાણ જિમ લોહને ખીંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.

ઋષભદેવ સ્તવન (ગુજર્ર સાહિત્ય સંગ્રહ) ભા. ૧, પૃ. ૧૪૬

આવી રીતે અનેક મુનિપુંગવોએ અનેક સ્થળોએ જુદા જુદા પ્રકારે ભક્તિનું માહાત્મ્ય ગાયું છે, વર્ણવ્યું છે અને તેના મુક્ત કંઠે વખાણ પણ કર્યાં છે. આમ હોવા છતાં વસ્તુનું (ભક્તિનું) સ્વરૂપ યોગ્ય પ્રકારે સમજાયું નથી. તેથી ઉપર્યુક્ત રૂઢ માન્યતા અવિચલ રહે છે, તેમ જ જિનભક્તોમાં જે 'જંતુ' વર્ગ છે તેના હૃદયમાં રૂઢ માન્યતાએ જે ડેરા તંબૂ નાંખ્યા છે તે ઉઠાવાતા જ નથી.* તદુપરાંત ખેદની વાત તો એ છે કે આ માન્યતા ભક્તોના કેવળ જંતુવર્ગ પૂરતી જ સીમિત નથી. આ કારણે ભાગવતી ભક્તિ પરમ આનંદ અને સંપદાનું બીજ છે અને મુક્તિશ્રી માટે તે એક લોહચુંબકનું કાર્ય કરે છે. આવી અનુત્તર અને અસાધારણ શક્તિ ધરાવતી હોવા છતાં તે વિષે જે ઉત્કૃષ્ટ અને અનન્ય આદરભાવ હોવો જોઇએ તે હજી દશ્યમાન થતો નથી.

આવી રૂઢ માન્યતાવાળો મત નિશ્ચય નયનો છે. જ્યારે વ્યવહાર નયના મતે ભક્તિનો વિષય વીતરાગ ભગવાન બને છે. તેથી તેઓ જ 'પાપને હરે છે.' 'દુઃખને હરે છે.' વગેરે જે વચન–પ્રયોગો થાય છે તે યથાર્થ છે.

જૈનશાસન નિશ્ચય અને વ્યવહાર–ઉભય નયને યથાસ્થાને પ્રધાનતા આપે છે. એકની મુખ્યતામાં બીજાની ગૌણતા હોય છે. પરંતુ સર્વથા અભાવ હોતો નથી.

આ વિચારણા તાત્ત્વિક છે અને તે જો જિનભક્તોના જંતુવર્ગ (બાલ જીવો) સુધી બુદ્ધિગમ્ય થાય તેવી ભાષામાં પહોંચાડવામાં આવે તો ભક્તિનો માર્ગ વ્યવસ્થિત થાય અને તે માટેની શ્રદ્ધા ભક્તજનોમાં સુખ કે દુઃખના સમયે સ્ફુરે અને ટકે પણ ખરી.

દેશકાલનો વિચાર કરીને આચાર્ય ભગવંતોએ ભદ્ર, કલ્યાણ અને મંગલ કરે તેવો ભક્તિનો પ્રભાવ સહુ કોઇને સમજાય તેવી ભાષામાં પણ ઉતાર્યો છે. તેનો પુનરુદ્ધાર કરવાની દૃષ્ટિએ આ સ્વાધ્યાયશ્રેણિનું આલંબન લેવાયું છે.

આ સંયોગોમાં રહસ્યમય સ્તોત્રની આજુબાજુ ગૂંથાયેલા અનુગ્રહ અને નિગ્રહ કરે તેવા ચમત્કારોનું તથ્ય કેટલું છે અને તેનું કારણ શું છે તે આપણે વિચારીએ.

ઉવસગ્ગહરં સૂત્ર ઉપર જે ટીકાગ્રંથો ઉપલબ્ધ થાય છે, તે શાસ્ત્ર અને સાહિત્યની દૃષ્ટિએ અનેક કોયડાઓનો આપણને ઉકેલ આપે છે. પરંતુ મંત્રયોગની દૃષ્ટિએ ઉકેલ કરે અને તેના વિજ્ઞાનની સમજ આપે તેવો કોઇપણ આકર ગ્રંથ હજી સુધી પ્રાપ્ત થયો નથી કે જેથી તે અંગેની જોઇતી માહિતી પૂરી પડે. તેથી જે જટિલ પ્રશ્નો ઉપસ્થિત

* મહુડી જેવા સ્થળો હજી વિદ્યમાન છે અને તેની ખ્યાતિમાં વધારો થતો રહે છે. તે જ આ વસ્તુનો–રૂઢ માન્યતાનો સચોટ પૂરાવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તેના સૂક્ષ્મ, બુદ્ધિગમ્ય અને તત્ત્વજ્ઞાનવાળા ઉકેલને માટે મંત્રશાસ્ત્રોનો આધાર લેવો પડે તે સ્વાભાવિક છે. આવા રહસ્યમય સ્તોત્રના પ્રભાવના ઉદ્‌ઘાટન માટે આપણે પ્રવેશદ્વાર શોધવાનું છે અને તે માર્ગે ઉપસ્થિત થતી શંકાઓના નિવારણ માટે જે કાંઈ છુટા છવાયા આધારસ્થાનો પ્રાપ્ત થાય તે ઉપરથી યથાયોગ્ય સમાધાન કરી લેવાનું છે.

उवसग्गहरं पासं पासं वंदामि–સ્તોત્રની પ્રથમ ગાથા પ્રવેશદ્વારનું કાર્ય સારે છે અને તેના આ શબ્દો આપણા જટિલ પ્રશ્નનો ઉકેલ આપતા હોય તેમ સ્પષ્ટ જણાય છે. સઘળા ટીકાકાર મહાત્માઓ ચાલુ પ્રણાલિકા અનુસાર આ શબ્દોનો જે અર્થ કરે છે તેને આપણે અનુસરીએ છીએ. અમે પણ તદનુસાર પ્રથમ पासं માટે પાર્શ્વયક્ષની કલ્પના કરી છે.

ઉપસર્ગ હરવાનું કૃત્ય કરવા માટે પાર્શ્વયક્ષનું સ્મરણ કરીને અમે તેના સ્વામીને (द्वितीय पासंने) વંદન કરીએ છીએ તેવો અર્થ ઘટાવ્યો છે પરંતુ એક ટીકાકાર મહર્ષિ પ્રથમ ગાથાના પ્રથમ पासं શબ્દનો અર્થ पार्श्वम् એટલે समीपम् કરે છે અને તે ઉપરથી "ઉપસર્ગોને દૂર કરનારું સમીપ (સામીપ્ય–સાન્નિધ્ય) છે જેમનું એવા" એ અર્થ દર્શાવે છે.

આવી અર્થવ્યવસ્થા પ્રસ્તુત ગ્રંથના સાતમા પ્રકરણમાં અમે દર્શાવેલ છે. (જુઓ પૃષ્ઠ ૨૯) આનું તાત્પર્ય એ છે કે પાર્શ્વનામ મંત્રનું–શબ્દબ્રહ્મનું (એટલે દ્વિતીય पासंनुं) સાન્નિધ્ય* માત્ર (એટલે પ્રથમ पासं) ઉપસર્ગને હરનારું થાય છે.

કૃત્યકારી સ્રષ્ટા કે ન્યાયદાતાનો સ્વીકાર કર્યા વિના, અનુગ્રહ કૃત્યો અને નિગ્રહ કૃત્યો માટે આવશ્યક એવી તેમની કર્તૃત્વશક્તિનો પણ સ્વીકાર કર્યા વિના નામમંત્રનું સાન્નિધ્ય માત્ર ઉપસર્ગહર થાય કે બોધિનું પ્રદાન કરે તે વસ્તુ સૌ કોઈને અતિગૂઢ અને ચમત્કારિક જણાય તેવી સંભાવના છે. તેથી આ વસ્તુ વિશેષ તાત્ત્વિક ઉહાપોહ માગે છે.

સાન્નિધ્યના આવા ચમત્કારિક સામર્થ્ય માટે આપણે 'કૃત્ય' અને 'કર્તૃત્વ' શબ્દોનું તાત્પર્ય દર્શાવે તેવા અર્થો ગ્રહણ કરવા જોઈએ.

ઈતરો પંચકૃત્ય કરવા સમર્થ એવા સ્વતંત્ર ઈશ્વર તત્ત્વમાં માને છે અને તેના ભાવમય શરણગમનને 'પ્રપત્તિ' કહે છે. આ પંચકૃત્ય એટલે 'સર્જન, પાલન, સંહાર, નિગ્રહ અને અનુગ્રહ' છે.

આપણે અહીં નિગ્રહ અને અનુગ્રહના કર્તૃત્વનો જ વિચાર કરવાનો છે; કારણ કે ઉપસર્ગ વગેરે હરવાને નિગ્રહકૃત્યની આવશ્યકતા છે અને બોધિબીજ દેવાને માટે અનુગ્રહકૃત્યની આવશ્યકતા છે.

---

* સાન્નિધ્યનું બીજું દૃષ્ટાંત આ ગ્રંથના મુદ્રાલેખ તરીકે આપવામાં આવેલો શ્લોક પૂરું પાડે છે. તેનું ભાષાંતર આ પ્રમાણે છે:—

જેમનું સ્મરણ પણ વિઘ્નોરૂપી વેલડીઓને (કાપી નાખવા) માટે કુહાડો છે, જેમના (પ્રત્યેના) અનુરાગથી નિધાન સાન્નિધ્યપણાને પામે છે, પાપોના સમૂહ જેમણે હણી નાખ્યા છે અને આપત્તિઓનો નાશ કરવામાં અતિશય નિપુણ જેમનું ચરિત્ર છે તે શ્રી પાર્શ્વનાથને હું નમસ્કાર કરું છું.

શ્રી હરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્તા સમુચ્ચયની ટીકા (અષ્ટમ સ્તબક)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કર્તૃત્વ શું છે તે આપણે વિચારીએ. કર્તૃત્વ બે પ્રકારનું છેઃ—

(૧) સંકલ્પ માત્રથી અને

(૨) કરણ (કરવા) થી.

આમાં કરણની અપેક્ષાએ (ઘટ કાર્યમાં) કર્તાપણું કુલાલ (કુંભકાર) આદિનું છે. સંકલ્પ પણ બે પ્રકારનો છેઃ—

(૧) મનોવ્યાપારરૂપ અને

(૨) સંનિધિરૂપ.

આમાં મનોવ્યાપાર દ્વારા કર્તાપણું બ્રહ્મા આદિનું છે. જ્યારે સંનિધિમાત્ર વડે કર્તાપણું જિનનામમંત્રનું છે. જિનનામ મંત્રનું કર્તાપણું વિકૃતિના હેતુભૂત બાહ્યકરણની અપેક્ષાએ નથી, કારણ કે તેઓ (જિનભગવંતો) નિર્મલ છે અને કરણ આદિ રૂપ ઉપાધિથી રહિત છે. લોકમાં વિકારીપણું ઉપાધિવાળાઓમાં જ જણાય છે. તેથી કર્તાપણા વડે (કર્તા હોવા છતાં) અવિકારી હોવું વિરુદ્ધ નથી.

પ્રસ્તુત સ્તવમાં ઉપાધિ રહિત અને અશેષ તાદૃશ જિન શક્તિના પ્રવર્તક નામ–મંત્ર રૂપ પાર્શ્વશબ્દબ્રહ્મનો કર્તૃત્વ શક્તિ માટે સાન્નિધ્ય શબ્દ વડે (એટલે પ્રથમ પાસં વડે) પ્રયોગ થયો છે, આ પ્રકારે જ માનવું પડશે. તે નામમંત્રના યથાવિધિ પ્રયોગનું જ નિગ્રહ અને અનુગ્રહના કૃત્યોમાં (સાન્નિધ્યથી) કર્તાપણું છે–જેમ સૂર્યનું કમલમાં વિકાસરૂપે, ઉત્પલમાં મુકુલીભાવરૂપે, નવનીતમાં દ્રવીકરણરૂપે અને પંકમાં શોષણરૂપે કર્તાપણું છે. એટલે કે સૂર્યનો ઉદય થવા માત્રથી (તેનું સાન્નિધ્ય થવાથી) કમલો વિકસે છે, ઉત્પલો (રાત્રિમાં ખીલે તેવા કમલો) બીડાઇ જાય છે, માખણ (સૂર્યના કિરણોમાં તડકે મુકવાથી) પીગળી જાય છે અને કાદવને તડકો લાગવાથી તે શોષાય છે. આ સઘળું સૂર્યના કેવળ સાન્નિધ્યથી થાય છે.

કવિશ્રી ધનંજય તેમના 'વિષાપહાર સ્તોત્ર'* માં આ જ વસ્તુને જુદી રીતે દર્શાવે છે. તે આ પ્રમાણે—

* દિગમ્બર મતના કવિશ્રી ધનંજયનું વિષાપહાર સ્તોત્ર' જે ચાલીસ ગાથાનું છે તેમાંથી આ વિષયમાં ઉપયોગી થાય તેવા સારભૂત શ્લોકો અહીં અનુવાદ સાથે આપવામાં આવે છેઃ—

उपैति भक्त्या सुमुखः सुखानि त्वयि स्वभावाद्विमुखश्च दुःखम् ।
सदावदातद्युतिरेकरूपस्तयोस्त्वमादर्श इवावभासि ॥ ७ ॥

પરમાત્માની સન્મુખ રહીને જો કોઇ તેની ઉપાસના કરે તો તે સુખને અવશ્ય પ્રાપ્ત કરે છે. પણ જો પરમાત્માની વિમુખ રહે તો નિઃસંદેહ તે દુઃખને પામે છે. આ એક સ્વાભાવિક સ્થિતિ છે. દર્પણમાં જે જેવી રીતે મુખ રાખીને જુએ એવી રીતે તેને દેખાય છે. તે સીધું મુખ રાખે તો તેને સીધું દેખાય અને આડું મુખ રાખીને જુએ તો તેને આડું દેખાય છે. પરમાત્મા પણ દર્પણ જેવા છે. તેથી તેમાં રાગદ્વેષની કલ્પના કરવી તે બિલકુલ નિરાધાર છે. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સત્ય તો એ છે કે વૃક્ષનો આશ્રય લેવાવાળાને તેની છાયા સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. તો પછી છાયાની યાચના કરવાથી કયો લાભ છે?"

પ્રાંતે આ તાત્ત્વિક ઉહાપોહ પછી એ ફલિત થાય છે કે ઉત્તુંગ મહાપુણ્યનો રાશિ ઉપાર્જિત કરનાર, ઉત્તમ, પ્રવર, પવિત્ર, સમગ્ર વિશ્વના બંધુ, નાથ તથા શ્રેષ્ઠ સ્વામી, **પુરિસાદાણીય શ્રીપાર્શ્વ પ્રભુના નામમંત્રનું સાન્નિધ્ય માત્ર નિગ્રહ અને અનુગ્રહના કૃત્યો કરવાને સમર્થ થાય છે, અથવા 'સર્વકર્મકર' થાય છે.**

પ્રભુના જે જે નામ છે તે બધા જ ગુણના ધામ છે. પ્રભુ પોતે તો નિશ્ચયદૃષ્ટિએ વચનાગોચર છે પણ એમને માટે વપરાતાં વિશેષણો કે નામો તેમના એક એક ગુણને પ્રકટ કરે છે. (જુઓ નામમંત્રના પ્રભાવ માટે '**નામમંત્ર**' શીર્ષક નીચેની વિગતો પૃ. ૫૮–૫૯)

આવા ચમત્કારિક પ્રભાવને કે લૌકિક અને લોકોત્તર કાર્યની સિદ્ધિ કરનાર નામમંત્રરૂપ શબ્દબ્રહ્મના સામર્થ્યને મંત્રદૃષ્ટિએ સમજવા માટે આપણે મંત્રયોગના વિજ્ઞાનનો વિચાર કરીએ.

---

**विषापहारं मणिमोषधानि मंत्रं समुद्दिश्य रसायनं च ।**
**भ्रम्यन्त्यहो न त्वमिति स्मरन्ति पर्यायनामानि तवैव तानि ॥ १४ ॥**

અર્હદ્‌ભક્ત ભક્તિને એટલું બધું મહત્ત્વ આપે છે કે તે મંત્ર–તંત્ર વગેરેને ભગવાનના નામના પર્યાયવાચી શબ્દરૂપે માને છે–વિષ તથા રોગ દૂર કરવાવાળી ઔષધિઓ, રત્નો તથા રસાયન આદિની પણ તે માગણી કરતો નથી. ભગવાનના નામ સિવાય તે બીજું કાંઇ ચાહતો નથી. ઉલટું જે કોઈ ભ્રમમાં પડીને ઔષધિઓ આદિનો આશ્રય લ્યે છે તેના પ્રત્યે તે તો આશ્ચર્ય પ્રકટ કરે છે. ૧૪

**इति स्तुतिं देव ! विधाय दैन्याद्वरं न याचे त्वमुपेक्षकोऽसि ।**
**छायातरुं संश्रयतः स्वतः स्यात्कश्छायया याचितयात्मलाभः ॥ ३८ ॥**

(ભક્ત દીન થઇને પ્રભુ પાસે કાંઇ પણ માગતો નથી. તે તો કહે છે કે) હે ભગવન્! આ પ્રકારે સ્તુતિ કરીને આપની પાસે હું કોઇ વર માગતો નથી. કારણ કે વર માગવો તે એક પ્રકારની દીનતા છે. જ્યારે આપ તો ઉપેક્ષક છો, રાગ–દ્વેષથી રહિત છો, એટલે કાંઇ દેવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. **સત્ય તો એ છે કે વૃક્ષનો આશ્રય લેવાવાળાને તેની છાયા સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. તો પછી છાયાની યાચના કરવાથી કયો લાભ છે? ૩૮**

**अथास्ति दित्सा यदि वोपरोधस्त्वय्येव सक्तां दिश भक्तिबुद्धिम् ।**
**करिष्यते देव तथा कृपां मे को वात्मपोष्ये सुमुखो न सूरिः ॥ ३९ ॥**

છતાં પણ જો આપની દેવાની ઇચ્છા જ થઇ હોય તો અને હું કાંઈ માગું એવો આપનો આગ્રહ જ હોય તો, કેવલ મને એવું વર આપો કે મારું મન આપનામાં લાગ્યું રહે અને ભવોભવ મને આપની ભક્તિ મળ્યા કરે, અને તે ત્યાં સુધી કે જ્યાં સુધી મને મોક્ષની પ્રાપ્તિ ન થાય.

હે દેવ! મને વિશ્વાસ છે કે આપ એવી કૃપા અવશ્ય કરશો. કારણ કે હું આપનો પોષ્ય પુત્ર છું. કોણ એવો વિદ્વાન પુરુષ હોય કે જે પોતાના પોષ્યપુત્ર પ્રત્યે કૃપા પ્રસાદથી યુક્ત ન હોય? ૩૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્રયોગથી લૌકિક અને લોકોત્તર કાર્યોની સિદ્ધિ થાય છે. પરંતુ તેનો અંતિમ ઉદ્દેશ તો અંતરાત્માનું પરમાત્મા (ધ્યેય) સાથે ઐક્ય સાધવાનો હોય છે. તદનુસાર સાધના માટે ત્રણ પ્રથા પ્રચલિત છે. તે પ્રથાઓનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) સુમુનિ નિર્મિત મંત્રવાદ, (૨) દેવતા આશ્રિત મંત્રવાદ અને (૩) મંત્રાત્મક દેવતાવાદ.

તે પ્રથાઓ દ્વારા થતી સાધનામાં શબ્દશક્તિ અને પુરુષશક્તિ કેટલો ભાગ ભજવે છે તે પણ આપણે વિચારીએ.

## મંત્રયોગની ત્રણ પ્રથાઓ

**[૧] સુમુનિ-નિર્મિત મંત્રવાદ**—સત્ય સંકલ્પ* સુમુનિઓ જ સાચા મંત્રોનું નિર્માણ કરી શકે છે. 'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ' એ પ્રમાણે અનુસંધાન કરીને જ્યારે તેઓ કોઈપણ ભાષા વડે મંત્રોનો પ્રયોગ કરે છે, ત્યારે તેઓના સત્ય સંકલ્પના તથા વિકૃષ્ટતપના પ્રભાવથી જ તેવા પ્રકારની અર્થક્રિયા કરવાનું સામર્થ્ય સંભવે છે.

સુમુનિઓ અથવા આપ્તપુરુષોના મુખમાંથી નીકળેલા વચનો (કે સૂત્રપદો) મંત્ર સ્વરૂપ છે. તે અત્યંત વીર્યવાળા, નિર્મલ, પવિત્ર અને સર્વસિદ્ધિપ્રદ હોય છે, તેથી તેઓ લક્ષણોપેત હોવા સંભવ છે.

જે પવિત્ર અને લક્ષણોપેત હોય તે દેવતાધિષ્ઠિત હોય છે. આ પ્રથા અનુસારના મંત્રો પાઠ કે જાપ વડે યથાવિધિ સિદ્ધ કરવામાં આવે, તો સર્વ કર્મકર હોવાનું ગણાય છે.

**[૨] દેવતા આશ્રિત મંત્રવાદ**—જે દેવતાને આશ્રયીને મંત્ર પ્રણીત થયો હોય તે જ દેવતા તે મંત્રના વિધિપૂર્વક પ્રયોગના સામર્થ્યથી સિદ્ધાન્તને અનુસરતા પુરુષને અનુગૃહીત કરે છે.

વૈયાવૃત્ય, શાંતિ અને (સમ્યગ્દૃષ્ટિ આરાધકોની) સમાધિને× કરનારા સમ્યગ્દૃષ્ટિ દેવતાઓની મંત્રજાપ, કાયોત્સર્ગાદિ દ્વારા આરાધના અને સાધના કરવાનું યુગયુગથી પ્રચલિત છે અને તે પ્રતિષ્ઠાને પામેલ છે. આ પ્રથા અનુસાર થતા અનુપમ અનુગ્રહથી ભવ્ય જનોના સર્વે ઉપદ્રવો દૂર થાય છે અને તેઓ સુખ-સંપદાને પામે છે.

**[૩] મંત્રાત્મક દેવતાવાદ**—મંત્ર અને તેના દેવતા કથંચિત્ અભિન્ન માનવામાં આવે છે. તેથી દેવતા 'મંત્રસ્વરૂપિણી' અથવા પદમયી' હોવાનું સ્વીકારવામાં આવે છે.

**યોગશાસ્ત્રના** અષ્ટમ પ્રકાશમાં ધ્યેય માટે પદોનો નિર્દેશ કરતા **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે** પાંચ અવતરણિકામાં 'પદમયી દેવતા' શબ્દનો પ્રયોગ કર્યો છે.

તેથી સમજાય છે કે પદસ્થ ધ્યેયોના સમાલંબન માટે જે સિદ્ધાન્તોનો નિર્દેશ

---

* ઇચ્છાને સિદ્ધ કરવાની જેમનામાં શક્તિ હોય તે સત્ય સંકલ્પ સુમુનિઓ છે.

× वेयावच्चगराणं, संतिगराणं વગેરે પ્રતિક્રમણ સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો છે તેમાં શાસ્ત્રકાર ભગવંતે ત્રણેય પ્રથાનો સમન્વય સાધ્યો છે, પરંતુ **મંત્રાત્મક દેવતાવાદને** જ તેમના સમર્થનથી મુખ્યતા આપવામાં આવી છે.

ધ્યાતા સમક્ષ ધ્યેય વસ્તુ સ્વરૂપે સાક્ષાત્ વિદ્યમાન ન હોય, પરંતુ તેને તેની બોધ રૂપે ઉપલબ્ધિ હોય છે. તેથી ધ્યેયના વાચક પવિત્ર પદની મુખ્યતાવાળા આલંબન દ્વારા ધ્યેય સાથે ઐક્ય સાધીને પદસ્થ ધ્યાન સિદ્ધ કરવું તે આ **મંત્રાત્મક દેવતાવાદની** પ્રથા છે. આ પ્રથામાં શબ્દશક્તિ* અનેપુરુષશક્તિવાળું[1] આરાધકોનું સમાલંબન કૃત્યકારી હોય છે.

મંત્રશાસ્ત્રોમાં **મંત્રાત્મક દેવતાવાદના** નૈશ્ચયિક સ્વરૂપનું વર્ણન આ રીતે મળે છે.

પદ બે પ્રકારના છે—સ્થૂલ અને સૂક્ષ્મ. પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે જ દેવતા સ્વરૂપ બની જાય છે.

સઘળી ઇન્દ્રિયો અને પ્રાણવૃત્તિઓને ખેંચી લઇને મનને એકાગ્ર કરીને હૃદય ગુફામાં પ્રવેશવું-ઉંડે ઉંડે પ્રવેશવું અને ત્યાં મંત્રાત્મક દેવતાનો સાક્ષાત્કાર કરવો-એ તેનો આમ્નાય જણાય છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ-શુદ્ધજ્ઞાન ક્રિયા રૂપ-છે. વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે. આવા વિમર્શને જ તાત્ત્વિક મંત્ર દેવતા એટલે કે 'મંત્રમયી દેવતા' અથવા 'પદમયી દેવતા' કહેવામાં આવે છે. આવો તાત્ત્વિક વિમર્શ પશ્યન્તી વાણીરૂપ હોવાથી તે વાણીને પદમયી દેવતા કહેવામાં આવે છે.

પદસ્થ ધ્યાનમાં પ્રથમ સ્થૂલ પદ એટલે કે વૈખરી અવસ્થાગત પદનું અથવા મધ્યમાવસ્થાગત પદનું આલંબન લઇને પછી સૂક્ષ્મપદ એટલે કે પશ્યંતી અને પરા અવસ્થાગત પદનું આલંબન લેવાનું હોય છે.

મંત્રાત્મક દેવતાવાદની પ્રથામાં કોઈ દેવ કે દેવીના અનુગ્રહની યાચના નથી. તેથી તેમને પ્રસન્ન કરવા માટે કોઇ બલિ કે યજ્ઞનો નિર્દેશ હોતો નથી.

આ ઉપરથી સમજાશે કે **ઉવસગ્ગહરં સ્તોત્રની** પ્રથમ ગાથા એ પ્રવેશદ્વારનું કાર્ય કરે તેવી છે અને તે સ્તોત્રના રહસ્યના ઉદ્દ્ઘાટન માટે પ્રવેશમુખરૂપ હોવાથી અર્થાભિગમનનો ઉપાય પણ દર્શાવે છે.

---

* **શબ્દશક્તિ** એ મંત્રશક્તિ છે અને તે જ પદમયી અથવા મંત્રમયી દેવતા છે. તે નિષ્કલ અને નિર્વિકલ્પ, અનિર્વચનીય તેજોરૂપ હોય છે. મંત્ર જ્યારે સકલ અવસ્થામાંથી પસાર થઇ નિષ્કલ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેને જ નિશ્ચયથી દેવતા કહેવામાં આવે છે.

પ્રાણશક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ સુષુમ્ણારૂપ મધ્યમાર્ગનો આશ્રય લઇ ક્રમશઃ ઉર્ધ્વગમન કરે છે.

૧ **પુરુષશક્તિ** એ મુદ્રા, મંડલ વગેરે છે અને તે **બાહ્ય પરિકર** કહેવાય છે. નાદ, બિંદુ, કલા વગેરે **આભ્યંતર પરિકર** કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત ગાથાનો પહેલો અને બીજો પાદ ભક્તિયોગ પ્રદર્શિત કરે છે અને ત્રીજો અને ચોથો પાદ મંત્રયોગનો નિર્દેશ કરે છે. તે બન્નેનો સુમેળ સાધવો તે સ્તોત્રનો સાર છે.

અહીં આપણે પ્રથમ पासं શબ્દનો સાન્નિધ્ય અર્થ ઘટાવીને અને દ્વિતીય पासंનો નામ-મંત્ર અર્થ ઘટાવીને 'મંત્રાત્મક દેવતાવાદ' જે ઉપર દર્શાવેલી ત્રણ પ્રથામાં તૃતીય સ્થાન ધરાવે છે તેનો વિચાર કર્યો. પરંતુ ઉવસગ્ગહરં સ્તોત્ર એટલી ઉચ્ચકોટિનું છે કે પ્રથમ અને દ્વિતીય પ્રથા અનુસાર સાધના કરાય તો તે એટલી જ ફળદાયી અને સદ્યઃ પ્રત્યયકારી થાય. શ્રી **ભદ્રબાહુસ્વામી** જેવા ચૌદ પૂર્વધરે જેની રચના કરી છે તે સુમુનિ નિર્મિત જ છે અને તેમના સત્ય સંકલ્પના અને વિકૃષ્ટ તપના પ્રભાવથી જ 'यथा नाम तथा गुणाः' રૂપે અર્થક્રિયાનું સામર્થ્ય જરૂર દર્શાવે છે.

'पासं'નો અર્થ પાર્શ્વયક્ષ કરીએ તો પણ દ્વિતીય પ્રથા જે 'દેવતા આશ્રિત મંત્રવાદ' છે તદનુસાર સાધના થાય તો તે તેટલી જ ફળદાયી નીવડે છે.

આ પ્રકારે **ઉવસગ્ગહરં** સ્તોત્ર જે ગૂઢ અને રહસ્યમય માનવામાં આવે છે તે યથાયોગ્ય છે અને ત્રણેય પ્રથાના અનુસરણથી સિદ્ધ થઈ શકે છે. આથી એમ પણ સિદ્ધ થાય છે કે તેની આજુબાજુ ગૂંથાયેલા અનુગ્રહ કૃત્ય અને નિગ્રહ કૃત્યના ચમત્કારોની વાતોમાં તથ્ય છે. મંત્રયોગના વિજ્ઞાન વિષે ઉપર જે જણાવ્યું તે ઉપરથી ચમત્કારોનું કારણ પણ સમજી શકાય છે.

ઈતરો આવા ચમત્કારક સ્તોત્રોને **હૃદયસ્તોત્ર**× કહે છે. અને તેની આજુબાજુ અનેક ચમત્કારી અને રહસ્યમય ઘટનાઓ ગૂંથાયેલી હોય તેમ તેઓ જેમનું કલ્યાણ થયું હોય તેમના દૃષ્ટાંત આપીને કહે છે. ટીકા ગ્રંથોમાં જે પ્રમાણે યંત્રો નિર્દિષ્ટ થયા છે તે પ્રમાણે આલેખાવીને આ ગ્રંથમાં મુદ્રિત કરાયા છે. પરંતુ તે તે યંત્રોની આકૃતિ અમુક પ્રકારે શા માટે? અને તેમાં અમુક પદો અથવા અક્ષરો અથવા કૂટાક્ષરો શા માટે? તેવી તત્ત્વજિજ્ઞાસા શાસ્ત્રીય રીતે સમજાવી શકાય તેમ નથી. આ વિષયમાં માહિતી આપે તેવા મંત્રશાસ્ત્રના ગ્રંથો હજી ઉપલબ્ધ થયા નથી.

જિનભક્તને કપરા સંજોગો આવે અને તેથી તમોગુણ કે રજોગુણના જે હુમલા આવે તેનાથી તેને કોણ બચાવે? તેનો એક જ જવાબ છે અને તે એ કે ભક્તિથી જ નિસ્તાર (ઉગારો) થાય છે. ભક્તિનું આવું માહાત્મ્ય હોવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિના નિવારણ માટે આ સ્તોત્રનું આલંબન લેવાય છે. તેને ક્રિયાત્મક કરવાને મંત્રયોગનો તેની સાથે સમન્વય સાધવામાં આવ્યો છે. **મંત્ર, યંત્ર અને તંત્રના જ્ઞાનપૂર્વક આ સ્તોત્રની સાધના કરવાનો પણ** એક આમ્નાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાના ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ જેવા ગુણોના વિકાસ માટે ભક્તિના ટેકાની જરૂર પડે છે અને ભક્તિયોગનો એ નિયમ છે કે ગુણોના વિકાસ

× જુઓ—કલ્યાણ (હીન્દી) વર્ષ–૪૪ અંક–૭ પૃષ્ઠ–૧૦૫૬ ઉપર 'आदित्य हृदय स्तोत्र का प्रत्यक्ष प्रभाव'ના શિર્ષકની નીચે જણાવેલી ઘટના.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે પ્રક્રિયાની સમાપ્તિ પણ ભક્તિમાં જ કરવી પડે છે. આ કારણે જ પ્રસ્તુત સ્તોત્રની પાંચમી ગાથામાં બોધિરૂપ ભક્તિ ભવોભવ મળે તેવી યાચના કરવી પડી છે. આધ્યાત્મિક અને પારમાર્થિક સાધનામાં આ એક વિશિષ્ટતા છે.

ભક્તિ એ શરૂઆતમાં દર્શાવ્યા પ્રમાણે સમ્યગ્દર્શનનો વિશિષ્ટ પ્રકાર છે અને તે જ તરણોપાય છે. ભક્તિથી મદદ મળે છે. કારણ કે આપણા પ્રયત્નની પણ હદ હોય છે. તે પછી બીજે ક્યાંયથી મદદ મળવી જ જોઇએ અને તેની યાચના યથાવિધિ કરવામાં આવે તો બહારથી આવી મદદ મળવાની પ્રક્રિયાને ભક્તિયોગની ભાષામાં અનુગ્રહ કહે છે અને દુઃખ, દર્દ વગેરેની શાંતિ માટે મદદ મળવાની પ્રક્રિયાને નિગ્રહ કહે છે.

મંત્રવાદીઓ મંત્રયોગની પ્રક્રિયા માટે તેના સોળ અંગો* નિયત કરે છે-તેમાં

---

* मन्त्रयोग के ग्रन्थों में निम्नलिखित अङ्ग मुख्य बतलाये हैं ।

भवन्ति मन्त्रयोगस्य षोडशाङ्गानि निश्चितम् ।
यथा सुधांशोर्जायन्ते कलाः षोढश शोभनाः ॥

भक्तिः शुद्धिश्चासनं च पञ्चाङ्गस्यापि सेवनम् ।
आचारधारणे दिव्यदेशसेवनमित्यपि ॥

प्राणक्रिया तथा मुद्रा तर्पणं हवनं बलिः ।
यागो जपस्तथा ध्यानं समाधिश्चेति षोडश ॥

'चन्द्रकी सोलह कलाओंकी तरह मन्त्रयोग भी सोलह अङ्गोसे पूर्ण है । ये सोलह अङ्ग इस प्रकार हैं—**भक्ति, शुद्धि, आसन, पञ्चाङ्गसेवन, आचार, धारणा, दिव्यदेशसेवन, प्राणक्रिया, मुद्रा, तर्पण, हवन, बलि, योग, जप, ध्यान और समाधि ।**' नाना शास्त्रों में इन सोलह अङ्गों का विस्तृत वर्णन पाया जाता है । भक्तिका विस्तार तो सभी भक्ति शास्त्रों में पाया जाता है । शुद्धिके अनेक भेद हैं । यथा-किस दिशा में मुख करके साधन करना चाहिये, यह दिक्शुद्धि है; कैसे स्थान में बैठकर साधन करना चाहिये, यह स्थानशुद्धि है; स्नानादि द्वारा शरीरशुद्धि और प्राणायामादि द्वारा मनःशुद्धि होती है । कैसे आसन पर बैठना चाहिये—जैसे कि चैलासन, मृगचर्मासन, कुशासनादि-यह आसनशुद्धि है । अपने **इष्टकी गीता, सहस्रनाम, स्तव, कवच और हृदय ये पाँचो पञ्चाङ्ग कहाते हैं** । आचार के तन्त्र और पुराणों में अनेक भेद कहे गये हैं । मनको बाहर मूर्ति आदि में लगाने से अथवा शरीर के भीतर स्थान विशेषों में मनके स्थिर रखने को धारणा कहते हैं । जिन सोलह प्रकार के स्थानों में पीठ बनाकर पूजा की जाती है, उनको दिव्यदेश कहते हैं । यथा मूर्धास्थान, हृदयस्थान, नाभिस्थान, घट, पट, पाषाणादिकी मूर्तियाँ, स्थण्डिल, यन्त्र आदि । मन्त्रशास्त्र में प्राणायामों के अतिरिक्त शरीर के नाना स्थानों में प्राण को ले जाकर साधन करने की आज्ञा है । ये सब साधन प्राणक्रिया कहलाते हैं । न्यास आदि इसी के अन्तर्गत हैं । मंत्रयोग में अपने-अपने इष्टदेवको प्रसन्न करनेकी जो चेष्टाएँ हैं, वे मुद्रा कहाती हैं; यथा शङ्खमुद्रा, योनिमुद्रा आदि । पदार्थविशेष द्वारा इष्टदेवका तर्पण किया जाता है । अग्निमें आहुति देनेको हवन कहते हैं । बलि तीन प्रकारकी होती है—यथा आत्मबलि अहङ्कारादिकी । इन्द्रियोंकी बलि तथा काम-क्रोधादिकी बलि, ये सब अन्तर्बलि हैं । बहिर्बलिमें सात्त्विक बलि फलादिकी होती है । अन्तर्याग और बहिर्यागभेदसे याग दो प्रकारका होता है । अपने इष्टके नामके जपको जप कहते हैं । जप भी वाचनिक, उपांशु और मानसिक भेदसे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમું અંગ પંચાંગ સેવન કહેવાય છે. તે પાંચ અંગો—**ઇષ્ટગીતા, સહસ્રનામ, સ્તવ, કવચ અને હૃદય** છે. સંભવ છે કે આ બધા અંગોના જુદા જુદા સ્તોત્રો હોય. પરંતુ આપણને ઉવસગ્ગહરં સ્તોત્રમાં સઘળું એક સાથે મળે છે; આ પ્રકારે પ્રથમ (દ્વાર) ગાથામાં ઇષ્ટદેવ—શ્રી પાર્શ્વનાથની **રહસ્યમય સ્તુતિ** છે, બીજી ગાથામાં (સહસ્રનામ તો એક ગાથામાં સમાવિષ્ટ થાય નહીં એટલે) **સહસ્ર પ્રકારના રોગોના ઉપશમન માટે** મંત્ર છે, ત્રીજી ગાથામાં સ્તવ (સ્તુતિ) છે, ચોથી ગાથામાં સમ્યગ્દર્શનનો **કવચ** તરીકે પ્રયોગ છે અને પાંચમી ગાથામાં **હૃદયપૂર્વક** યાચના છે એટલે મંત્રવાદીઓની દષ્ટિએ આ એક સંપૂર્ણ વૈજ્ઞાનિક સ્તોત્ર છે.

નમસ્કાર મહામંત્રોપાસક, **પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી**ની પ્રેરણાથી આ ગ્રંથ સ્વાધ્યાય શ્રેણિમાં સમાવિષ્ટ કરાયો અને તેમના અવારનવાર અમૂલ્ય સૂચનોથી સંપૂર્ણ થયો છે. તેમની આ કૃપા માટે અમે અત્યંત ઋણી છીએ.

સ્તુતિઓ જીવનના તલને સ્પર્શીને તેને ભાવવાહી કરે છે. તે દ્વારા જનતા મહા-વિભૂતિઓના પુનિત પંથે વિચરી જીવનને સ્તુતિમય બનાવે છે.

આવા જ ઉચ્ચકોટિના ભક્તિયોગના સાહિત્ય સાથે મંત્રયોગને જોડીને ભદ્ર, કલ્યાણ અને મંગલનો પંથ દર્શાવનાર અજોડ સાહિત્ય તે ઉવસગ્ગહરં સ્તોત્ર છે. તેનું યત્કિંચિત્ રહસ્ય સમજાવવા અમે અહીં પ્રયાસ કર્યો છે અને તે સમજવા ભવ્ય અને સત્ત્વશીલ આત્માઓ તથા બાલજીવો પ્રયત્નશીલ થાય તે જ અભ્યર્થના.

આમાં કોઇ ક્ષતિ કે ત્રુટિ જણાય તો તે જણાવવા સાદર વિનંતિ કરીએ છીએ.

વિ સં. ૨૦૨૭
શ્રી પાર્શ્વજન્મ કલ્યાણક દિન
બુધવાર, તા. ૨૩–૧૨–૧૯૭૦

**અમૃતલાલ કાલીદાસ દોશી**
પ્રમુખ, જૈ. સા. વિ. મંડળ



---

तीन प्रकारका होता है । इष्टके रूपके ध्यानको मनके द्वारा करनेसे जो साधन होता है, उसको 'ध्यान' कहते हैं । **इष्टके रूपका ध्यान करते–करते अपनेको भूल जानेसे जो एक अवस्था होती है, उसे मन्त्रयोगमें 'महाभाव समाधि'** कहते हैं । यही मन्त्रयोग समाधि है ।

(જુઓ કલ્યાણ (હિન્દી) ના સાધનાંકમાં [વર્ષ–૧૫] योगचतुष्टय નામનો લેખ. પૃષ્ઠ–૧૩૧ લેખક—એક એકાન્તવાસી મહાત્મા).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉ....પો....દ્....ઘા....ત

**સ્તુતિનો પ્રાદુર્ભાવ—**

'મનુષ્ય' એ બુદ્ધિશાળી પ્રાણી છે. એને હાથે અત્યાર સુધીમાં જાતજાતનું સાહિત્ય રચાયું છે અને હવે પછી પણ રચાતું રહેશે એમ લાગે છે, પણ એ બધું સદા સચવાઈ રહે તેમ જણાતું નથી. આથી અત્યાર સુધીમાં તો **ઋગ્વેદના** અમુક મંડળો કરતાં વિશેષ પ્રાચીન સાહિત્ય મળી આવ્યું નથી. **ઋગ્વેદ** એ અનેક સ્તુતિઓનો ભંડાર છે.

ગુણીજનોના ગુણોની પ્રશંસા કરવી,[1] પોતાનાથી ચડિયાતા ગુણિજનનો આદર કરવો અને એની ચડતી જોઈ રાજી થવું એ કલ્યાણકારી માર્ગ છે. આમ હોઇ પ્રત્યેક ધર્મે ગુણીજન પ્રત્યેનો પ્રમોદ દર્શાવવાના એક સાધનરૂપે સ્તુતિને માન્ય રાખી છે.

**આગમોમાં સ્તુતિ–સ્તોત્રો**—ઉપલબ્ધ જૈન સાહિત્યમાં કેટલાક આગમો સૌથી પ્રાચીન છે. એવા એક આગમ તે **સુધર્મસ્વામી** પ્રણીત **આયાર** (સુય. ૧) છે. એમાં ઉવહાણસુય (ઉપધાનશ્રુત)માં શ્રી મહાવીરસ્વામિના કઠોર જીવન, તપશ્ચર્યા વગેરે વિષે માહિતી અપાઈ છે.[2] બીજો આગમ **સૂયગડ** છે. એના સુય. ૧ અ. ૬ માં આસન્નોપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની સ્તુતિરૂપે 'વીરથુઈ' છે. શક્રસ્તવ તરીકે ઓળખાવાતા '**નમુત્થુણં**'ને વિવિધ આગમોમાં સ્થાન અપાયું છે. એ સમસ્ત તીર્થંકરોનાં સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે, એટલું જ નહિ પણ એના ગુણોત્કીર્તનની પણ ગરજ સારે છે. ગણધરકૃત મનાતા **આવસ્સયના** છ વિભાગો પૈકી 'ચઉવ્વીસત્થય' તરીકે નિર્દેશાતો વિભાગ '**લોગસ્સ**' ના નામથી સુપ્રસિદ્ધ છે. એમાં કૌશલિક **શ્રી ઋષભદેવથી** માંડીને **શ્રી મહાવીરસ્વામીનું** વંદન પૂર્વકનું કીર્તન છે. વળી **શ્રી મહાવીરસ્વામીના** આદ્યશિષ્ય **ગોશાલકે** પ્રસંગોપાત **શ્રી મહાવીરસ્વામીની** પ્રશંસા કરી છે અને એ **ઉવાસગદસા** (અ. ૭, સુત્ત ૨૧૬–૨૧૯)માં રજૂ કરાઈ છે. આમ આજથી લગભગ ૨૫૦૦ વર્ષો પૂર્વે તો જૈન સ્તુતિ–સ્તોત્રો રચાયાં છે. એ પ્રણાલિકાને ઉત્તરકાલીન જૈન વિબુધવરો અનુસર્યા છે. એનું એક ફળ તે **ચરમ-શ્રુતકેવલી શ્રી [3]ભદ્રબાહુસ્વામીએ** રચેલું મનાતું તેમ જ અનેકાર્થક અને સૂત્રાત્મક ઉવ-

---

૧. આ અહિંસાદિની સ્થિરતા માટેની ચાર ભાવનાઓ પૈકી એક છે. જુઓ **તત્ત્વાર્થાધિગમ** શાસ્ત્ર. (અ. ૭, સૂ. ૬)

૨ જ્ઞાનાંજલિ (પૃ. ૧૫૮) માં સ્તુતિ–સ્તોત્ર ગણાવતાં ઉપધાન શ્રુતાધ્યયનનો ઉલ્લેખ છે.

૩ એઓ **વીર** સંવત્ ૩૬ માં જન્મેલા અને **વીર** સંવત્ ૯૮ માં સ્વર્ગે સંચરેલા **શય્યંભવસૂરિના** પ્રશિષ્ય **થાય** છે અને **યશોભદ્રસૂરિના** બે બ્રાહ્મણ શિષ્યો પૈકી એક છે. એઓ **વીર** સંવત્ ૧૭૦માં સ્વર્ગે ગયાનો **પરિશિષ્ટ પર્વ** (સ. ૯, શ્લો. ૧૧૨) માં ઉલ્લેખ છે. તેઓ ૭૬ વર્ષ જીવ્યા હતા. પૃ. ૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સગ્ગહર થોત્ત** (ઉપસર્ગહર સ્તોત્ર) છે. એ પાઇય (પ્રાકૃત) સ્તોત્રનું મેં વિ. સં. ૨૦૧૮માં સમય અને સાધનો અનુસાર પરિશીલન કરી "ઉવસગ્ગહર થોત્તઃ એક અધ્યયન" નામક લેખ લખ્યો હતો. આજે મને આ જ સ્તોત્ર અંગે 'ઉપોદ્‌ઘાત' લખવાનું જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી આમંત્રણ મળતાં મેં એનો સાનંદ સ્વીકાર કર્યો છે.

આ સ્તોત્ર પાઇય ભાષાના એક પ્રકારરૂપ 'જઇણ મરહટ્ટી' (જૈન મહારાષ્ટ્રી)માં રચાયું છે.

આ સ્તોત્ર અનેકાર્થી છે એટલું જ નહીં પણ એનો સંબંધ કેવળ પુરુષાદાનીય **પાર્શ્વનાથ** સાથે જ નથી પણ એમના શાસનદેવ **પાર્શ્વ**યક્ષ, એમના કૃતજ્ઞ ભક્ત **ધરણ-ઇન્દ્ર** તેમ જ એમની શાસનદેવી **પદ્માવતી** સાથે પણ છે.

પ્રસ્તુત સ્તોત્રમાં **'ટિપ્પણો'** નામક નવમું પ્રકરણ આઠે પ્રકરણો કરતાં વિસ્તૃત છે, એટલું જ નહીં પણ એ જાતજાતની માહિતી પૂરી પાડે છે.

દશમા પ્રકરણનું શીર્ષક **'પ્રકીર્ણક'** છે. એમાં યન્ત્રોની આકૃતિઓ અને તેમના આલેખન વિષે સમજુતી આપવામાં આવી છે.

**છંદઃ**—ઉવસગ્ગહરંના પાંચ પદ્યો અનુક્રમે વિદ્યુત્, માલા, વિદ્યુત્, માગધી અને માલા છે. આ ગાહાના પ્રકારોના દૃષ્ટાંતની ગરજ સારે છે. એમાં પ્રકારોની માત્રા અને એના ગણની સમજુતી અપાઇ છે. ગાથા પાંચ ગત भत्ति પાઠ આપી એને અંગે ગા ગા અને ચતુષ્કલનો ઉલ્લેખ કરાયો છે તે વિચારણીય ગણાય. ત્યાં જો भत्तिब्भर કે भत्ती પાઠ હોય તો માત્રામેળનો વાંધો ન આવે.

**ગાથાઓની સંખ્યાઃ**—ઉવસગ્ગહરંની પાંચ ગાથાઓ પ્રચલિત છે અને તે મૂલ પાઠના પ્રથમ પ્રકરણ તરીકે અપાઈ છે. છઠ્ઠી ગાથા એના પ્રણેતાએ **ધરણઇન્દ્ર**ની વિજ્ઞપ્તિ અનુસાર ભંડારી હતી એમ **પ્રિયંકરનૃપ કથા** (પૃ. ૮૨) માં કહ્યું છે.[1] સાત ગાથા હોવાનો પણ ઉલ્લેખ સાંપડે છે.[2] એથી અધિક અર્થાત્ વીસેક સુધીની ગાથાઓ પણ જોવાય છે એ **પ્રિયંકરનૃપકથા**ના મારા સંપાદન (ગ. પરિશિષ્ટ, પૃ. ૪૧-૪૪) માં છે.

**પ્રણેતાઃ—ઉવસગ્ગહરંના** પ્રણેતા એ **વરાહમિહિરના** ભાઈ થતા હતા. એ વાત સ્વીકારાય અને **વરાહમિહિર** તે શક સંવત્ ૪૨૭ (વિ. સં. ૫૬૨) માં **પંચસિદ્ધાન્તિકા** રચનાર છે તેઓ જ એ હોય તો **ઉવસગ્ગહરં** લગભગ એ અરસામાં રચાયેલું મનાય *

કેટલાકને મતે દ્વિતીય **ભદ્રબાહુએ ઉવસગ્ગહરં** રચ્યું છે. એમને જિનસેનાચાર્યે આદિ પુરાણમાં महायशस् કહ્યા છે. ઉવસગ્ગહરં ગાથા ૫ માં महायस શબ્દ છે. એ શું આ મહાયશસ્‌નો વાચક હશે? એમ પ્રશ્ન ઉદ્ભવે છે.

---

૧ અને એ પ્રસ્તુત પુસ્તકમાં પૃ. ૧૨૧-૧૨૨ માં ઉદ્ધૃત કરાઈ છે.

૨ જુઓ ઉ૨. ની હર્ષકીર્તિસૂરિકૃત વૃત્તિ (પૃ. ૧૪)

* લેખકની આ કલ્પના સાથે અમે સંમત નથી. અમારા મત અનુસાર ઉવસગ્ગહરંની રચના વીર સંવત્ ૧૫૬ થી ૧૭૦ ના ગાળા દરમ્યાન થઇ છે. (જુઓ પ્રસ્તુત ગ્રંથ પૃ. ૬૬) સંપાદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય **ભદ્રબાહુ** ઇ. સ. ની પાંચમી સદીમાં થયાનું કહેવાય છે.

**ઉવસગ્ગહરં અર્થકલ્પલતા** ટીકા વિ. સં. ૧૩૬૫ માં રચાઇ છે અને ત્રણેક વૃત્તિઓ તો એ પહેલા રચાઇ છે એ વાતને લક્ષ્યમાં લેતાં **ઉવસગ્ગહર**ંની રચના લગભગ ૮૦૦ વર્ષ જેટલી તો પ્રાચીન ગણાય જ.

અજૈન ગ્રંથો પ્રમાણે **વરાહમિહિર** નામની બે વ્યક્તિઓ થઈ છે. એક ઇ. સ. ૨૦૦ માં તો બીજી ઈ. સ. ૫૦૦ ની આસપાસમાં થઇ છે કે જેણે **પંચસિદ્ધાન્તિકા** ઈત્યાદિ રચેલી છે.

**અર્થાન્તરો:**—અનેકાર્થી કૃતિના ભિન્ન ભિન્ન અર્થો સૂચવવા માટે જે વિવિધ ઉપાયો યોજાય છે તે પૈકી પ્રસ્તુત સ્તોત્રના ચાર પક્ષમાં અર્થ ઘટાવવા માટે અનેકાર્થી શબ્દો, પદચ્છેદોની જુદી જુદી રીતે વિચારણા અને અવગ્રહની અધ્યાહૃતતા કામમાં લેવાય છે. એટલું જ નહિ પણ આ સ્તોત્ર પાઇયમાં હોઇ અનેક વિશિષ્ટતાઓ પૈકી નિમ્નલિખિતનો પણ અત્ર ઉપયોગ કરાયો છે:—

પાઇય શબ્દોનાં વિવિધ રૂપાંતરો, સમાસગત પદોના અંતિમ સ્વરની દીર્ઘતા–હ્રસ્વતા અને સન્ધિના નિયમની યાદચ્છિકતા.

આમ એકંદરે છ ઉપાયો–તરકીબોને અંગેનાં ઉદાહરણો હું રજૂ કરું તે પૂર્વે એ સૂચવીશ કે **ઉવસગ્ગહર**ંનો **પદ્માવતી**ના પક્ષમાં અર્થ કરતી વેળા દિજ્ઞને બદલે દેસુ પાઠનો આશ્રય લેવાયો છે.

### (અ) અનેકાર્થી શબ્દો
### (૧) દ્વયર્થક

अचिन्त–અચિન્ત્ય, ચિન્તાથી રહિત (પૃ. ૩૫)

अयरामर–અજરામર, અનુકૂળ ભાગ્ય વડે રમણીય એવી દીપ્તિથી યુક્ત (પૃ. ૩૬)

कम्म–કર્મ, કામ્ય (પૃ. ૩૩)
(સૂર્યાદિ) ગ્રહ ભૂતાદિનો આવેશ. (પૃ. ૧૩)

जिण–જિન, [1]જય થાવ (પૃ. ૩૮)

दुट्ठ–દુષ્ટ, દુર્જન (પૃ. ૧૩)

नरतिरिअ–મનુષ્ય અને તિર્યંચ, મનુષ્યરૂપ તિર્યંચ (પૃ. ૧૬)

पणाम–પ્રણામ, પ્રસાદાભિમુખતા (પૃ. ૧૫–૩૪)

पाय–પાન, પાત્ર (પૃ. ૩૫)

बोहि–રત્નત્રયની પ્રાપ્તિ, જિનધર્મની પ્રાપ્તિ (પૃ. ૨૦)

भत्ति–ભક્તિ, ભજન (પૃ. ૩૭)

मणुअ–મનુષ્ય, માંત્રિક (પૃ. ૯ અને ૩૧)

मुक्क–મુક્ત, આહ્લાદક (પૃ. ૩૩)

वन्द–પ્રણામ કરવો, સ્તુતિ કરવી (પૃ. ૭)

वि–પણ, આશ્ચર્યદર્શક ઉદ્ગાર (પૃ. ૧૫ અને ૪૮)

विसहरफुलिंग–મંત્રનું નામ, વિસહર અને ફુલિંગ શબ્દવાળો મંત્ર (પૃ. ૮)

सम्मत्त–સમ્યક્ત્વ, સામ્મત્ય (પૃ. ૩૫)

हियएण–સર્પ (હૃદયગ) હિતકારી (પૃ. ૩૮–૩૯)

---

૧ આ અર્થ ક્રિયાપદ ગણતાં કરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) ત્ર્યર્થક

कप्प–કલ્પ (વૃક્ષ), સમાન, તત્પર (પૃ. ૩૪)

कल्लाण–સંપત્તિનો ઉત્કર્ષ, નીરોગિતા, આત્મહિતતા (પૃ. ૭ અને ૪૫)

घण–ગાઢ, મેઘ, શરીર (પૃ. ૫ અને ૩૩)

चन्द–ચંદ્ર, આહ્લાદક, [1]આનંદકર

मारी–ક્ષુદ્ર યંત્ર મંત્ર, ઉપસર્ગાદિ અને સર્વવ્યાપી મૃત્યુ (પૃ. ૧૩)

विसहर–વિષધર, (સર્પ) જલધર (મેઘ). કમઠ (પૃ. ૨૩)

सम्मत्त–મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમ, ક્ષય કે ઉપશમથી ઉદ્ભવતો ગુણ, વિશિષ્ટ જ્ઞાન અને દેવાદિ ત્રણ તત્ત્વોનો નિશ્ચય

(૩) ચતુરર્થક

बिस–ઝેર, પાણી, ધર્મ અને ગૃહ (પૃ. ૩૦, ૩૩ અને ૩૮)

(૪) સપ્તાર્થક

पास–પાર્શ્વનાથ, પાર્શ્વયક્ષ, સમીપ, પશ્ય (જોનાર) પાશ (થી યુક્ત), આકાંક્ષાથી રહિત, પરમૈશ્વર્યાદિથી યુક્ત, દૂર કર (પૃ. ૩૮)

## (આ) પદચ્છેદોની વિચારણા

| | |
|---|---|
| उवसग्गहरं पासं | उवसग्गहरं, पासं |
| विसहरफुलिंगमंतं | विसहर फुलिंगमं (मां), तं |
| उवसामं | उ, वसामं |
| चिंतामणिकप्पपायवब्भहिए | (अ), चिंता कप्प० चिंतामणि-कप्प-पायवब्भ-हिए |
| अयरामरं | अय–राम–रं |
| संथुओ | संथुआ, उ |
| संथुओऽमहायस | संथुओ, अम–ह, अ (आ) यस |
| भत्तिभरनिब्भरेण | भत्तिभर निब्भरे ण |
| हियएण | हियए, ण |
| देव ! देसु बोहिं | देवदे ! (अ) सुबोहिं |
| पास ! जिणचंद | पास जिणचंद, पास जिणचंद |

## (ઇ) અવગ્રહની અધ્યાહૃતતા

| | |
|---|---|
| चिंतामणि | ऽचिंतामणि |
| महायस | ऽमहायस |
| सुबोहिं | ऽसुबोहिं |

## (ઈ) રૂપાન્તરો

| | |
|---|---|
| मुक | मुक्त. मुत्क |
| विसहर विस | विषधर विष, विसगृहवृष |
| कप्प | कल्प |
| पाय | पात्र |
| ऽमहायस | अमहा–आय–स |

---

૧ આ અર્થ ક્રિયાપદ ગણુતાં કરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (છ) સમાસગત પદો

| | |
|---|---|
| **विसहरफुलिंगमं** | विसहरफुलिंगमां |
| **पासजिण** | पास! जिण |

## (ઝ) સન્ધિની યાદૃચ્છિકતા

**मंगलकल्लाणआवासं**

આ ચાર પક્ષો સાથે સંગત અર્થ વિચારતાં જે ચાર થોત્ત (સ્તોત્ર) ઉદ્‌ભવે છે તે હું નીચે મુજબ દર્શાવું છું:—

### १. पासनाह थोत्तं (પાર્શ્વનાથ-સ્તોત્રમ્)

**उवसग्गहरं पासं पासं वंदामि कम्मघणमुक्कं ।**

उपसर्गहरपार्श्वं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
उपसर्गहरं पार्श्वं पार्श्वं वन्दे घनकर्ममुक्तम् ।
[1]उपसर्गहरं पार्श्वं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
उपसर्गहरं पश्यं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
उपसर्गहरं प्राशं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
उपसर्गहरं प्रासं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।

**विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥**

विषधरविषनिर्नाशं मङ्गलकल्याणावासम् ॥१॥
विषगृहविषनिर्नाशं मङ्गलकल्याणावासम् ॥१॥

**विसहरफुलिंगमंतं कंठे धारेइ जो सया मणुओ ।**

विषधरस्फुलिङ्गमन्त्रं कण्ठे धारयति यः सदा मनुजः ।
विषधरस्फुलिङ्गमन्त्रं कण्ठे धारयति यः सदा मनुगः ।
विषधरस्फुलिङ्गमं तं कण्ठे धारयति यः सदा मनुजः ।
विषधरस्फुलिङ्गामं तं कण्ठे धारयति यः सदा मनुजः ।

**तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥२॥**

[ तस्य ग्रह-रोग-मारि-दुष्ट-ज्वरा यान्ति उपशामम् ॥२॥
तस्य ग्रह-रोग-मारि-दुष्ट-ज्वरा यान्ति तु वशामम् ॥२॥

**चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।**
**नर-तिरिएसु वि जीवा पावंति न दुक्ख-दोगच्चं ॥३॥**

---

१ ઉપસર્ગોને દૂર કરનાર (ધરણેન્દ્ર) સમીપમાં છે જેને અથવા ઉપસર્ગોને દૂર કરનારું સામીપ્ય છે જેનું એવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[तिष्ठतु दूरे मन्त्रस्तव प्रणामोऽपि बहुफलो भवति ।
नरतिर्यक्षु अपि जीवाः प्राप्नुवन्ति न दुःखदौर्गत्यम् ॥३॥]

**तुह सम्मत्ते लद्धे चिन्तामणिकप्पपायवब्भहिए**
**पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥ ४ ॥**

[तत्र सम्यक्त्वे लब्धे चिन्तामणिकल्पपादपाभ्यधिके ।
प्राप्नुवन्त्यविघ्नेन जीवा अजरामरं स्थानम् ॥ ४ ॥]

**इय संथुओ महायस! भत्तिब्भरनिब्भरेण हियएण ।**

[इति संस्तुतो महायशः भक्तिभरनिर्भरेण हृदयेन ।
इति सस्तुतो[1]ऽमहायस! भक्तिभरनिर्भरेण हृदयेन ]

**ता देव! दिज्ज बोहिं भवे भवे पास! जिणचंद! ॥५॥**

[तस्माद् देव देहि बोधिं भवे भवे पार्श्व! जिनचंद्र! ॥५॥]

## (२) पास–जक्ख–थोत्तं ( पार्श्व–यक्ष–स्तोत्रम् )

उवसग्गहरं पासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

[ उपसर्गहरं पार्श्वं पाशां वन्दे [2]काम्यघनमुत्काम् ।
विषधरविषनिर्नाशं मङ्गलकल्याणावासम् ॥१॥
विषधरविषनिर्नाशं मङ्गलकल्पाज्ञावासम् ॥१॥ ]

द्वितीय अने तृतीय गाथा अने तेनी छाया पार्श्वनाथने अंगेनी छाया मुजब छे. फेर एटलो ज छे के प्रणामनो अर्थ अत्र प्रसादाभिमुखता छे.

तुह सम्मत्ते लद्धे ऽचिन्ता मणिकप्पपायवब्भहिए ।
[तव साम्मत्ये लब्धे चिन्तामणिकल्पपादपाभ्यधिके
तव साम्मत्ये लब्धे चिन्तामणि कल्प-पाय वल्भहिते
तव साम्मत्ये लब्धे अचिन्ता-मणि-कल्प-पात्र-वल्भहिते ]
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥ ४ ॥
[प्राप्नुवन्त्यविघ्नेन जीवा अजरामरं स्थानम् ॥४॥
प्राप्नुवन्त्यविघ्नेन जीवा अय-राम-रं स्थानम् ॥४॥]
इय संथुओ महायस भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव! दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥५॥

---

१ मूळमां 'महायस' छे तेने बदले 'ऽमहायस' पाठ समजतां आ रूपान्तर थाय छे.

२ आनुं काम्यघनमुत्कं एवुं पण प्रति संस्कृत थई तो शके छे परंतु प्रश्न ए थाय छे के ए पार्श्वनाथ पार्श्वयक्ष अने धरणइन्द्रमांथी एकेयनुं पण विशेषण गणाय तेम छे खरुं?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[इति संस्तुतो महायशो भक्तिभरनिर्भरेण हृदयेन ।
तस्माद् देव! देहि बोधिं भवे भवे पार्श्व! जिनचन्द्र! ॥५॥][1]

## (३) धरणिंदथोत्तं (धरणेन्द्र–स्तोत्रम्)

ગા. ૧ અને એની છાયા પાર્શ્વયક્ષ સ્તોત્રની આદ્ય ગાથા પ્રમાણે છે.

ગા. ૨–૩ અને એની છાયા પાર્શ્વનાથને અંગે છે તે પ્રમાણે જ છે, ફેર એટલો જ છે કે પ્રણામનો અર્થ પ્રસાદાભિમુખતા છે. ગા. ૪ અને એની છાયા પાર્શ્વયક્ષ સ્તોત્ર પ્રમાણે છે.

इय संथुओ महायस भत्तिभरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥ ५ ॥
[इति संस्तुतो महायशो भक्तिभरनिर्भरेन: ! हृदयगेन !
तस्माद् देव ! देहि बोधिं भवे भवे [2]पाश जिनचन्द्र ॥५॥]

## (४) पउमावई थोत्तं (पद्मावती–स्तोत्रम्)

ગા. ૧–૩ અને એની છાયા ધરણેન્દ્ર સ્તોત્ર (ગા. ૧–૩) પ્રમાણે છે. ગા. ૪ અને એની છાયા પાર્શ્વયક્ષ સ્તોત્ર (ગા. ૪) પ્રમાણે છે.

इय संथुओ महायस भत्तिभरनिब्भरेण हियएण ।
[इति संस्तुता उ मम अयशो भक्तिभर निर्भरे ! न हितदे ! न ।
इति संस्तुता उ मम आयस भक्तिभरनिर्भरे ! न हितदे ! न]
ता देवदेऽसुबोहिं भवे भवे पास जिणचंद ॥५॥
[तस्माद् देवते ! असुबोधिं भवे भवे प्रास्य जयचन्द ॥५॥]

**બે પાદપૂર્તિઓ**[3]:—ઉવસગ્ગહરંને અંગે અત્યાર સુધીમાં બે જ પાદપૂર્તિઓ મળી આવી છે. એ બંને પ્રત્યેક ચરણની પૂર્તિરૂપ છે. પ્રથમ પાદપૂર્તિમાં ૨૧ પદ્યો છે એ યમકોથી અલંકૃત કૃતિ 'ચન્દ્ર' ગણના **મતિસુરસૂરિ**ના શિષ્ય **તેજઃસાગરે** પોતાના ગુરુના સંકીર્તનરૂપે રચી છે.[4] એ દ્વારા એમણે ગુરુનાં નામ, વદન અને ચરણનો મહિમા દર્શાવ્યો છે.

---

૧ આ અર્થ ધરણેન્દ્રને અંગે પણ ઘટાવી શકાય તેમ છે.

૨ આના બે અર્થ થાય છે. (૧) (કર્મબંધરૂપ) પાશને જિતનારાના તાપને દૂર કરવા વડે ચન્દ્ર જેવા અર્થાત્ આહ્લાદક અને (૨) પાશ વડે જિતનારી (પદ્માવતી) ને (એના પતિ હોવાથી) ચન્દ્ર અર્થાત્ આહ્લાદક!

૩ આ પાદપૂર્તિ મેં કરેલી સંસ્કૃત છાયા સહિત **પ્રિયંકરનૃપ** કથામાં ઘ પરિશિષ્ટ તરીકે પૃ. ૪૫–૪૮ માં છપાવાઇ છે. એમાં આ કૃતિનું નામ श्री पार्श्वस्तोत्रम् અપાયું છે. તેને બદલે श्री मतिसुरसूरिस्तोत्रम् એમ જોઇએ.

૪ જુઓ પદ્ય ૧ અને ૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષમાં એમના ગુણો, વન્દન, ભક્તિ, દર્શન વગેરેની પ્રશંસા કરાઇ છે. ૧૯ મા પદ્યમાં સમ્યક્ત્વની યાચના કરાઇ છે. પૃ. ૧૬૬-૭ માં આ પાદપૂર્તિ છાયા વિના અપાઈ છે. દ્વિતીય પાદપૂર્તિ માટે પણ તેમ જ કરાયું છે. એ પૃ. ૧૬૯ માં અપાઇ છે. એમાં ૨૨ પદ્યો છે. ૨૧ મા પદ્ય પછી અન્ય પ્રકારે એક પદ્ય તેમ જ પુષ્પિકા મળે છે. ઉપર્યુક્ત ૨૨ મા પદ્યમાં આ પાદપૂર્તિ શ્રી **જિનપ્રભસૂરિએ** રચ્યાનો અને એને 'સંથવણ' (સંસ્તવન) કહ્યાનો નિર્દેશ છે, જ્યારે અન્ય પ્રકારના પદ્યાદિમાં **હર્ષકલ્લોલ**ના શિષ્ય **લક્ષ્મીકલ્લોલગણિએ** આ રચ્યાનો તેમ જ એનો સમસ્સા (સમસ્યા) તરીકે નિર્દેશ છે.

ઉપર્યુક્ત ૨૨ પદ્યો વિ. સં. ૧૭૬૪ માં લખાયેલી એક હાથપોથી ઉપરથી અત્ર અપાયાં છે. આદ્ય પદ્યમાં કર્તાએ **પાર્શ્વનાથને** પ્રણામ કરી આ 'સંથવણ' રચવાની પ્રતિજ્ઞા કરી છે.

**પંદર વિવરણો:**—ઉવસગ્ગહરં ઉપર વિવિધ વિવરણો રચાયાં છે એ વિવરણોનાં નામ વગેરે નીચે મુજબ છે.

| | વિવરણ | કર્તા | [1]રચનાવર્ષ | પ્રકાશન |
|---|---|---|---|---|
| ૧ | [2]બૃહદ્વૃત્તિ | અજ્ઞાત | ૧૨ મી સદી પહેલાં | અપ્રકાશિત |
| ૨ | લઘુવૃત્તિ | *પૂર્ણચંદ્રસૂરિ | ૧૨ મી સદી | પ્રકાશિત |
| ૩ | વૃત્તિ | પાર્શ્વદેવગણિ | ૧૨ મી સદી | ,, |
| ૪ | અર્થકલ્પલતા | જિનપ્રભસૂરિ | વિ. સં. ૧૩૬૫ | ,, |
| ૫ | વૃત્તિ | જયસાગરગણિ | ૧૫ મી સદી | અપ્રકાશિત |
| ૬ | ટીકા | સિદ્ધિચંદ્રગણિ | ૧૭ મી સદી | પ્રકાશિત |
| ૭ | [3]વૃત્તિ | હર્ષકીર્તિસૂરિ | ,, | ,, |
| ૮ | [4](લઘુ) વૃત્તિ | અજ્ઞાત | ,, | અપ્રકાશિત |
| ૯ | [5]ટીકા (વૃત્તિ) | ,, | ? | ,, |
| ૧૦ | [6]વૃત્તિ | ,, | ? | ,, |
| ૧૧ | [7]અવચૂરિ | અજિતપ્રભસૂરિ (?) | ? | ,, |

૧ આ વૈક્રમીય છે.

૨ આનો પૂર્ણચન્દ્રસૂરિકૃત વૃત્તિ, અ. ક. લ. (પૃ. ૧૬), અ. ર. મં. (પૃ. ૩૪) વગેરેમાં ઉલ્લેખ છે. સિદ્ધિચન્દ્રગણિકૃત વૃત્તિ (પૃ ૨૪)માં નોંધાયેલી બૃહદ્વૃત્તિ આ જ છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

* આને બદલે **જૈન સ્તોત્ર સંદોહ** (ભા. ૧ ગ. પરિશિષ્ટ) માં ચન્દ્રસૂરિ નામ છે.

૩ આ વૃત્તિ **જિનસૂર** કૃત **ઉવસગ્ગહરં પદાર્થ** સાથે સામ્ય ધરાવે છે.

૪–૬ જુઓ અનુક્રમે Descriptive catalogue of the goverment collection's of manuscripts (vol XVII pt 3 No. 782–784 & 785.)

૫–૭ જુઓ D. e. a. c. m. (vol XVII PP 3 No. 783 P. P. 190–191.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં પ્રસ્તુત પુસ્તક (પૃ. ૧૧) માં નિર્દેશેલી **અજિતપ્રભસૂરિકૃત ઉવસગ્ગહરંની** અવચૂર્ણિ તથા **સપ્તસ્મરણની સમયસુન્દરગણિકૃત** વૃત્તિ ઉમેરતાં તેર અને **જિનસૂર** કૃત **ઉવસગ્ગહરં પદાર્થ**ને પણ વિવરણ ( કે જે હર્ષકીર્તિસૂરિકૃત વૃત્તિ સાથે મળતું આવતું જણાય છે તે) ગણતાં ૧૪ વિવરણો થાય છે. વળી **ભૈરવ પદ્માવતી કલ્પ** (પરિશિષ્ટ–૭) ને લક્ષ્યમાં લેતાં ૧૫ થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં આઠ ઉપલબ્ધ વિવરણોનાં નામો, રચના સમયના નિર્દેશપૂર્વક પૃ. ૮૬–૮૭ માં અપાયાં છે, જ્યારે આઠ ઉપલબ્ધ વિવરણોની વિશેષતાઓ પૃ. ૮૭–૯૦ માં અપાઇ છે. તે આઠ વિવરણોના પ્રણેતાઓનાં નામો નીચે મુજબ છે.

(૧) પૂર્ણચંદ્રસૂરિ, (૨) દ્વિજપાર્શ્વદેવગણિ, (૩) જિનપ્રભસૂરિ, (૪) *અજિતપ્રભસૂરિ, (૫) ×જિનસૂર, (૬) સિદ્ધિચન્દ્રગણિ, (૭) હર્ષકીર્તિસૂરિ અને (૮) સમયસુંદરગણિ.

આ પૈકી **અજિતપ્રભસૂરિ** અને **જિનસૂર** (?) નાં વિવરણો અમુદ્રિત છે.

**ધરણેન્દ્ર અંગે:**—આ પુસ્તકમાં **ધરણઇન્દ્રે પ્રિયંકરનૃપની** પરીક્ષા કરી સાક્ષાત્ દર્શન દીધાં હતાં અને એણે આ નૃપને પાતાલ ભવનમાં લઇ જઇ પોતાનો આવાસ બતાવ્યો વગેરે બાબતો અને અંતે એણે પોતાની એક પ્રભાવશાળી મુદ્રિકા આપી એ બીના પૃ. ૧૧૫–૧૧૬ માં વર્ણવાઇ છે.

આથી હું થોડુંક વિશેષ સૂચવું છું :—

**ધરણ** એ ભવનપતિ દેવોના એક પ્રકાર રૂપ નાગકુમારોનો ઇન્દ્ર થાય છે. એણે કૌશલિક **ઋષભદેવના** અનન્ય ભક્ત **નમિ** અને **વિનમિ**ને ૪૮૦૦૦ મહા વિદ્યાઓ આપી હતી. એણે **રાવણને** શક્તિ આપી હતી. **ચેટક** નૃપતિને સહાય કરી હતી. તેમજ શ્રી **માનતુંગસૂરિને** ૧૮ અક્ષરનો મંત્ર આપ્યો હતો કે નામરાશિઓએ તેમ કર્યું છે ? એ પ્રશ્ન બાજુએ રાખી કહીશ કે એને જ **પદ્માવતી** નામે પત્ની હતી એમ અ૦ ક૦ લ૦ ( પૃ. ૨૩ ) માં જોતાં જણાય છે. પરંતુ એ ઈન્દ્રને જે છ અગ્રમહિષીઓ હતી તેમાં તો આ નામ નથી તો શું એ કોઇ અગ્રમહિષીનું નામાંતર છે ? કે એ સિવાયની ઉતરતી કક્ષાની એની આ પત્ની છે એ વિચારણીય છે.

**સ્તુતિ ચતુર્વિંશતિકા** (શ્લો. ૯૨ ) ની ટીકા ( પૃ ૨૭૬ ) માં **ધનપાલે ધરણ** ઈન્દ્રની પત્ની તરીકે **વૈરોટ્યાનો** ઉલ્લેખ કર્યો છે. તો એ નામ પણ એ ઇન્દ્રની અગ્ર-

---

* એમણે અવચૂર્ણિ રચી છે. એ **અ. ક. લ.** ના સંક્ષેપરૂપ છે. એની હાથપોથી **લા. દ. વિદ્યામંદિરમાં** છે.

× એમણે રચેલા મનાતા વિવરણનું નામ '**ઉવસગ્ગહર પદાર્થ**' છે એને હાથપોથી પણ **લા. દ. વિદ્યામંદિરમાં છે.**

૧ આ યક્ષ ૪૮૦૦૦ યક્ષોથી પરિવૃત હોવાનું **દ્વિજપાર્શ્વદેવગણિએ ઉવસગ્ગહરંની** વૃત્તિ ( પૃ. ૯૮–૯૯ ) માં કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહિષીઓનાં નામોમાં જણાતું નથી. **વૈરોટ્યા** એ **પદ્માવતી**નું નામાન્તર નથી એમ નિમ્નલિખિત ઉલ્લેખ જોતાં જણાય છે.

ॐ नमः पार्श्वनाथाय, विश्वचिन्तामणीयते ।
ह्रीँ धरणेन्द्र-वैराट्या-पद्मादेवीयुताय ते ॥ "[1]

**પદ્માવતી દેવી તે કોણ?** એ **ધરણ** ઇન્દ્રની પત્ની હોવાનું અ૦ ક૦ લ૦ (પૃ. ૨૩) માં કહ્યું છે, પરંતુ એ એના પૂર્વ ભવોની વાત કહી હોવાનું જણાતું નથી. અ૦ ક૦ લ૦ (પૃ. ૧૧) માં સર્પને જ બળતો કહ્યો છે. પણ એ **ધરણ** ઇન્દ્ર બન્યાનો ઉલ્લેખ જણાતો નથી. જ્યારે **અક્ખાણમણિકોસ**ની **આમ્રદેવસૂરિકૃત** વૃત્તિમાં ૪૧ મા કૃણ્યાખ્યાનકમાં બળતો સર્પ મરીને **ધરણેન્દ્ર** થયાનો ઉલ્લેખ સાંપડે છે.*

**મંત્રો અને વિદ્યા**—ઉવસગ્ગહરંની **પૂર્ણચન્દ્રસૂરિ**કૃત લઘુવૃત્તિમાં ગા. ૧ માં પાર્શ્વયક્ષમંત્ર અને પાર્શ્વયક્ષિણીમંત્ર એમ બે મંત્રો અને ગા. ૫ માં મંત્રોના વિશિષ્ટ નામોલ્લેખ વિનાના બૃહદ્વૃત્તિ અનુસાર પાંચ મંત્રો એમ સાત મંત્રો અને એને અંગેની વિધિ તેમ જ વિધિપૂર્વકની એક વિદ્યા દર્શાવાયાં છે.

ઉવસગ્ગહરંની **દ્વિજપાર્શ્વદેવગણિ**કૃત વૃત્તિમાં ગા૦ ૧ માં પાર્શ્વયક્ષમંત્ર, પાર્શ્વયક્ષિણીમંત્ર, ઘોણસમંત્ર તેમ જ નામોલ્લેખ વિનાના અન્ય ચાર મંત્રો એમ એકંદર સાત મંત્રો અને ગા૦ ૩ માં વિશિષ્ટ નામ વિનાનો ૧ મંત્ર એમ કુલ્લે આઠ મંત્રો તેમજ ગા૦ ૨ માં એક વિદ્યા દર્શાવાયાં છે. વિશેષમાં આઠે મંત્રો અને એક વિદ્યાની વિધિ પણ દર્શાવાઈ છે.

**વિદ્યાઓ**—ઉવસગ્ગહરંની **દ્વિજપાર્શ્વદેવગણિ**કૃત લઘુવૃત્તિના (પૃ. ૧૦૫) માં મહાવિજ્જાનો અને (પૃ. ૧૦૮ માં) 'અઘોરા' નામની વિદ્યાનો ઉલ્લેખ છે એથી એમ સમજાય છે કે ઉવસગ્ગહરંનો વિદ્યાઓ સાથે સંબંધ છે. એમ હોઈ હું અહીં તો એટલુંજ ઉમેરીશ કે **નમિ** અને **વિનમિ**ને **ધરણ**ઇન્દ્રે બલ અને સમૃદ્ધિની અનેક પ્રકારની વિદ્યાઓ આપી હતી.× વિશેષમાં **રાવણ**ને હજારો વિદ્યાઓ સિદ્ધ થઈ હતી એ પૈકી ૫૫ નાં નામો **પઉમચરિય** (ઉ. ૭ શ્લો. ૧૩૫-૧૪૨) માં અપાયાં છે.

**નયસુંદર**કૃત જે "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ" માંથી કેટલાંક પદ્યો પ્રસ્તુત પુસ્તકમાં (પૃ. ૧૫૯) ઉદ્ધૃત કરાયાં છે તેમાંના ૧૨૦ મા પદ્યમાં 'કૃષ્ણ-કટક-નિર્જરાકરણ' નો ઉલ્લેખ છે. તે દ્વારા પ્રતિવાસુદેવ **જરાસંધે** વાસુદેવ **કૃષ્ણ**ના સૈન્યને જરા વિદ્યા

---

૧. જુઓ **સ્તુતિચતુર્વિંશતિકા**નું મારું સ્પષ્ટીકરણ (પૃ. ૨૭૯, ટિ.)

* पासजिणो वि हु दाउं फणिणो कन्नंसि जिणनमोक्कारं ।
पत्तो गिहं फणी वि हु धरणिंदत्तं मरेऊण ॥ १७ ॥ (पृ. १३५)

× જુઓ **પઉમચરિય** (ઉ. ૩. શ્લો. ૧૪૯).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે વૃદ્ધ બનાવ્યાનું અને **ધરણ** ઇન્દ્રના ભવનમાંની **પાર્શ્વનાથની** પ્રતિમા **નેમિનાથની** સલાહથી લાવી તેનું સ્નાત્રજળ છાંટતાં સૈન્ય હતું તેવું થઇ ગયાનું સૂચન છે. અહીં એ ઉમેરીશ કે **શંખપુરીમાં** આવેલા જિનમંદિરમાંની **શંખેશ્વર પાર્શ્વનાથને** નામે ઓળખાતી અને સાત ફેણવાળી પ્રતિમા તે આ જ હોવાનું મનાય છે.

ઉવસગ્ગહરંની નવગાથા મંત્રો અને યંત્રો સહિત ધુળિયાથી પ્રકાશિત થઇ છે.

**યન્ત્રો**—મંત્ર અને યન્ત્રને શો સંબંધ છે ઈત્યાદિ વિવિધ બાબતો યંત્ર વિષે વિચારવા જેવી છે. પરંતુ અહીં તો મુખ્યતયા પ્રસ્તુત પુસ્તકગત યંત્રો વિષે કેટલુંક કહું તે પૂર્વે એ ઉમેરીશ કે દેવ કે દેવીના અધિષ્ઠાન માટે ગૃહરૂપ આલેખન તે 'યન્ત્ર' એમ **અનેકાર્થસંગ્રહ** (પૃ. ૪૬૦) માં કહ્યું છે.

**સિરિવાલકહા** (ગા. ૧૦૭) માં કહ્યું છે કે 'સિદ્ધચક્ર' એ **વિજ્જાણુવાય** (નામના દસમા પુવ્વ) ના પરમાર્થ રૂપ છે.× એનો ઉદ્ધાર ગા. ૧૯૬–૨૦૬ માં દર્શાવાયો છે. ગાથા ૧૯૬ ના અવચૂર્ણિક (પત્ર ૨૪ અ) માં સિદ્ધચક્રને 'યંત્ર' કહેલ છે. ગા. ૧૯૬, ૨૦૦ અને ૨૦૨ માં પ્રણવબીજનો અને ૨૦૧ માં માયાબીજનો ઉલ્લેખ છે.

વૈયાકરણ **વિનયવિજયગણિએ** રચવા માંડેલ **'શ્રીપાલ રાજાનો રાસ'** (ખંડ ૧. ઢા. ૭, પદ્ય ૧૩) માં આગમ જોઇને એમાંથી 'સિદ્ધચક્ર' યંત્ર ઉદ્ધર્યાનો નિર્દેશ છે અને પદ્ય ૧૬ માં આ યંત્રને 'સકળ શિરતાજ' તરીકે ઓળખાવેલ છે.

**પાદલિપ્તસૂરિકૃત** મનાતી **નિર્વાણકલિકામાં** 'નિત્યપૂજા' યંત્ર છે એ 'સિદ્ધચક્ર' યંત્રનું વિસ્તૃતીકરણ હોય એમ લાગે છે.

ઉવસગ્ગહરંની બૃહદ્વૃત્તિ અદ્યાપિ અનુપલબ્ધ છે એટલે એમાં યન્ત્રો હશે કે કેમ તે જાણવું બાકી રહે છે. ઉવસગ્ગહરંની **પૂર્ણચન્દ્રસૂરિકૃત** લઘુવૃત્તિ બારમી સદીમાં રચાયાનું મનાય છે. એ હિસાબે ઉવસગ્ગહરંને અંગેના યંત્રો માટેનું એ સૌથી પ્રથમ અને વિશ્વસનીય સાધન ગણાય. એમાં એકંદરે ૧૭ યંત્રો છે. આ લઘુવૃત્તિમાં નહિ અપાયેલા યંત્રો **દ્વિજપાર્શ્વદેવગણિ** કૃત લઘુવૃત્તિમાં* અપાયાં છે. એ છપાયાં હોય તો સૌથી પ્રથમ ક્યાં છપાયાં છે? તે જાણવું બાકી રહે છે.

આ બંને લઘુવૃત્તિગત યંત્રોને અત્ર સ્થાન અપાયું છે કે કેમ? આ પુસ્તકમાં પૃ. ૬૪–૬૫ માં ૭+૨+૬+૪+૨ એમ ગાથાઓ અનુસાર કુલ્લે ૨૧ યંત્રોને સ્થાન અપાયું છે. વિશેષમાં આ ૨૧ યંત્રો ૧૧ મા પ્રકરણની પ્રથમ બાબત તરીકે પૃ. ૧૩૨ પછી આલેખાયાં છે અને એને અંગેના આલેખનની રીત પૃ. ૧૭૧ માં દર્શાવાઈ છે.

---

× આ હિસાબે 'સિદ્ધચક્ર' યંત્ર ઉપલબ્ધ યંત્રોમાં સૌથી પ્રાચીન ગણાય.

* અહીં પૃ. ૧૦૫ માં દ્વિતીયગાથાને લગતું 'ચિન્તામણિ' ચક્ર નમસ્કારવ્યાખ્યાનટીકામાં દર્શાવેલા ચિન્તામણિ ચક્ર સાથે કેટલીક વિગતોમાં જૂદું પડે છે. જુઓ. પૃ. ૭૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉવસગ્ગહરંને અંગે જેમ યંત્રો રચાયાં છે તેમ **ભક્તામર સ્તોત્ર** પરત્વે ૪૪ ને બદલે ૪૮ યંત્રો મળે છે. **કલ્યાણમંદિર સ્તોત્ર** માટે પણ યંત્રો રચાયાં છે. અને એ 'કુન્થુસાગર સ્વાધ્યાય' તરફથી 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના નામથી પ્રકાશિત પુસ્તકમાં અપાયાં છે. વિશેષમાં **યોગશાસ્ત્ર** અને **ઋષિમંડલ સ્તોત્રને** અંગે પણ યંત્રો રચાયાં છે. આપણે ઉપર જોઈ ગયા તેમ ઉવસ્સગ્ગહરંને અંગે જે આઠ વિવરણો પૃ. ૮૬–૮૭ માં નોંધાયાં છે તેમાં નિમ્નલિખિત બે જ વિવરણોમાં યંત્રો અપાયાં છે. (૧) **પૂર્ણચન્દ્રસૂરિ**કૃત લઘુવૃત્તિ અને (૨) **દ્વિજપાર્શ્વદેવ ગણિ**કૃત લઘુવૃત્તિ.

**કલ્પ**—ઉવસગ્ગહરંની **દ્વિજપાર્શ્વદેવગણિ**કૃત વૃત્તિ (પૃ. ૯૭) માં કહ્યું છે કે આ સ્તોત્રના વૃદ્ધોએ આપેલા ઉપદેશ અને કલ્પ અનુસાર પોતાને સ્ફુટબોધ થાય તે માટે આ સંક્ષિપ્ત વૃત્તિ રચાય છે. આમ અહીં તેમ જ પૃ. ૧૦૨ અને ૧૦૫ માં જે કલ્પનો નિર્દેશ છે તે જ અત્ર પૃ. ૧૪૨ માં નોંધેલા કલ્પથી ભિન્ન છે? કે અભિન્ન? તે નક્કી કરવા માટે ઉપર્યુક્ત વૃત્તિગત કલ્પ વિષે અમુક માહિતીની આવશ્યકતા રહે છે.

**સંશોધન માટેની સામગ્રી**—પ્રસ્તુત પુસ્તકમાં કોઇ કોઈ બાબતને અંગે પ્રશ્ન ઉપસ્થિત કરી એને નિરુત્તર કહી છે, તો કોઇ કોઇને 'વિચારણીય' અને કોઇ કોઇ સમજાતી નથી એમ કહ્યું છે એ સંશોધકોને માટે ખોરાક પૂરો પાડે છે.

**પ્રશ્નો**—પ્રસ્તુત સ્તોત્ર કયાં રચાયું? અને એ લઈ જનાર સાધુ હતા કે શ્રાવક? પૃ. ૬૩

ચિન્તામણિમંત્ર ૧૮ ને બદલે ૨૮ અક્ષરનો કેવી રીતે થયો? અને **તરુણપ્રભસૂરિએ** એનો અર્થ શા આધારે કર્યો? પૃ. ૭૧

૧૮ અક્ષરના મંત્રમાં વિભક્તિથી યુક્ત એકેયપદ નથી તો એનો અર્થ કેવી રીતે કરવો?

**રત્નકીર્તિ**સૂરિએ પણ અર્થ કર્યો છે પણ આધાર જાણવામાં નથી. પૃ. ૭૨

જિણકુલિંગનો અર્થ 'પદ્માવતી' શાથી? પૃ. ૭૩

ઉવસગ્ગહરંની નિત્યસ્મરણીયતા શાથી? પૃ. ૬૧

ખરતરગચ્છમાં ઉવસગ્ગહરંનું અંતિમ **સ્મરણ** તરીકે સ્થાન શાથી?

**વિચારણીય**—પૃ. ૩૦ માં ટિ. ૨ માં મણિકર્ણિકા ઘાટ છે છતાં એને નદી કહી છે તે વિચારણીય છે.

ઉવસગ્ગહરંને ×નવસ્મરણમાં તપાગચ્છીયોની જેમ દ્વિતીય સ્મરણ ન ગણતાં 'ખરતર' ગચ્છીઓ જે સાત સ્મરણો ગણાવે છે તેમાં એને સાતમું કહ્યું છે તેનું કારણ સમજાતું નથી. પૃ. ૯ અને ૧૨

**સમયસુંદરગણિએ** ૐકાર મૂકવાનું કેમ સૂચવ્યું નથી તે વિચારણીય છે. પૃ. ૮૯

---

× આને અંગે "સ્મરણઃ સંજ્ઞા, સંખ્યા ઇત્યાદિ" નામનો મારો લેખ "આત્માનંદ પ્રકાશ" (પૃ. ૪૭, અંક ૯) માં છપાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नमः स्वाहा ને સ્થાને ॐ ह्रीँ मम (नमः) स्वाहा એમ **સમયસુન્દર** ગણિએ લખ્યું છે તેનું કારણ સમજાતું નથી. પૃ. ૧૨

**સ્ખલન:**—"चिन्तामणिकप्पपायवब्भहिए" વિશેષણ સમ્મત્તને બદલે પ્રણામનું કહ્યું છે તે સમુચિત નથી એમ પૃ. ૧૭ માં ઉલ્લેખ છે.

**ઉપસંહાર:**—એ પુરુષાદાનીય અને વિશેષણ *ષટ્કથી વિભૂષિત **શ્રી પાર્શ્વનાથ**ના નામરૂપ મંગલથી મંડિત, મુખ્યતયા એમના ગુણોત્કીર્તનરૂપ, સૂત્રાત્મક, લક્ષણોપેત, ગાથાદીઠ મહાપ્રભાવિક, **પાર્શ્વયક્ષ, ધરણઇન્દ્ર** અને **પદ્માવતી**થી અધિષ્ઠિત, અનેક મંત્રો, યંત્રો અને અર્થોથી સમૃદ્ધ તેમજ ચતુઃપક્ષીય સ્તોત્રરૂપ છે. આ સ્તોત્ર શ્વેતાંબરોના ત્રણે સંપ્રદાયોને માન્ય છે.

એને અંગેનું પ્રસ્તુત પુસ્તક મારા નમ્રમત પ્રમાણે ઉવસગ્ગહરંના સ્પષ્ટીકરણ માટેનું પર્યાપ્ત અને ઉત્તમ સાધન છે. એ [1]આગમાદિગત અવતરણોથી–સાક્ષીપાઠોથી સભર છે અને [2]માહિતીપ્રચુર છે. વળી એમાં કોષ્ટકો છે. (પૃ. ૧૧, ૧૨) આ ઉપરાંત એમાં બે પાદપૂર્તિઓ અને **પાર્શ્વનાથ**ની પ્રતિમાઓ વગેરેની નોંધોને તેમ જ શંકાઓ અને સમાધાનોને [3]પ્રસંગોપાત સ્થાન અપાયું છે. આમ હોઇ એ લોકભોગ્ય તેમ જ વિદ્વદ્‌ભોગ્ય પણ બન્યું છે.

ઉવસગ્ગહરંની પ્રત્યેક ગાથાનો અર્થ પૃથક્ પૃથક્ દર્શાવ્યા બાદ પાંચેયનો ભેગો અર્થ અપાયો છે. તથા संथुओऽमहायस નો તથા देव અને बोधिના અર્થ ફરી ફરી અપાયા છે. એ પુનરુક્તિઓ વગેરેને બાજુએ રાખતાં એમ જરૂર કહી શકાય કે પ્રસ્તુત પુસ્તક પરત્વે સેવાયેલો પરિશ્રમ મહદંશે સફળ થયો છે. આથી એના યોજક મહાશય તેમજ '**જૈન સાહિત્ય વિકાસ મંડળ**'ના સંચાલક મહાનુભાવો હાર્દિક અભિનંદનને પાત્ર બન્યા છે. એટલું સૂચવતો અને આ મંડળનો ઉત્તરોત્તર ઉત્કર્ષ થાય અને એ દ્વારા સાહિત્યરસિકોને અભીષ્ટ સામગ્રી મળતી રહે એ અભિલાષા દર્શાવતો હું આ ઉપોદ્‌ઘાત પૂર્ણ કરું છું.

મધુહંસ, ડૉ. એની બેસન્ટ રોડ,
વરલી, **મુંબઇ-૨૫** *D. D.*
તા. ૧૦-૧૨-૧૯૭૦.

**હીરાલાલ ર. કાપડિયા.**

---

* જુઓ પૃ. ૪૬ અને ૫૦.

૧. જુઓ ઠાણ, વિવાહપણ્ણત્તિ, ઉત્તરજ્ઝયણ, વંદિત્તુસુત્ત, સ્યાદ્વાદરત્નાકર, શબ્દમહાર્ણવ ઇત્યાદિ.

૨. આ માહિતીને અંગેની કેટલીક બાબતો છુટી છવાઇ એક સામટી અપાઈ નથી તે સામગ્રી કટકે કટકે મળી હશે તેને આભારી હશે. આને લઇને રચનાબંધમાં કોઇ કોઇ વાર શિથિલતા દૃષ્ટિ-ગોચર થાય છે.

૩. જુઓ પૃ. ૪, ૩૦, ૩૭, ૪૬, ૪૮, ૫૨ અને ૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય નિવેદન

સ્વાધ્યાય શ્રેણિ અન્તર્ગત **'નમસ્કાર સ્વાધ્યાય'** [પ્રાકૃત વિભાગ] **'નમસ્કાર સ્વાધ્યાય'** [સંસ્કૃત વિભાગ] અને **'લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય'**—આ ત્રણ ગ્રંથો પ્રકાશિત થઈ ગયા બાદ આ ચોથો ગ્રંથ **'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય'** વાચકોના કરકમલોમાં મૂકતાં અમે આહ્લાદ અનુભવીએ છીએ.

**'લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય'** ના પ્રકાશન બાદ **'નમોત્થુણં સૂત્ર સ્વાધ્યાય'** પ્રકાશિત કરવાની મંડલની ભાવના હતી. પરંતુ **નમોત્થુણં** સૂત્ર અંગે વિપુલ સાહિત્યની જરૂરત રહે અને તે તુરંત ઉપલબ્ધ ન થતાં તેનું પ્રકાશન તત્કાલ પૂરતું સ્થગિત કરી 'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય' નું લેખન કાર્ય શરૂ કરવું એમ વિચારાયું.

અમને એમ થયું કે પ્રસ્તુત સ્તોત્રનું સંપાદન-પ્રકાશન જો અમુક નિશ્ચિત પદ્ધતિ અનુસાર થાય તો સાધકોને પ્રસ્તુત સ્તોત્રના ગૂઢ રહસ્યો, તેના વાસ્તવિક પ્રભાવ, તેને અંગે થયેલી વિચારણાઓ વગેરે અનેક હકીકતોનો સ્પષ્ટ ખ્યાલ આવે અને તે દ્વારા સાધક વર્ગ પોતાના આત્માનું ઉર્ધ્વીકરણ કરી શકે.

આ પદ્ધતિના લેખનકાર્યમાં અનેક ગ્રંથોની જરૂરત પડે તે સ્વાભાવિક છે. પ્રસ્તુત લેખનમાં આવા જે ગ્રંથોની આવશ્યકતા પડી છે, કે જે ગ્રંથો સાક્ષી તરીકે કે ખાસ આધારરૂપે લેવાયા છે, તેની નોંધ **'આધારભૂત ગ્રંથોની યાદી'** માં આપવામાં આવી છે.

કેટલેક સ્થળે ઉપયોગમાં લેવાયેલા ગ્રંથો વિગેરેના સંપૂર્ણ નામના ઉલ્લેખોને સ્થાને ટૂંકાક્ષરી ઉલ્લેખો કરાયા છે, તેની સમજૂતિ માટે **'સંકેતસૂચિ'** આપવામાં આવી છે.

પ્રસ્તુત લેખન માટે મુદ્રિત ગ્રંથો ઉપરાંત હસ્તલિખિત પ્રતો જોવાની આવશ્યકતા લાગતાં નીચેના જ્ઞાનભંડારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧. આર્ય જંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર—ડભોઇ.

૨. લાલભાઈ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર—અમદાવાદ.

૩. લાવણ્યવિજયજી જૈન જ્ઞાનભંડાર—રાધનપુર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. વર્ધમાન જૈન આગમમંદિર—પાલીતાણા.

૫. વિશાશ્રીમાળી તપગચ્છ સંઘ જ્ઞાનભંડાર—જામનગર.

આ જ્ઞાનભંડારોના વ્યવસ્થાપકોએ અમને જે જે પ્રતિઓની જરૂર પડી તેનો ઉપયોગ ઘણા આનંદપૂર્વક કરવા દીધો તથા અમારું કાર્ય પૂરું થતાં સુધી તે તે પ્રતિઓ અમારી પાસે રાખવાની છૂટ આપી તે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

પ્રસ્તુત લેખન અંગે અમે જે ક્રમ રાખ્યો છે તે 'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય લેખનક્રમ સમજૂતી' નામક શીર્ષક હેઠળ અલગ દર્શાવેલ છે. વાચકોને તે જોવાની ખાસ ભલામણ છે.

લેખનકાર્ય શરૂ કરતાં પૂર્વે જુદી જુદી હાથપોથીઓ અને મુદ્રિત ટીકાઓ આંખ સામે રાખવામાં આવી હતી. ઘણે સ્થળે જુદા જુદા અર્થો અને મંતવ્યો પણ જોવા મળ્યાં, ઉવસગ્ગહરંની વાસ્તવિક ગાથાઓ કેટલી તે અંગે પણ વિચારણા ઉપસ્થિત થઇ, આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી અને વરાહમિહિરના ચરિત્રના લેખન વેળા ચાલુ પરંપરાથી વિભિન્ન વિભિન્ન પ્રસંગો પણ જોવા મળ્યા. ( જુઓ પૃ. ૮૧ ની પાદનોંધ ) કે જે જૈન સંઘમાં બહુધા અજ્ઞાત છે. પ્રસ્તુત ગ્રંથમાં ચાલુ પ્રણાલિકા અનુસાર જ કથા આલેખવી ! કે આ રીતે પૂર્વાચાર્યો દ્વારા પ્રાપ્ત થતી કથા આલેખવી ? આવી આવી અનેક સમસ્યાઓમાંથી માર્ગ કાઢતે કાઢતે પ્રસ્તુત ગ્રંથનું લેખન શરૂ કરાયું. ભગવાન શ્રી જિનેન્દ્રના માર્ગથી વિરુદ્ધ લેશમાત્ર પણ લખાણ ન આવે તેની સતત સાવધાની રાખવામાં આવી અને પરમપિતા શ્રમણ વર્ધમાનસ્વામીની અસીમ કરુણાથી તે કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થયું.

લખાણ સમાપ્ત થયા બાદ ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે ટીકાકારોએ દર્શાવેલ ૨૧ યંત્રો તેમ જ ટીકાઓમાં પ્રાપ્ત ન થતું પણ અન્યત્ર દશ્યમાન થતું વાપીયંત્ર આમ ૨૨ યંત્રોનું આલેખન કરાવતી વેળા ટીકાઓને આંખ સામે રાખી આલેખન કરાયું. કેટલાએક મુદ્રિત ગ્રન્થોમાં તે તે યંત્રો આલેખાયેલા દશ્યમાન થયાં પરંતુ તે યંત્રોનું આલેખન આમ્નાય પુરઃસરનું હોય તેમ જણાયું નહીં તેથી તે યંત્રો અને અમે આલેખેલા યંત્રોમાં વિભિન્નતા પણ દશ્યમાન થશે.

દરેક યંત્રોને 'क्रौँ'કારથી રુદ્ધ કરવાનું એક વિધાન હોવા છતાં ટીકાઓમાં તેવું વિધાન ન મળ્યું તેથી શરૂના યંત્રોને રુદ્ધ કરાયા નથી અને તે મુજબ બ્લોકો બનાવાયા છે. પણ પાછળથી તે વિષયના જાણકારોનું કહેવું થયું કે ટીકામાં આવું વિધાન ન હોવા છતાંય દરેક યંત્રોને આ રીતે રુદ્ધ કરવા જ જોઈએ. તેથી પાછળથી જે યંત્રો આલેખાયા તેમાં તે રીતે રુદ્ધ કરાયા છે. વાચકોને વિનંતિ છે કે જ્યાં 'क्रौँ'કારથી યંત્રો રુદ્ધ નથી થયા ત્યાં પણ તેને તે રીતે રુદ્ધ સમજીને ચાલે. ક્યાંક 'क्रौँ'કારને બદલે ભૂલથી 'क्रोँ'કારથી પણ યંત્રો રુદ્ધ કરાયા છે, ત્યાં પણ 'क्रौँ'કારથી રુદ્ધ સમજવા. ઉપરાંત સમસ્ત પદના વિગ્રહ કરતી વેળા 'વિગ્રહને' બદલે 'વ્યુત્પત્તિ' શબ્દ લખાયો છે. અમારી આ ક્ષતિ બદલ અમે દિલગીર છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત ગ્રંથની પ્રેસકોપી તૈયાર કર્યા બાદ **નમસ્કાર મહામંત્રોપાસક, અમારા મંડળના પ્રત્યેક પ્રકાશનોમાં પૂરો રસ દાખવી સમયે સમયે યોગ્ય સૂચનો આપતા, તપોવૃદ્ધ, બહુશ્રુત, પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરને** (આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન) સંપૂર્ણ પ્રેસકોપી બતાવવામાં આવી. તેમણે પોતાનું સ્વાસ્થ્ય અનુકૂળ ન હોવા છતાંય, આ પ્રેસકોપી પર વારંવાર ચિંતન કરી, પોતાના ઉપયોગી સૂચનોથી પ્રસ્તુત ગ્રંથને નવાજ્યો. જે સઘળાં સૂચનો અમે આમાં સામેલ કર્યાં છે. તેમના આ ઉપકાર બદલ અમે તેમના ઋણી છીએ.

પરમપૂજ્ય, વર્ધમાનતપના આરાધક, **પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરને** (આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન) પણ તેઓશ્રી મલાડમાં વિરાજતા હતા ત્યારે પ્રેસકોપી બતાવવામાં આવેલી. તેમણે પણ કેટલાક વિષયોને બહેલાવવા વગેરેની સૂચના કરી તે પણ આમાં આમેજ કરવામાં આવી છે. તેઓશ્રીના ઉપયોગી સૂચનો માટે તથા તેમણે લીધેલા શ્રમ માટે અમે તેમનાય અત્યંત આભારી છીએ.

પ્રસ્તુત પ્રેસકોપીને વારંવાર વાંચી, વિચારી, તે પર સુદીર્ઘ ચિંતનો કરી, વસ્તુને પુષ્ટ કરવા માટે જરૂરી સઘળી વાતો સામેલ કરવી, તે તે હકીકતો માટે પાઠો રજૂ કરવા દ્વારા વસ્તુને સુદૃઢ કરવી, રજૂ થયેલાં સાહિત્ય ઉપરાંત પણ જે કંઈ સાહિત્ય પ્રસ્તુત સ્તોત્ર સાથે લાગતું વળગતું હોય તે સઘળું શોધવું, આવું બધું જ કામ '**જૈન સાહિત્ય વિકાસ મંડળ**'ના માનનીય પ્રયોજક, વિદ્યાભ્યાસંગી, શ્રીમાન્ **શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ** પોતાની વૃદ્ધ ઉંમર તેમ જ નાદુરસ્ત તબિયતનીય પરવા કર્યા વિના કર્યું છે. તેમના આ હિસ્સાને બાદ કરીએ તો કદાચ પ્રસ્તુત ગ્રંથ વાચકોના હાથમાં જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં ન હોત. તેમનો ઉપકાર કયા શબ્દોમાં વ્યક્ત કરવો તે મને સમજાતું નથી.

પ્રસ્તુત ગ્રંથ ઉપર વિદ્વદ્ભોગ્ય ઉપોદ્ઘાત લખવા માટે જૈનદર્શનના તલસ્પર્શી અભ્યાસી, અખંડ વિદ્યોપાસક, સુવિચક્ષણ સંશોધક **શ્રીયુત હીરાલાલ રસિકલાલ કાપડિયાને** વિનંતિ કરવામાં આવી અને તેમણે તે વિનંતિ સ્વીકારી ઉપોદ્ઘાત લખી આપ્યો. તે બદલ અમે તેમનો પણ આભાર માનીએ છીએ.

મ્હેસાણાનિવાસી વકીલ **શ્રીયુત** વલ્લભદાસ વીરપાલભાઈ ગ્રંથની શુદ્ધિ અશુદ્ધિ તપાસવામાં બહુ નિષ્ણાત છે. અમારા બીજા ગ્રંથ અંગે આવી જાતનો પરિચય તેમણે આપેલો તેથી આ ગ્રંથ જેમ જેમ છપાતો ગયો તેમ તેમ તેના ફર્મા તેમને મોકલવામાં આવ્યા અને પોતાના વ્યવસાયમાંથી સમય કાઢીને શુદ્ધિપત્રક તૈયાર કરીને તેમણે મોકલ્યું. આ ગ્રંથમાં જે શુદ્ધિપત્રક સામેલ કરાયું છે, તેનો કેટલોક ભાગ તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરીક્ષણ શક્તિને આભારી છે. આવું કાર્ય તેઓશ્રી વિદ્યાવ્યાસંગી હોવાથી અને અમોને તેવા કાર્યમાં મદદ કરવા ઈંતેજાર હોવાથી સ્વેચ્છાએ સાહિત્યસેવા માટે કરે છે. તેમનો અમે અહીં અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ગ્રંથને સારા ટાઈપોમાં સમયસર છાપી આપવાનું કાર્ય શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ–પાલીતાણાના માલિક ભાનુભાઈ, અને પ્રુફો વગેરે સુધારવાનું કાર્ય પંડિત શ્રી કપુરચંદભાઇ વારૈયાએ ખંતથી કર્યું છે. તે બદલ અમે તેમના આભારી છીએ.

ગ્રંથમાં રજૂ કરવામાં આવેલાં છ ચિત્રો તેમજ સઘળા યંત્રો જાણીતા ચિત્રકાર તેમજ રંગોળીકલાનિષ્ણાત ડભોઈવાળા રમણિકલાલ ચુનીલાલે આલેખ્યાં છે. જૈન મંત્ર યંત્રના આલેખનમાં સિદ્ધહસ્ત હોવાથી અને પોતે જૈન હોવાથી તેમણે નિષ્ઠાપૂર્વક જે કળામય અને વ્યવસ્થિત આલેખન કરી આપ્યું છે તે માટે અમે અહીં તેમનો આભાર માનીએ છીએ.

ખૂબજ ધ્યાનપૂર્વક પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવા છતાંય મતિમંદતાથી કે છદ્મસ્થતા આદિના કારણે યા પ્રેસદોષથી જે કંઈ ક્ષતિઓ રહેવા પામી હોય તેનો મિચ્છામિદુક્કડમ્ દઈએ છીએ અને વાચક મહાનુભાવોને સુધારવાની વિનંતિ કરીએ છીએ.

માગસર વદ ૧૦, વિ. સં. ૨૦૨૭
પાર્શ્વજન્મકલ્યાણક દિન
તા. ૨૩–૧૨–૭૦
ઇરલા, વીલેપારલે, મુંબઇ–૫૬ ( *A. S.* )

લિ૦ સેવક
**સુબોધચન્દ્ર નાનાલાલ શાહ**
મંત્રી, જૈન સાહિત્ય વિકાસ મંડળ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચિત્ર—યન્ત્ર સૂચિ

## ગ્રંથમાં અપાયેલ ચિત્રોનો અનુક્રમ:—


| | | |
|---|---|---|
| ૧. | કલામય દ્વારશાખામધ્યસ્થાપિત શ્રી પાર્શ્વસ્તુતિઃ | પૃ. ૧ |
| ૨. | શ્રી પિંડવાડા મંડન પાર્શ્વનાથ. | પૃ. ૨ |
| ૩. | શ્રી ચારૂપમંડન પાર્શ્વનાથ. | પૃ. ૨૦ |
| ૪. | શ્રી સહસ્રફણા છત્રાચ્છાદિત પ્રભુશ્રી પાર્શ્વનાથ-રાણકપુર. | પૃ. ૨૮ |
| ૫. | શ્રી લોઢણ પાર્શ્વનાથ-દર્ભાવતી (ડભોઇ) | પૃ. ૪૦ |
| ૬. | શ્રી પદ્માવતીદેવી (નાલંદા સ્થાપત્યાનુસાર) | પૃ. ૧૧૮ |


## ગ્રંથમાં અપાયેલ યંત્રોનો અનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧. | ઉવસગ્ગહરંની પ્રથમગાથામાં દર્શાવાયેલ પ્રથમ ચાર યંત્રો. | પૃ. ૧૩૨ |
| ૨. | ,, ,, ,, પાંચથી સાત યંત્રો. | ,, |
| ૩. | સર્વસંપત્કર બૃહચ્ચક્ર. | ,, |
| ૪. | ચિન્તામણિ ચક્ર. | ,, |
| ૫. | ઉવસગ્ગહરંની ત્રીજી ગાથામાં દર્શાવાયેલ ૧ થી ૪ યંત્રો. | ,, |
| ૬. | ,, ,, ,, ,, ૫ થી ૮ યંત્રો. | ,, |
| ૭. | ,, ,, ,, ,, ૯-૧૦ યંત્રો. | ,, |
| ૮. | ,, પાંચમી ગાથામાં ,, ૨ યંત્રો. | ,, |
| ૯. | વાપી યંત્ર (ઉવસગ્ગહરં સ્તોત્ર મૂલપાઠ આદિ ગર્ભિત) | ,, |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગ્રંથમાં રજુ કરવામાં આવેલ ચિત્રોનો ક્રમાનુસાર પરિચય.

### (૧) કલામય દ્વારશાખા મધ્ય સ્થાપિત શ્રી પાર્શ્વસ્તુતિઃ.

શ્રી રાણકપુરજી તીર્થના પ્રાચીન જિનાલયનું દ્વાર જે અપૂર્વ કોતરણીમય છે. તેની પ્રતિકૃતિમાં ભગવાન શ્રી પાર્શ્વનાથની સ્તુતિ અહીં રજૂ કરવામાં આવી છે.

શાસ્ત્રવાર્તા સમુચ્ચયની ઉપા૦ યશોવિ૦ મ. કૃત ટીકામાં આઠમા સ્તબકમાં મંગલાચરણ રૂપે જે બે શ્લોકો રજૂ કરાયા છે તે પૈકીનો આ દ્વિતીય શ્લોક છે. અને આ શ્લોકને આ ગ્રંથના મુદ્રાલેખરૂપે રાખવામાં આવ્યો છે.

### (૨) પિંડવાડામંડન શ્રી પાર્શ્વનાથ

જૂના સિરોહી રાજ્યમાં અમદાવાદ દિલ્હી રેલ્વે રસ્તે સજ્જનરોડ સ્ટેશનથી પાંચેક માઇલ દૂર વસંતગઢ છે, જે હાલમાં વાંતપરાગઢ નામથી ઓળખાય છે.

આ વસંતગઢમાં શ્રી શાન્તિનાથજીના જૈન દેરાસરના ભોંયરામાંથી એક પ્રાચીન જૈન ધાતુપ્રતિમાઓનો સંગ્રહ મળી આવેલ. તે સંગ્રહને પિંડવાડા ખસેડવામાં આવ્યો છે.

પ્રસ્તુત ચિત્રમાં રજૂ કરવામાં આવેલી પ્રતિમા તે પ્રસ્તુત સંગ્રહ પૈકીની ધાતુપ્રતિમા છે. પ્રતિમા કે પરિકર પાછળ કોઇ લેખ નથી, પરંતુ તે સંગ્રહમાં આ પ્રતિમાના ઘાટની જ તેમજ આવાજ શિલ્પની જે પ્રતિમાઓ છે તે વિ. સં. ૯૨૬ (ઈ. સ. ૮૬૯–૮૭૦) ની છે તેથી આ પ્રતિમા પણ તેજ સમયની લાગે છે.

આ પ્રતિમા લગભગ ૧૮–૨ ઇંચ ઉંચી અને ૧૮ ઇંચ પહોળી છે.

આ પ્રતિમા મહાન ગુર્જર પ્રતિહાર રાજવી મિહિરભોજના સમયમાં બનેલી છે.

પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાના છઠ્ઠા સૈકા પછીના કાળમાં અપ્રતિમ નમૂનારૂપ ધાતુમૂર્તિઓ બનાવવામાં આવી અને તે પ્રચારમાં આવી. આ પૈકી પ્રસ્તુત ગ્રંથમાં જેનું ચિત્ર આપવામાં આવ્યું છે. તે ખૂબ સુંદર ત્રિતીર્થિક છે. આ પ્રતિમામાં યક્ષ અને યક્ષિણીની આકૃતિ ખાસ નોંધપાત્ર છે.

આમાં શ્રી પાર્શ્વનાથજી પદ્માસને બિરાજે છે. બાજુમાં એક એક તીર્થંકરની જે ઉભી–કાયોત્સર્ગ મુદ્રામાં–મૂર્તિ છે તેમાં ચોળપટ્ટો પહેરવાની ઢબ, વલ્લિઓયુક્ત, પર્યસ્તક વગેરે નોંધપાત્ર છે. તીર્થંકરની પાછળનાં ભામંડલ, બાજુમાં ઉભેલી સરસ્વતીની મૂર્તિઓ, સિંહાસનની બાજુમાં યક્ષ–યક્ષિણી અને તેનાં અલંકરણો તથા તેમની પાછળના ભામંડલો નોંધપાત્ર છે.

### (૩) ચારૂપમંડન પાર્શ્વનાથ

ઇતિહાસકારો ચારૂપ તીર્થને બારમા સૈકા પૂર્વેનું ગણે છે. સંવત્ ૧૨૯૬ ના શિલાલેખમાં ચારોપ તરીકે ઓળખાતું આ તીર્થસ્થાન અણહિલપુર પાટણથી ૩ ગાઉ દૂર આવેલું છે.

આ તીર્થમાં ગગનચુંબી દેવવિમાન તુલ્ય જિનાલયમાં મૂળનાયક તરીકે શ્યામવર્ણી ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ પ્રાચીન શિલ્પકળાના નમૂના રૂપ છે. શિલ્પીએ મૂર્તિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીરાગીપણાનું ગાંભીર્ય અને ઉદરની કૃશતા બતાવવાનો પ્રયત્ન કર્યો છે. મસ્તકે રહેલી ફણાઓ ઠેઠ ખભા સુધી પથરાયેલી છે. જેમાં પ્રતિમાનું મુખમંડળ દીપી ઉઠે છે. ફણા સાથે મૂર્તિની ઉંચાઇ પહોળાઇ ૨ા–૩ ફીટ છે.

## (૪) સહસ્રફણાછત્રાચ્છાદિત પ્રભુશ્રી પાર્શ્વનાથ–રાણકપુર

ગઢ આબૂ નવિ ફરસિયો, ન સુણ્યો હીરનો રાસ;
રાણકપુર નર નવિ ગયો, ત્રિણ્યે ગર્ભાવાસ.

આ રીતે કવિ ઋષભદાસે જેની મહત્તા વર્ણવી છે તે મરુદેશમંડન રાણકપુર તીર્થમાં ધરણવિહાર પ્રાસાદના ઉત્તર તરફના નાલમંડપ પાસે ખૂણાના દેરાસરની ભીંતમાં એક મોટી શિલા ઉપર સહસ્રફેણ આચ્છાદિત પાર્શ્વનાથ ભગવાનનું આંટી ગૂંથ્યા જેવું આ શિલ્પ સૌ કોઇને આશ્ચર્યાન્વિત કરે તેવું છે.

આ શિલ્પમાં શ્રી પાર્શ્વનાથની મૂર્તિ નાગેન્દ્રની પીઠ ઉપર કાયોત્સર્ગપૂર્વક ધ્યાનમાં ઉભેલી છે અને એજ નાગેન્દ્રે બીજા નાગ–નાગણીઓ સાથે આંટા લગાવી ગૂંથેલું ૧૦૦૮ ફણાનું છત્ર ધારણ કરી રાખ્યું છે.

આ કૃતિમાં શિલ્પીએ પોતાના ઉત્કૃષ્ટ કલા કૌશલનો પરિચય કરાવ્યો છે. અતિ વિરલ ગણાય તેવી અજોડ કૃતિઓ પૈકીની આ કૃતિ છે.

આ શિલા ઉપર સં. ૧૯૦૩ નો લેખ છે.

## (૫) શ્રી લોઢણ પાર્શ્વનાથ—દર્ભાવતી (ડભોઇ)

પ્રાચીન કાલનું દર્ભાવતી તેજ આજનું ડભોઈ છે કે જે સિદ્ધરાજ જયસિંહના સમયમાં વસ્યું હતું.

આ સ્થળે આઠ જિનાલયો વિદ્યમાન છે. તે પૈકી લોઢણ પાર્શ્વનાથનું મંદિર પ્રાચીનતમ છે.

આમાં મૂળનાયક તરીકે બિરાજમાન શ્યામરંગી લોઢણ પાર્શ્વનાથની મૂર્તિ વેળુની છે. આ મૂર્તિ ઘણા સમય પર્યંત જળથી ભરેલા કૂવામાં રહેવા છતાંય તેનો એક કણ પણ ખર્યો નહીં અને આ મૂર્તિ લોઢ જેવી રહી તેથી તેનું નામ લોઢણ પાર્શ્વનાથ રાખવામાં આવ્યું એવી એક કિંવદન્તી છે. આ મૂર્તિ અતિમનોહર અને ભક્તોના હૃદયને આહ્લાદક છે.

પ્રભુની મૃર્તિ અર્ધ પદ્માસને બિરાજમાન છે અને તેથી જમણો ચરણ છૂટો દેખાય છે.

## (૬) શ્રી પદ્માવતીદેવી

નાલંદાના એક દેવીના ચિત્ર ઉપરથી ચિત્રકાર પાસે યોગ્ય ફેરફાર કરાવી અહીં પદ્માવતી દેવીરૂપે આ ચિત્ર રજૂ કરવામાં આવેલ છે.

## (૭) સુશોભનમધ્ય શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર (જૈન લિપિમધ્યે)

એક સુંદર સુશોભનની મધ્યમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રને જૈન લિપિમાં લખાવી અહીં રજૂ કરવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય લેખનક્રમ સમજૂતી.

**૧. મૂલપાઠ**

ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રાપ્ત થતા પાઠાન્તરો પાદનોંધમાં ટાંકી શુદ્ધ પાઠને મુખ્યતા આપવામાં આવી છે

**૨. સંસ્કૃત છાયા**

પ્રાચીન ટીકાકારોના નિર્દેશ અનુસાર મૂલ સૂત્રની **સંસ્કૃત છાયા** રજૂ કરવામાં આવી છે.

**૩. અન્વય**

સંસ્કૃત છાયા ઉપરથી **અન્વય** રજૂ કરાયો છે.

**૪. વિવરણ**

અન્વયના ક્રમ અનુસાર પ્રસ્તુત સૂત્રના પ્રત્યેક પદનો પ્રાચીન ગ્રન્થકારોએ જે રીતે અર્થ કર્યો છે તદનુસાર તે અર્થને રજૂ કરી, જ્યાં આવશ્યકતા લાગી ત્યાં વિશેષ સ્પષ્ટીકરણ કરી, પ્રત્યેક ગાથાના વિવરણની સમાપ્તિ થતાં સમસ્ત ગાથાનો અર્થનિર્ણય રજૂ કરાયો છે. જે જે અર્થ કરવામાં આવેલ છે તેના આધારભૂત પાઠો તથા તેના આધારસ્થાનો સંપૂર્ણ વિગત સાથે તે તે પૃષ્ઠની પાદનોંધમાં આપવામાં આવેલા છે.

**૫. પ્રશ્નોત્તર**

ઉવસગ્ગહરં સૂત્ર સંબંધમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અને તેના શાસ્ત્રસંગત ઉત્તરો તે તે વિગતના પાઠપૂર્વક આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

**૬. અર્થસંકલના**

ઉવસગ્ગહરં સૂત્રની પ્રત્યેક ગાથાનો નિર્ણીત થયેલ સમુદાયાર્થ દર્શાવતું '**અર્થ સંકલના**' નામનું પ્રકરણ મૂકવામાં આવેલ છે.

**૭. ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓના વિભિન્ન અર્થો**

ઉવસગ્ગહરંની પ્રત્યેક ગાથાના કેટલાક પદોના ટીકાકારોએ એકથી વધારે અર્થો કરી ગાથાના અર્થોમાં વૈવિધ્ય આણવાના પ્રયાસો કરેલા છે તે પ્રત્યેક અર્થો આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

**૮. ઉવસગ્ગહરં સ્તોત્રના પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર તથા પદ્માવતી પક્ષે કરાયેલ અર્થો**

અર્થકલ્પલતાકાર **આચાર્ય શ્રી જિનપ્રભસૂરિએ** ઉવસગ્ગહરંની પ્રત્યેક ગાથાના જેમ

Jain Education International • For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ શ્રી પાર્શ્વનાથની સ્તવનારૂપે અર્થો કર્યા છે તેમ તેજ ગાથાઓના પદોના જુદી જુદી રીતે પદચ્છેદો કરવા દ્વારા શ્રી ધરણેન્દ્ર, પદ્માવતી તથા પાર્શ્વયક્ષને સંગત થાય તે રીતે અર્થો પણ કર્યા છે. આ તેમના વૈદગ્ધ્યની પરાકાષ્ઠા સ્વરૂપ હકીકત છે. આ સઘળા અર્થો આ પ્રકરણમાં રજૂ કરાયા છે.

## ૯. ટિપ્પણો

ઉવસગ્ગહરં સ્તોત્ર અંગેની તથા તેને અનુસરતી અન્યાન્ય સઘળી હકીકતો આ પ્રકરણમાં મૂકવામાં આવેલ છે.

## ૧૦. પ્રકીર્ણક

આ પ્રકરણમાં 'ઉવસગ્ગહરં અંગે કેટલાક વિચારો' એ શીર્ષક હેઠળ ૪૦ જેટલા વિષયો ઉપર વિચારણા કરવામાં આવી છે. અને તે ઉપર શક્ય તેટલી વિશદતાથી છણાવટ પણ કરવામાં આવી છે.

શ્રી ભદ્રબાહુસ્વામીના, વરાહમિહિરના તથા પ્રિયંકર નૃપના કથાનકો વિસ્તાર પૂર્વક રજૂ કરાયા છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે કેટલું સાહિત્ય લખાયું છે અને તે તે હસ્તપ્રતો કયા કયા ભંડારમાં પ્રાપ્ત થાય છે તે દર્શાવાયું છે. એકંદરે આ પ્રકરણ અતિ મહત્ત્વની માહિતીઓ પૂરી પાડે છે. આ બાબતમાં 'વિષયાનુક્રમ' વિભાગમાં પૃ. ૫૪ થી પૃ. ૧૨૫ સુધીમાં સમાવિષ્ટ કરાયેલી માહિતીઓના શીર્ષક જોઈ જવા વિનંતિ છે.

## ૧૧. પરિશિષ્ટ

ઉવસગ્ગહરં સૂત્ર અંગે ઉપરોક્ત સર્વ જે વિગતો અવશિષ્ટ રહી તે સઘળી વિગતો આ પ્રકરણમાં રજૂ કરાઈ છે. જેવી કે—

(૧) ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિઓમાં નિર્દિષ્ટ ૨૧ યંત્રોનું આલેખન કરાવી ચિત્ર સ્વરૂપે રજૂ કરવા.

(૨) તે તે યંત્રોની સમજૂતી.

## ૧૧. સ્તોત્રવિભાગ

ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં નામો, તે ભગવાનના વિશિષ્ટ વિશિષ્ટ બિમ્બોથી અધિષ્ઠિત તીર્થોને જણાવતાં સ્તોત્રો, તે તે સ્થળોમાં તે તે વિશિષ્ટ નામોને ધારણ કરતાં બિમ્બો, તથા ઉવસગ્ગહરં સ્તોત્રના એક એક પાદને પ્રત્યેક ગાથામાં ગૂંથી લેતા પાદપૂર્તિરૂપ સ્તોત્રો, યંત્રોને આલેખવાનો પ્રકાર વગેરે આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

આ રીતે ઉપર્યુક્ત બાર પ્રકરણોમાં સઘળી હકીકતોને સમાવિષ્ટ કરવામાં આવી છે.

—o:o—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અર્થ વૈવિધ્ય

ઉવસગ્ગહરં સ્તોત્રના વિવિધ અર્થો કેવળ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ સાથે જ ઘટિત થતા નથી. પણ તેમના તીર્થના શાસનદેવ પાર્શ્વયક્ષ ધરણેન્દ્ર તેમજ પદ્માવતી સાથે પણ ઘટિત થાય છે અને તે પ્રસ્તુત પુસ્તકમાં દર્શાવવામાં આવ્યા છે.

જ્યારે આ સ્તોત્રના કેવળ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ સાથે જ ઘટિત થતા અર્થોનો વિચાર કરીએ ત્યારે પણ એ અર્થો સેંકડોથી આગળ વધીને હજારોની સીમાએ પહોંચે છે અને આપણને આશ્ચર્યચકિત કરે છે.

કેવી રીતે તે અર્થો થાય છે તે આપણે વિચારીએ:—

उवसग्गहरं पासं પદના અર્થો નીચે પ્રમાણે કરાય છે.

૧. ઉપસર્ગોને હરનાર **પાર્શ્વયક્ષ** જેમને છે એવા.
૨. ,, ,, ધરણેન્દ્રાદિ **પાસે** છે જેમને એવા.
૩. ,, ,, નિકટપણું છે જેમનું એવા.
૪. ,, ,, અને ત્રણે કાલના **અર્થને જોનારા.**
૫. ,, ,, અને **જેમની આશા—આકાંક્ષા ચાલી ગઇ** છે એવા.

આમ उवसग्गहरं पासं પદના પાંચ અર્થો થાય છે.

कम्मघणमुक्कं પદના બે અર્થ થાય છે.

૧. ઘન-ગાઢ કર્મોથી મુક્ત.
૨. કર્મરૂપી ઘન (મેઘ) થી મુક્ત.

विसहरविसनिन्नासं પદના ૪ અર્થો થાય છે.

૧. સર્પના વિષનો નાશ કરનાર.
૨. *વિષગૃહ જે કમઠમુનિ તેનો વૃષ એટલે ધર્મ તેના વિનાશક.
૩. મિથ્યાત્વ કષાયાદિ ભાવવિષ તેને ધરનારા પ્રાણીઓ તેમના ભાવવિષને ધર્મદેશના આદિથી દૂર કરનાર.
૪. વિષના ગૃહ તે વિષગૃહ એટલે કે જેઓ મિથ્યાત્વ અને કષાયાદિ દોષથી દૂષતિ પ્રાણીઓ છે તેમના મિથ્યાત્વઆદિ ઝેરનો વચનામૃતના રસથી નાશ કરનારા.

मंगलकल्लाणआवासं પદના બે અર્થો થાય છે.

૧. વિપત્તિઓનું ઉપશમન અને સંપત્તિના ઉત્કર્ષના આવાસ.
૨. દુરિતોનું ઉપશમન અને નિરોગીપણાના આવાસ.

આ રીતે પ્રથમ પદના ૫ અર્થોને બીજા પદના ૨ અર્થથી ગુણતાં ૧૦ અર્થ થાય. તે ૧૦ ને ત્રીજા પદના ૪ અર્થોથી ગુણતાં ૪૦ અર્થો થાય. તે ૪૦ ને ૪ થા પદના ૨ અર્થોથી ગુણતાં ૮૦ અર્થો થાય છે. આ રીતે ૧ લી ગાથાના ૮૦ અર્થો થાય છે.

---

* વિસ એટલે જલ છે ગૃહ જેનું એવા, ગંગા નદીના કાંઠે રહેનાર કમઠ તાપસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી ગાથામાં સમાવિષ્ટ विसहरफुलिंगमंतं પદના ૫ અર્થ થાય છે.

૧ વિષધર સ્ફુલિંગ મંત્રને.

૨ વિષહર સ્ફુલિંગ મંત્રમાં સંનિષ્ટ થયેલાને.

૩ ,, ,, મંત્રમાં રહેલાને. (પાર્શ્વનાથને)

૪ ,, ,, ,, રહેલા તમને.

૫ વિષધર એટલે સર્પ અને સ્ફુલિંગ એટલે અગ્નિના કણ ઉપલક્ષણથી અન્ય ક્ષુદ્ર ઉપદ્રવો તેના નિવારક શ્રી પાર્શ્વનાથને.

मणुओ પદના બે અર્થ થાય છે.

૧ માંત્રિક.

૨ મનુષ્ય.

दुट्ठ ના બે અર્થ થાય છે.

૧ દુર્જન અથવા કુપિત રાજા

૨ દુષ્ટજ્વર (દાહજ્વર શીતજ્વરાદિ)

उवसामं ના બે અર્થ થાય છે

૧ ઉપશમ પામે છે

૨ વશ થાય છે

આ રીતે પ્રથમ પાંચ અર્થોને ૨ અર્થથી ગુણતા ૧૦ થાય છે. ૧૦ ને બેથી ગુણતાં ૨૦ થાય છે અને એ ૨૦ ને ૨ થી ગુણતાં ૪૦ થાય છે આમ બીજી ગાથાના ૪૦ અર્થ થાય છે.

ત્રીજી ગાથામાં नरतिरएसु પદના બે અર્થ થાય છે.

૧ મનુષ્ય અથવા તિર્યંચગતિમાં રહેલા.

૨ નરતિર્યંચ-નરપશુ-કૃષીવલાદિ.

આમ ત્રીજી ગાથાના બે અર્થ થાય છે

ચોથી ગાથાના चिंतामणिकप्पपायवब्भहिए પદનો ૧ અર્થ થાય છે.

ચિન્તામણિ અને કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું તારું સમ્યક્ત્વ પામ્યે છતે.

પાંચમી ગાથામાં महायस પદના બે અર્થ છે.

૧. મહાયશસ્વી.

૨. अमहागस રોગ અને પાપના નાશક.

હવે પ્રથમ ગાથાના ૮૦ અર્થને બીજી ગાથાના ૪૦ થી ગુણતા ૩૨૦૦ અર્થ થાય. તે ૩૨૦૦ ને ત્રીજી ગાથાના બે અર્થથી ગુણતાં ૬૪૦૦ થાય. તેને ૧ થી ગુણતા ૬૪૦૦ થાય. તેને પાંચમી ગાથાના બે અર્થથી ગુણતાં ૧૨૮૦૦ થાય. આ રીતે ઉવસગ્ગહરંના ૧૨૮૦૦ અર્થ છે. આ તો આપણને સામાન્ય બુદ્ધિથી સ્ફુરતા અર્થો દર્શાવ્યા છે. બાકી તો પ્રત્યેક સૂત્રના અનન્ત અર્થો દર્શાવ્યા છે અને તેને વિશિષ્ટ શ્રુતધરો પોતાના જ્ઞાનબલથી જાણી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાયના લેખનમાં

# આધારભૂત ગ્રન્થોની યાદી

[ પ્રથમ ગ્રન્થનું નામ આપેલું છે. તેની સામે કર્તા, ટીકાકાર અથવા સંપાદકનું નામ દર્શાવેલું છે. બીજી પંક્તિમાં તે ગ્રન્થને પ્રકાશિત કરનાર સંસ્થા યા વ્યક્તિનું નામ તથા પ્રકાશન વર્ષ વિ. સં. ( વિક્રમ સંવત્ ) વીર સં. ( વીર સંવત્ ) અથવા ઇ. સ. ( ઈસ્વીસન )માં દર્શાવેલ છે. ]


૧. અજિત શાન્તિ સ્તવ. — શ્રી નંદિષેણ
[ પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૩ અન્તર્ગત ]
જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ — વિ. સં. ૨૦૦૯

૨. અદ્ભુત પદ્માવતી કલ્પ — શ્રીચન્દ્રસૂરિ
[ ભૈરવ પદ્માવતી કલ્પ અન્તર્ગત ] — શ્રી મલ્લિષેણસૂરિ
જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથમાલા, અમદાવાદ — વિ. સં. ૧૯૯૩

૩. અર્થકલ્પલતાવૃત્તિ — શ્રી જિનપ્રભસૂરિ
[ અનેકાર્થ રત્નમંજૂષાન્તર્ગત ]
દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારકસંસ્થા, સુરત — વિ. સં. ૧૯૮૯

૪. અર્હદ્ગીતા — મહામહોપાધ્યાય શ્રી મેઘવિજયજી
મહાવીર ગ્રંથમાલા, ધુળિયા — વિ. સં. ૧૯૯૨

૫. આખ્યાનક મણિકોશ — શ્રી નેમિચંદ્રસૂરિ
પ્રાકૃત ગ્રન્થ પરિષદ્, બનારસ — ( વૃત્તિ–શ્રી આમ્રદેવસૂરિ )
વિ. સં. ૨૦૧૮

૬. આબૂ ભા. ૨ જો — સંપા. મુનિ શ્રી જયંતવિજયજી
વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાલા, ઉજ્જૈન — વિ. સં. ૧૯૯૪

૭ આવસ્સય નિજ્જુત્તિ — શ્રી ભદ્રબાહુસ્વામી
આગમોદય સમિતિ, સુરત — વિ. સં. ૧૯૭૨–૭૩

૮. આવસ્સય ( હારિભદ્રીય ટીકા ) — આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ
આગમોદય સમિતિ, સુરત — વિ. સં. ૧૯૭૨–૭૩

૯. ઉત્તરાધ્યયનસૂત્ર — શ્રુતસ્થવિર
દે. લા. જૈ. પુ. સં, સુરત — ટી. શ્રી શાન્તિસૂરિ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. ઉવસગ્ગહરં સ્તોત્ર લઘુવૃત્તિ — શ્રી પૂર્ણચન્દ્રસૂરિ
શારદાવિજય જૈન ગ્રંથમાળા — વિ. સં. ૧૯૭૭

૧૧. ઉવસગ્ગહરં સ્તોત્ર લઘુવૃત્તિ — શ્રી દ્વિજપાર્શ્વદેવગણિ
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૮

૧૨. ઉવસગ્ગહરં સ્તોત્ર વ્યાખ્યા — શ્રી સિદ્ધિચંદ્રગણિ
[ અનેકાર્થરત્નમંજૂષાન્તર્ગત ]
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૯

૧૩. ઉવસગ્ગહરં સ્તોત્ર વ્યાખ્યા. — શ્રી હર્ષકીર્તિસૂરિ
[ અનેકાર્થરત્ન મંજૂષાન્તર્ગત ]
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૯

૧૪. ઔપપાતિકસૂત્ર — શ્રુતસ્થવિર
(વૃત્તિ શ્રી અભયદેવસૂરિ)
આગમોદય સમિતિ, સુરત — વિ. સં. ૧૯૭૨

૧૫. Comparative and critical study of mantrashastra — મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
સારાભાઇ મણિલાલ નવાબ — વિ. સં. ૨૦૦૦

૧૬. કલ્યાણમંદિર સ્તોત્ર. — શ્રી સિદ્ધસેન દિવાકર
( ભકતામર કલ્યાણમંદિર નમિઊણસ્તોત્રત્રયમ્ અન્તર્ગત ) — વિ. સં. ૧૯૮૮
દે. લા. જૈન પુ. સં., સુરત

૧૭. કાવ્યસંગ્રહ ભા. ૨ જો. — સંશો. હી. ર. કાપડિયા
આગમોદય સમિતિ, સુરત — વિ. સં. ૧૯૮૩

૧૮. ચતુર્વિંશતિ પ્રબન્ધ — શ્રી રાજશેખરસૂરિ
ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ — ઈ. સ. ૧૯૩૨

૧૯. ચેઇયવંદણ મહાભાસ — શ્રી શાન્તિસૂરિ
જૈન આત્માનંદ સભા, ભાવનગર — વિ. સં. ૧૯૭૭

૨૦ જય વીયરાય સૂત્ર
( પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧ અન્તર્ગત )
જૈન સા. વિ. મંડળ, મુંબઇ — વિ. સં. ૨૦૦૭

૨૧-૨૨ જૈન સ્તોત્ર સંદોહ ભા. ૧-૨ — પૂર્વાચાર્ય
સારાભાઇ મણિલાલ નવાબ, અમદાવાદ — વિ. સં. ૧૯૮૯-૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩. તત્ત્વાર્થાધિગમસૂત્ર સટીક — શ્રી ઉમાસ્વાતિ
દે. લા. જૈન પુ. સં., સુરત — ( ટી. શ્રી સિદ્ધસેનસૂરિ ) વિ. સં. ૧૯૮૨

૨૪. ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ — સંપા. કુ. શાર્લોટે ક્રાઉઝે
ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ — વિ. સં. ૨૦૦૭

૨૫. દશવૈકાલિક નિર્યુક્તિ — શ્રી ભદ્રબાહુ સ્વામી
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૭૪

૨૬. દ્વયાશ્રય કાવ્ય ( સંસ્કૃત ) — શ્રી હેમચંદ્રસૂરિ
[ નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃતવિભાગ અન્તર્ગત ] — ( ટી. શ્રી અભયતિલકસૂરિ )
( જુઓ. ૩૦ )

૨૭. ધર્મસંગ્રહ ( ઉત્તર ભાગ ) — ઉપા. શ્રી માનવિજય
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૭૪

૨૮. નમસ્કાર વ્યાખ્યાન ટીકા — શ્રી માનતુંગસૂરિ
[ નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિભાગ અન્તર્ગત ] ( જુઓ ૨૯ )

૨૯. નમસ્કાર સ્વાધ્યાય ( પ્રાકૃતવિભાગ ) — વિ. સં. ૨૦૧૭
જૈન સા. વિ. મંડળ, વીલેપારલે, મુંબઈ

૩૦. નમસ્કાર સ્વાધ્યાય ( સંસ્કૃત વિભાગ )
જૈન સા. વિ. મંડળ, વીલેપારલે, મુંબઈ — વિ. સં. ૨૦૧૯

૩૧. નમિઊણસ્તોત્ર — શ્રી માનતુંગસૂરિ
( ભક્તામર કલ્યાણમંદિર નમિઊણ સ્તોત્રત્રયમ્ અન્તર્ગત )

૩૨. નવકાર સાર થવણ
( નમસ્કાર સ્વાધ્યાય [ પ્રાકૃત વિભાગ ] અન્તર્ગત )

૩૩. નિર્વાણકલિકા — શ્રી પાદલિપ્તાચાર્ય
મોહનલાલજી જૈન ગ્રંથમાલા, મુંબઈ — વિ. સં. ૧૯૮૨

૩૪. પાક્ષિકસૂત્ર સવિવરણ — શ્રી યશોભદ્રસૂરિ
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૬૭

૩૫. પંચવસ્તુ પ્રકરણ — શ્રી હરિભદ્રસૂરિ
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૩

૩૬. પંચાશક પ્રકરણ — શ્રી હરિભદ્રસૂરિ
જૈનધર્મ પ્રસારકસભા, ભાવનગર — ( ટી. શ્રી અભયદેવસૂરિ ) વી. સં. ૨૪૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭. પિણ્ડનિર્યુક્તિ — શ્રી ભદ્રબાહુસ્વામી
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૭૪

૩૮. પ્રભાવક ચરિત્ર — શ્રી પ્રભાચંદ્રસૂરિ
સીંઘી જૈન ગ્રંથમાલા, મુંબઇ — વિ. સં. ૧૯૯૭

૩૯. પ્રવચનસારોદ્ધાર — શ્રી નેમિચંદ્રસૂરિ
દે. લા. જૈન પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૨-૮૩

૪૦. પ્રાકૃત પૈંગલ — ટી. વિશ્વનાથ પંચાનન
ધ એસિયાટીક સોસાયટી ઓફ્ બેંગાલ, — સંપા. ચંદ્રમોહન ઘોષ
કલકત્તા — ઇ. સ. ૧૯૦૨

૪૧. પ્રિયંકર નૃપકથા — શ્રી જિનસૂરમુનિ
દે. લા. પુ. સં., સુરત — વિ. સં. ૧૯૮૮

૪૨. બૃહત્શાન્તિ — શ્રી શાન્તિસૂરિ
( પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા ભા. ૩ અન્તર્ગત )
જૈન સા. વિ. મંડળ, મુંબઇ — વિ. સં. ૨૦૦૯

૪૩. ભક્તામર સ્તોત્ર — શ્રી માનતુંગસૂરિ
( ભક્તામર કલ્યાણમંદિર નમિઊણ સ્તોત્રત્રયમ્ અન્તર્ગત )

૪૪. ભગવતીસૂત્ર ( દ્વિતીય વિભાગ ) — શ્રી સુધર્માસ્વામી
આગમોદય સમિતિ, સુરત — ( વિવ. શ્રી અભયદેવસૂરિ )
વિ. સં. ૧૯૭૪-૭૫

૪૫. ભત્તિભર સ્તોત્ર.
( નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિભાગ અન્તર્ગત. )

૪૬. ભૈરવ પદ્માવતી કલ્પ. — શ્રી મલ્લિષેણસૂરિ.
જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ, અમદાવાદ — વિ. સં. ૧૯૮૩

૪૭. ભોજપ્રકાશ ભાષાંતર — શ્રી રત્નમંડનગણિ
જૈનધર્મપ્રસારકસભા, ભાવનગર — વિ. સં. ૧૯૮૦

૪૮. મંત્રાધિરાજ સ્તોત્ર
( જૈનસ્તોત્રસંદોહ ભા. ૨ અન્તર્ગત )

૪૯. યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશનું સવિસ્તર વિવરણ, વિભાગ ૧ લો
જૈન સા. વિ. મંડળ, મુંબઇ — વિ. સં. ૨૦૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૦. યોગશાસ્ત્ર ( સ્વોપજ્ઞ વિવરણ ) — શ્રી હેમચંદ્રસૂરિ
જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર — વિ. સં. ૧૯૮૨

૫૧. લોગસ્સ સૂત્ર
( પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧ અન્તર્ગત )
જૈન સા. વિ. મંડળ, મુંબઈ — વિ. સં. ૨૦૦૭

૫૨. વિવિધ તીર્થ કલ્પ — શ્રી જિનપ્રભસૂરિ
સીંઘી જૈન ગ્રંથમાલા, મુંબઈ — વિ. સં. ૧૯૯૦

૫૩. શાસ્ત્રવાર્તા સમુચ્ચય ટીકા ( પ્રથમ ભાગ ) — શ્રી હરિભદ્રસૂરિ
ટી. ઉપા. શ્રી યશોવિજયજી
દે. લા. જૈ. પુ. સં., સુરત — વિ. સં. ૧૯૭૦

૫૪. શાંડિલ્યસૂત્ર ભાષ્ય — નિત્યાનંદમુનિ
ધર્મસ્વરૂપદાસ, વડતાલ — વિ. સં. ૧૯૯૨

૫૫. ષોડશક પ્રકરણ — શ્રી હરિભદ્રસૂરિ
વિવ. શ્રી યશોભદ્રસૂરિ
દે. લા. જૈ. પુ. સં. સુરત. — વિ. સં. ૧૯૬૭.

૫૬. સજ્જન સન્મિત્ર યાને એકાદશ મહાનિધિ. (આવૃત્તિ ત્રીજી) સંગ્રાહક પો. કે. દોશી.
પોપટલાલ કેશવજી દોશી, મુંબઈ. — વિ. સં. ૨૦૨૧

૫૭. સપ્ત સ્મરણસ્તવ વ્યાખ્યા — શ્રી સમયસુંદર ગણિ
જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર, સુરત. — વિ. સં. ૧૯૯૯.

૫૮. સમ્યક્ત્વ સપ્તતિ — શ્રી હરિભદ્રસૂરિ
દે. લા. જૈ. પુ. સં., સુરત. — ( વૃત્તિ શ્રી સંઘતિલકાચાર્ય )
વિ. સં. ૧૯૭૨.

૫૯. સિદ્ધહેમ શબ્દમહાર્ણવન્યાસ — શ્રી હેમચંદ્રસૂરિ
( નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃત વિભાગ અન્તર્ગત ) — વિ. સં. ૨૦૧૯
જૈન સા. વિ. મંડળ, મુંબઈ.

૬૦. સિદ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિ — શ્રી હેમચંદ્રસૂરિ
આણંદજી કલ્યાણજી પેઢી. અમદાવાદ. — વિ. સં. ૨૦૧૯.

૬૧. સુવૃત્તતિલક — મહાકવિ ક્ષેમેન્દ્ર
સંશો. ઢુંઢિરાજ શાસ્ત્રી
ચૌખંબા સંસ્કૃત સીરીઝ, બનારસ. — ઈ. સ. ૧૯૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૨. સૂત્રકૃતાંગ સૂત્ર — શ્રી સુધર્માસ્વામી
(ટી. શીલાંકાચાર્ય)
આગમોદય સમિતિ, સુરત. — વિ. સં. ૧૯૭૩.

૬૩. સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ભા. ૧. લો. — સં. મુનિ જંબૂવિજયજી
જૈ. સા. વિ. મંડળ, મુંબઈ. — વિ. સં. ૨૦૨૫.

૬૪. સૂરિમંત્ર કલ્પ સંદોહ.
સારાભાઈ મણીલાલ નવાબ અમદાવાદ. — વિ. સં. ૨૦૦૪.

૬૫. સ્થાનાંગ સૂત્ર — શ્રી સુધર્માસ્વામી.
આગમોદય સમિતિ, સુરત. — વિ. સં. ૧૯૭૫.

૬૬. સ્યાદ્વાદ રત્નાકર — શ્રી વાદિદેવસૂરિ
મોતીલાલ લાધાજી, પૂના. — વિ. સં. ૨૪૫૪.

## —: શબ્દકોષો :—

૬૭. અભિધાન ચિંતામણિકોષ — શ્રી હેમચંદ્રસૂરિ
યશોવિજયજી જૈન ગ્રંથમાલા, ભાવનગર. — વિ. સં. ૨૪૪૧.

૬૮. શબ્દ ચિન્તામણિ કોષ — યોજકઃ– સવાઈલાલ વી. છોટાલાલ વોરા.
દોલતરામ મગનલાલ શાહ, વડોદરા. — વિ. સં. ૧૯૫૩.

## —: સૂચિપત્ર–માસિક :—

૬૯. Descriptive Catalogue of Jain Menuscripts
val. 19 p. 2 — Hiralal R Kapadiya
Bhandarkar oriantal Research Institute. Poona — A. D 1962

૭૦. મહાવીર શાસન માસિક.
મહાવીર શાસન કાર્યાલય, લાખાબાવળ. — વિ. સં. ૨૦૨૫.





Jain Education International — For Private & Personal Use Only — www.jainelibrary.org

## 'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય' ના સંપાદનમાં ઉપયોગમાં લેવાયેલી હસ્તલિખિત પ્રતિઓની યાદી

---

૧. ઉવસગ્ગહર સ્તોત્ર વૃત્તિસહ — જિનપ્રભસૂરિ
લા. દ. ઇન્સ્ટીટયૂટ. નં. ૭૧૦૨ પત્ર ૩

૨. ઉવસગ્ગહર સ્તોત્ર સાવચૂરિક (પંચપાઠ) — અ. અજિતપ્રભસૂરિ
લા. દ. ઇન્સ્ટીટયૂટ. નં. ૧૨૭૨ પત્ર ૧

૩. ઉવસગ્ગહર સ્તોત્ર સટીક — ટીકા દ્વિજપાર્શ્વદેવગણિ
લા. દ. ઇન્સ્ટીટયૂટ. નં. ૨૧૮૪ પત્ર ૭

૪. ઉવસગ્ગહર સ્તોત્ર વૃત્તિસહ — વૃ. દ્વિજપાર્શ્વદેવગણિ
લા. દ. ઇન્સ્ટીટયૂટ. નં. ૭૩૦૪ પત્ર ૮

૫. ઉવસગ્ગહર સ્તોત્ર સટીક — ટીકા જિનસૂરમુનિ
લા. દ. ઇન્સ્ટીટયૂટ. નં. ૪૦૩૯ પત્ર ૧૦ થી ૨૬

૬. ઉવસગ્ગહરં વૃત્તિ — દ્વિજપાર્શ્વદેવગણિ
વીશાશ્રીમાળી તપગચ્છ જૈન જ્ઞાનભંડાર, જામનગર
નં. ૯૦/૫૯૪ પત્ર ૭

૭. (પ્રિયંકર ચરિત્ર ગદ્ય તથા) ઉવસગ્ગહર ટીકા — દ્વિજપાર્શ્વદેવગણિ
વીશાશ્રીમાળી તપગચ્છ જૈન જ્ઞાનભંડાર, જામનગર
નં. ૮૦/૫૦૭, પત્ર ૨૪

૮. ઉવસગ્ગહરં યંત્ર (વાપીયંત્ર)
લાવણ્યવિજયજી જૈનજ્ઞાન ભંડાર, રાધનપુર
ડા. ૩૪, નં. ૨૦૬૫, પત્ર ૧

૯. ઉવસગ્ગહર સવૃત્તિ — વૃ. પૂર્ણચન્દ્રસૂરિ
આર્ય જંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર, ડભોઈ
ડા. નં. ૧૫૮, નં. ૬૧૧૭, પત્ર ૬

૧૦. ઉવસગ્ગહરં કલ્પ–ભક્તામરકલ્પ
આર્ય જંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર, ડભોઈ
ડા. નં. ૧૫૮, નં. ૬૧૧૫, પત્ર ૧

૧૧. ઉવસગ્ગહરં કલ્પ
આર્ય જંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર, ડભોઇ
ડા. ૧૫૮, નં. ૬૧૧૬, પત્ર ૧

★ ★ ★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંકેતસૂચિ

| | |
|---|---|
| અ૦ | અધ્યયન |
| અ૦ ક૦ લ૦ | અર્થકલ્પલતાવૃત્તિ |
| અ૦ ચિ૦ | અભિધાન ચિંતામણિ કોષ |
| અધિ૦ | અધિકાર |
| અ૦ પ્ર૦ | અષ્ટમ પ્રકાશ |
| અ૦ દે૦ સૂ૦ | અભયદેવસૂરિ |
| અ૦ શા૦ સ્ત૦ | અજિતશાન્તિ સ્તવન |
| ઉ૦ | ઉદ્દેશ |
| ઉ૦ | ઉવસગ્ગહરં (સ્તોત્ર) |
| ઉત્ત૦ બૃ૦ વૃ૦ | ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્વૃત્તિ |
| ઉવ૦ | ઉવસગ્ગહરં (સ્તોત્ર) |
| ઉ૦ સૂત્ર૦ | ઉત્તરાધ્યયન સૂત્ર |
| ઔ૦ સૂ૦ | ઔપપાતિક સૂત્ર |
| ક૦ મં૦ | કલ્યાણમંદિર |
| કાં૦ | કાણ્ડ |
| કિ૦ | કિરણ |
| ગા૦ | ગાથા |
| ચ૦ વિ૦ પ્ર૦ | ચતુર્વિંશતિ પ્રબન્ધ |
| ચિ૦ મં૦ આ૦ | ચિન્તામણિ મંત્ર આમ્નાય |
| ચે૦ વં૦ મ૦ ભા૦ | ચેઈયવંદણ મહાભાસ |
| ચિ૦ સં૦ | ચિન્તામણિ સંપ્રદાય |
| જિ૦ પ્ર૦ વૃ૦ | જિનપ્રભસૂરિકૃત વૃત્તિ |
| જૈ૦ સા૦ વિ૦ મં૦ | જૈન સાહિત્ય વિકાસ મંડલ |
| જૈ૦ સ્તો૦ સં૦ | જૈન સ્તોત્ર સંદોહ |
| ઠા૦ | ઠાણ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| D. C. | ડીસ્ક્રીપ્ટીવ કેટલોગ ઓફ મેનસ્ક્રીપ્ટસ ઓફ ભાંડારકર ઇન્સ્ટીટયુટ |
| તૃ૦ ૫૦ | તૃતીય પરિચ્છેદ |
| દ્વિ૦ પા૦ વૃ૦ | દ્વિજપાર્શ્વદેવકૃતવૃત્તિ |
| દ્વિ૦ પા૦ કૃ૦ લ૦ વૃ૦ | દ્વિજપાર્શ્વદેવકૃત લઘુવૃત્તિ |
| ધ૦ સં૦ | ધર્મસંગ્રહ |
| નમિ૦ | નમિઉણ |
| ન૦ સ્વા૦ સં૦ વિ૦ | નમસ્કારસ્વાધ્યાય સંસ્કૃત વિભાગ |
| નિ૦ ક૦ | નિર્વાણકલિકા |
| પરિ૦ | પરિચ્છેદ |
| પા૦ સૂ૦ વૃ૦ | પાક્ષિકસૂત્રવૃત્તિ |
| પૃ૦ | પૃષ્ઠ |
| પ્ર૦ | પ્રકાશ, પ્રકરણ |
| પ્ર૦ ચ૦ | પ્રભાવક ચરિત્ર |
| પ્ર૦ ટી૦ | પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા |
| પ્રિ૦ નૃ૦ ક૦ | પ્રિયંકર નૃપ કથા |
| બૃ૦ શા૦ | બૃહત્ શાન્તિ |
| ભ૦ સૂ૦ | ભગવતી સૂત્ર |
| ભ૦ સ્તો૦ | ભક્તામર સ્તોત્ર |
| ભૈ૦ પ૦ ક૦ | ભૈરવપદ્માવતીકલ્પ |
| યો૦ શા૦ | યોગશાસ્ત્ર |
| વિભા૦ | વિભાગ |
| વિવ૦ | વિવરણ |
| વૃ૦ | વૃત્તિ |
| શ૦ | શતક |
| શ૦ નુ૦ | શબ્દાનુશાસન |
| શ્રુ૦ | શ્રુતસ્કંધ |
| શ્લો૦ | શ્લોક |
| ષોડ૦ | ષોડશક પ્રકરણ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| સિ૦ ચં૦ વ્યા૦ | સિદ્ધચંદ્રગણિકૃત વ્યાખ્યા |
| સૂ૦ | સૂત્ર |
| સૂત્ર૦ | સૂત્રકૃતાંગ |
| સૂ૦ મં૦ ક૦ સ૦ | સૂરિમંત્રકલ્પસમુચ્ચય |
| સૂ૦ મં૦ ક૦ સ૦ | સૂરિમંત્રકલ્પસંદોહ |
| સ્તો૦ | સ્તોત્ર |
| સ્થા૦ | સ્થાનાંગ સૂત્ર |
| સ્યા૦ ર૦ | સ્યાદ્વાદરત્નાકર |
| હ૦ કી૦ વ્યા૦ | હર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યા |
| હ૦ લિ૦ પ્ર૦ | હસ્તલિખિત પ્રત |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧ | उवसग्गहर | उवसग्गहरं* |
| ૧ | ૧૫ | जिणचद | जिणचंद |
| ૫ | ૩ | તેની વ્યુત્પત્તિ | તેનો વિગ્રહ |
| ૯ | ૫ | (श्रो) | (श्रीँ) |
| ૯ | ૧૨ | ह्राँ | ह्रीँ |
| ૧૦ | ૧૭ | अहँ | अर्हँ |
| ૧૯ | ૧૨ | हिअएण | हियएण |
| ૨૦ | ૨૧ | જન્મોજન્મમાં | જન્મોજન્મ |
| ૨૧ | ૧૪ | મંડલ, મુદ્રા | મુદ્રા, મંડલ |
| ૨૨ | ૨૯ | સ્યા. | સ્યા. ૨. |
| ૩૪ | ૧૩ | તણા | તથા |
| ૫૨ | ૨૫ | વીખરાયેલું | વિખરાયેલું |
| ૫૫ | ૩ | શ્રી સ્થાનાંગસૂત્ર | શ્રી સ્થાનાંગસૂત્રના |
| ૬૧ | ૧૫ | ઉવસગ્ગહરંની | ઉવસગ્ગહરં સ્તોત્રની |
| ૬૩ | ૧૦ | જણાવવા | જણાવવાપૂર્વક |
| ૬૭ | ૨૧ | श्राँ | श्रीँ |
| ૭૨ | ૪ | ઉઠે છે | ઊડે છે |
| ૭૨ | ૧૨ | ગાથા | થી શરૂ થતી ગાથા |
| ૭૨ | ૧૫ | पास | श्री पास |
| ૭૨ | ૧૫ | પાર્શ્વનાથને | શ્રી પાર્શ્વનાથને |
| ૭૯ | ૧ | ૭ પદો | ૬ પદો |
| ૮૯ | ૨૮ | श्राँ | श्रीँ |
| ૧૨૧ | ૧૮ | ॥ ६ ॥ | ॥ ३ ॥ |
| ૧૨૩ | ૧૮ | ह्राँ | ह्रीँ |

*આગળ પણ ગ્રન્થમાં જ્યાં જ્યાં उवसग्गहर લખ્યું હોય ત્યાં उवसग्गहरं સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ,, | ૧૯ | क्रा | क्रीँ |
| ,, | २२ | हाइ | होइ |
| ૧૨૪ | ૨૦ | ह्रा | ह्रीँ+ |
| ૧૩૭ | ૮ | ૨ યંત્રો | ૨ ચક્રો |
| ૧૪૩ | ૫ | હીંદી | હિંદી |
| ૧૫૭ | ૨૪ | સ્તોત્ર | સ્તોત્રનો અનુવાદ |
| ૧૫૭ | ૨૪ | સંદોહ | સંદોહ ભા. ૨, |

# પ્રેસદોષથી જન્મેલી અશુદ્ધિઓ

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૫ | जिणचद | जिणचंद |
| ૧૨ | ૨૧ | स्वाहा | स्वाहा |
| ૧૬ | ૩ | ' દઃખ ' | ' દુઃખ ' |
| ૨૫ | ૨૭ | સ્તવાયેલા | સ્તવાયેલા |
| ૨૬ | ૧૮ | બદ | બાદ |
| ૨૬ | ૨૭ | વૃથવ | વૃથૈવ |

આ અને આવી અશુદ્ધિઓને સુધારી લેવા વિનંતિ છે.

+ કેટલેક સ્થળે પ્રેસના મશીનના મારથી ટાઇપો તૂટી જતાં પણ અશુદ્ધિઓ સર્જાઇ છે જે પૈકી કેટલીક આના પછી દર્શાવી છે. આશા છે કે વાચકો તેને તથા તેવી બીજી અશુદ્ધિઓને સુધારી લેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય

[ સચિત્ર - સયંત્ર ]

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



मुद्रालेखः

स्मरणमपि यदीयं
विघ्नवल्लीकुठारः
श्रयति यदनुरागात्
सन्निधानं निधानं
तमिह निहतपाप-
व्यापमापद्विदायाम्
अतिनिपुणचरित्रं
पार्श्वनाथं प्रणौमि (१)

કલાત્મકદ્વારમધ્યસ્થાપિત શ્રી પાર્શ્વજિનસ્તુતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# ઉવસગ્ગહરં સ્તોત્ર

उवसग्गहरंपासं
पासं वंदामि कम्मघणमुक्कं।
विसहरविसनिन्नासं
मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं
कंठे धारेइ जो सया मणुअ।
तस्स गहरोगमारी
दुठ्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिठ्ठउ दूरे मंतो
तुज्झ पणामो वि बहुफलो होइ।
नरतिरिएसु वि जीवा
पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥
तुह सम्मत्ते लद्धे
चिंतामणिकप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं
जीवा अयरामरं ठाणं ॥ ४ ॥
इअ संथुअ महायस!
भत्तिब्भरनिब्भरेण हियएण।
ता देव! दिज्ज बोहिं
भवे भवे पास! जिणचंद! ॥ ५ ॥





ઉવસગ્ગહરં સ્તોત્ર (સુશોભનસહિત)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उवसग्गहर–थोत्तं

## [ उपसर्गहर–स्तोत्रम् ]

## 'ઉવસગ્ગહરં' સ્તોત્ર

: ૧ :

### મૂળપાઠ

[ ગાહા ]

उवसग्गहरंपासं, पासं वंदामि कम्म–घण–मुक्कं ।
विसहर–विस-निन्नासं, मंगल-कल्लाण-आवासं ॥१॥

विसहर-फुलिंग-मंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह–रोग-मारी- दुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नर–तिरिएसु वि जीवा, पावंति न दुक्ख–दोगच्चं[1] ॥३॥

तुह सम्मत्ते लद्धे[2], चिंतामणि–कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

इअ[3] संथुओ महायस ! भत्ति-भर–निब्भरेण हियएण[4] ।
ता देव ! दिज्ज[5] बोहिं, भवे भवे पास ! जिणचद ! ॥५॥

---

**પાઠાંતર**

१ दोहग्गं* । २ पत्ते जि प्र. वृ. । ३ ×इय । ४ +हिअयेण । ५ देसु जि. प्र. वृ. ।

* पाठान्तरं वा 'दुक्खदोहग्गं' इति जिनप्रभसूरिकृतवृत्तौ ।

× 'इय' इति ग पाठः इति अनेकार्थरत्नमंजूषायां पृ. २१

+ 'हिअयेण' इति क्वचित् इति अनेकार्थरत्नमंजूषायां पृ. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

: २ :

## પ્રકરણ બીજું

# સંસ્કૃત છાયા

उपसर्गहरपार्श्वम् पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
विषधरविषनिर्नाशम्* मंगलकल्याणावासम् ॥१॥

'विसहरफुलिंग' मन्त्रम् कण्ठे धारयति यः सदा मनुजः ।
तस्य ग्रहरोगमारी-दुष्टज्वरा यान्ति उपशमम् ॥२॥

तिष्ठतु दूरे मन्त्रस्तव प्रणामोऽपि बहुफलो भवति ।
नरतिर्यक्ष्वपि जीवाः, प्राप्नुवन्ति न दुःखदौर्गत्यम् ॥३॥

तव सम्यक्त्वे लब्धे, चिन्तामणिकल्पपादपाभ्यधिके ।
प्राप्नुवन्त्यविघ्नेन, जीवा अजरामरं स्थानम् ॥४॥

इति संस्तुतो महायशः ! भक्तिभरनिर्भरेण हृदयेन ।
तस्मात् देव ! देहि बोधिं, भवे भवे पार्श्व ! जिनचन्द्र ! ॥५॥

---

* 'नशः शः' ( सिद्धहेम सूत्र २-३-७३ ) सूत्रेण 'निर्णाशम्' इति प्रयोगो भवेत् परन्तु सर्वासु व्याख्यासु 'निर्नाशम्' इति लिखितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શ્રી પિંડવાડા મંડન પાર્શ્વનાથ. પિંડવાડા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકરણ ત્રીજું

: ૩ :

# અન્વય

उपसर्गहरपार्श्वम्[१] कर्मघनमुक्तम्[२] [ घनकर्ममुक्तम् ] विषधरविषनिर्नाशम्[३] मङ्गलकल्याणआवासम्[४] पार्श्वम्[५] वन्दे[६] ॥१॥

यो मनुजः[७] 'विसहरफुलिंग' मन्त्रम्[८] सदा[९] कण्ठे धारयति[१०] तस्य[११] ग्रहरोगमारिदुष्टज्वरा[१२] उपशमं[१३] यान्ति[१४] ॥२॥

मन्त्रः[१५] दूरे[१६] तिष्ठतु,[१७] तव[१८] प्रणामो[१९]ऽपि[२०] बहुफलो[२१] भवति[२२]। जीवा[२३] नरतिर्यक्ष्व[२४]पि[२५] दुःखदौर्गत्यम्[२६] न प्राप्नुवन्ति[२७] ॥३॥

जीवाः[२८] चिन्तामणिकल्पपादपाभ्यधिके[२९] तव[३०] सम्यक्त्वे लब्धे[३१] [सति] अविघ्नेन[३२] अजरामरं[३३] स्थानं[३४] प्राप्नुवन्ति[३५] ॥४॥

[हे] महायशः[३६] ! भक्तिभरनिर्भरेण[३७] हृदयेन[३८] इति[३९] [मया] संस्तुतः[४०] तस्मात्[४१] [हे] देव[४२] ! जिनचन्द्र[४३] ! पार्श्व[४४] ! भवे[४५] भवे बोधिं[४६] देहि[४७] ॥५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકરણ ચોથું

# : ૪ : વિવરણ

**ગાથા પહેલી**

૧ उवसग्गहरंपासं ( उपसर्गहरपार्श्वम् )  ઉપસર્ગોને–ઉપદ્રવોને, વિઘ્નોને દૂર કરનાર છે પાર્શ્વ ( આ નામનો યક્ષ ) જેમને એવાને.

ઉપસર્ગો એટલે દેવ આદિ દ્વારા કરાયેલા ઉપદ્રવો.[1] આદિ શબ્દથી અહીં મનુષ્યો તથા તિર્યંચો સમજવાના છે.[2]

ઉપસર્ગો ચાર પ્રકારના પણ છે. અને તે ઉપર્યુક્ત ત્રણ પ્રકારોમાં ‘ આત્મસંવેદનીય ’ નામનો ચોથો પ્રકાર ઉમેરવાથી થાય છે.[3]

આ બધા ઉપદ્રવોને દૂર કરે તે उवसग्गहर; એટલે કે શાસનનો અધિષ્ઠાયક હોવાથી વિઘ્નોનો નાશ કરનાર.[4]

ઉવસગ્ગહર એવો જે પાર્શ્વ (યક્ષ) તે ઉવસગ્ગહરપાસ.

‘ उवसग्गहर ’ પદ એ ‘ पास ’ પદનું વિશેષણ છે.

અહીં એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે કે ‘ उवसग्गहर ’ એ વિશેષણ શ્રી પાર્શ્વનાથ ભગવંત માટે ન વાપરતાં પાર્શ્વયક્ષ માટે કેમ વાપરવામાં આવ્યું ?

તેનું સમાધાન એ છે કે શ્રી પાર્શ્વનાથ ભગવંત પોતે તો ઉપસર્ગ હરવા સમર્થ છે જ, પરંતુ એમના ભક્ત દેવ પાર્શ્વયક્ષ પણ ઉપસર્ગો હરવા સમર્થ છે. એ અહીં સૂચવવું છે. તેથી उवसग्गहर વિશેષણ પાર્શ્વયક્ષ માટે ઉપયુક્ત કરી જણાવાયું છે કે શ્રી પાર્શ્વનાથ ભગવંતની સ્તવનાથી સંતુષ્ટ થયેલ પાર્શ્વયક્ષ સ્તવના કરનારના ઉપસર્ગો દૂર કરે છે.

---

પાદનોંધ—

૧ उपसर्गान्–देवादिकृतान् उपद्रवान् । સિ. ચ. વ્યા.

૨ उपसर्गाणां देवमनुष्यतिर्यक्कृतोपद्रवाणां । હ. કી. વ્યા.

૩ उपसर्गाः दिव्य–मानुष–तैरश्चात्मसंवेदनीयभेदाच्चतुर्विधाः । उपप्लवाः અ. ક. વ

૪ शासनाधिष्ठायकत्वात् प्रत्यूहनिवारयिता । અ. ક. વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'उवसग्गहरं' માં 'र' ઉપર આવેલો અનુસ્વાર એ દ્વિતીયાના એકવચનનો સૂચક નથી પરંતુ આર્ષના નિયમાનુસાર અલાક્ષણિક છે.[૫]

उपसर्गहरपार्श्वम् એ, બહુવ્રીહિ સમાસથી નિષ્પન્ન થયેલ સામાસિક પદ છે, તેની વ્યુત્પત્તિ 'उपसर्गान् हरति इति उपसर्गहरः। उपसर्गहरः पार्श्वः यस्य सः उपसर्गहरपार्श्वः तम् उपसर्गहरपार्श्वम्' એ પ્રમાણે થાય છે.

उवसग्गहरंपासं–એ પદ બીજા ચરણમાં આવતા 'पासं' પદનું વિશેષણ છે.

૨ कम्मघणमुक्कं (कर्मघनमुक्तम्) કર્મોરૂપી મેઘોથી મુક્તને અથવા ઘન (ગાઢ) કર્મોથી રહિતને.

આ પદની વ્યુત્પત્તિ 'कर्माणि घना इव कर्मघनाः। तेभ्यो मुक्तः कर्मघनमुक्तः तम्' એ રીતે અથવા 'घनानि च तानि कर्माणि च कर्मघनानि। तेभ्यो मुक्तः कर्मघनमुक्तः तम्' એ પ્રમાણે થાય છે.

પહેલી વ્યુત્પત્તિમાં કર્મોને મેઘની ઉપમા આપવામાં આવી છે અને આત્માને (અહીં પાર્શ્વનાથ ભગવંતના આત્માને) ચન્દ્રની ઉપમા આપી, આ કર્મો તેમને ઢાંકતા હતા તેમાંથી ભગવંત મુક્ત થયા છે તે જણાવાયું છે.[૬]

બીજી વ્યુત્પત્તિમાં 'घन'નો અર્થ દીર્ઘકાલ પર્યંત રહેનારાં અથવા બહુપ્રદેશવાળાં એ પ્રમાણે કરી ઘાતીકર્મોને 'घन' શબ્દથી અભિપ્રેત કરાયાં છે.[૭]

આ વ્યુત્પત્તિમાં घनकर्मने બદલે कर्मघन પ્રયોગ એ આર્ષના કારણે વિશેષણનો પરનિપાત માનીને કરાયેલો છે.[૭/૧]

બીજી વ્યુત્પત્તિ અનુસાર 'कम्मघणमुक्कं'નો અર્થ ગાઢ સ્થિતિવાળાં અથવા તો બહુપ્રદેશવાળાં કર્મો એટલે કે ઘાતીકર્મો.* તેનાથી મુક્ત થયેલાને એટલે કે જેમને કેવલ-જ્ઞાન પ્રકટ થયું છે[૮] તેમને. એ પ્રમાણે છે.

---

૫ अनुस्वारस्त्वार्षत्वादलाक्षणिकः। અ. ક. લ.

૬ कर्माणि ज्ञानावरणीयाद्यष्ट तानि जीवचन्द्रमसो ज्ञानांशुमण्डलाच्छादकत्वात् घना इव जलदा इव कर्म-घनाः। અ. ક. લ.

૭ घनानि दीर्घकालस्थितिकानि बहुप्रदेशाग्राणि वा यानि घातिकर्माणि तैर्मुक्तं त्यक्तम्। અ. ક. લ.

૭/૧ आर्षत्वात् घनशब्दस्य विशेषणत्वेऽपि परनिपातात्। અ. ક. લ.

૭/૧ आर्षत्वाद् घनशब्दस्य परनिपाते।સિ. ચ. વ્યા.

* જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય એ ચાર ઘાતીકર્મો છે. તે કર્મો આત્માના ગુણોનો ઘાત કરે છે માટે તેને 'ઘાતી' એવી સંજ્ઞા આપવામાં આવી છે.

૮ उत्पन्नकेवलज्ञानमित्यर्थः। અ. ક. લ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३ विसहरविसनिन्नासं ( विषधरविषनिर्नाशम् ) વિષધરોના વિષનો નિશ્ચિતપણે નાશ કરનારાને.

આ પદ 'विषधराणां विषं निर्नाशयति इति विषधरविषनिर्नाशः* तम्' એ પ્રમાણે વ્યુત્પત્તિ કરવા દ્વારા તત્પુરુષ સમાસથી નિષ્પન્ન થાય છે.

વિષધરો એટલે ઝેરી સર્પો. જેવા કે અનન્ત, વાસુકિ, તક્ષક, કર્કોટ, પદ્મ, મહાપદ્મ શંખપાલ, કુલિક, જય, વિજય વગેરે દશ નાગકુલો પૈકી નાગકુલોમાં ઉત્પન્ન થયેલા નાગો.[૯] તેમનું જે વિષ એટલે ઝેર. તેનું નિશ્ચિતરીતે અપહરણ કરનારા[૧૦] તે विषधर-विषनिर्नाश' તેમને.

અહીં 'સર્પ' શબ્દ ન મૂકતાં 'વિષધર' શબ્દ એટલા માટે મૂકયો છે કે સર્પ નિર્વિષ પણ હોઇ શકે છે.[૧૧] જ્યારે અહીં તો સવિષ સર્પો જ અભિપ્રેત છે.

આ પદ દ્વારા સ્તોત્રકાર સૂચવે છે કે ભગવંતના નામથી પવિત્ર થયેલા મંત્રના જાપથી સર્વ વિષધરોના વિષનો નાશ થાય છે. અને આ વાત માન્ત્રિકોને સુપ્રતીત જ છે.[૧૨]

४ मंगलकल्लाणआवासं ( मङ्गलकल्याणआवासम् ) મંગલો અને કલ્યાણોના આવાસ (ક્રીડા-સ્થાન) જેવાને.

આ પદની વ્યુત્પત્તિ 'मङ्गलानि च कल्याणानि च मङ्गलकल्याणानि तेषां आवास इव आवासः तम् मङ्गलकल्याणआवासम्' એ પ્રમાણે થાય છે. 'मंगलकल्लाणवासम्' એ રીતે પ્રયોગ કરવાને બદલે 'कल्याण' અને 'आवास' વચ્ચે સંધિ ન કરીને 'कल्लाणआवासं એ પ્રયોગ સંધિના યાદૃચ્છિક (ઇચ્છાનુસાર અવલંબનના) નિયમને અનુસારે છે. અન્યત્ર પણ તેવાં દૃષ્ટાન્તો ઉપલબ્ધ થાય છે. જેવાં કેઃ-श्री आदिनाथं ( सुमतिकल्लोलकृत आदिनाथ स्तवनम् ) श्री इन्द्रभूतिं ( गौतमस्वामि-अष्टक ) વગેરે. અહીં श्री અને आदिनाथं વચ્ચે તથા श्री અને इन्द्रभूतिं વચ્ચે સંધિ કરવામાં આવી નથી.

મંગલ એટલે વિપત્તિઓનું ઉપશમન,[૧૩] શ્રેયસ્[૧૪]

---

* વાસ્તવિક રીતે निर्णाशः પ્રયોગ થવો જોઇએ. પણ સર્વ ટીકાકારોએ निर्नाशः પ્રયોગ કર્યો છે જે વિચારણીય છે.

૯ विषधरा अनन्त-वासुकि-तक्षक-कर्कोट-पद्म-महापद्म-शंखपाल-कुलिक-जय-विजय-लक्षण-दशनाग-कुलजाता नागाः । અ. ક. લ.

૧૦ निर्नाशयति निश्चितमपहरति (इति) विषधरविषनिर्नाशः तम् । અ. ક. લ.

૧૧ सविषाः निर्विषाश्च ते । અ. ચિં., કાં. ૪, શ્લો. ૩૭૮

૧૨ भगवन्नामपूतमन्त्रजापाद् हि सर्वविषधरविषनाशः सुप्रतीत एव मान्त्रिकाणाम् । અ. ક. લ.

૧૩ मंगलानि विपदुपशमरूपाणि । અ. ક. લ.

૧૪ मंगलानि च श्रेयांसि । સિ. ચ. ૭૫।.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

દુરિતનું ઉપશમન કરનાર વસ્તુને પણ મંગલ કહેવામાં આવે છે.[૧૫]

કલ્યાણ એટલે સમ્પત્તિઓનો ઉત્કર્ષ,[૧૬] અથવા નીરોગપણું.[૧૭]

'સુખને લાવે તે કલ્યાણ' એવો ઉલ્લેખ **ચેઇયવંદણમહાભાસમાં** મળે છે.[૧૮]

મંગલો અને કલ્યાણોને રહેવાનું સ્થળ કોઈ હોય તો તે **શ્રી પાર્શ્વનાથ** ભગવંત છે. એટલે તેમનાં દર્શન અને તેમની સેવા કરનાર આત્માઓ પણ મંગલ અને કલ્યાણના પાત્ર બને છે. તે હકીકત આ પદ દ્વારા સૂચવાય છે.[૧૮અ] વિપત્તિઓનું ઉપશમન અને સર્વ સંપત્તિઓનો ઉત્કર્ષ આ બેમાં સર્વ સુખો સમાઇ જાય છે. ભગવંત **શ્રી પાર્શ્વનાથ** આ બંનેના કારણ છે.

૫ पासं-( पार्श्वम् ) પાર્શ્વને, પાર્શ્વનાથ નામના તેવીસમા અર્હત્ ભગવંતને.

આ અભિધાન યથાર્થ છે. તેની પાછળનો ઇતિહાસ 'ટિપ્પણ' વિભાગમાં દર્શાવાશે.

૬ वंदामि-(वन्दे) નમસ્કાર કરું છું,[૧૯] સ્તવું છું.[૨૦]

ઉપર્યુક્ત બંને અર્થો (નમસ્કાર અને સ્તવના) અહીં ઘટિત થાય છે.

---

૧૫ मंगलं दुरितोपशामकं । હ. કી. વ્યા.

૧૬ कल्याणानि च सम्पदुत्कर्षरूपाणि । અ. ક. લ.

૧૭ कल्याणं नीरोगत्वं सम्पदुत्कर्षरूपं वा । હ. કી. વ્યા.

૧૮ कल्लं सायं जम्हा अणेण वा हरइ तेण कल्लाणं । ચે૦ વં. મ. ભા. ગા. ६७४

૧૮/अ अत एव हि भगवन्तं मङ्गलकल्याणावासं पर्युपासीना अपि तदुभयभाजनं भवेयुः । અ. ક. લ.

૧૯ वन्दे—नमस्करोमि । અ. ક. લ.

૨૦ वन्दामि-अभिष्टौमि । સિ. ચ. વ્યા.

# પ્રથમ ગાથાનો અર્થનિર્ણય

**દેવાદિકૃત ચારેય પ્રકારના ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વ યક્ષ જેમને છે (જેમનો સેવક છે) એવા, કર્મોરૂપી વાદળોથી અથવા ગાઢ કર્મોથી મુક્ત થયેલા, ઝેરી સર્પોના વિષનો સંપૂર્ણપણે નાશ કરનારા, મંગલો અને કલ્યાણોના નિવાસસ્થાન (તેવીસમા અર્હત્) શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું. ૧**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા બીજી

जो मणुओ–[ यो मनुजः ]–જે મનુષ્ય.

અહીં મનુષ્યનું ગ્રહણ એટલા માટે કરાયું છે કે મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈ જ યોનિમાં મંત્રની સાધના યા મંત્રનો પાઠ સંભવિત નથી.

'मणुओ' નો બીજો અર્થ માન્ત્રિક પણ કરાયો છે. આ અર્થ કરતી વેળા मनु+गम् થી मणुओ સિદ્ધ કરવું પડે છે.

"मनुः मन्त्रः तं गच्छति" सर्वे गत्यर्थाः ज्ञानार्थाः इति वचनात् जानाति इति मनुगो मान्त्रिकः એ તેની વ્યુત્પત્તિ છે. મન્ત્રને જાણનારો એટલે કે તેના આમ્નાય, વિધિ વગેરેને જાણનારો 'मणुओ' પદથી અભિપ્રેત છે.

૮ विसहरफुलिंगमंतं ('विसहरफुलिंग' मन्त्रं) 'વિસહરફુલિંગ' નામક મન્ત્રને, 'વિસહર' અને 'ફુલિંગ' શબ્દો જેમાં છે તેવા મન્ત્રને.

'વિસહર' અને 'ફુલિંગ' એ પ્રસ્તુત મંત્રનો સંકેત છે. આ સંકેત દ્વારા અઢાર અક્ષરનો "नमिऊण पास विसहरवसह जिण फुलिंग" મન્ત્ર અભિપ્રેત છે.[૨૧]

ઉવસગ્ગહરસ્તોત્ર એ સૂત્રાત્મક છે. માત્ર સૂચન કરે તે સૂત્ર કહેવાય, તેથી અહીં તે સંપૂર્ણ મંત્ર ન લખતાં માત્ર તે મંત્રમાં આવતા 'વિસહર' અને 'ફુલિંગ' શબ્દને જ સાંકેતિક રીતે દર્શાવીને સંપૂર્ણ મંત્ર સૂચવાયો છે.[૨૨]

મંત્ર તેને કહેવાય કે જે મનનું રક્ષણ કરે, અથવા તો જે ગુપ્ત રીતે કહેવાય.[૨૩]

ઉપર્યુક્ત બંને લક્ષણો અહીં ઘટિત થાય છે. કારણ કે 'नमिऊण पास विसहरवसह जिण फुलिंग' મંત્ર મનનું, તનનું, સર્વનું રક્ષણ કરે છે તથા ગુરુદ્વારા ગુપ્ત રીતે મેળવાય પણ છે.

---

૨૧ भगवन्नामगर्भितमष्टादशाक्षरात्मकम् । અ. ક. લ.

૨૨ विसहर त्ति फुलिंग त्ति शब्दानां मन्त्रगर्भितत्वात् विसहरफुलिंग इति मन्त्रः । હ. કી. વ્યા.

૨૩ मन्त्रश्च मनसस्त्राणयोगान्मन्त्रणाद् वा । અ. ક. લ.
मनसस्त्राणान्मन्त्रः मन्त्रणाद् गुप्तभाषणाद् वा मन्त्रः । હ. કી. વ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ મંત્ર 'विसहरफुलिंग' મન્ત્ર એટલા માટે કહેવાય છે કે તે વિષધરો એટલે સર્પો તથા સ્ફુલિંગો એટલે અગ્નિકણો તેના ઉપલક્ષણથી બીજા પણ ક્ષુદ્ર ઉપદ્રવો, તેનો નિવારક છે.[૨૪]

આ અઢાર અક્ષરના મંત્રના જાપની વિધિ ગુરુગમથી જાણવાની છે. ટીકાકારોએ તો માત્ર તે મંત્રની આગળ તારબીજ (ॐ), ત્રૈલોક્યબીજ (ह्रूँ), કમલાબીજ (श्री) અને અર્હદ્ બીજ (अर्हँ) તથા અન્તે તત્ત્વબીજ (ह्रूँ) અને પ્રણિપાતબીજ (नमः) થી તેને વિશિષ્ટ કરવાનું જણાવેલ છે.[૨૫]

'તત્ત્વબીજ'થી શું સમજવું તે ટીકાકારોએ જણાવેલ નથી પણ એટલું જ જણાવ્યું છે કે આ બીજોથી મંત્રને સમૃદ્ધ કરવાથી મંત્ર અઠ્ઠાવીસ અક્ષરનો બને છે.[૨૬]

મંત્રશાસ્ત્રોમાં 'તત્ત્વબીજ' શબ્દથી 'ह्रूँ' કાર જ ઇષ્ટ છે અને તેથી નીચે મુજબ મંત્રોદ્ધાર પ્રાપ્ત થાય છે.

ॐ ह्रूँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रूँ नमः ।

અહીં એ વિચારવાનું છે કે આ રીતના મંત્રોદ્ધારમાં કોઈપણ રીતે અઠ્ઠાવીસ અક્ષર થતા નથી પણ માત્ર છવ્વીસ અક્ષરો જ થાય છે, જે નીચેના કોષ્ઠકથી સમજાશે.

| પૂર્વખંડ | મૂલમન્ત્ર | ઉત્તરખંડ |
|---|---|---|
| (પ્રણવ તથા બીજાક્ષરો)<br>૧ ૨ ૩ ૪ ૫<br>ॐ ह्रूँ श्रीँ अर्हँ | ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫<br>न मि ऊ ण पा स वि स ह र<br>૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩<br>व स ह जि ण फु लिं ग | (બીજાક્ષર તથા પલ્લવ)<br>૨૪ ૨૫ ૨૬<br>ह्रूँ न मः । |

અહીં 'વિસહરફુલિંગ' મન્ત્રને આદિમાં 'ॐ ह्रूँ श्रीँ अर्हँ' આ ચાર બીજોથી અને પ્રાન્તે 'ह्रूँ नमः' એમ બે બીજોથી સમૃદ્ધ કરવામાં આવ્યો છે.

જો કે **જિનપ્રભસૂરિએ** આ મંત્રને ઉપર્યુક્ત બીજોથી સમૃદ્ધ કરવાથી તે અઠ્ઠાવીસ અક્ષરનો થતો હોવાનું જણાવ્યું છે પણ તે તેમણે કયા આશયથી જણાવ્યું છે તે સમજાતું નથી.

**હર્ષકીર્તિસૂરિએ** પણ પોતાની વ્યાખ્યામાં **જિનપ્રભસૂરિએ** કહેલી વાતનું જ

---

૨૪ विषधराः-सर्पाः स्फुलिङ्गा-अग्निकणाः तेषां उपलक्षणत्वादन्येषामपि क्षुद्रोपद्रवाणां मन्त्रः प्रतिहन्ता निवारकस्तम् । હ. કી. વ્યા.

૨૫ तारत्रैलोक्यकमलार्हद्बीजैरन्ते च तत्त्वप्रणिपातबीजाभ्याम् । અ. ક. લ.

૨૬ अष्टाविंशतिवर्णात्मकं मन्त्रविशेषं । અ. ક. લ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્થન કર્યું છે અને મંત્રોદ્ધાર કરતાં અઢાર અક્ષરના 'त्रिसहर फुलिंग०' મંત્રને પ્રાન્તે ह्रीँ नमः નો વિન્યાસ કરવાને બદલે પ્રણવ–ૐકાર અને બીજાક્ષરો ह्रीँ श्रीँ अर्हँ નો સંપુટ કરી નમઃ નો પલ્લવ તરીકે વિન્યાસ કર્યો છે. અને એમ થતાં મંત્ર અઠ્ઠાવીસ અક્ષરનો થાય છે.[૨૭] તેમણે અર્હં કારને એક અક્ષરરૂપે ગ્રહણ કરેલ છે.

શ્રી માનતુંગસૂરિ આ મંત્રનો ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ नमः। એ પ્રમાણે ઉલ્લેખ કરી તેને અઢાર અક્ષરના મંત્ર તરીકે ઓળખાવે છે.[૨૮] આથી સમજાય છે કે તે કેવળ મૂલ મંત્રની જ સંખ્યા દર્શાવે છે. 'ચિન્તામણિ સંપ્રદાય'માં આ મંત્રને છ બીજાક્ષરવાળો, આઠ સંપદાવાળો અને સત્તાવીસ અક્ષરના પરિમાણવાળો દર્શાવાયો છે.[૨૯]

અજ્ઞાતકર્તૃક 'ભયહરસ્તોત્રવૃત્તિ' માં આ મંત્રને **નમસ્કાર વ્યાખ્યાન ટીકામાં** દર્શાવ્યાનુસાર જ દર્શાવાયો છે.[૩૦]

અજ્ઞાતકર્તૃક **ભયહરસ્તોત્રવિવરણમાં** પણ આ મંત્રને નમસ્કાર વ્યાખ્યાન ટીકામાં દર્શાવ્યાનુસાર જ દર્શાવાયો છે.[૩૦અ]

જો કે શ્રી જિનસૂરમુનિ, શ્રી **સમયસુંદરવાચક** વગેરે, ઉપર્યુક્ત વિગતથી જુદી વિગત દર્શાવે છે અને ह्रीँ नमः ઉપરાંત બીજા પણ મંત્રબીજો જોડે છે જે આ સાથેના કોષ્ઠકથી સમજાશે.

---

१ २ ३ ४ (१८) २३ २४ २५ २६ २७ २८

૨૭ यथा– "ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः" इति । ઉ કી. વ્યા. પૃ., ૧૩

૨૮ જુઓ ન. સ્વા. પ્રા. વિ., પૃ., ૨૭૪

*१ २ ३ ४ ५ ६ ७ ८

૨૯ ॐ ह्रीँ श्रीँ अर्हँ । नमिऊण । पास विसहर । वसह । जिण । फुलिंग । ह्रीँ श्रीँ नमः । एवं मंत्रे बीजाक्षराणि षट् ६ । संपदो अष्टौ । सर्वाक्षराणि सप्तविंशतिः । ચિ. સં. પત્ર ૧૪ અ (હ. લિ. પ્રત)

* આ અંકો સંપદાના સૂચક છે.

૩૦ तथाहि अनलशब्देन अग्निबीजमोङ्कारः त्रिभुवनशब्देन त्रैलोक्यबीजं ह्रीँ। नमिऊण पास विसहरत्ति त्रीणि पदानि स्पष्टमेव। वसहत्ति । द्वितीयगाथायां जिण फुलिंगति द्वे पदे स्पष्टे एव स्तः । अन्त्य–गाथायां सकलभुवनपदेन ह्रीँकारः अग्रेतनपदानि प्रकटानि एव सन्ति । ચિન્તામણિમંત્ર આમ્નાય (જૈ. સા. વિ. મં. હ. લિ. પ્ર. પૃ. ૭૭)

૩૦અ ॐ ह्रीँ श्रीँ (अर्हँ) नमिऊण पास० फुलिंग ह्रीँ नमः इति मूलमंत्रेण । ચિન્તામણિ મંત્ર આમ્નાય, પૃ. ૨૫

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

**અઢાર અક્ષરના ' नमिऊण ' મંત્ર અંગે ભિન્ન ભિન્ન ગ્રન્થકારોના વિભિન્ન મંતવ્યોઃ–**

ઉવસગ્ગહર સ્તોત્રની બીજી ગાથામાં ' विसहरफुलिंगमंतं ' પદ દ્વારા જે મંત્ર સૂત્રકારને અભિપ્રેત છે તે ' नमिऊण पास विसहर वसह जिण फुलिंग ' મંત્ર અઢાર અક્ષરનો છે. તેને જુદા જુદા મંત્રબીજોથી સમન્વિત કરવામાં આવે છે. અન્યાન્ય ગ્રંથકારો આ મંત્રને જુદા જુદા બીજોથી સમન્વિત કરવા જણાવે છે અને તે દ્વારા નિષ્પન્ન થયેલ મંત્રનો ' विसहरफुलिंग ' મંત્રના નામથી નિર્દેશ કરે છે. કયા કયા ગ્રંથકારો તેને કયા કયા બીજોથી સમન્વિત કરે છે અને તે પછી મંત્ર કેવા સ્વરૂપે રહે છે તે આ સાથેના કોષ્ઠકમાં દર્શાવ્યું છે.

**વિભિન્ન વિભિન્ન મતાનુસાર नमिऊण મંત્ર સાથે સંયોજિત કરાતા ભિન્ન ભિન્ન બીજાક્ષરો અને પલ્લવોને દર્શાવતું કોષ્ઠકઃ–**

| ક્રમાંક | ગ્રંથકાર | ગ્રંથનું નામ | મંત્રનું સ્વરૂપ |
|---|---|---|---|
| ૧ | માનતુંગસૂરિ | નમસ્કાર વ્યાખ્યાન ટીકા | ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण...फुलिंग ह्रीँ नमः । |
| ૨ | અજ્ઞાત | ભયહર સ્તોત્ર વિવરણ | ,, |
| ૩ | ,, | ભયહરસ્તોત્રવૃત્તિ | ,, |
| ૪ | ,, | ચિન્તામણિ સમ્પ્રદાય | ॐ ह्रीँ श्रीँ अर्हँ नमि० फुलिंग ह्रीँ श्रीँ नमः |
| ૫ | પૂર્ણચન્દ્રસૂરિ | ઉવસગ્ગહર લઘુવૃત્તિ | * — |
| ૬ | દ્વિજપાર્શ્વદેવગણિ | ,, | + — |
| ૭ | 卐જિનપ્રભસૂરિ | અર્થકલ્પલતાવૃત્તિ | ॐ ह्रीँ श्रीँ अर्हँ नमि०...ह्रीँ नमः । |
| ૮ | *અજિતપ્રભસૂરિ | ઉવસગ્ગહર અવચૂર્ણિ | ,, |
| ૯ | ०સિદ્ધિચન્દ્રગણિ | ,, વ્યાખ્યા | ,, |
| ૧૦ | ×જિનસૂરમુનિ | , પદાર્થ | ॐ ह्रीँ श्रीँ अर्हँ नमि० फुलिंग ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः |

* મન્ત્ર અંગે કશું જ સ્પષ્ટીકરણ નથી.

\+ મન્ત્ર અંગે કશું જ સ્પષ્ટીકરણ નથી.

卐 (તેઓ આ મંત્રને) આદિમાં ' ॐ ह्रीँ श्रीँ अर्हँ ' અને પ્રાન્તે તત્ત્વ તથા પ્રણિપાત બીજોથી સમન્વિત કરવા (અને તેમ કરવાથી મંત્ર અઠ્ઠાવીસ અક્ષરનો થવાનું) જણાવે છે. (પણ મંત્રોદ્ધાર દર્શાવતા નથી તેમની) આ સૂચના અનુસાર મંત્રોદ્ધાર કરીએ તો મંત્ર અઠ્ઠાવીસને બદલે છવ્વીસ અક્ષરનો થાય છે.

० તેઓ પોતાની ટીકામાં આ મંત્રને આદિમાં ' ॐ ह्रीँ श्रीँ अर्हँ ' બીજોથી અને પ્રાન્તે તત્ત્વ અને પ્રણિપાત બીજોથી અઠ્ઠાવીસ અક્ષરનો કરવા જણાવે છે પણ મંત્રોદ્ધાર દર્શાવતા નથી.

× તેઓ પોતાની ટીકામાં આ મંત્રને આદિમાં ' ॐ ह्रीँ श्रीँ अर्हँ ' બીજોથી અને પ્રાન્તે તત્ત્વ અને પ્રણિપાત બીજોથી સમન્વિત કરવા જણાવે છે પણ મંત્રોદ્ધાર સાથે દર્શાવ્યા અનુસાર કરી બતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | ગ્રંથકાર | ગ્રંથનું નામ | મંત્રનું સ્વરૂપ |
|---|---|---|---|
| ૧૧ | હર્ષકીર્તિસૂરિ | ઉવસગ્ગહર વ્યાખ્યા. | ક્રમાંક ૯ પ્રમાણે |
| ૧૨ | *સમયસુંદરવાચક | સપ્તસ્મરણ સ્તવ | ॐ ह्रूँ श्रीँ अर्हँ नमि० फुलिंग ॐ ह्रूँ नमः स्वाहा । |
| ૧૩ | +અજ્ઞાત | ભૈરવપદ્માવતી કલ્પ–પરિશિષ્ટ ૭ | ॐ ह्रूँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग श्रीँ ह्रूँ अर्हँ नमः |

પ્રસ્તુત મંત્ર શ્રીધરણેન્દ્ર, પદ્માવતી તથા પાર્શ્વયક્ષથી અધિષ્ઠિત છે.[૩૧]

૯ सया–[सदा]–સદાકાળ હંમેશાં.

આ પદ દ્વારા મંત્રનો નિરંતર જાપ કરવાનું સૂચવાયું છે.

૧૦ कंठे धारेइ–[कण्ठे धारयति]–કંઠમાં ધારણ કરે છે.

આનો અર્થ કંઠસ્થ કરે છે એ પ્રમાણે છે. કંઠસ્થ કરવાનું જણાવી દિવસ ને રાત તેનો જાપ કરવાની વિધિ સ્તોત્રકારે સૂચવી છે.[૩૧અ]

'कंठे धारेइ' નો બીજો પણ અર્થ થાય છે અને તે એ કે તે મન્ત્રને યન્ત્ર સ્વરૂપે લખી તેને માદળિયામાં નાખી જે પોતાના કંઠમાં ધારણ કરે છે.[૩૧આ]

'धारेइ' નો અર્થ ધારણ કરે છે તેમ થાય છે તેવી રીતે ધારણ કરાવે છે એમ પણ થાય છે.[૩૧ઇ]

૧૧ तस्स–[तस्य]–તેના, તેને કંઠમાં ધારણ કરનારના.

---

* તેઓ પોતાની ટીકામાં અઢાર અક્ષરના મંત્રને આદિમાં ત્રૈલોક્ય, કમલા અને અર્હદ્ બીજોથી અને પ્રાન્તે તત્ત્વ તથા પ્રણિપાત બીજોથી સમન્વિત કરવા જણાવી તત્ત્વબીજોથી 'ॐ ह्रूँ स्वाहा' શબ્દો લેવા જણાવે છે, પરંતુ મંત્રોદ્ધાર દર્શાવતા નથી. તેમના કથનાનુસાર ઉપર દર્શાવ્યા મુજબ મંત્ર થાય છે. પરંતુ ટીકામાં તેઓ 'नमः स्वाहा' ને સ્થાને 'ॐ ह्रूँ ह्रूँ मम (नमः) स्वाहा' લખે છે તે શા કારણથી તે સમજાતું નથી.

\+ આ મંત્ર કેવી રીતે નિષ્પન્ન કરવો તે અંગે કશું જણાવેલ નથી.

૩૧ अयं च मन्त्रः श्रीधरणेन्द्रपद्मावतीभ्यां श्रीपार्श्वयक्षेण चाधिष्ठितः । હ. કી. વ્યા.

૩૧અ कण्ठस्थकरणेन चाहर्निशं तज्जापविधिर्व्यज्यते । અ. ક. લ.
कण्ठाधीनं करोति–अहर्निशं पठति । હ. કી. વ્યા.

૩૧આ अथवा कण्ठे धारयतीति विषधर-स्फुलिंग–यन्त्ररूपं त्वां विद्यामणीकृत्य स्वकण्ठे परिदधातीति । અ. ક. લ.

૩૧ઇ परस्य च कण्ठे परिधापयतीति । અ. ક. લ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ गहरोगमारीदुट्ठजरा-[ग्रहरोगमारीदुष्टज्वराः]-ગ્રહો, રોગો, મરકી અને દુષ્ટજ્વરો અથવા તો દુષ્ટો અને જ્વરો.

ગ્રહોથી અહીં ગોચરથી અશુભ તેવા સૂર્યાદિ ગ્રહો અથવા તો ભૂત-પ્રેત-પિશાચ-બ્રહ્મરાક્ષસ વગેરેના આવેશો-તેમના વળગાડો સમજવાના છે.[૩૨]

સૂર્યાદિ ગ્રહોથી કયા અને કેટલા ગ્રહો સમજવા તે અંગે **દ્વિજપાર્શ્વદેવગણિ** સૂર્યાદિ ૮૮ ગ્રહો લેવાનું જણાવે છે.[૩૩] જ્યારે બાકીના ટીકાકારો કશું સ્પષ્ટીકરણ કરતા નથી.

રોગ શબ્દથી વાત, પિત્ત, શ્લેષ્મ તથા સન્નિપાતજન્ય વ્યાધિના ભેદો સમજવાના છે.[૩૪]

સિદ્ધિચંદ્રગણિ રોગ શબ્દથી ખાંસી, શ્વાસ, ભગંદર, કોઢ વગેરે મહારોગો જણાવે છે.[૩૫]

मारी શબ્દથી ક્ષુદ્ર (તુચ્છ) યન્ત્ર, મન્ત્ર તથા યોગિની દ્વારા કરાયેલ મહાભયંકર ઉપસર્ગ, તાવ, રોગ, વગેરે[૩૬] તથા સર્વવ્યાપી મૃત્યુ સ્વરૂપ અશિવ સમજવાનું છે.[૩૭]

'दुट्ठजरा' પદથી દુષ્ટ જ્વરો જેવાકે:- દાહજ્વર, વાતજ્વર, પિત્તજ્વર, વિષમજ્વર, નિત્યજ્વર, વેલાજ્વર (એટલે કે અમુક સમયે જ આવનાર જ્વર જેવાકે એકાંતરો, તરિયો, ચોથિયો વગેરે) મુહૂર્ત્તજ્વર (નિયત થયેલા દિવસ કે રાત્રિના અમુક સમયે જ આવનારો જ્વર) વગેરે સમજવાના છે.[૩૮] અને 'આદિ' શબ્દથી શીતજ્વર વગેરે સમજવાના છે.[૩૯]

જ્યારે 'दुष्ट' અને 'ज्वराः' એ બે પદોને છૂટા પાડીયે ત્યારે દુષ્ટનો અર્થ દુષ્ટજનો-ખરાબ માણસો, શત્રુઓ યા તો કોપાયમાન થયેલા રાજા વગેરે સમજવાના છે.[૪૦]

---

૩૨ ग्रहाश्च भूतप्रेतब्रह्मराक्षसादयः सूर्यादयो वाऽशुभगोचरवर्तिनः । અ. ક. લ.

૩૩ आदित्यप्रभृतयोऽष्टाशीतिग्रहपीडा । દ્વિ. પા. વૃ.

૩૪ रोगाश्च वात-पित्त-श्लेष्म-सन्निपातजा व्याधिप्रभेदा । અ. ક. લ.

૩૫ रोगाश्च कासश्वासभगन्दरकुष्ठादयः । સિ. ચં. વ્યા.

૩૬ मारि क्षुद्रयन्त्रमन्त्रयोगिनीकृतं (त) महाघोरोपसर्गज्वररुक्प्रभृतयः । દ્વિ. પા. વૃ.

૩૭ मारिश्च सर्वगमृत्युलक्षणमशिवं । અ. ક. લ.

૩૮ दुष्टज्वरा अनेकप्रकाराः-दाघ(ह)ज्वर-वातज्वर - पित्तज्वर - विषमज्वर, - नित्यज्वर-वेलाज्वर-मुहूर्त्तज्वरादयः દ્વિ. પા. વૃ.

૩૯ शीतज्वरादिलक्षणाः । હ. કી. વ્યા.

૪૦ दुष्टा दुष्टजना कुपितनृपा वा । અ. ક. લ.

दुष्टा दुर्जना शात्रवश्च । હ. કી. વ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને 'જ્વર' નો અર્થ સર્વ પ્રકારના જ્વર–તાવ સમજવાના છે.[૪૧]

૧૩ उवसामं–એ આર્ષના નિયમાનુસાર છે અન્યથા उवसमं થવું જોઈએ.[૪૨]

આવી રીતનો પ્રયોગ **આવસ્સયની નિજ્જુત્તિમાં** પણ આ સ્તોત્રના કર્ત્તાએ કરેલ છે.

उवसामं उवणीया गुणमहया जिणचरित्तसरिसंपि । ( उपशमम् उपनीता गुणमहता जिनचरित्रसदृशमपि ) ગા. ૧૧૮

અહીં 'उवसमं' ને સ્થાને 'उवसामं' પ્રયોગ કરાયો છે.

उवसामं નો અર્થ 'શાન્તિને.'

जंति उवसामं એટલે શાન્તિ પામે છે, શાન્ત થાય છે.

જો 'રોગાદિ શાન્ત થાય છે' નો અર્થ તેમનું શમન થાય છે એ પ્રમાણે કરાય તો એ સવાલ ઉઠે છે કે શમાવેલા રોગો કયારે ને કયારે પાછા ઉભા થાય જ એટલે 'શાન્ત થાય છે.' નો અર્થ 'પીડા કરવા સમર્થ થતા નથી.' એમ સમજવાનો છે. અર્થાત્ રોગાદિ વિનાશ પામે છે[૪૩] અને ગ્રહો વગેરે શાન્ત થઈ જાય છે.[૪૪]

૧૪ जंति–[यान्ति]–પામે છે.

# બીજી ગાથાનો અર્થનિર્ણય

**જે મનુષ્ય અથવા જે મન્ત્રવેત્તા, विसहर અને फुलिंग શબ્દ ગર્ભિત મન્ત્રનો સદાકાલ જાપ કરે છે, તે જાપ કરનારના પ્રતિકૂલ સૂર્યાદિ ગ્રહો અથવા ભૂત આદિના આવેશો શાન્ત થાય છે; અને રોગો, મરકી તથા દુષ્ટ જ્વરો અથવા દુર્જનો અને જ્વરો વિનાશ પામે છે. ૨**

---

૪૧ ज्वराश्च शीतज्वराद्या वा तापज्वराद्याः । અ. ક. લ.

ज्वरः तापः હ. કી. વ્યા.

૪૨ उवसमं ति वक्तव्ये आर्षत्वात् ह्रस्वाभावः । અ. ક. લ., સિ. ચં. વ્યા.

૪૩ उपशामम् विनाशं यान्तीत्यर्थः । દ્વિ. પા. વૃ.

૪૪ उपशाम्यन्ति निवृत्तिं यान्ति तं न पीडयन्तीत्यर्थः । હ. કી. વ્યા.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## ગાથા–ત્રીજી

૧૫ मंतो-[मंत्रः] મંત્ર, તે મંત્ર કે જેનું વર્ણન બીજી ગાથામાં કરાયું છે તે ' नमिऊण पास विसहर वसह जिण फुलिंग મંત્ર.

એટલે કે તે ' नमिऊण ' મંત્ર દૂર રહો કારણ કે તે પુરશ્ચરણ, ઉત્તરચરણ, હોમ, તપ અને જપ આદિ પ્રક્રિયાથી સિદ્ધ કરાતો હોવાથી કષ્ટદાયી છે[૪૫] અથવા તો—

તમારા નામથી ગર્ભિત તે ' नमिऊण पासविसहरवसहजिणफुलिंग ' મંત્ર માટે શું કહેવાનું ? ( તે મંત્રથી નિર્દિષ્ટ ફલો પ્રાપ્ત થાય તેમાં કશી નવીનતા નથી. )[૪૬]

૧૬ दूरे-[दूरे] દૂર.

૧૭ चिट्ठउ-[तिष्ठतु] રહો.

૧૮ तुज्झ-[तव]-તમારો, તમારા સંબંધી.

૧૯ पणामो-[प्रणामः]-પ્રણામ, નમસ્કાર.

ઉપર્યુક્ત બન્ને પદનો સંયુક્ત અર્થ ' તમને કરાયેલો પ્રણામ ' એ પ્રમાણે થાય છે.

૨૦ वि-[अपि]-પણ

૨૧ बहुफलो-[बहुफलः]-ઘણાં ફળ છે જેનાં એવો.

અહીં બહુફલોથી સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, સ્વર્ગ આદિ ફલો સમજવાનાં છે.[૪૭]

૨૨ होइ-[भवति]-થાય છે.

અહીં જે નમસ્કાર કરવાનું સૂચવાયું છે, તે પ્રકૃષ્ટ કોટિનો એટલે કે વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વકનો નમસ્કાર હોવો જોઈએ.[૪૮] આવો એક જ નમસ્કાર કરવામાં આવે તો પણ તે બહુ ફલને આપનારો થાય છે.[૪૯]

૨૩ जीवा-[जीवाः]-જીવો, આત્માઓ.

૨૪ नरतिरिएसु-[नरतिर्यक्षु]-મનુષ્યો અને તિર્યંચોમાં.

---

૪૫ योऽयं मन्त्रः प्राग्व्यावर्णितसृष्टिः स तावद् दूरेऽपि तिष्ठतु पुरश्चरणोत्तरचरणहोमतपोजपादिप्रक्रिया-साध्यत्वेन कष्टावहत्वाद् दूरापास्त एवास्तां । અ. ક. લ.

૪૬ मन्त्रस्तवस्तुतिरूपः प्रागुक्तोऽष्टादशाक्षरात्मकः स तु दूरे तिष्ठतु आस्तां तस्य किं कथनीयमिति । ઉ. કી. વ્યા.

૪૭ बहूनि–प्रचुराणि सौभाग्यारोग्य-धन–धान्य–कलत्र–पुत्र–द्विपद–चतुष्पद–राज्य-स्वर्गादीनि फलानि यस्मात् सः । ઉ. કી. વ્યા.

૪૮ प्रशब्दस्य प्रकर्षार्थद्योतकत्वात् विशुद्धश्रद्धापूर्वं, कृतो नमस्कारोऽपि प्रणिपातमात्रमपि ' बहुफलो ' बहूनि फलानि कारणानि यस्य कारणभूतस्य स तथा भवति–सम्पद्यते । અ. ક. લ.

૪૯ प्रणाम इत्येकवचनं च ज्ञापयति यदेकोऽपि नमस्कारो बहुफलो भवति । અ. ક. લ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫ वि–[अपि]-પણ

૨૬ दुक्खदोगच्चं-[दुःखदौर्गत्यं]–દુઃખ અને દારિદ્ર્યને.

‘ દુઃખ ’ થી અહીં શારીરિક અને માનસિક એમ બન્ને પ્રકારના દુઃખો સમજવાના છે. અને ‘ દારિદ્ર્ય ’નો અર્થ છે નિર્ધનતા.

૨૭ न पावंति-[न प्राप्नुवन्ति]-પામતા નથી.

ઉપર્યુક્ત બે પદોનો અર્થ એ છે કે ‘ ભગવંતને પ્રણામ કરનારા આત્માઓ કદાચ આગળના ભવોમાં મનુષ્ય કે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય તો પણ ત્યાં શારીરિક કે માનસિક દુઃખ તથા દારિદ્ર્યને પામતા નથી. ’

એટલે કે તેવા આત્માઓ મનુષ્યપણામાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ તેઓ નીરોગી, મન ચિંતવ્યા પદાર્થો જેમને પ્રાપ્ત થાય તેવા થાય છે. અને ઋદ્ધિથી સમૃદ્ધ હોય છે.[૫૦] કદાચ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ મનોહર સુવર્ણ, રત્ન, ચિન્તામણિ, કલ્પવૃક્ષ, પટ્ટઅશ્વ અને જયકુંજર આદિપણાને પામે છે. તેથી ત્યાં પણ પૂજાય છે.[૫૧]

‘ दोगच्चं ’ને સ્થાને ‘ दोहग्गं ’ પાઠ છે ત્યાં ‘ દૌર્ભાગ્ય ’ અર્થ સમજવો.

‘ दौर्भाग्य ’ એટલે ખરાબ ભાગ્યવાળાપણું અથવા તો દુર્ભગપણું એટલે કે કોઈને ન ગમવાપણું.

नरतिरिएसु પદનો બીજો અર્થ છે મનુષ્ય રૂપી તિર્યંચો. ત્યાં ‘ नरा एव तिर्यञ्चः नरतिर्यञ्चः तेषु नरतिर्यक्षु ’ આ રીતે કર્મધારય સમાસ દ્વારા તેની નિષ્પત્તિ કરાય છે. એટલે મનુષ્ય હોવા છતાં પશુ જેવા તે નરતિર્યંચ–નૃપશુ. જેવા કે બાલક, ગોવાળિયા, ખેડૂતો વગેરે. તેમાં ગયેલા પણ જીવો દુઃખ કે દારિદ્ર્યને પામતા નથી, અર્થાત્ તમને કરેલા પ્રણામથી તેઓ પણ સદા સુખી જ થાય છે.[૫૨]

## ત્રીજી ગાથાનો અર્થનિર્ણય

**(પૂર્વની ગાથામાં દર્શાવેલ) મંત્ર (‘ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ’ મંત્ર) તો એક બાજુ રહો; તમને કરેલો વિશિષ્ટ કોટિનો એક પ્રણામ પણ ધન–ધાન્યાદિ અનેક પ્રકારના ફલોને આપનારો થાય છે.**

**(તમને પ્રણામ કરનારા) જીવો જો મનુષ્ય કે તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય તો પણ ત્યાં દુઃખ કે દારિદ્ર્યને અથવા દૌર્ભાગ્યને પામતા નથી. ૩**

---

૫૦ अयमभिप्रायः यदि किल कथञ्चिन्नरेषूत्पद्यन्ते ते नमस्कारकर्तारः तदापि रोगरहितत्वेन सद्यः सम्पद्यमानसमीहितार्थतया न च शारीरमानसदुःखभाजो भवेयुः, ऋद्धिसमृद्धतया च न जातु दारिद्र्येणोपद्रूयन्ते । અ. ક. લ.

૫૧ तिर्यक्षु चोत्पद्यमानाः कमनीयकनक–रत्न–चिन्तामणि–कल्पद्रुम–पट्टतुरंगम–जयकुञ्जरादि–भावमासाद्य तांस्तान् पूजाप्रकारान् प्राप्नुवन्तीति । અ. ક. લ.

૫૨ अथवा नरा तिर्यञ्चो नरतिर्यञ्चः– नृपशवो नृषु पशुतुल्या बालगोपालकृषीवलादयस्तेष्वपि दुःख–दौर्भाग्यं न प्राप्नुवन्ति त्वत्प्रसादात् तेऽपि सदा सुखिन एव स्युरिति । હ. કી. વ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા ૪થી

૨૮ जीवाः– [जीवाः] જીવો, પ્રાણીઓ, અહીં 'જીવ' શબ્દથી ભવ્ય પ્રાણીઓ સમજવાના છે.[૫૩]

૨૯ चिन्तामणिकप्पपायवब्भहिए - [चिन्तामणिकल्पपादपाभ्यधिके] - ચિન્તામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં અત્યંત અધિક, અત્યંત ઉત્કૃષ્ટ. આ પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે.

'चिन्तामणिश्च कल्पपादपश्च चिन्तामणिकल्पपादपौ ताभ्यां अभ्यधिकम् चिन्तामणि-कल्पपादपाभ्यधिकम् तस्मिन्'

એટલે જે સમ્યક્ત્વનો નિર્દેશ કરાયો છે તે ચિન્તામણિરત્ન (કે જે મન ચિંતવ્યા અર્થને આપનાર દેવાધિષ્ઠિત રત્ન છે) અને કલ્પવૃક્ષ (કે જે ઉત્કૃષ્ટ કાલમાં થનાર અને મન ચિંતવ્યા ફળને આપનાર વૃક્ષ છે) તે બન્ને કરતાં ય અધિક છે

કારણ કે ઉપર્યુક્ત બે ચીજો ઐહિક ફળ આપે છે, અને ચિંતવેલું ફળ જ આપે છે જ્યારે સમ્યક્ત્વ* પારલૌકિક ફળ આપે છે અને તે પણ ચિંતવ્યાથી વિશેષ ફળ આપે છે.[૫૪]

૩૦ तुह–[तव] ત્હારૂં તમારૂં.

૩૧ सम्मत्ते लद्धे–[सम्यक्त्वे लब्धे] સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી.

સમ્યક્ત્વ એ આત્માનો વિશિષ્ટ કોટિનો મોહનીય કર્મની પ્રકૃતિ-મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમ, ક્ષય યા ઉપશમથી પેદા થનારો ગુણ છે તે. જે વિશિષ્ટ જ્ઞાન સ્વરૂપ છે, અથવા તો દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના નિશ્ચયરૂપ છે તે.[૫૫]

---

૫૩ जीवाः भव्यप्राणिनः સિ. ચ. વ્યા.

* અર્થકલ્પલતા, સિ. ચ. વ્યા. તથા હ. કી. વ્યા.માં चिन्तामणिकप्पपायवब्भहिए એ પદને સમ્યક્ત્વનુ વિશેષણ બનાવવાને બદલે ભગવાનને કરાયેલા પ્રણામનું વિશેષણ બનાવવામાં આવેલ છે જે વિચારણીય છે. તમારું સમ્યક્ત્વ ચિન્તામણિ અને કલ્પવૃક્ષથી અધિક છે એમ કહેવાને બદલે તમને કરાયેલો પ્રણામ ચિન્તામણિ અને કલ્પવૃક્ષથી અધિક છે એમ ત્યાં કહેવાયું છે

૫૪ तौ हि प्रसन्नावप्यैहिकं फलं दातुमीशौ त्वत्प्रणामस्तु चिन्तातीतमोक्षलक्षणपारलौकिकफलप्रदानसमर्थ इति युक्तमेव तयोरप्यधिकत्वमिति भावः। સિ. ચ. વ્યા.

૫૫ विशिष्टप्रमाणात्मके देवतत्त्व–गुरुतत्त्व- धर्मतत्त्वनिश्चयरूपे वा । અ. ક. લ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વની વ્યાખ્યા શાસ્ત્રકારોએ આ પ્રમાણે જણાવી છે. દેવમાં દેવપણાની, ગુરુમાં ગુરુપણાની અને ધર્મમાં ધર્મપણાની જે શુદ્ધ બુદ્ધિ તે સમ્યક્ત્વ છે.[૫૬]

૩૨ अविग्घेणं-[अविघ्नेन]-નિર્વિઘ્નપણે.

૩૩ अयरामरं-[अजरामरं]-અજર અને અમર સ્થાન.

એટલે કે જ્યાં વૃદ્ધાવસ્થા નથી તથા જ્યાં મૃત્યુ નથી એવું સ્થાન, મુક્તિરૂપી સ્થાન.

૩૪ ठाणं-[स्थानं]-સ્થાનને, પૂર્વોક્ત ગુણોવાળા મોક્ષરૂપી સ્થાનને.

૩૫ पावंति-[प्राप्नुवन्ति]-પ્રાપ્ત કરે છે.

## ચોથી ગાથાનો અર્થનિર્ણય

**(હે ભગવન્) ચિન્તામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અત્યંત ઉત્કૃષ્ટ એવું તારું* સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જીવો નિર્વિઘ્નપણે અજર અને અમર એવા સ્થાનને (મોક્ષને) પામે છે.**



૫૬ या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः। धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥२॥
—યો. શા., પ્ર. ૨, શ્લો. ૨

* સ્તુતિમાં એકવચન પ્રશસ્ય ગણાય છે માટે અહીં એકવચન વપરાયેલ છે.
बाल्ये सुतानाम् सुरतेऽङ्गनानाम्। स्तुतौ कवीनाम् समरे भटानाम्। त्वंकारयुक्ता हि गिरः प्रशस्ताः।
ભોજપ્રબંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા ૫મી

૩૬ महायस !–[ महायशः ! ]–હે મહાયશસ્વી ! , ત્રૈલોકયમાં ફેલાઇ ચૂકેલા યશવાળા ! ,

આ પદની વ્યુત્પત્તિ ' महत् त्रैलोक्यव्यापि यशः कीर्तिर्यस्य सः महायशाः तत्सम्बोधनम् हे महायशः ' એ રીતે થાય છે.

આ પાંચમી ગાથાના પ્રથમ પદનો બીજી રીતે પણ અર્થ કરાયો છે. તે અર્થ કરતી વેળા इति संम्तुतः अमहागसः એ રીતે સંસ્કૃત રૂપાન્તર કરાય છે. ' अम ' એટલે રોગ તેને હણે તે ' अमहा ' અને आगः એટલે પાપ તેને स्यति એટલે તેનો અંત કરે તે आगस ' अमहा चासौ आगसश्च अमहागसः तत्सम्बोधनम् हे अमहागस ! ' તેનું પ્રાકૃતમાં ' अमहायस ' થાય ' अमहायस ' ના अ નો ' संथुओ ' ના ओ માં લોપ થવાથી 'संथुओ महायस' એ પ્રમાણે થાય.[૫૭]

૩૭ भत्तिभरनिब्भरेण–[भक्तिभरनिर्भरेण] ભક્તિના સમૂહથી સંપૂર્ણ.

આ પદ, પછી આવનાર ' हिअएण ' પદનું વિશેષણ છે. આ પદની વ્યુત્પતિ 'भक्तेः भरः भक्तिभरः तेन निर्भरं भक्तिभरनिर्भरम् तेन भक्तिभरनिर्भरेण ' આ પ્રમાણે થાય છે.

ભક્તિનો અર્થ આન્તરપ્રીતિ છે.[૫૮]

ગુણોના બહુમાનથી અંતઃકરણમાં ઉત્પન્ન થતા પ્રીતિરસને ' ભક્તિ ' શબ્દથી દર્શાવવામાં આવે છે કે જે ગુણજન્ય પ્રીતિ હોય છે. તેમાં કોઇ જ સ્વાર્થ યા અન્ય કારણ હોતું નથી.

૩૮ हियएण–[हृदयेन] હૃદયવડે, અંતઃકરણ વડે, મનવડે.

૩૯ इअ [इति]–આ પ્રમાણે, પૂર્વોક્ત પ્રકારે.

૪૦ संथुओ [संस्तुतः]–સારી રીતે સ્તવ્યા, વર્ણવ્યા.

૪૧ ता [ तस्मात् ]–તેથી.

---

૫૭ अथवा अमा रोगास्तान् हन्तीत्यमहा आगः पापं स्यति अन्तं नयतीत्यागसः ततो विशेषणकर्मधारये अमहागसः तस्यामन्त्रणम् । અ. ક. લ.

૫૮ भक्तेः आन्तरप्रीतेः અ. ક. લ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૨ देव ! [ देव ! ] આરાધ્ય દેવ. અથવા તો ત્રણે જગતના લોકોથી સ્તુતિ કરાતા હે પ્રભુ ![૫૯] અથવા તો સકલ રાગાદિ મલરૂપ કલંકથી રહિત, સર્વે જીવોના યોગ અને ક્ષેમને વહન કરનારા, શસ્ત્રાદિ ઉપાધિથી રહિત હોવાથી પ્રસન્નતાના પાત્ર, જ્યોતિરૂપ, દેવાધિદેવ, સર્વજ્ઞ એવા વિશિષ્ટ આત્મા ! [૫૯અ]

૪૩. जिणचंद !-[ जिनचन्द्र ! ] જિનોમાં ચન્દ્ર સમાન.

'જિનો' એટલે સામાન્ય કેવલીઓ.[૬૦] રાગ આદિને જીતે તે 'જિન' કહેવાય છે.[૬૧]

૪૪ पास ! [ पार्श्व ! ] હે પાર્શ્વનાથ ભગવંત ! હે તેવીસમા અર્હત્ ભગવન્ત !

૪૫ भवे भवे [भवे भवे] પ્રત્યેક જન્મમાં, એક એક જન્મમાં, અર્થાત્ જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી. [૬૨]

૪૬ बोहिं [बोधिम्] બોધિને.

ત્રણ રત્નોની પ્રાપ્તિ* અથવા ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ તે બોધિનો અર્થ છે.[૬૩]

૪૭ दिज्ज [ देहि ] આપો.

શ્રી પાર્શ્વનાથ ભગવંત રાગાદિના વિજેતા છે માટે તે જિન તો છે જ પરંતુ જિનોમાં પણ ઉત્કૃષ્ટ હોવાથી તેમને જિનોરૂપી તારકોમાં ચન્દ્રની ઉપમા આપી તે વડે અલંકૃત કરાયા છે.[૬૪]

તેઓ ચોત્રીસ અતિશયોરૂપી સમૃદ્ધિથી સહિત હોવાથી ભવ્ય જીવોને આહ્લાદ પેદા કરનારા છે માટે ચન્દ્ર સમાન છે.[૬૫]

## પાંચમી ગાથાનો અર્થનિર્ણય

**હે મહાયશસ્વિ ! ભક્તિના સમૂહથી સંપૂર્ણ હૃદયવડે આ ( પૂર્વોક્ત ) પ્રકારે (મેં) આપને સ્તવ્યા. તેથી હે આરાધ્ય દેવ ! જિનોમાં ચન્દ્રસમાન ! શ્રી પાર્શ્વનાથ ભગવંત+ મને જન્મોજન્મમાં જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિ આપો.**

---

૫૯ दीव्यते स्तूयते त्रिजगज्जनैरिति देवः आराध्यस्तस्यामन्त्रणम् । અ. ક. લ.

૫૯અ सकलरागादिमलकलंकविकलो योगक्षेमविधायी शस्त्राद्युपाधिरहितत्वात् प्रसत्तिपात्रं ज्योतीरूपं देवाधिदेवः सर्वज्ञः पुरुषविशेषः । सिद्धहेम श. नु. शब्दमहा. न्यास. ( नम. स्वा. सं. वि. पृ. २९ )

૬૦ जिनाः सामान्यकेवलिनः । અ. ક. લ.

૬૧ रागादिजेतृत्वाज्जिनाः । અ. ક. લ.

૬૨ जन्मनि जन्मनि यावन्मोक्षं न प्राप्नोमीति भावः । અ. ક. લ.

* ત્રણ રત્નો તે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્ર છે.

૬૩ बोधिं रत्नत्रयप्राप्तिं प्रेत्य जिनधर्मावाप्तिं वा । અ. ક. લ.

૬૪ पार्श्वश्चासौ जिनचन्द्रश्च पार्श्वजिनचन्द्रः तत्संबोधनम् हे पार्श्वजिनचन्द्र ! હ. કી. વ્યા.

૬૫ चतुस्त्रिंशदतिशयसम्पत्समन्वितेनाह्लादकत्वात्जिनचन्द्रस्तस्यामन्त्रणम् । અ. ક. લ.
जिनेषु चन्द्र इव चन्द्रः भव्यानामतीवाह्लादकत्वात् । હ. કી. વ્યા.

+ હર્ષકીર્તિસૂરિ पार्श्वजिनचन्द्र ને બે પદો ન ગણતાં સમસ્તને એક જ પદ ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ચારૂપ મંડન પાર્શ્વનાથ-ચારૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકરણ પાંચમું

: ૫ :

# પ્રશ્નોત્તર

(૧)

પ્રશ્ન. વિસહર કુલિંગ એ મંત્ર છે તો મંત્રોનું નિર્માણ કોણ કરે ?

ઉત્તર. જેઓ ખરેખર સત્યસંકલ્પવાળા હોય છે તેઓ જ મંત્રોનું નિર્માણ કરી શકે છે. એટલે કે 'આ મંત્રથી આ કાર્ય થાવ' એવો સંકલ્પ જે વિકૃષ્ટતપવાળા મુનિઓ દ્વારા કરાયેલો હોય, તે વિકૃષ્ટતપવાળા મુનિઓ જ સત્યસંકલ્પવાળા કહેવાય.[૧]

[ પોતાની ઇચ્છાને સિદ્ધ કરવાની જેમનામાં શક્તિ હોય અથવા પોતે જે ઇચ્છા કરે તે સિદ્ધ થાય તેવી શક્તિવાળા સત્યસંકલ્પ કહેવાય છે ]

(૨)

પ્રશ્ન. સત્યસંકલ્પતાનો પ્રભાવ કોનામાં હોય ?

ઉત્તર. સત્યસંકલ્પતાનો પ્રભાવ વિકૃષ્ટતપવાળા મુનિઓમાં જ હોય છે અને તે પણ પ્રાણાતિપાત વિરમણ આદિ મહાવ્રતો તથા છઠ્ઠ અઠ્ઠમાદિ તપના પ્રભાવથી જ હોય છે.[૨]

(૩)

પ્રશ્ન. શબ્દશક્તિથી અર્થક્રિયા કરવાનું સામર્થ્ય સંભવે ? કે પુરુષશક્તિથી પણ સંભવે ?

ઉત્તર. અર્થક્રિયા કરવાનું સામર્થ્ય શબ્દશક્તિ તેમજ પુરુષશક્તિથી સંભવે છે. જો માત્ર શબ્દશક્તિથી જ અર્થક્રિયા કરવાનું સામર્થ્ય માનવામાં આવે તો મંડલ, મુદ્રા વગેરે નિષ્ફળ બની જાય અને તે કરવાની આવશ્યકતા ન રહે. ઉપરાંત વિધિ અને અભિસંધિના વિશેષની અપેક્ષા ન રહે.[૩]

(૪)

પ્રશ્ન. અભિસંધિ એટલે શું ?

ઉત્તર. અભિસંધિ એટલે ફળ વગેરેનો ઉદ્દેશ.[૩અ]

---

૧ ये हि सत्यसंकल्पास्त एव मन्त्रान्कर्तुं शक्नुवन्ति । –સ્યા. ૨. પરિ. ૪ સૂ૦ ૭ પૃ. ૬૩૨–૬૩૩

૨ सत्यसंकल्पता च सुमुनीनां प्राणातिपातविरमणादिपञ्चमहाव्रत-षष्ठाष्टमादितपःकरणप्रभावात्सुप्रतीतैव सचेतसाम् । સ્યા. ૨ પરિ. ૪ સૂ૦ ૭ પૃ. ૬૩૨–૬૩૩

૩ न च वाच्यं शब्दशक्तित एव निर्विषीकरणादिफलनिष्पत्तिर्न पुनः पुरुषशक्तेरिति मुद्रामण्डलादीनां नैष्फल्येनाकरणप्रसंगात्, पुरुषाणां विध्यभिसन्धिविशेषानपेक्षित्वप्रसंगाच्च । સ્યા. ૨. પરિ. ૪ સૂ૦ ૭ પૃ. ૬૩૨–૬૩૩

૩અ જુઓ શબ્દચિંતામણિકોષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫)

પ્રશ્ન. મંત્રજાપ કરવાથી ફલસિદ્ધિ કેવી રીતે થાય ?

ઉત્તર. મંત્રના રચયિતા દ્વારા જ્યાં જે પ્રકારનો સિદ્ધાન્ત નક્કી કરાય ત્યાં તે પ્રકારના સિદ્ધાન્તનું પરિપાલન કરવાથી ફલસિદ્ધિ થાય છે.[૪]

(૬)

પ્રશ્ન. જે દેવતાનો મંત્ર હોય તે જ દેવતા મંત્રના સાધકને ફળ આપે છે કે બીજા કોઈ દેવ પણ ફળ આપે છે ?

ઉત્તર. જે દેવતાને આશ્રયીને મંત્ર રચાયો હોય તે જ દેવતા તે મંત્રના વિધિપૂર્વકના પ્રયોગના સામર્થ્યથી સિદ્ધાન્તને અનુસરતા પુરુષને અનુગૃહીત કરે છે. બીજા દેવતા નહિં. [૫]

(૭)

પ્રશ્ન. ઉવસગ્ગહરં સ્તોત્ર આધ્યાત્મિક નિવૃત્તિદાયક જ છે કે આધિદૈવિક તથા આધિભૌતિક ઉપદ્રવોથી પણ નિવૃત્તિ આપનાર છે ?

ઉત્તર. આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે. આ સ્તોત્રનું સ્મરણ કરનારના આધિભૌતિક તથા આધિદૈવિક ઉપદ્રવો નાશ થાય છે. તે હકીકત સ્તોત્રની બીજી ગાથામાં સ્તોત્રકારે સ્પષ્ટ કરેલ છે અને પરંપરાએ તે આધ્યાત્મિક નિવૃત્તિ આપનાર છે તે સ્તોત્રની ચોથી ગાથામાં સ્પષ્ટ કરેલ છે. એટલે આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે.

(૮)

પ્રશ્ન. 'नमिऊण पास विसहर' એ 'મંત્ર' છે ? કે 'માલામંત્ર' છે ?

ઉત્તર. 'नमिऊण पास विसहरवसह जिणफुलिंग' એ 'મંત્ર' છે કારણ કે દશ અક્ષરોથી વીસ અક્ષરો પર્યંતના મંત્રને 'મંત્ર' કહેવામાં આવે છે જ્યારે એકવીશ અક્ષરો યા તેથી વધુ અક્ષરોવાળા મંત્રને 'માલામંત્ર' કહેવામાં આવે છે.[૬]

(૯)

પ્રશ્ન૦ ઉવસગ્ગહરં સ્તોત્રનો માત્ર પાઠ જ કરવાથી ઇષ્ટ ફળો મળે છે કે તેની સાધના કરવાથી જ ઇષ્ટ ફળ મળે છે ?

---

૪ येन हि यत्र यथा समयः कृतस्तत्र तथा समयानुपालनात् फलं निष्पद्यते । સ્યા. ર. પરિ. ૪ સૂ૦ ૭ પૃ. ૬૩૨-૩૩

૫ यां वा देवतामाश्रित्य मन्त्रः सैव तत्समभिव्यापारसामर्थ्यात् समयमनुपालयन्तमनुगृह्णाति । સ્યા. પરિ. ૪. સૂ૦ ૭ પૃ. ૬૩૨-૩૩

૬ आविंशत्यक्षरान्मन्त्रः समारभ्य दशाक्षरात् । ये विंशत्यक्षरादूर्ध्वं मन्त्रमाला (मालामन्त्रा) इति स्मृताः॥ ॥૨૬॥ વિદ્યાનુશાસન. (યો. શા. અ. પ્ર. વિભા. ૧ કિ. ૨ પૃ. ૮૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર. ઉવસગ્ગહર સ્તોત્રનો વિધિપૂર્વક તેના અર્થના ચિન્તનમાં ઉપયોગવાન બનવાપૂર્વક જો માત્ર જાપ જ કરવામાં આવે તો પણ તે ફળદાયક થાય છે. કારણ કે શ્રી પાર્શ્વનાથ ભગવંતના નામરૂપી મંત્રથી આ સ્તોત્ર અધિષ્ઠિત છે અને ભગવંતનું નામ એ જ સિદ્ધ મંત્ર છે.[૬અ] તેથી તેનો જાપ પણ ઇષ્ટ ફળદાયક થાય છે.

(૧૦)

પ્રશ્ન. ઉવસગ્ગહરં સ્તોત્રના જાપદ્વારા તે સ્તોત્રના અધિષ્ઠાયક દેવો સાધક ઉપર પ્રસન્ન થાય છે અને તેના વિઘ્નો દૂર કરે છે તે શું સત્ય છે ?

ઉત્તર. હા. તે વાત સત્ય છે અને તેથી જ "ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ છે જેમને" એ વિશેષણ મૂકાયેલ છે.

(૧૧)

પ્રશ્ન. ઉવસગ્ગહરં સ્તોત્ર સર્વજ્ઞભાષિત છે માટે દેવાધિષ્ઠિત છે તે વાત સત્ય છે ?

ઉત્તર. હા. તે વાત સત્ય છે. કારણ કે જે જે વસ્તુ લક્ષણોપેત હોય તે દેવાધિષ્ઠિત હોય છે. સૂત્ર લક્ષણોપેત હોય છે કારણ કે તે સર્વજ્ઞભાષિત હોય છે.[૬આ]

(૧૨)

પ્રશ્ન. જે જે લક્ષણોપેત હોય તે તે દેવાધિષ્ઠિત હોય તેવાં અન્ય દૃષ્ટાન્તો ઉપલબ્ધ થાય છે ?

ઉત્તર. હા. ભગવતી સૂત્રના ૧૪મા શતકના ૮મા ઉદ્દેશામાં શ્રી ગૌતમગણધરના નીચે મુજબના પ્રશ્ન "કે હે ભગવંત ! આ સાલ વૃક્ષનો જીવ અહીંથી કાળ કરીને ક્યાં ઉત્પન્ન થશે ?" ના ઉત્તરમાં ભગવંત શ્રી મહાવીર પરમાત્માએ ફરમાવ્યું છે કે "હે ગૌતમ ! તે સાલવૃક્ષનો જીવ આ જ રાજગૃહનગરમાં સાલવૃક્ષ તરીકે ઉત્પન્ન થશે તે ત્યાં અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત, પ્રધાન, જેની સેવા સફળ થાય તેવો, જેનું દેવવડે સાંનિધ્ય કરાયું છે તેવો થશે."[૭]

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે લક્ષણોપેત વસ્તુઓ દેવાધિષ્ઠિત હોય છે.

(૧૩)

પ્રશ્ન. ભગવાન શ્રી વર્ધમાનસ્વામીએ અર્થથી વિદ્યાઓ અને મંત્રો દર્શાવ્યા છે તે વાત સત્ય છે ?

---

૬અ तुहनामक्खरफुडसिद्ध-मंतगुरुआ नरा लोए । નમિઊણસ્તોત્ર ગા ૯

૬આ सव्वं च लक्खणोवेयं समहिट्ठंति देवता। सुत्तं च लक्खणोवेयं जेण सव्वण्णुभासियं ॥ પા૦ સૂ૦ ૧; પત્ર ૭૧

૭ एस णं भंते सालरुक्खे उण्हाभिहए तण्हाभिहए दवग्गिजालाभिहए कालमासे कालं किच्चा कहिं गच्छिहिति कहिं उववज्जिहिति ? गोयमा ! इहेव रायगिहे नगरे सालरुक्खत्ताए पच्चायाहिति, से णं तत्थ अच्चिय वंदिय पूईय सक्कारिय सम्माणिए दिव्वे सच्चे सच्चोवाए सन्निहियपाडिहेरे लाउल्लोइयमहिए यावि भविस्सइ...। ભ. સૂ૦ ૧૪શ. ૮ઉ. પૃ. ૬૫૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર. હા. ભગવાન શ્રીવર્ધમાનસ્વામીએ સૌથી પહેલાં અર્થથી ૧૪ પૂર્વો દર્શાવ્યાં છે. તે પછી જ અંગો દર્શાવ્યાં છે. તેથી જ તેને 'પૂર્વ' કહેવામાં આવે છે. તે ચૌદ પૂર્વો પૈકી દશમા પૂર્વ વિદ્યાપ્રવાદમાં તે ભગવંતે અર્થથી વિદ્યાઓ અને મંત્રો દર્શાવ્યા છે.

(૧૪)

પ્રશ્ન. તો પછી 'नमिऊण पास विसहर' મંત્રના અર્થથી પ્રકાશનારા ભગવાન શ્રીવર્ધમાન સ્વામી જ ગણાય ને ?

ઉત્તર. હા. તે દૃષ્ટિએ વિચારતાં नमिऊण મંત્રના અર્થથી પ્રકાશનારા ભગવાન શ્રીવર્ધમાનસ્વામી જ કહી શકાય. કારણ કે આચાર્ય શ્રીભદ્રબાહુસ્વામીએ પૂર્વોમાંથી ઉદ્ધાર કરીને આ સ્તોત્ર રચ્યાનો ચતુર્વિંશતિ પ્રબંધમાં ઉલ્લેખ છે.[૮]

(૧૫)

પ્રશ્ન. ઉવસગ્ગહર એ કેવળ ભક્તિ સ્તોત્ર છે, કે મંત્ર યંત્રથી યુક્ત સ્તોત્ર છે ?

ઉત્તર. ઉવસગ્ગહર એ પરમેશ્વર શ્રીપાર્શ્વનાથની સ્તવના દ્વારા ભક્તિરસને વહાવતું એક આધ્યાત્મિક સુંદર સ્તોત્ર હોવા સાથે મંત્રો તથા યંત્રોથી યુક્ત કૃતિ છે કે જેના દ્વારા અનેક ભવ્યાત્માઓએ પોતાના ઇષ્ટદેવ સાથે નૈકટ્ય સાધવાપૂર્વક પોતાનાં આધિભૌતિક કષ્ટોથી પણ મુક્તિ પ્રાપ્ત કરી છે.

(૧૬)

પ્રશ્ન. ભગવાન શ્રી મહાવીરે જૈન શ્રમણોને માટે મંત્ર, મૂલ વૈદ્યક, વમન વિરેચન આદિ ચિકિત્સાના પ્રયોગોને વર્જ્ય ગણ્યા છે અને તેનો પ્રયોગ ન કરે તેને જ ભિક્ષુ કહ્યા છે તો પછી શ્રુતકેવલી આચાર્યો મંત્ર યંત્રમય કૃતિઓ રચે ખરા ?[૮અ]

ઉત્તર. આ પ્રયોગો ત્યારે જ વર્જ્ય કહ્યા છે કે જ્યારે તે આજીવિકા માટે અથવા વ્યક્તિગત સ્વાર્થ માટે કે ઇહલૌકિક કામના માટે તેની સાધના કરવામાં આવે. ચૌદ પૂર્વમાં નિમિત્તજ્ઞાન, વિદ્યાઓ તથા મંત્રોનો વિષય આવતો હતો જેનું સંપૂર્ણ જ્ઞાન આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીને હતું.

બીજું, વિદ્યા અને મંત્ર દૂષિત નથી પણ તેનો દુરુપયોગ કરવો તે દૂષિત છે. જો વિદ્યા અને મંત્ર દૂષિત હોત તો ભગવાન શ્રી મહાવીરના ઘણા અંતેવાસીઓ વિદ્યાપ્રધાન તથા મંત્રપ્રધાન હતા. એવો આગમોમાં ઉલ્લેખ પ્રાપ્ત ન થાત.

---

૮ ततः पूर्वेभ्य उद्धृत्य, 'उवसग्गहरं पासं' इत्यादि स्तवनं गाथापञ्चकमयं संदृब्धं गुरुभिः। ચ. વિ. પ્ર., પૃ. ૭

૮અ मंतमूलं विविहं वेज्जचिंतं वमण-विरेयण-धूमनित्त सिणाण-आउरे सरणं तिगिच्छियंच तं परिन्नाय परिव्वए स भिक्खू। ઉત્તરાધ્યયન સૂત્ર ૧૫મું અધ્યયન

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

પરંતુ તેમ નથી અને તેથી જ જ્યારે જ્યારે શાસન ઉપર, ચતુર્વિધ સંઘ ઉપર, ચૈત્યો ઉપર આપત્તિઓ આવી છે, ત્યારે ત્યારે પૂર્વાચાર્યોએ તે તે આપત્તિઓનું નિવારણ મંત્રો દ્વારા પણ કર્યાના સેંકડો દૃષ્ટાન્તો ઉપલબ્ધ થાય છે.

(૧૭)

પ્રશ્ન. ભદ્રબાહુસ્વામીએ ઉપસર્ગના નિવારણ માટે ચોવીસ તીર્થંકરોમાંથી કેવળ શ્રી પાર્શ્વનાથ સ્વામીનું જ સ્તવનામય સ્તોત્ર શા માટે રચ્યું ?

ઉત્તર. ચોવીસેય તીર્થંકરોનું નામ, સ્મરણ કે ધ્યાન ઉપદ્રવોને નિવારનાર છે પરંતુ ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામી વિશિષ્ટપુણ્યપ્રકૃતિસંપન્ન હતા, પુરુષાદાનીય હતા, જેમની પૂજા, ભક્તિ, નામસ્મરણ, ગુણગાન, આ અવસર્પિણીની પૂર્વેની ઉત્સર્પિણીથી ચાલુ હતા તેથી તેમના નામસ્મરણ કે ધ્યાનનું બલ ઉત્કૃષ્ટ કોટિનું ફલદાયક હોવાથી તે પરમેશ્વરના સ્તવનામય સ્તોત્રની રચના કરી છે.

(૧૮)

પ્રશ્ન. ઉવસગ્ગહરં સ્તોત્રના પાઠ માત્રથી પૂર્વકાલમાં નાગરાજ ધરણેન્દ્ર પ્રત્યક્ષ હાજર થતા હતા તે વાત સત્ય છે ?

ઉત્તર. જિનસૂરમુનિકૃત પ્રિયંકરનૃપકથામાં જણાવ્યું છે કે પ્રથમ આ સ્તોત્રમાં છઠ્ઠી ગાથા પણ હતી. તેના સ્મરણથી ધરણેન્દ્ર તરત જ પ્રત્યક્ષ થતા હતા અને કષ્ટનું નિવારણ કરતા હતા.

(૧૯)

પ્રશ્ન તે છઠ્ઠી ગાથા કયી હતી ?

ઉત્તર. જો ઉવસગ્ગહરં સ્તોત્રમાં છઠ્ઠી ગાથા હોય તો ય હાલ તે ઉપલબ્ધ નથી કારણ કે ધરણેન્દ્રે આવીને આચાર્ય ભદ્રબાહુસ્વામીને વિનંતિ કરી કે 'આ સ્તોત્રના પ્રભાવથી મારે આ સ્તોત્રનું સ્મરણ કરનાર પાસે વારંવાર આવવું પડે છે માટે આપ છઠ્ઠી ગાથા સંહરી લો. હવેથી માત્ર પાંચ ગાથાઓનું સ્મરણ કરવાથી પણ હું સાંનિધ્ય કરતો રહીશ.' તેથી છઠ્ઠી ગાથા આચાર્ય ભદ્રબાહુસ્વામીએ સંહરી લીધી અને ત્યારથી ઉવસગ્ગહરં સ્તોત્ર પાંચ ગાથા પ્રમાણ રહ્યું એવી કિંવદન્તી છે.

(૨૦)

પ્રશ્ન. સંથુઓ પદનો અર્થ 'સારી રીતે સ્તવાયેલા' છે તો સારી રીતે એટલે શું ?

ઉત્તર. 'સારી રીતે' એટલે 'સ્નેહપૂર્વક' એમ સમજવું. ભગવતી સૂત્રના ૧૪મા શતકના ૭ મા ઉદ્દેશામાં ભગવાન શ્રીવર્ધમાનસ્વામીએ શ્રીગૌતમ ગણધરને આપેલા પ્રત્યુત્તરમાં કહ્યું છે કે 'चिरसंथुओऽसि मे गोयमा' આ પદની ભગવતી સૂત્રની અભય-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવસૂરિકૃત ટીકામાં 'સંસ્તુતઃ' નો અર્થ 'સ્નેહથી પ્રશંસા કરાયેલા' એ પ્રમાણે કરાયો છે[1] તેથી અહીં ઉવસગ્ગહરંમાં પણ 'संथुओ' નો અર્થ 'સ્નેહપૂર્વક સ્તવાયેલા'–આન્તરપ્રીતિપૂર્વક સ્તવાયેલા–એ પ્રમાણે છે

(૨૧)

પ્રશ્ન. ભગવંતની સ્તવના તથા ભગવંત પ્રત્યેની ભક્તિ આ બેમાં પ્રાધાન્ય કોનું ?

ઉત્તર. પ્રાધાન્ય ભક્તિનું છે, માત્ર સ્તવનાનું નથી. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય **શ્રીયશોવિજયજીએ શંખેશ્વર પાર્શ્વજિન સ્તોત્ર**માં જણાવ્યું છે કે–શમ, દમ, દાન, અધ્યયનની નિષ્ઠા આ બધું જો તમારી ભક્તિથી રહિત હોય તો વૃથા જ છે.[2]

(૨૨)

પ્રશ્ન. 'विसहरविसनिन्नासं' પદમાં રહેલ 'વિસહર' શબ્દથી માત્ર ઝેરી સર્પો' અર્થ જ સમજવો કે અન્ય ઝેરી જીવ જંતુઓ પણ લેવા ?

ઉત્તર. ઝેરી જીવજંતુઓમાં અગ્રસ્થાને વિષધર સર્પો હોવાથી તેમનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે. તે સર્વગ્રાહી છે તેથી સર્વ વિષધર જંતુઓ તેમાં સમાવિષ્ટ થઈ જ જાય છે. અન્ય સ્થળોએ સર્વ વિષધરોના નામો પણ સ્તોત્રકારે જણાવ્યા છે. **વૈરોટ્યાદેવીસ્તવ**માં **આર્યનંદિલે** વિષધરોના નામો જણાવતાં—

वासुगि अणंत तक्खग कंकोलय नाम पउम महापउमा ।
संखकुलिससिनामा अट्ठकुलाइं च धारेइ ॥ ५ ॥

કહ્યા બાદ અન્ય ઝેરવાળા પ્રાણીઓની ગણત્રી કરતાં—

विंछिअ कन्न सिआली-कंकाही गोरसप्प सप्पेअ ।
मोहे उंदुर चित्ती किक्कीडूअ हिंडु अ वसे अ ॥ ७ ॥

वंतर गोणस जाई सत्तवडा अहिवडा य परडा य ।
भमरसिराहि घिरोलिय घिरीलीयाणं च नासेइ ॥ ८ ॥*

આ બધાં નામો ગણાવ્યાં છે. 'ઉવસગ્ગહર' એ સૂત્રાત્મક હોવાથી ટૂંકમાં માત્ર 'વિષધર' શબ્દ જ વાપરવામાં આવેલ છે.

---

૧ चिरम् बहुकालम् अतीतं यावत् संस्तुतः स्नेहात् प्रशंसितश्चिरसंस्तुतः । ભગવતીસૂત્ર ભાગ ૨ જો પત્ર ૬૪ A

૨ शमो दमो दानमधीतिनिष्ठा वृथव सर्वं तव भक्तिहीनम् ॥१५॥ જૈ. સ્તો. સં. ભા. ૧ પૃ. ૩૮૨

* જૈન સ્તો૦ સં. ભા. ૧ પૃ. ૩૪૭

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

(૨૩)

પ્રશ્ન. ઉવસગ્ગહરંની પાંચમી ગાથામાં ભગવંત પાસે 'આપ બોધિ આપો' એવી યાચના કરવામાં આવી છે તો શું જિનવરેન્દ્રો બોધિ આપે છે ખરા ?

ઉત્તર. આ પ્રશ્નનો ઉત્તર આપતાં **આવશ્યક હારિભદ્રીય ટીકા** વગેરેમાં જણાવ્યું છે કે આ ભક્તિથી બોલાયેલી ભાષા છે. આ અસત્યામૃષા નામનો ભાષાનો એક પ્રકાર છે. ખરી રીતે જોતાં તો શ્રી તીર્થંકરદેવો પ્રત્યેની ભક્તિથી સ્વયમેવ ઉપર્યુક્ત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે માટે જ કહેવાય છે કે 'તમે આપો.' તેમની ભક્તિ-સ્તવના દ્વારા મળતી વસ્તુ તેમણે જ આપી કહેવાય એ અપેક્ષાએ તેમની પાસે 'બોધિ આપો' એવી યાચના કરવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અર્થસંકલના

ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વ યક્ષ છે જેને ( જેની સેવા કરી રહ્યો છે ) એવા, કર્મરૂપી મેઘોથી અથવા ઘાતીકર્મોથી રહિત, ઝેરી સર્પોના વિષનો સંપૂર્ણપણે નાશ કરનાર અને વિપત્તિઓનું ઉપશમન તથા સંપત્તિઓનો ઉત્કર્ષ કરનાર શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું. ૧

જે મનુષ્ય 'विसहरफुलिंग' મન્ત્રને સદાકાલ કંઠમાં ધારણ કરે છે તેના કુપિત ગ્રહો, રોગો, મરકી આદિ ઉપદ્રવો તથા દુષ્ટ એવા જ્વરો અથવા દુર્જનો અને જ્વરો ઉપશાન્ત થાય છે. ૨

મન્ત્રનો મહિમા તો એક બાજુ રહો પરંતુ તમને કરેલો પ્રણામ પણ બહુફલ-દાયક થાય છે. (તેનાથી) મનુષ્ય કે તિર્યંચ યોનિમાં પણ જીવો દુઃખ કે દારિદ્રને પામતા નથી. ૩

ચિન્તામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારૂં સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવો અજરામર સ્થાનને નિર્વિઘ્ને મેળવે છે. ૪

હે મહાયશસ્વી ! ભક્તિના સમૂહથી સંપૂર્ણ હૃદયવડે આ પ્રમાણે મેં તમને સ્તવ્યા, તેથી હે દેવ ! જિનચન્દ્ર ! શ્રી પાર્શ્વનાથ ભગવંત ! ભવોભવ મને બોધિ ( જિનધર્મ-પ્રાપ્તિ ) આપો. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સહસ્રફણા છત્રાચ્છાદિત પ્રભુ શ્રી પાર્શ્વનાથ-રાણકપુર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# : ૭ : ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓના વિભિન્ન વિભિન્ન અર્થો

उवसग्गहरं સ્તોત્રની પાંચ ગાથાઓ પૈકી પ્રત્યેક ગાથાના તથા ગાથાના પદોનાં જુદી જુદી રીતે અર્થો ટીકાકારોએ કરી બતાવ્યા છે.

પ્રત્યેક પદોનો જેમ શ્રી પાર્શ્વનાથ ભગવંત સાથે સંબંધ જોડી અર્થ કરાયો છે, તે રીતે શ્રી ધરણેન્દ્ર, પદ્માવતી તથા પાર્શ્વયક્ષ સાથે સંબંધ જોડીને પણ અર્થ કરાયો છે. અહીં તો જે પદોનો શ્રી પાર્શ્વનાથ ભગવંત સાથે સંબંધ છે અને તેના જુદા જુદા અર્થો કરાયા છે તે જ માત્ર દર્શાવાશે.

पासं—

આ પદનો અર્થ 'સમીપ' પણ કરાયો છે એટલે ઉપસર્ગોને દૂર કરનારા (ઉપ-લક્ષણથી ધરણેન્દ્ર આદિ) સમીપમાં છે જેમને એવા[1] અથવા તો—

ઉપસર્ગોને દૂર કરનારું સમીપ (સામીપ્ય) છે જેમનું એવા[2] એ પ્રમાણે પણ અર્થ થાય છે.

ઉપરાંત पासं પદનો અર્થ 'જોનારા' પણ થાય છે.

એટલે ત્રણે કાલમાં વર્તતી વસ્તુઓના સમૂહને જુએ તે पश्य તેને. (પશ્યનું પ્રાકૃત રૂપાન્તર 'पासं' થાય છે.)[3]

'पासं' નો અર્થ જેની આશાઓ સંપૂર્ણપણે ચાલી ગઈ છે તેવાને, આકાંક્ષા વિનાનાને. એ પ્રમાણે પણ થાય છે.[4]

'पासं'નો અર્થ 'પરમૈશ્વર્યયુક્તને' એ પ્રમાણે પણ થાય છે.[5]

જો કે આ બધા અર્થો કરતી વેળા पासं પદની નિષ્પત્તિ જુદી જુદી રીતે કરવી પડે છે.

---

૧ उपसर्गहरा वा धरणेन्द्रादयः पार्श्वे-समीपे सततसन्निहितत्वात् यस्य तम् । અ. ક. લ. પૃ. ૧૧

૨ उपसर्गहरं पार्श्वं समीपं यस्य स तम् । હ. કી. વ્યા. પૃ. ૧૪

૩ पश्यति कालत्रयवर्ति वस्तुजातमिति पश्यस्तम् । प्राकृतव्युत्पत्त्या पासं इति । અ. ક. લ. પૃ. ૧૧

૪ यद्वा प्रगता आशा यस्य स प्राशस्तं, निराकाङ्क्षमित्यर्थः । અ. ક. લ. પૃ. ૧૧

૫ प्रासं परमैश्वर्यादियुक्तम् । ઉ. પદાર્થ હ. લિ. પ્રત પૃ. ૨૫ अ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમીપ અર્થ કરતી વેળા स्पृश् ધાતુ પરથી તે નિષ્પન્ન થાય છે.

'જોનારા' અર્થ કરતી વેળા दृश्-पश्य् પરથી તે નિષ્પન્ન થાય છે.

'આકાંક્ષા વિનાના' એ અર્થ કરતી વેળા प्र+आशा ઉપરથી બહુવ્રીહિ સમાસ કરી તે નિષ્પન્ન થાય છે.

**विसहरविसनिन्नासं**

વિષ એટલે પાણી. પ્રસ્તાવથી અહીં મણિકર્ણિકાનું પાણી સમજવાનું છે. તેમાં ગૃહ એટલે નિવાસ છે જેનો તે 'વિષગૃહ'. અહીં સામર્થ્યથી 'કમઠ મુનિ' અર્થ સમજવો. કારણ કે ઘણું કરીને વારાણસીમાં વસનારા પંચાગ્નિતપનું આચરણ મણિકર્ણિકાના* તીરે જ કરતા દેખાય છે.+ તે કમઠ મુનિનો વૃષ એટલે ધર્મ. (ધર્મ એટલા માટે કે લૌકિકો તેને ધર્મ તરીકે સ્વીકારે છે) જે પંચાગ્નિ તપ લક્ષણ તેનો નાશ કરનાર તે 'વિષગૃહ વૃષનિર્નાશ.'[૬] એટલે કે સળગતા અગ્નિમાં બળતા કાષ્ઠના પોલાણની અંદર મરી રહેલા સર્પને દેખાડવા વડે માતાના અને લોકોના મનમાં તે તપનો અધર્મરૂપે નિશ્ચય કરાવવા વડે જે ભગવંત 'વિષગૃહવૃષનિર્નાશ' છે તેમને.

અથવા તો,

વિષ એટલે મિથ્યાત્વ કષાય આદિ રૂપ ભાવવિષ તેને ધારણ કરનારા તે વિષધરો.

યા તો

વિષગૃહો એટલે મિથ્યાત્વ, કષાય આદિ દોષોથી દૂષિત છે આત્મા જેમનો એવા પ્રાણીઓ. તેમનું વિષ એટલે મિથ્યાત્વકષાયાદિ. તેનો નાશ કરનાર એટલે પોતાના વચનરૂપી અમૃત રસના ઉપયોગ વડે તેને દૂર કરનાર તે 'વિષધર વિષ નિર્નાશ' અથવા 'વિષગૃહ વિષ નિર્નાશ.'[૭]

**मणुओ–**

આ પદનો અર્થ નીચે મુજબ પણ કરાયો છે.

---

* આ નામનો વારાણસીમાં આજે પણ એક ઘાટ છે.

+ સિ. ચં. ગ. ઉવ. ની વ્યા. માં મણિકર્ણિકાના ઘાટનું જલ એમ કહેવાને બદલે મણિકર્ણિકા નદીનું જલ એમ લખે છે તે વિચારણીય છે. विषं-पानीयं प्रस्तावात् 'मणिकर्णिका' नदीजलं ।

૬ यदि वा विषं पानीयं प्रस्तावात् मणिकर्णिकाजलं तत्र 'घरं' ति गृहं-निवासो यस्यासौ विषगृहः । प्रायेण 'वाराणसी' वासिनः पंचाग्नितपश्चरणं 'मणिकर्णिका' तीर एव कुर्वाणा दृश्यन्ते । स च सामर्थ्यात् कमठ-मुनिस्तस्य वृषं-धर्मं लौकिकैर्धर्मतया गृह्यमाणत्वात् पञ्चाग्नितपश्चर्यालक्षणं निर्नाशयति यः प्रज्वलज्ज्वलनदह्यमान-काष्ठकोटरान्तर्म्रियमाणसर्पप्रदर्शनेन मातुर्लोकानां च मनसि तत्तपसोऽधर्मरूपत्वनिश्चायनात् तम् । અ. ક લ. પૃ. ૧૧

૭ अथवा विषं-मिथ्यात्वकषायादिलक्षणं भावविषं धारयन्तीति विषधरा विषग्रहा वा मिथ्यात्व-कषायादि दोष-दूषितात्मानः प्राणिनः तेषां विषं यथोक्तरूपमेव निर्नाशयति -निजवचनामृतरसोपयोजनेनापगमयतीति विषधरविष-निर्नाशो वा तम् । અ. ક. લ. પૃ, ૧૧

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

'મનુ' એટલે મન્ત્ર તેને જાણે તે 'મનુગ'. 'સર્વ ગત્યર્થક ધાતુઓ જ્ઞાનાર્થક છે' એ વચનથી 'गम्' ધાતુનો અર્થ અહીં 'જાણવું' એ પ્રમાણે કરાય છે તેથી 'मनुग' એટલે 'માન્ત્રિક.'[૮]

**उवसामं–**

આ પદનો અર્થ 'उ' અને 'वसामं' એમ બે પદોને છૂટા કરીને પણ કરાય છે. उ (तु) શબ્દ અવધારણાર્થક–નિશ્ચયાર્થક છે. 'वशाम' નો અર્થ છે વશ, આધીનતા. તેમાં જવું તે. એટલે કે વશગામિપણું. સંપૂર્ણ પદનો અર્થ આ પ્રમાણે થાય. બીજાઓમાં પણ વર્તમાન ગ્રહ–રોગ આદિ તેને વશવર્તી થાય છે કારણ કે તેનો પ્રતીકાર કરવાનું સામર્થ્ય તેનામાં પ્રકટે છે. બૃહદ્વૃત્તિમાં કહ્યું છે કે "શાન્તિક, પૌષ્ટિક, વશ્ય, આકર્ષણ, ઉચ્ચાટન, સ્તંભન, વિદ્વેષણ અને મારણ સ્વરૂપ કર્મોના નિર્માણમાં આ મન્ત્ર સમર્થ છે."[૯]

**विसहरफुलिंगमंतं–**

'વિસહરફુલિંગ' આ નામના મન્ત્ર વિશેષમાં જેનો સંનિવેશ થાય તે વિસહરફુલિંગમ. તેને એટલે કે તે મંત્રમાં સંનિવિષ્ટ થયેલા (શ્રીપાર્શ્વ)ને.

અથવા

વિસહરફુલિંગનું ગમન કરે તે 'વિસહરફુલિંગામ' તેને. એટલે વિસહરફુલિંગ નામના મંત્રમાં રહેલાને. પ્રાકૃત લક્ષણથી અકારનો લોપ થવાથી 'વિસહરફુલિંગામ'નું 'વિસહરફુલિંગમ' એ પ્રમાણે થાય છે. અને 'तं' એટલે તમને. આ त्वाम् નું રૂપાન્તર છે. એટલે વિસહરફુલિંગ મંત્રમાં રહેલા તમને.[૧૦]

**कंठे धारेइ**

આ પદનો અર્થ કંઠમાં ધારણ કરે છે એ છે એટલે કે વિસહરફુલિંગ યન્ત્રરૂપ

---

૮ यद्वा मनु:-मन्त्रस्तं गच्छति "सर्वे गत्यर्था ज्ञानार्थाः' इति वचनात् जानातीति मनुगो–मान्त्रिकः । અ. ક. લ. પૃ. ૧૫

૯ तुशब्दस्यावधारणार्थत्वात् "तुः स्याद् भेदेऽवधारणे" इत्यनेकार्थवचनात् यान्त्येव वशामं वश–आयत्तता तस्यां अमनं अमः-अवगमनं वशामस्तं, वशगत्वमित्यर्थः । अन्येष्वपि वर्तमाना ग्रहरोगादयः तस्य वशवर्तिनो भवन्ति, तत्प्रतीकारसामर्थ्यादिति भावः । उक्तं हि बृहद् वृत्तौ–'शान्तिकपौष्टिकवश्याकर्षणोच्चाटनस्तम्भनविद्वेषणमारण-लक्षणकर्मनिर्माणालंकर्मीणत्वमेतन्मन्त्रस्य । અ. ક. લ. પૃ. ૧૬

૧૦ विषधरस्फुलिङ्गे–एतन्नामकतन्त्र (मन्त्र) विशेषे माति–संनिविशते इति विषधरस्फुलिङ्गमस्तम् । मन्त्र-सन्निविष्टमित्यर्थः । अथवा विषधरस्फुलिङ्गममति–गच्छति (इति) विषधरस्फुलिङ्गामस्तं, विषधरस्फुलिङ्गाख्यमन्त्र-गतमित्यर्थः । 'लुक्' (सिद्ध ८-१-१०) इति प्राकृतलक्षणेनाकारलोपात् विसहरफुलिंगमत्ति सिद्धम् इति त्वां यः ......। અ. ક. લ. પૃ. ૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમને માદળિયા સ્વરૂપે બનાવી પોતાના કંઠમાં ધારણ કરે છે અથવા તો બીજાના કંઠમાં ધારણ કરાવે છે.[११] એ પ્રમાણે થાય.

**संथुओऽमहायस !**

'મહાયસ'ની આગળ अ મૂકી 'अमहायस' પદ બનાવી અને તેના अनो પૂર્વના ओमां લોપ કરી તેની વ્યાખ્યા નીચે મુજબ કરાય છે.

'अम' એટલે રોગો તેને હણે તે अमहा અને आगस् એટલે પાપ તેનો અંત કરે તે आगस. આ બંને પદનો વિશેષણ કર્મધારય સમાસ કરતાં 'अमहागस' પદ થાય તેનું સંબોધન 'अमहागस !' થાય. પ્રાકૃતમાં તેનું રૂપાંતર 'अमहायस !' થાય એટલે રોગો અને પાપોનો નાશ કરનારા એ પ્રમાણે અર્થ થાય છે.[१२]



११ अथवा कण्ठे धारयतीति विषधरस्फुलिंगयन्त्ररूपं त्वां विद्यामणीकृत्य स्वकण्ठे परिदधातीति। परस्य च कण्ठे परिधापयतीति.........। અ. ક. લ. પૃ. १६

१२ अथवा अमा–रोगास्तान् हन्तीत्यमहा, आगः–पापं स्यति–अन्तं नयतीत्यागसः, ततो विशेषणकर्मधारये अमहागसः तस्यामन्त्रणम् । અ. ક. લ. પૃ. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# : ૮ : ઉવસગ્ગહરં સ્તોત્રના પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર તથા પદ્માવતી પક્ષે કરાએલા અર્થો.

ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચેય ગાથાઓનો જે રીતે શ્રી પાર્શ્વનાથ સ્વામીને અનુલક્ષીને અર્થ કરાયો છે તે રીતે શ્રી પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર તથા પદ્માવતીને અનુલક્ષીને પણ અર્થો કરવામાં આવ્યા છે જે નીચે દર્શાવાય છે.

જ્યારે આ રીતે અર્થ કરાય છે ત્યારે પ્રથમ ગાથાનું સંસ્કૃત રૂપાન્તર નીચે મુજબ થાય છે. उपसर्गहरं पार्श्वं, पाशां वन्दे काम्यघनमुत्काम् विषधरविषनिर्नाशं, मंगलकल्पाज्ञाऽवासं ।

**उवसग्गहरं पासं**—સમ્યગ્દૃષ્ટિ આત્માઓના વિઘ્નોનું ઉપશમન કરનાર શ્રી પાર્શ્વયક્ષને.[1]

આ વિશેષણ પાર્શ્વયક્ષનું છે.

**पासं**—આ પદ દ્વારા શ્રી પદ્માવતી વાચ્ય છે. જેના હાથમાં પાશ છે તે 'પાશા.' એટલે પદ્માવતી. તેને.

कम्मघणमुक्कंનું સંસ્કૃત રૂપાન્તર काम्यघनमुत्काम् કરવામાં આવે છે. 'काम्य' એટલે મનોહર એવું જે 'घन' એટલે શરીર તેનાથી 'मुद्' એટલે હર્ષ જોનારાઓને થાય છે જેનાથી તે 'काम्यघनमुत्का' તેને. એટલે કે પોતાના દિવ્ય દેહદ્વારા (જોનારાઓને) પ્રમોદ પેદા કરનારી. તેને.[2]

**विसहरविसनिन्नासं**—

આ પદ દ્વારા શ્રી ધરણેન્દ્ર વાચ્ય છે.

विष એટલે પાણી તેને ધારણ કરે તે विषधर એટલે મેઘ અર્થાત્ કમઠાસુરે વર્ષાવેલ મેઘ તેનું विष એટલે પાણી તેનો નાશ કરનારા એટલે પોતાની ફણાના છત્ર વડે તેનું વારણ કરનારા તે विषधरविषनिर्नाश અર્થાત્ ધરણેન્દ્ર. તેમને.[3]

---

૧ पार्श्वं पार्श्वयक्षम् किंविशिष्टम् उपसर्गहरं-सम्यग्दृशां विघ्नोपशमकर्तारम् । અ. ક. લ.

૨ तथा पाशोऽस्या वामहस्तेऽस्तीत्यभ्रादित्वात् मत्वर्थीये प्रत्यये पाशा—पद्मावती तां च किंविशिष्टाम् ? 'काम्यघनमुत्कां' काम्यः कमनीयो घनः शरीरं तेन करणभूतेन मुद्—हर्षोऽर्थात् द्रष्टॄणां यस्याः सकाशात् सा काम्यघनमुत्का, दिव्यवपुषा प्रमोदजनिकेत्यर्थः ताम् । અ. ક. લ. પૃ. ૧૨.

3 विषधरो—जलधरोऽर्थात् कमठासुरसम्बन्धी तस्य विषं जलं निर्नाशयति निजफणातपत्रधारणेन वारयति (इति) विषधरविषनिर्नाशो—धरणेन्द्रस्तं च ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मंगलकल्लाणआवासं—

આ વિશેષણુ શ્રીધરણેન્દ્રને લાગુ પાડવામાં આવે છે.

આનું સંસ્કૃત રૂપાંતર मंगलकल्पाज्ञाऽऽवासं થાય છે.

मंगलकल्प એટલે મંગલ કરવામાં તત્પર એવી જે आज्ञा એટલે ભગવંતનું શાસન, તેનાથી आ એટલે સંપૂર્ણ રીતે वास એટલે વાસના અથવા ભાવના છે જેની તેને. અર્થાત્ કલ્યાણકારી ભગવંતની આજ્ઞાથી ભાવિત છે મન જેમનું એવા શ્રી ધરણેન્દ્રને.[૪]

આ ત્રણેયને હું વંદન કરું છું.

## ગાથા ૨ જી

આ ગાથાનો પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર તથા પદ્માવતીના પક્ષમાં થતો અર્થ ભગવંત શ્રી પાર્શ્વનાથના પક્ષમાં દર્શાવેલ અર્થથી વિભિન્ન નથી તેથી તે અહીં ટાંકેલ નથી.[૫]

## ગાથા ૩ જી

આ ગાથાનો અર્થ નીચે મુજબ કરવામાં આવે છેઃ—

(પ્રસ્તુત) મન્ત્ર તો દૂર રહો, તમારું એટલે કે પાર્શ્વયક્ષ, પદ્માવતી તથા ધરણેન્દ્રનું 'પ્રણામ' એટલે કે 'પ્રસાદાભિમુખપણું' પણ બહુફલદાયક થાય છે.

અહીં 'પ્રણામ'નો અર્થ 'પ્રસાદ અભિમુખપણું' કરવામાં આવેલ છે. 'तव' પદમાં વપરાએલી ષષ્ઠી કર્તામાં ષષ્ઠી છે એટલે તેનો અર્થ 'તમે કરેલો પ્રસાદ' એ પ્રમાણે થાય છે.[૬] એટલે કે તમારા પ્રસાદાભિમુખપણામાત્રથી જ, જે મનુષ્યો તિર્યંચ જેવા છે તે નૃપશુઓ એટલે કે પશુપ્રાય બાલ–ગોપાલ–ખેડૂત વગેરે પણ દુઃખ કે દારિદ્ર્યને પામતા નથી. એટલે કે ઉપર જણાવેલા નૃપશુઓ ઘણું કરીને દુઃખિત જ હોય છે. પરંતુ માત્ર તમારા પ્રસાદથી તેઓ પણ નિરંતર સુખી બને છે.

---

૪ मङ्गलकल्याणावासमिति प्राग्वत् अथवा मङ्गलकल्पा श्रेयस्करणप्रगुणा या आज्ञा–भगवच्छासनं तया आ–समन्तात् वासना वासो वा भावना यस्य तं, कल्याणकारिभगवदाज्ञाभावितमनसमित्यर्थः । एतांस्त्रीनपि वन्दे–अभिष्टौमि । અ. ક. લ. પૃ. ૧૨.

૫ पार्श्वयक्ष–पद्मावती–धरणेन्द्रस्तवपक्षेऽपि तुल्यैव व्याख्या प्रस्तुतमन्त्रस्य तत्त्रयेण अधिष्ठितत्वात् ।

૬ तव–पार्श्वयक्षस्य, पद्मावत्या धरणेन्द्रस्य प्रणामोऽपि बहुफलो भवति । 'प्रणमनं प्रणामः प्रह्वत्वं प्रह्वीभावः, प्रसादाभिमुख्यमिति यावत् । अत्र तवेति कर्तरि षष्ठी । तथा तत्र प्रह्वीभावमात्रादेव नरास्तिर्यञ्च इव नर–तिर्यञ्चः पशुप्राया बालगोपालकृषीवलादयस्तेष्वपि मध्ये जीवाः प्राप्नुवन्ति न दुःखदौर्गत्यम् । ते हि प्रायो दुःखिता एवोपलभ्यन्ते । केवलं त्वत्प्रसादात् तेऽपि सततं सुखिता एव स्युः इति गाथार्थः । અ. ક. લ. પૃ. ૧૮

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

## ગાથા ૪ થી

**तुह—**

આ પદનો અર્થ 'તમારું' એ પ્રમાણે થાય છે. એટલે કે પાર્શ્વયક્ષનું, પદ્માવતીનું તથા ધરણેન્દ્રનું.

**सम्मत्ते—**

આ પદનો અર્થ છે સાંમત્ય, સંમતપણું, વલ્લભપણું.[૭] એટલે ચિન્તામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારૂં વલ્લભપણું પ્રાપ્ત થયે છતે.

**चिन्तामणिकप्पपायवब्भहिए—**

આ પદનો બીજો પણ અર્થ કરવામાં આવે છે. ચિન્તામણિ કલ્પ એટલે ચિન્તામણિ સમાન પાય એટલે પાનક–પીણું અને વબ્ભ એટલે વલ્ભ–ભોજન તેને માટે હિતકારી એટલે અનુકૂલ. આખા પદનો અર્થ–ચિન્તામણિ સમાન એટલે કે મનચિંતિત રસને પૂરવામાં તત્પર એવા જે ભોજન અને પાન તે મેળવી આપનાર એવું તમારૂં વલ્લભપણું પ્રાપ્ત થયે છતે.

અથવા તો–'लद्धे चिन्तामणि 'પદને 'लद्धे अचिन्ता' એ રીતે કરી આગળ 'मणि कल्पपायवल्भहिते' પદ ગોઠવવાથી નીચે પ્રમાણે અર્થ થાય.

'अचिन्ता' એટલે ચિન્તા વિનાના, અર્થાત્ નિશ્ચિન્ત અને મણિ એટલે કર્કેતન આદિ રત્નો. તેનાથી કલ્પ એટલે રચના છે જેની તે मणिकल्प એટલે કે રત્નોના ઘડેલા. પાય એટલે પાત્ર અર્થાત્ સ્થાલી આદિ ભાજનો તેમાં વલ્ભ એટલે ભોજન તેનાથી. અથવા તે માટે હિતકારી એવું તમારું સંમતપણું. ભાવાર્થ એ કે તમારા પ્રસાદથી જેઓ સુભગ છે તેઓ નિશ્ચિન્ત હોવાથી રત્નમય પાત્રોમાં ભોજન કરનારા હોય છે.[૮]

**ठाणं—**

આ પદનો અર્થ છે 'પદને,' 'શ્રેષ્ઠ સામ્રાજ્ય આદિકને.' 'સ્થાન' શબ્દથી 'રાજ્ય આદિ પદ' એવો અર્થ કેવી રીતે લેવો? એ શંકાનું સમાધાન એ છે કે

---

૭ सम्मतस्य बहुमतस्य भावः साम्मत्यं वाल्लभ्यमित्यर्थः तस्मिन् । અ. ક. લ. પૃ. ૨૦

૮ अथवा पीयत इति पायः पानकं वल्भो–भोजनं चिन्तामणिकल्पौ मनश्चिन्तितरसपूरणप्रवणत्वाच्चिन्ता–रत्नतुल्यौ यौ पायवल्भौ ताभ्यां हितः–अनुकूलः तत्सम्पादकत्वात् तस्मिन् । यद्वा अकारलोपात् अचिन्ता–निश्चिन्ता मनःप्रयासवर्जिता इति जीवानां विशेषणम । मणिभिः कर्केतनाद्यैः कल्पः कल्पनं–रचना येषां तानि मणिकल्पानि, रत्नघटितानीत्यर्थः । तथाविधानि यानि 'पाय' त्ति पात्राणि–स्थाल्यादिभाजनानि तेषु वल्भो-भोजनं तेन कृत्वा तस्मै वा हिते, तव साम्मत्ये त्वत्प्रसादसुभगानामैश्वर्य–शालितया रत्नमयपात्रेषु भोजनोपपत्तेः । અ. ક. લ. પૃ. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાધારણ એવા વિશેષણના સામર્થ્યથી એવો અર્થ થઇ શકે છે અને તે વિશેષણ છે 'अयरामरं'[૯]

**अयरामरं—**

આ પદનો અર્થ કરવા પૂર્વે આ પદની નિષ્પત્તિ ' अय + रामा + रा ' થી થાય છે. ' अयः એટલે અનુકૂલ એવું ભાગ્ય તેના વડે ' रामा ' એટલે રમણીય ' रा ' એટલે દીપ્તિ છે જેમાં તે ' अयरामर '.[૧૦] પુરુષને ઉત્કૃષ્ટ ભાગ્યના યોગે જ રાજ્ય આદિ પદમાં અત્યંત દીપ્તિ ઉત્પન્ન થાય છે. અર્થાત્ જે તમને સમ્મત હોય છે તે અનુકૂળ ભાગ્યથી સમેત એવા રાજ્યાદિક પદને પામે છે.[૧૧]

## ગાથા ૫ મી

આ ગાથાના પાર્શ્વયક્ષ, પદ્માવતી તથા ધરણેન્દ્ર પક્ષમાં ત્રણ જુદા જુદા અર્થો થાય છે. અહીં પ્રથમ પાર્શ્વયક્ષના પક્ષે શું અર્થ થાય છે તે વિચારીએ.

**पास—**

આ પદનો અર્થ છે હે પાર્શ્વયક્ષ !

**जिणचंद—**

આ પદ પાર્શ્વયક્ષનું વિશેષણ છે અને તેનો અર્થ છે જિન એટલે કે શ્રી અર્હંત ભગવંત તેજ ચન્દ્રની જેમ આહ્લાદક છે જેને તે ' જિનચન્દ્ર '[૧૨]

**महायसभत्तिभरनिब्भरेण हियएण—**

પાર્શ્વયક્ષ પક્ષમાં ' महायस ! ' એ પદને સંબોધન ન ગણતાં સમસ્ત પદનો જ એક ભાગ ગણવામાં આવે છે. અને અર્થ નીચે મુજબ કરવામાં આવે છેઃ—

' महायस ' એટલે મહાયશસ્વી. અહીં પ્રસંગથી શ્રી પાર્શ્વનાથ સ્વામી સમજવા. તેમના પ્રત્યેની ભક્તિના સમૂહથી છલકાતા હૃદયે આ પ્રમાણે મેં તમને એટલે કે પાર્શ્વયક્ષને સ્તવ્યા.[૧૩]

---

૯ स्थानं-पदं प्राज्यसाम्राज्यादिकम् । अथ कथं स्थानशब्देन राज्यादिकं लभ्यते ? असाधारणविशेषण-सामर्थ्यादिति ब्रूमः । तच्च विशेषणं ' अयरामर ' त्ति । અ. ક. લ. પૃ. ૨૦

૧૦ अयः अनुकूलं दैवं तेन रामा रमणीया रा-दीप्तिर्यत्र तदयरामरम् । અ. ક. લ. પૃ, ૨૦

૧૧ उत्कृष्टभाग्यवशाद्धि राज्यादिक एव पदे दीप्तिरतितरामुत्पद्यते पुरुषाणाम् , यस्तव सम्मतो भवेत् सोऽनुकूलदैवान्वितं राज्यादिपदमवाप्नोतीत्याकूतम् । અ. ક. લ. પૃ. ૨૦

૧૨ जिन एव श्रीमदर्हन्नेव चन्दतीति चन्द्रः आह्लादको यस्यासौ जिनचन्द्रः तस्य सम्बोधनम् ।
અ. ક. લ. પૃ. ૨૦

૧૩ इति संस्तुतः त्वं महायशाः प्रस्तावाद् भगवान् पार्श्वनाथः तत्र विषये योऽसौ भक्तिभरस्तन्निर्भरेण हृदयेन मनसा । અ. ક. લ. પૃ. ૨૦

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

देव—

આ પદનો અર્થ છે હે વ્યન્તરજાતીય દેવ ![૧૪]

અહીં એક સવાલ ઉઠે છે કે પાર્શ્વયક્ષ પાસે બોધિની પ્રાર્થના કરવી તે શું અનુચિત નથી ? કારણ કે બોધિ તો શ્રી જિનેન્દ્ર ભગવંતો પાસે માગવાની હોય.

તેનું સમાધાન એ છે કે આવી પ્રાર્થના અનુચિત નથી. કારણ કે પૂર્વાચાર્યોએ 'વંદિત્તુ' સૂત્રની ૪૭ મી ગાથામાં 'सम्मदिट्ठी देवा दिंतु समाहिं च बोहिं च' પદ દ્વારા આવી યાચના કરેલ છે. આ યક્ષ સમ્યગ્દૃષ્ટિ નથી એવું પણ નથી. કારણ કે તે પરમ આર્હત છે તે જણાવવા તેનું વિશેષણ 'जिणचंद' મૂકવામાં આવેલ છે.[૧૫]

પદ્માવતી પક્ષમાં આ ગાથાનો અર્થ જુદી રીતે થાય છે. તે પક્ષમાં જે અર્થ કરવામાં આવે છે તે માટે ગાથાના અન્વયમાં નીચે મુજબ પરિવર્તન કરવામાં આવે છે.

इति संस्तुता उ मम अयशोभक्तिभरनिर्भरे ! ( आयसभक्तिभरनिर्भरे ! ) न हितदे ! न तस्मात् देवते ! असुबोधिं भवे भवे प्रास्य जय चन्द.

'इति संस्तुता' નો અર્થ છે આ પ્રમાણે તને મેં સ્તવી. 'उ' એ સંબોધન અર્થમાં નિપાત છે. 'इति संस्तुता' અને 'उ'ની સંધિ થતાં 'इति संस्तुतो [इय संथुओ] પદ સિદ્ધ થાય છે.[૧૬]

'मम' નો અર્થ છે મ્હારી. આ પદનો સંબંધ આગળ આવનારા 'असुबोधिं' સાથે છે.

अयशोभक्तिभरनिर्भरे અથવા आयसभक्तिभरनिर्भरे—

આ પદનો અર્થ નીચે મુજબ છે :—

'अयशः' એટલે અપકીર્તિ. અથવા તો 'आय' એટલે ધન આદિનો લાભ તેને 'स्यन्ति' એટલે નાશ કરનારા તે. 'आयस' એટલે શત્રુઓ. તેમનું 'भक्ति' એટલે ભંજન કરવું, નાશ કરવો. તે વિષયમાં 'भर' એટલે અતિ આગ્રહ. તેનાથી 'निर्भर' એટલે પૂર્ણ એવી હે દેવિ ![૧૭]

---

૧૪ देव ! व्यन्तरजातीय ! અ. ક. લ. પૃ. ૨૦

૧૫ न चास्माद् बोधिप्रार्थनमनौचितीमश्नुते "सम्मदिट्ठी देवा" ( वंदित्तुसूत्रे गा० ४७ ) इति पूर्वाचार्यैरपि भणनात् । न चायं न सम्यग्दृष्टिः परमार्हतत्वात् तथा विशेषणमुक्तमाचार्येण 'जिणचंद' त्ति । અ. ક. લ. પૃ. ૨૦

૧૬ उः इति निपातः सम्बोधने । सन्धौ कृते संस्तुतो इति । અ. ક. લ. પૃ. ૨૦

૧૭ अयशोभक्तिभरनिर्भरेण अयशः-अपकीर्तिः, आयं धनादिलाभं स्यन्ति समापयन्तीति आयसाः शत्रवः तस्य तेषां वा भक्तिः भञ्जनं तत्र विषये यो भरः अत्याग्रहः तेन निर्भरा पूर्णा तस्या आमन्त्रणम् अयशोभक्तिभरनिर्भरे ! आयसभक्तिभरनिर्भरे ! वा । અ. ક. લ. પૃ. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न हितदे न—**

એ 'न' નિષેધ અર્થ ન બતાવતાં પ્રસ્તુત અર્થને જ બતાવે છે. દા. ત. દેવદત્ત દુષ્ટ નથી એમ નથી. અર્થાત્ દુષ્ટ જ છે. તે રીતે અહીં પણ હિત કરનારી નથી એમ નહીં અર્થાત્ હિત કરનારી. હિત એટલે અનુકૂલ વસ્તુઓ. તે ભક્તોને આપનારી તે હિતદા તેનું સંબોધન हितदे![18]

'ता' ના અર્થમાં કંઇ ફેરફાર નથી. 'ता' એટલે તેથી.

**देवदे !**

આનું સંસ્કૃત રૂપાન્તર છે देवते! અર્થાત્ દેવિ! પદ્માવતિ![19]

**असुबोधिं—**

સુંદર એવી બોધિ તે 'सुबोधि' તેનાથી વિપરીત તે 'असुबोधि' અર્થાત્ કુતીર્થિકોને અભિપ્રેત એવી બોધિ યા તો અતિચારવાળી-દોષોવાળી-બોધિ. તેને.[20]

**भवे भवे—**

भवे भवे પદનો અર્થ પૂર્વવત્ જ છે. ભવોભવ, પ્રત્યેક ભવમાં.

**पास—**

આનું સંસ્કૃત રૂપાન્તર છે प्रास्य. 'प्रास्य'નો અર્થ છે સંપૂર્ણ રીતે દૂર કર.[21]

**जिण—**

આનો અર્થ છે જય પામ. સર્વોત્કર્ષપણે વર્ત.[22]

**चंद—**

એટલે દીપ્તિમાન થા. પોતાના માહાત્મ્યથી ચિરકાળપર્યંત શોભાવાન બન.[23]

આખી ગાથાનો અર્થ આ પ્રમાણે થાય છેઃ—

---

૧૮ 'ण' हियए 'ण' त्ति "द्वौ नञौ प्रकृतार्थं गमयतः" इति न्यायान्न न हितदे! अपि तु हितदे! हितम् अनुकूलं वस्तु भक्तेभ्यो ददातीति हितदा तस्या आमन्त्रणम्। અ. ક. લ. પૃ. ૨૨

૧૯ देवदे इति देवते! पद्मावति! देवि! व्यत्ययश्च (सिद्ध० ८-४-४४७) इति प्राकृतवचनात् शौरसेनीं विनाऽपि तकारस्य दः। અ. ક. લ. પૃ. ૨૨

૨૦ शोभना बोधिः सुबोधिः न सुबोधिरसुबोधिः कुतीर्थ्यभिप्रेता सातिचारा वा बोधिरित्यर्थः ताम्। અ. ક. લ. પૃ. ૨૨

૨૧ पासत्ति प्रास्य-प्रकर्षेण क्षिप-निराकुरु। અ. ક. લ. પૃ. ૨૨

૨૨ तथा 'जिण' त्ति। जय सर्वोत्कर्षेण वर्तस्वेत्यर्थः। અ. ક. લ. પૃ. ૨૨

૨૩ चन्द-दीप्यस्व, स्वमाहात्म्येन चिरं भ्राजस्वेति भावः। અ. ક. લ. પૃ. ૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપયશ અથવા શત્રુઓનો નાશ કરવામાં અતિ આગ્રહથી પરિપૂર્ણ! હિત કરનારી! દેવી! તું આ પ્રમાણે સ્તવાઈ છે. તેથી મારી સુબોધિથી વિપરીત એવી બોધિને તું ભવોભવ સંપૂર્ણ રીતે દૂર કર. અને જય પામ તથા દીપ્તિમાન થા.

ધરણેન્દ્ર પક્ષમાં આ ગાથાનો અન્વય આ રીતે થાય છે.

इति संस्तुतो महायशोभक्तिभरनिर्भरैनः! हृदयगेन!

तस्मात् देव देहि बोधिं भवे भवे पाशजिनचन्द्र!

અહીં 'इति संस्तुतः' પદના અર્થમાં કંઈજ પરિવર્તન કરાયું નથી.

महायशोभक्तिभरनिर्भरैनः।

'महायशाः' એટલે મહાયશસ્વી શ્રી પાર્શ્વનાથ તેમની 'भक्ति' એટલે સેવા તેનો 'भर' એટલે અતિશય. તેનાથી 'निर्भर' એટલે ભાર વિનાનું-અલ્પ જેવું. 'एनः' એટલે પાપ જેનું અર્થાત્ મહાયશસ્વી શ્રી પાર્શ્વનાથની ભક્તિના અતિશયથી અલ્પ થઈ ગયું છે પાપ જેનું એવા![૨૪]

हृदयगेन!

હૃદય એટલે છાતી તેનાથી ચાલનારા તે 'હૃદયગ' એટલે સર્પો તેના 'इन' એટલે સ્વામી તે 'हृदयगेन!' અર્થાત્ નાગોના રાજા ધરણેન્દ્ર![૨૫]

देव!

ભવનપતિના ઈન્દ્ર![૨૬]

देहि बोधिं भवे भवे—

આ પદોના અર્થોમાં કશું જ પરિવર્તન નથી.

पासजिणचंद!

'पास' (पाश) એટલે કર્મબન્ધ. તેને જીતનારા તે 'पासजिण' એટલે સુવિહિત સાધુઓ. તેમના પ્રત્યે ચન્દ્ર જેવા તે 'पासजिणचंद' એટલે સુવિહિત સાધુઓ પ્રત્યે ચન્દ્રની જેમ ઉપસર્ગોના તાપને દૂર કરવા વડે આહ્લાદક અથવા તો પાશથી એટલે તે નામના આયુધથી જય પામનારી અર્થાત્ શત્રુઓને વશ કરનારી તે 'पासजिणा' એટલે પદ્માવતી. પોતે તેના પતિ હોવાથી તેને આહ્લાદ આપનાર તે 'पासजिणचंद' એટલે ધરણેન્દ્ર![૨૭]

---

૨૪ तथा महायशाः श्रीपार्श्वनाथस्तस्य भक्तिः—सेवनं तस्याः भरः अतिशयस्तेन निर्भरं—भररहितम्, अल्पीभूतमिति यावत्। एनः—पापं यस्य तस्यामन्त्रणं हे महायशोभक्तिभरनिर्भरैनः! અ. ક. લ. પૃ. ૨૩

૨૫ हृदयेन—उरसा गच्छन्ति इति हृदयगा उरगास्तेषामिनः स्वामी नागराजो धरणेन्द्रः तस्यामन्त्रणं हे हृदयगेन! અ. ક. લ. પૃ. ૨૩

૨૬ देव! भवनपतीन्द्र! અ. ક. લ. પૃ. ૨૩

૨૭ पाशं कर्मबन्धं जयतीत्यचि पूर्ववत् णे च, पासजिणा-पाशजेतारः सुविहितसाधवस्तान् प्रति चन्द्र इवोपसर्गतापनिर्वापणेनाह्लादकत्वात् तस्यामन्त्रणं हे पासजिणचंद! यदि वा पाशेन जयति शत्रून्—वशं नयति इति प्राकृते पासजिणा—पद्मावती तां चन्दति—आह्लादयति भर्तृत्वात् च देवी तस्य सम्बोधनम्। અ. ક. લ. પૃ ૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરણેન્દ્ર પક્ષમાં પાંચમી ગાથાનો અર્થ આ રીતે થાય છેઃ—

મહાયશસ્વી ( શ્રી પાર્શ્વનાથ )ની ભક્તિના સમૂહથી અલ્પ થઇ ગયું છે પાપ જેનું એવા ! નાગોના રાજા ! સુવિહિત સાધુઓ માટે ચન્દ્ર સમાન ! યા તો પદ્માવતીને આહ્લાદ આપનાર ! ભવનપતીન્દ્ર ( શ્રીધરણેન્દ્ર ! ) આ રીતે તમે સ્તવાયા છો તેથી ભવોભવ મને બોધિ આપો.

આ પ્રમાણે પાર્શ્વયક્ષ, પદ્માવતી તથા ધરણેન્દ્ર પક્ષમાં પાંચે ગાથાના જુદા જુદા જે અર્થો થાય છે તે દર્શાવવામાં આવ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી લોઢણ પાર્શ્વનાથ-દર્ભાવતી (ડભોઇ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## : ૯ : ટિપ્પણો

ઉવસગ્ગહર એ પાંચ ગાથા પ્રમાણ સ્તોત્ર છે અને તેથી તેને ‘ ઉવસગ્ગહરથોત્ત એ નામથી પણ સંબોધાય છે.

સ્તોત્રની વ્યાખ્યા પ્રાચીન પૂર્વાચાર્યોએ આ પ્રમાણે કરી છેઃ-

જેમાં ઘણા શ્લોકો હોય તે સ્તોત્ર કહેવાય છે.[૧]

પ્રાકૃત ભાષામાં નિબદ્ધ હોય તે સ્તોત્ર કહેવાય છે.[૨]

પ્રસ્તુત સ્તોત્રમાં ઉપર્યુક્ત બન્ને લક્ષણો ઘટિત થાય છે.

આ સ્તોત્ર દ્વારા સ્તવનીય **શ્રી પાર્શ્વનાથ ભગવંત** છે કે જે સર્વ કર્મમલ-કલંકથી રહિત થયેલા છે તથા અદ્ભુતપુણ્યપ્રકૃતિસંપન્ન છે, તેથી આ સ્તોત્ર મહા પ્રભાવિક છે.

તથા આ સ્તોત્રના રચયિતા છેલ્લા ચૌદ પૂર્વધર, શ્રુતકેવલી, મહાનમિત્તિક, ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીની છઠ્ઠી પાટે થયેલા આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી છે તેથી આ સ્તોત્ર અનેક અર્થોથી સભર છે. તથા આ સ્તોત્ર સર્વજ્ઞ ( ચૌદપૂર્વધર ) ભાષિત છે તેથી દેવાધિષ્ઠિત છે તથા લક્ષણોપેત છે.[૩]

### મંગલાચરણ

આ સ્તોત્રમાં મંગલ તરીકે **શ્રી પાર્શ્વનાથ સ્વામી**નું અભિધાન (पासं) મૂકવામાં આવ્યું છે.

જિનેન્દ્રોનું નામ મંગલ છે. તે નામ તે જ શ્રેષ્ઠ એવો સિદ્ધ મંત્ર છે તેમ સ્તોત્રો આદિમાં સ્થળે સ્થળે કહેવાયું છે[૩A]

### ઉપસર્ગો

‘ ઉપસર્ગ ’નો અર્થ છે જેના યોગે જીવ પીડા આદિની સાથે સંબંધ પામે તે.

---

૧ स्तोत्रं तु बहुश्लोकमानं । પંચાશક પ્ર., પૃ. ૧૧૯

૨ पाययभासाबद्धं थोत्तं । ચે. વં. મ. ભા. પૃ. ૧૫૦

૩ सव्वं च लक्खणोवेयं समहिट्ठन्ति देवता, सुत्तं च लक्खणोवेयं जेण सव्वण्णुभासियं । પા. સૂ. વૃ, પૃ. ૭૧

૩A पासस्स नामवरसिद्धमंतजावेण । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૪૦
यन्नाममन्त्राक्षरजापलेशाद् भव्या भवन्त्येव चिरं महेशाः । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૪૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपसृज्यते संबध्यते पीडादिभिः सह जीवस्तेनेत्युपसर्गः

ટૂંકામાં કહીયે તો ઉપસર્ગો એટલે ઉપદ્રવો. કોઇ પણ ઉપસર્ગ દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અથવા આત્મસંવેદનીય જ હોય. આ સિવાયનો કોઇ ઉપસર્ગ હોઇ શકે નહીં માટે ઉપસર્ગો ચાર પ્રકારના છે એમ કહેવાયું છે.[૪]

આ ચારે પ્રકારના ઉપસર્ગોના ચાર ચાર ભેદો છે તેથી સર્વ ઉપસર્ગોના ભેદો ગણતાં કુલ સોળ ભેદો થાય છે.

**દેવકૃત ઉપસર્ગોના ચાર પ્રકાર નીચે મુજબ છેઃ—**

૧. હાસ્યથી કરાયેલા, ૨. દ્વેષથી કરાયેલા, ૩. પરીક્ષા માટે કરાયેલા અથવા ઉપરોક્ત ત્રણ પૈકી કોઇપણ એના સંમિશ્રણથી કરાયેલા.[૫]

**મનુષ્યકૃત ઉપસર્ગોના ચાર પ્રકાર નીચે મુજબ છેઃ—**

૧. હાસ્યથી કરાયેલા, ૨. દ્વેષથી કરાયેલા, ૩ પરીક્ષા માટે કરાયેલા અને ૪. અબ્રહ્મચર્યના ( મૈથુનના ) સેવન માટે કરાયેલા.[૬]

**તિર્યંચકૃત ઉપસર્ગોના ચાર પ્રકાર નીચે મુજબ છેઃ—**

૧. ભયથી કરાયેલા, ૨. પ્રદ્વેષથી કરાયેલા, ૩. આહારના હેતુથી કરાયેલા અને ૪. પોતાનાં બચ્ચાં, ગુફા, માળા વગેરેના રક્ષણની બુદ્ધિથી કરાયેલા.[૭]

**આત્મસંવેદનીય ઉપસર્ગોના ચાર પ્રકાર નીચે મુજબ છેઃ—**

૧. ઘટ્ટનથી થતા, ૨. પ્રપતનથી થતા, ૩. સ્તંભનથી થતા અને ૪. શ્લેષણથી થતા.[૮]

ઘટ્ટનથી થતો ઉપસર્ગ તેને કહેવાય છે કે આંખમાં રજ વગેરે પડી જાય અને તેથી તે આંખને મસળવામાં આવે, પરિણામે આંખ દુઃખવા આવે અથવા તો આંખમાં કે ગળા વગેરેમાં સ્વયમેવ માંસ વગેરે વધી જાય અને પરિણામે પીડા થાય.[૯]

---

૪ चउव्विहा उवसग्गा पण्णत्ता–तंजहा दिव्वा माणुसा तिरिक्खजोणिआ आयसंवेयणिज्जा । સ્થા. ૪ ઠા. ઉ. ૪

૫ दिव्वा उवसग्गा चउव्विहा पण्णत्ता तंजहा हासाप्पओसा वीमंसा पुडो वेमाया । સ્થા. ૪ ઠા. ઉ. ૪

૬ माणुस्सा उवसग्गा चउव्विहा पण्णत्ता तं जहा हासाप्पओसा वीमंसा कुसीलपडिसेवणया ।
સ્થા. ૪ ઠા. ૪ ઉ.

૭ तिरिक्खजोणिया उवसग्गा चउव्विहा पणत्ता तं जहा भया पदोसा आहारहेउं अवचलेणसारक्खणया ।
સ્થા. ૪ ઠા. ૪ ઉ.

૮ आयसंवेयणिज्जा उवसग्गा चउव्विहा पण्णत्ता तं जहा घट्टणया पवडणया थंभणया लेसणया ।
સ્થા. ૪ ઠા. ૪ ઉ.

૯ घट्टनया वा यथाऽक्षणि रजः पतितं ततस्तदक्षि हस्तेन मलितं दुःखितुमारब्धमथवा स्वयमेव अक्षणि गले वा मांसाङ्कुरादि जातं घट्टयतीति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રપતનથી થતો ઉપસર્ગ તે છે કે બરાબર ધ્યાનપૂર્વક જોઇને ચાલવાને ખ્યાલ ન રહેવાથી પડવા આખડવાનું થાય અને તેથી પીડા ઉપજે.[૧૦]

સ્તંભનથી થતો ઉપસર્ગ તે છે કે બેઠા, ઉભા, યાવત્ સૂતા રહેવાથી પગ વગેરે સ્તંભિત થઇ જાય.[૧૧]

શ્લેષ્ણથી થતો ઉપસર્ગ તે છે કે પગ વગેરે વાળીને વધુ સમય બેસવાથી પરિણામે તે પગ વગેરે તેવી જ સ્થિતિમાં રહી જાય.[૧૨]

આ રીતે ચારે પ્રકારના ઉપસર્ગોના ચાર ચાર ભેદ ગણતાં કુલ સોળ ભેદ થાય છે.

કોઇ આ રીતે ભેદ ન ગણતાં ચારે પ્રકારના ઉપસર્ગોના અનુકૂલ તેમ જ પ્રતિકૂલ એમ બબ્બે ભેદ ગણી માત્ર આઠ ભેદ પણ માને છે.[૧૩]

કોઇ કોઇ સ્થળે ઉપસર્ગોના ચાર ભેદો ન ગણતાં અપેક્ષાભેદને લક્ષ્યમાં રાખીને ત્રણ ભેદો પણ ગણવામાં આવ્યા છે.[૧૪]

આ સર્વ પ્રકારના ઉપસર્ગોને દૂર કરવાનું સામર્થ્ય પાર્શ્વયક્ષમાં* છે. આવો પાર્શ્વ-યક્ષ જેમની સેવા કરે છે તેવા શ્રી પાર્શ્વનાથ ભગવંત છે તેથી તેમનું માહાત્મ્ય અતિ અદ્ભૂત કોટિનું અપ્રમેય છે. તે 'उवसग्गहरं पासं' પદ દ્વારા સૂચવાય છે.

શ્રી તીર્થંકર ભગવંતોને જ્યારે નિર્મળ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ દેવોએ નિર્મિત કરેલા સમવસરણમાં વિરાજમાન થઈ ભવ્ય જીવોના ઉપકારાર્થે પોતાની પાંત્રીસ ગુણયુક્ત વાણી વરસાવે છે. તેના યોગે અનેક ભવ્યાત્માઓ સર્વવિરતિ, દેશવિરતિ તથા સમ્યક્ત્વ અંગીકાર કરે છે. શ્રી જિનેન્દ્ર ભગવાન પણ તે સમયે ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. તે જ સમયે શાસનની રક્ષા માટે યક્ષ તથા યક્ષિણી પણ સ્થાપિત થાય છે. તેમનું કાર્ય શાસનના આરાધકો ઉપર આવતાં વિઘ્નોનું નિવારણ કરવાનું છે.

ભગવંત શ્રી પાર્શ્વનાથનો શાસનયક્ષ પાર્શ્વયક્ષ છે. જે, ભગવત શ્રી પાર્શ્વનાથ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા ભક્તોના કષ્ટોને સદા દૂર કરનાર છે.

પ્રસ્તુત સ્તોત્ર પાર્શ્વયક્ષથી પણ અધિષ્ઠિત છે તેથી તેમનું સ્મરણ અહીં કરાયું છે.

---

૧૦ प्रपतनया वा यथा अप्रयत्नेन संचरतः प्रपतनात् दुःखमुत्पद्यते ।

૧૧ स्तंभनया वा यथा तावदुपविष्टः स्थितो यावत्सुप्तः पादादिः स्तब्धो जातः ।

૧૨ श्लेषणया वा यथा पादमाकुञ्च्य स्थितो वा तेन तथैव पादौ लगितौ इति । સ્થા. ઠા. ૪ ઉ. ૪

૧૩ स एव देवादिश्चतुर्विधोऽनुकूलप्रतिकूलभेदात् अष्टधा भवति । સૂત્ર૦, ૧ શ્રુ, ૩ અ.

૧૪ दिव्वे य उवसग्गे तहा तिरिच्छ माणुसे जे भिक्खू सहइ निच्चं। ઉત્ત૦સૂત્ર, ૩૧ અધ્યયન.

* યક્ષો તે વ્યંતર દેવ નિકાયના ૧ કિંનર, ૨ કિંપુરુષ, ૩ મહોરગ, ૪ ગાંધર્વ, ૫ યક્ષ, ૬ ૬ રાક્ષસ, ૭ ભૂત અને ૮ પિશાચ એ આઠ ભેદો પૈકીનો પાંચમો ભેદ છે.

તેઓ પર્વતો તથા ગુફાઓના આંતરાઓ તથા વનવિવર આદિમાં વસનારા હોવાથી 'વ્યન્તર' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ ગાથાના બીજા ચરણમાં આવતું 'पासं' પદ આ અવસર્પિણીમાં થયેલા તેવી-સમા અર્હત્ **શ્રીપાર્શ્વનાથ ભગવંતનું** વાચક છે.

**સત્તાકાળ—**

તેમનો સત્તાકાળ આ અવસર્પિણીનો ચોથો આરો જ્યારે ત્રણસો તેપન વર્ષ અને સાત માસ જેટલો બાકી હતો ત્યારથી આરંભી તે બસો તેપન વર્ષ અને સાત માસ જેટલો બાકી રહ્યો ત્યાં સુધીનો (પૂરા સો વર્ષનો) હતો.

શ્રમણ ભગવાન મહાવીરના જન્મથી બસો અઠ્ઠોતેર વર્ષ પૂર્વે તે પરમતારકે મનુષ્યલોકમાં જન્મ લીધો હતો અને શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જન્મથી એકસો અઠ્ઠોતેર વર્ષ પૂર્વે તે પરમેશ્વરે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું.

## નામ પાછળનો ઇતિહાસ

તેમના 'पास' (पार्श्व) નામ પાછળનો ઇતિહાસ શાસ્ત્રોમાં નીચે મુજબ દર્શાવાયેલ છે.

તેવીસમા તીર્થંપતિનો આત્મા પોતાના સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના નવમા ભવનું (દેવ-ભવનું) આયુષ્ય પૂર્ણ કરીને પોતાના સંસારનો અન્તિમભવ પૂર્ણ કરવા **વારાણસી**

---

યક્ષોના તેર પ્રકારો છે. ૧. પૂર્ણભદ્ર, ૨. માણિભદ્ર, ૩. શ્વેતભદ્ર, ૪. હરિભદ્ર, ૫. સુમનોભદ્ર, ૬. વ્યતિપાતિકભદ્ર, ૭. સુભદ્ર, ૮. સર્વતોભદ્ર, ૯. મનુષ્ય યક્ષ, ૧૦. વનાધિપતિ, ૧૧. વનાહાર, ૧૨. રૂપ યક્ષ અને ૧૩. યક્ષોત્તમ. —ત. ભા., અ. ૪, સૂ૦ ૧૨

યક્ષોનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

તેઓ શ્યામ પરંતુ કાન્તિવાળા, ગંભીર, મોટી નાભિવાળા, શ્રેષ્ઠ, જેમનું દર્શન પ્રિય લાગે તેવા, માન ઉન્માન અને પ્રમાણથી યુક્ત દેહવાળા, જેમના હાથ પગના તળિયા, નખ, તાળવું, જિહ્વા તથા ઓષ્ઠયુગલ રાતાં છે તેવા, દેદીપ્યમાન મુકુટને ધારણ કરનારા, વિવિધ રત્નોના આભૂષણો ધારણ કરનારા તથા વટવૃક્ષની ધ્વજાવાળા હોય છે.

—ત. ભ. અ. ૪. સૂ૦ ૧૨

પાર્શ્વયક્ષનું સ્વરૂપ આ પ્રમાણે છે—

હાથી જેવું તેનું મુખ છે, સર્પની ફણાથી મંડિત મસ્તક અને શ્યામ વર્ણથી તે શોભે છે, કાચબાનું વાહન અને ચાર ભુજાઓ છે, જમણા બે હાથમાં બીજોરું અને સર્પ છે, ડાબા બે હાથમાં નોળિયો તથા સર્પ છે.*

આ યક્ષ અડતાલીસ હજાર યક્ષોથી પરિવરેલો છે×

---

* पार्श्वयक्षं गजमुखमुरगफणामण्डितशिरसं श्यामवर्णं कूर्मवाहनं चतुर्भुजं बीजपूरकोरगयुतदक्षिणपाणिं नकुलकाहियुतवामपाणिं चेति । નિ. ક. પત્ર ૩૭ અ.

× अष्टाचत्वारिंशत्सहस्रयक्षपरिवृतः श्रीपार्श्वनाथपादयुग्मसेवां करोति । દ્વિ. પા. કૃ. લ. વૃ.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

નગરીમાં **અશ્વસેન** રાજાના કુલમાં **વામાદેવીની** કુક્ષિમાં અવતર્યા. તેમની માતાના ઉદરમાં સ્થિતિ હતી તે દરમ્યાન, એક ગાઢ અંધકારભરી રાતે શય્યામાં સુખપૂર્વક સૂતેલા પ્રભુની માતાએ ઘનઘોર અંધકારમાં પણ પોતાની પાસે થઇને જતા કૃષ્ણ સર્પને જોયો અને આ રીતના સર્પદર્શનથી આશ્ચર્યાન્વિત બનેલા તેમણે આ વાત શ્રી **અશ્વસેન** રાજાને કરી.

ગાઢ અંધકારમાં આ રીતનું સર્પદર્શન શક્ય જ ન હતું પણ ગર્ભમાં પધારેલા ત્રિજગદ્‌ગુરુના મહામહિમાવંત પ્રભાવથી જ આ બન્યું હોવાની ભગવંતના પિતાને ખાત્રી થઇ અને તેથી ભગવંતના જન્મ પછી જયારે તેમના નામકરણનો પ્રસંગ આવ્યો ત્યારે પૂર્વોક્ત ઘટનાને લક્ષ્યમાં રાખી, તે ઘટનાને અનુરૂપ (પાસે થઇને જતા સર્પને જોયો માટે પાર્શ્વ) 'પાર્શ્વ' એવું તે ત્રિજગદ્‌ગુરુનું નામ સ્થાપવામાં આવ્યું અને ત્યારથી તેઓ 'પાર્શ્વ' નામથી ઓળખાયા.

ઉપરાંત તેમની આદેયતા લોકમાં અન્ય તીર્થંકરો કરતાં વધુ અને દીર્ઘકાલ પર્યંત રહી તેથી તેઓ પુરુષાદાનીય (પુરુષોમાં ઉત્કૃષ્ટ આદેય નામકર્મવાળા) કહેવાયા.

विसहरविसनिन्नासं

વિષધરવિષનિર્નાશ રૂપી ગુણ એ શ્રીપાર્શ્વનાથ ભગવંતની અનુપમ વિશિષ્ટતા છે. તેઓશ્રી કર્મોથી રહિત હોવા ઉપરાંત વિષધરોના વિષના નાશક પણ છે.

અહીં વિષધર શબ્દથી મુખ્યત્વે દ્રવ્યવિષધરો એટલે ઝેરી સર્પો લેવાના છે. જો કે ભાવવિષધરો–રાગાદિ વિષધરો–પણ લક્ષ્યાર્થથી ગ્રાહ્ય થઇ શકે.

'વિષધરોના વિષનો નાશ કરનારા' એટલું વિશેષણ જ માત્ર પર્યાપ્ત નથી. કારણ કે જેને વિષધરનો ઉપદ્રવ ન થયો હોય તેને માટે શ્રીપાર્શ્વનાથ ભગવંત શી વિશેષતા ધરાવે છે? એ પ્રશ્ન બાકી રહે છે. માટે તરત જ 'मंगलकल्लाणआवासं' વિશેષણ મૂકવામાં આવ્યું છે.

**मंगलकल्लाणआवासं' વિશેષણની આવશ્યકતાઃ—**

શ્રી પાર્શ્વનાથ ભગવંત વિપત્તિઓનું ઉપશમન (મંગલ) તથા સંપત્તિઓનો ઉત્કર્ષ (કલ્યાણ) કરનારા છે. કલ્યાણનો બીજો અર્થ આત્મહિત પણ થાય છે.

ચાહે, આવી પડેલી વિપત્તિઓને દૂર કરવી હોય, ચાહે સંપત્તિઓનો ઉત્કર્ષ કરવો હોય. બંનેના કારણભૂત શ્રીપાર્શ્વનાથ ભગવંત જ છે.

આ વિશ્વમાં વિદ્યમાન કોઇ પણ સંસારી જીવને અનુલક્ષીને વિચાર કરીએ તો કાં તો તે આવી પડેલી વિપત્તિ દૂર કરવા ચાહે છે અને જો તેને વર્તમાનમાં વિપત્તિ ન હોય તો ભવિષ્યમાં વિપત્તિ આવે નહીં તેની તેને ખેવના હોય છે અને સંપત્તિ (પછી ભલે તેની મનની માનેલી ગમે તે હોય) વૃદ્ધિ પામે અને આવેલી સંપત્તિ ટકી રહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની પણ ઉત્કટ અભિલાષા હોય છે. તેથી તે સર્વ જીવોને અનુલક્ષીને ભગવંતનું 'मंगल-कल्लाणआवासं' વિશેષણ અહીં મૂકાયું છે.

પ્રથમ ગાથામાં મૂકાયેલા ત્રણ વિશેષણો 'कम्मघणमुक्कं' 'विसहरविसनिन्नासं' અને 'मंगलकल्लाणआवासं' પૈકી 'कम्मघणमुक्कं' વિશેષણ સ્વાર્થ સમ્પત્તિસૂચક છે, 'विसहरविस-निन्नासं' વિશેષણ પરાર્થસમ્પત્તિસૂચક છે અને 'मंगलकल्लाणआवासं' વિશેષણ ઉભય (સ્વાર્થ અને પરાર્થ એમ ઉભય) સમ્પત્તિસૂચક છે.

**विसहरफुलिंगमंतं**

જે મંત્રમાં 'विसहर' અને 'फुलिंग' મંત્રપદોનો પ્રયોગ થયો હોય તે મંત્ર અહીં વિવક્ષિત છે. જે અઢાર અક્ષરના માનવાળો છે.

આ મંત્રની સાધનાના ક્રમ, પ્રકારો તથા વિધિ માટે અનેક પૂર્વાચાર્યોએ સ્તોત્રો રચ્યા છે. તેમ જ આ મંત્રનું માહાત્મ્ય દર્શાવનારા પણ અનેક સ્તોત્રો રચાયા છે, જેમાં 'भयहर' અથવા नमिऊण' સ્તોત્ર મોખરે છે.

આ અઢાર અક્ષરના મંત્રને જુદા જુદા કાર્યો માટે જુદા જુદા મંત્રબીજોથી સમન્વિત કરી તે દ્વારા અભિપ્રેત ફલો સાધવાનો નિર્દેશ મળે છે. તદનુસાર અહીં પણ જે ફલો પ્રસ્તુત ગાથાના ત્રીજા અને ચોથા ચરણમાં દર્શાવાયા છે તે માટે આ મંત્રને આદિમાં 'ॐ ह्रीँ श्रीँ अर्हँ' બીજોથી અને પ્રાન્તે તત્ત્વ (ह्रीँ) અને પ્રણિપાત (નમઃ) બીજોથી સમન્વિત કરવાનું ટીકાકારોએ જણાવ્યું છે. સ્તોત્રકારે 'विसहरफुलिंगमंत' વિષે કાંઇ સ્પષ્ટીકરણ કર્યું નથી. તેનું કારણ કદાચ એ હશે કે પૂર્વકાલમાં આ બધું જ્ઞાન-આમ્નાય વગેરે ગુરુની કૃપાથી મેળવવામાં આવતું હતું. એટલે જેને તેને આ મંત્ર આપવાનો ન હોય. અને તેથી સ્તોત્રકારે સંપૂર્ણ મંત્ર પણ ન દર્શાવતાં તેનો 'विसहरफुलिंग' પદોથી માત્ર સાંકેતિક નિર્દેશ કર્યો છે.

આ મંત્રમાં 'विसहर' અને 'फुलिंग' શબ્દનો પ્રયોગ શા માટે કરાયો હશે? કારણ કે विसहरનો અર્થ 'સર્પ' છે અને फुलिंगનો અર્થ 'અગ્નિના કણો' છે. नमिऊण पास वसह जिण એ શબ્દો તો ભગવંતશ્રી પાર્શ્વનાથસ્વામી સાથે સંબંધ ધરાવે છે. પણ વિસ-હર અને ફુલિંગ શબ્દો શ્રી પાર્શ્વનાથસ્વામી સાથે સંબંધ ધરાવતા નથી એવી શંકા ઉઠવી સ્વાભાવિક છે.

આ શંકાનું સમાધાન આચાર્ય શ્રીહર્ષકીર્તિસૂરિએ રચેલી ઉવસગ્ગહરંની ટીકામાં આપેલ છે. તેમણે જણાવ્યું છે કે विषधरो એટલે સર્પો અને स्फुलिंगो એટલે અગ્નિકણો. આ શબ્દો દ્વારા ઉપલક્ષણથી સર્વ ઉપદ્રવો સમજવાના છે. આ મંત્ર સર્વ ઉપદ્રવનું નિવારણ કરનાર છે તે સૂચવવા આ શબ્દો મૂકાયા છે.

આ મંત્ર ધરણેન્દ્ર, પદ્માવતી તથા પાર્શ્વયક્ષથી અધિષ્ઠિત છે. તેથી તે મહામહિમા-વંત તથા નિશ્ચિત ફલદાયક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चिट्ठउ दूरे मंतो :—

ઉપર્યુક્ત ગાથામાં દર્શાવેલ મંત્રની સાધના સર્વ કોઇ કરી શકતા નથી કારણ કે તે માટે સત્ત્વની-ધૈર્યની આવશ્યકતા છે. તદુપરાંત મંત્રસાધનામાં ઉપયોગી અનુષ્ઠાનો પણ કરવાનાં હોય છે. આ કર્યા પછી પણ કોઈ ભાગ્યવાન સાધક ઉપર જ મંત્રના અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થાય છે અને તેને ઇચ્છિત ફળ આપે છે.

સહુ કોઈમાં આવું સત્ત્વ , ધૈર્ય કે અનુષ્ઠાનો કરવાની અનુકૂલતા ન હોઇ શકે તેથી મંત્ર તો કેવળ સામર્થ્યવાન વ્યક્તિઓ માટે જ કાર્યસાધક પૂરવાર થાય. જો આમ થાય તો તે સિવાયની વ્યક્તિઓ માટે પણ કોઈ સુગમ માર્ગ આવશ્યક છે, તેથી સ્તોત્રકારે જણાવ્યું કે મંત્રને એક બાજુએ રાખીએ તો ય તમને કરેલો પ્રણામ પણ બહુ ફલદાયક છે.

**પ્રણામ**

અહીં ' પ્રણામ ' શબ્દ ઉપયોગમાં લેવાયો છે જે સૂચક છે. प्र+नम् થી નિષ્પન્ન થયેલ આ શબ્દમાં प्र ઉપસર્ગનો થયેલો ઉપયોગ પ્રકૃષ્ટ અર્થને જણાવે છે એટલે કે પ્રકૃષ્ટ કોટિનો નમસ્કાર.

પ્રકૃષ્ટ નમસ્કાર એટલે ' આ અપાર અને ઘોર સંસારસાગરમાં આમથી તેમ અથડાતા અનંતાનંત જીવો કે જે અનાદિકાલથી માર્ગદર્શકના સંયોગના અભાવે સંસારસાગરના તીરને પામી શકતા નથી અને જેમનાં વિવેકલોચનો મોહના યોગે બીડાઇ ગયાં છે તેમને જો કોઇ સત્યમાર્ગ દર્શાવનાર હોય અને સંસારસાગરથી પાર ઉતારનાર હોય તો તે શ્રી જિનેન્દ્ર ભગવંતો જ છે. નિખિલ વિશ્વમાં તેના સમાન કોઇ જ તારક નથી અને કોઈ જ શરણ નથી, તેમણે જે કંઇ પ્રરૂપ્યું છે, જે કંઇ દર્શાવ્યું છે, જે કંઈ ઉપદેશ્યું છે તે જ સત્ય છે તે જ શંકા વિનાનું છે અને કલ્પાન્તે પણ તેમાં પરિવર્તન થનાર નથી, આવી શ્રદ્ધાપૂર્વક, ' હું ધન્ય છું', કૃતપુણ્ય છું કે આ અપાર ભવસમુદ્રમાં મને ભગવંત શ્રી જિનેન્દ્રની વન્દના કરવાનો સુયોગ સાંપડ્યો! આવા ભાવોલ્લાસથી તે પરમ નિસ્તારકને કરાયેલ નમસ્કાર તે પ્રકૃષ્ટ નમસ્કાર છે અને તે જ વાસ્તવિક પ્રણામ છે.

**'वि' નો અર્થ :—**

અહીં 'पणामो वि' પદમાં 'वि' શબ્દનો પ્રયોગ કરાયો છે. 'वि' નો અર્થ છે 'પણ.' એટલે પ્રણામ પણ બહુ ફલદાયક છે. અર્થાત્ તમારી આજ્ઞાનું પાલન, તમારૂં પૂજન વગેરે તો બહુફલદાયક છે જ પણ તમને કરેલો પ્રણામ પણ બહુફલદાયક છે, એ ' वि ' નો ગૂઢાર્થ છે.

આ રીતના કથન દ્વારા પ્રણામની અત્યધિક મહત્તા સૂચવાય છે.

**પ્રણામ શબ્દને એકવચન :—**

અહીં ' પ્રણામ ' શબ્દને એકવચન લગાડેલ છે એટલે તેનો અર્થ એક પ્રણામ પણ બહુફલદાયક છે એવો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बहुफलो होइ**

ભગવંતને કરેલો પ્રણામ બહુફલદાયક છે એમ કહી 'बहुफलो'થી જે ફલો ગણાવાયાં છે તે ફલોમાં સર્વ ઐહિક ફલો જેવાં કેઃ—ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, નોકર, ચાકર તથા વાહનો વગેરે ગણાવાયાં છે. તેનો આશય એ છે કે પ્રણામનું મુખ્ય ફલ તો સંસાર-સાગરથી તરવું તે છે પરંતુ જ્યાં સુધી તે ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સંસારમાં રહેલા જીવને મુક્તિની પ્રાપ્તિ માટેનાં સાધનોની અનુકૂલતા આવશ્યક છે અને ભગવંતને કરેલો પ્રણામ તે સઘળી અનુકૂલતાઓ આપે છે અને તે દ્વારા તેવો આત્મા મળેલા સુખમાં લુબ્ધ બન્યા વિના સુખપૂર્વક મુક્તિ મેળવે છે.

**नरतिरिएसु वि जीवा :—**

જે પ્રાણીમાં વિશુદ્ધ શ્રદ્ધાથી ભગવંતને પ્રણામ કરવાની યોગ્યતા પ્રગટે છે તે નિયમા સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવો આત્મા વૈમાનિક દેવ સિવાય ક્યાંય ઉત્પન્ન થતો જ નથી. કારણ કે શાસ્ત્રોમાં કહ્યું છે કે 'सम्मदिट्ठी जीवो विमाणवज्जं न बद्धए आउं' અર્થ:-સમ્યગ્દૃષ્ટિ આત્મા વૈમાનિક દેવ સિવાયનું આયુષ્ય બાંધતો નથી.

જો આ સ્થિતિ હોય તો પછી 'नरतिरिएसु वि जीवा' પદ નિરર્થક થાય છે. કારણ કે, ભગવંતને પ્રણામ કરનારો આત્મા વૈમાનિક દેવ સિવાય ક્યાંય ઉત્પન્ન જ થતો નથી તો પછી નર કે તિર્યંચમાં જવાનો સવાલ જ ક્યાં રહે છે? આનું સમાધાન એ છે કે ભગવંતને વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરવાની અપૂર્વ ભાવના પ્રગટ્યા પૂર્વે જો આત્માએ ભવાન્તરનું આયુષ્ય બાંધી દીધું હોય તો તે વૈમાનિક દેવ સિવાયની બીજી ગતિમાં પણ ઉત્પન્ન થાય, અથવા વૈમાનિક દેવનું આયુષ્ય પૂર્ણ થયા પછીના ભવોની પરંપરામાં પણ મનુષ્ય યા તિર્યંચગતિમાં જાય તો પણ, ભગવંતને કરેલા નમસ્કારના પ્રભાવથી તે આત્મા ત્યાં પણ દુઃખ કે દારિદ્ર્યને પ્રાપ્ત કરતો નથી. તે જો તિર્યંચયોનિમાં જાય છે તો પણ પ્રતિદિન પૂજા થાય તેવા સ્થાનમાં જાય છે. તે જો મનુષ્યયોનિમાં જાય છે તો પણ શારીરિક કે માનસિક દુઃખોથી તે રહિત હોય છે અને તેના મનના ચિંતવેલા કાર્યો થયાં કરતાં હોય છે.

અહીં 'नरतिरिएसु वि' પદમાં 'वि' એટલે 'પણ'નો ઉપયોગ થયો છે જે સહેતુક છે. 'वि'નો પ્રયોગ અહીં વિસ્મયસૂચક છે અને તે એવું સૂચવે છે કે નર અને તિર્યંચના ભવોમાં દુઃખ અને દારિદ્ર્ય ન હોય તે સંભવિત નથી પરંતુ વિસ્મયની વાત છે કે તમને પ્રણામ કરનારા કદાચ નર કે તિર્યંચ યોનિમાં જાય તો પણ ત્યાં દુઃખ પામતા નથી.

**तुह सम्मत्ते लद्धे :—**

ત્રીજી ગાથામાં વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વકના નમસ્કારથી થતાં ફલો દર્શાવ્યા બાદ વિશુદ્ધ શ્રદ્ધા કેટલી બલવતી તથા ભવસાગરથી પાર ઉતારનાર છે તે દર્શાવવા માટે ચોથી ગાથા મૂકવામાં આવી છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

અહીં સમ્યક્ત્વની ચિંતામણિ તથા કલ્પવૃક્ષથી અધિકતા દર્શાવી તેનું પારંપરિક ફલ નિર્વાણ છે તે સૂચવાયું છે અને તે નિર્વાણ ફલ પણ નિર્વિઘ્ને મળે છે તે સ્પષ્ટ કરાયું છે.

**સમ્યક્ત્વ:—**

સમ્યક્ શબ્દ પ્રશંસા કે અવિરુદ્ધ ભાવને દર્શાવે છે. સમ્યક્નો ભાવ તે સમ્યક્ત્વ **કહેવાય** છે એટલે કે સમ્યક્પણું-સારાપણું, અર્થાત્ જે વસ્તુ જેવા સ્વરૂપમાં હોય તેવા **સ્વરૂપમાં** તેને સ્વીકારવી.

સારાંશ એ છે કે હેયને (ત્યાગ કરવા લાયકને) હેય માનવી, જ્ઞેયને (જાણવા લાયક-ને) જ્ઞેય માનવી અને ઉપાદેયને (આદરવા યોગ્યને) ઉપાદેય માનવી આનું નામ વિશિષ્ટ કોટિનું દર્શન-સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ બંને પર્યાયવાચક શબ્દ છે. આ સમ્યક્ત્વને ઓળખવાના શાસ્ત્રોએ પાંચ ચિહ્નો બતાવ્યા છે અને તે શમ, સંવેગ, નિર્વેદ. અનુકંપા અને આસ્તિક્ય છે. આ પાંચ ચિહ્નો આત્મામાં દેખાય તો તે સમ્યક્ત્વ ગુણના પ્રકટીકરણની ખાત્રી આપે છે.

મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી આ સમ્યક્ત્વ નામનો આત્માનો ગુણ પ્રકટ થાય છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ **પ્રથમ પંચાશકમાં** સમ્યક્ત્વની ટૂંકમાં વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે-

तत्तत्थसद्दहणं सम्मत्तं-તત્ત્વોના અર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે.

શ્રી ઉમાસ્વાતિ વાચકે પણ **તત્ત્વાર્થ સૂત્રમાં**—

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्-તત્ત્વોના અર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે એમ જણાવ્યું છે. અહીં તત્ત્વ શબ્દની વિચારણા બે રીતે કરવામાં આવે છે. એક પરમાર્થથી અને બીજી વ્યવહારથી. તેમાં પરમાર્થદૃષ્ટિએ જીવ, અજીવ, પુણ્ય, પાપ આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વો છે. આ નવે તત્ત્વોના સદ્ભાવમાં શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે અને વ્યવહારદૃષ્ટિએ સુદેવ, સુગુરુ અને સુધર્મમાં શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે; કારણ કે આ વિશ્વમાં નિર્ણય કરવા યોગ્ય અને જાણવા યોગ્ય તત્ત્વો ઉપરોક્ત ત્રણ જ છે.

શાસ્ત્રોમાં જણાવ્યું છે કે:-

અરિહંત તે સુદેવ છે, પંચમહાવ્રતધારી સાધુ તે સુગુરુ છે અને રાગદ્વેષથી સર્વથા રહિત શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ તે સુધર્મ છે.

આ ત્રણ પ્રત્યેની શ્રદ્ધા એટલે કે સુદેવમાં સુદેવત્વબુદ્ધિ, સુગુરુમાં સુગુરુત્વબુદ્ધિ અને સુધર્મમાં સુધર્મત્વબુદ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય છે.

**अविग्घेणं**

'पावंति अविग्घेणं' માં વપરાયેલ 'अविग्घेणं' પદનો અર્થ છે 'નિર્વિઘ્નપણે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વિઘ્નપણે એટલે કે સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા જીવો જ્યાં સુધી મુક્તિપદને પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી તેમની સંસારની સ્થિતિ દરમ્યાન પણ તેઓને મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુલ, પંચેન્દ્રિયપરિપૂર્ણતા, જિનધર્મની પ્રાપ્તિ, સદ્‌ગુરુનો યોગ, ધર્મશ્રવણેચ્છા તથા ધર્મકાર્યો કરવા માટે જોઇતી અનુકૂલતાઓ સાંપડયા જ કરે છે અને મુક્તિની પ્રાપ્તિમાં વિઘ્ન થાય તેવા કોઇ જ સંયોગો ઊભા થતા નથી.

इअ संथुओ महायस !—

પ્રથમ ગાથામાં ભગવંતની સ્તવના, બીજી ગાથામાં તેમના નામથી અધિષ્ઠિત મંત્રનું ફળ, ત્રીજી ગાથામાં તેમના પ્રણામનું ફળ અને ચોથી ગાથામાં તે ભગવંતે પ્રરૂપેલા સમ્યક્ત્વનું ફળ દર્શાવી પાંચમી ગાથામાં ઉપસંહાર કરતાં યાચના કરવામાં આવી છે.

સ્તવના કર્યા બાદ ભક્તહૃદય તે પરમતારક પરમેશ્વર પાસેથી જે વસ્તુની અપેક્ષા રાખે છે તે અપેક્ષાને આ ગાથામાં વાચા અપાઇ છે.

આ ગાથામાં પરમેશ્વર શ્રીપાર્શ્વનાથ ભગવંતને ત્રણ વિશેષણોથી બિરદાવવામાં આવ્યા છે.

૧. મહાયશસ્વિ, ૨. દેવ અને ૩. જિનચંદ્ર. મહાયશસ્વીનો અર્થ છે ત્રણે લોકમાં એટલે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલલોકમાં જેનો યશ વ્યાપી ગયો છે તેવા.

એક દિશામાં ફેલાતી પ્રશંસાને ‘કીર્તિ’ કહેવામાં આવે છે અને સર્વ દિશામાં ફેલાતી પ્રશંસાને ‘યશ’ કહેવામાં આવે છે.

અહીં ‘યશ’ શબ્દનો પ્રયોગ થયો છે એટલે ‘સર્વદિગ્વ્યાપી પ્રશંસા’ એ અર્થ અભિપ્રેત છે.

અર્થાત્ ત્રણેય લોકમાં અને ત્યાં પણ દશેય દિશાઓમાં જે મહાભાગનો યશ ફેલાઇ ચૂકયો છે એવા.

‘દેવ’ શબ્દ સાહિત્યમાં સન્માનસૂચક શબ્દ તરીકે વપરાય છે. જેઓ રાગ વગેરેથી આક્રાન્ત નથી, યોગ અને ક્ષેમને કરનારા છે, અને સદા પ્રસન્નતાના પાત્ર છે, તેમને મુનિઓ ‘દેવ’ કહે છે.* અહીં આ શબ્દ શ્રી પાર્શ્વનાથ સ્વામીના સંબોધન રૂપ છે. ‘જિનચન્દ્ર’ એટલે જિનોમાં ચન્દ્ર. જિનોનો અર્થ છે સામાન્ય કેવલીઓ એટલે જેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે તેવા મહાત્માઓ. જિનશાસનરૂપી નભમાં ચમકતા સામાન્ય કેવલજ્ઞાની રૂપી તારકોમાં ભગવાન શ્રી તીર્થંકર પરમાત્મા ચન્દ્રની જેમ ચમકી રહ્યા છે માટે તેમને ‘જિનચન્દ્ર’ કહેવામાં આવ્યા છે.

भत्तिभरनिब्भरेण हियएण

તે મહાયશસ્વીની સ્તુતિ તો કરવામાં આવી પરંતુ સ્તુતિ પણ એક ભયથી કરાયેલી

* “रागादिभिरनाकान्तो योगक्षेमविधायकः, नित्यं प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः ॥
न. स्वा. सं. वि. पृ. २९

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

હોય અને એક આન્તરપ્રીતિથી કરાયેલી હોય આ સ્તુતિ ભય આદિથી કરાયેલી નથી તે દર્શાવવા સ્તોત્રકારે લખ્યું કેઃ–

આન્તરિકપ્રીતિ એટલે કે તે પરમેશ્વરના ગુણો પ્રત્યેના બહુમાનથી પ્રગટ થયેલી જે પ્રીતિરૂપ ભક્તિ, તે પણ ન્યૂનાધિક માત્રામાં હોઇ શકે. માટે કહ્યું કે તે ભક્તિનો જે સમૂહ તેનાથી સંપૂર્ણ એટલે છલોછલ ભરાયેલું જે હૃદય તે હૃદયથી હે મહાયશસ્વિ! મેં તમને ઉપર મુજબ સ્તવ્યા, એટલે કે તમારા પ્રત્યેની ભક્તિથી મારૂં હૃદય સંનિવિષ્ટ થયું તેથી મેં તમારા સદ્ભૂત ગુણોનું કીર્તન કર્યું.

**યાચના**

આ ગાથામાં સ્તવના કરનાર, પ્રણિધાન એટલે કે પોતાના મનના અધ્યવસાય, ભાવના–પરમતારક પરમેશ્વર સમક્ષ રજૂ કરતાં કહે છે કે, 'दिज्ज बोहिं' મને બોધિ આપો. બોધિ એટલે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર અથવા તો અપ્રાપ્ત ઉચ્ચતર કક્ષાની જૈનધર્મની પ્રાપ્તિ યા તો જિનધર્મની પ્રાપ્તિ.

ભક્ત હૃદયને આ સ્તવનાના ફલ તરીકે કોઈ વસ્તુની ખેવના નથી. તેને માત્ર બોધિ જ જોઈએ છે અને તે બોધિ પણ તેને માત્ર એક જન્મમાં જ નથી જોઈતી પણ જન્મો-જન્મ જોઇએ છે.

બોધિનો અર્થ 'ભવાન્તરમાં જિનધર્મની પ્રાપ્તિ' એવો એટલા માટે કરાયો છે કે જે આત્મા બોધિની યાચના કરવાની દશા સુધી પહોંચ્યો છે તેને આ જન્મમાં તો બોધિ પ્રાપ્તિ થઈ જ હોવાનો સંભવ છે. તેથી હવે પછીના ભવોમાં આ પ્રાપ્ત થયેલી બોધિ ચાલી ન જાય તે માટેની તકેદારી રાખવાની છે અને તે માટે પરમેશ્વરને વિનવવાના છે.

સ્થળે સ્થળે વિવેકી યાચકો દ્વારા પરમેશ્વર પાસે કેવળ બોધિની જ યાચના કરવાનું લક્ષ્ય રખાયું છે કારણ કે તે યાચના જ વાસ્તવિક છે.

आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु । લોગસ્સસુત્ત ગા૦ ૬

समाहिमरणं च बोहिलाभो अ । જયવીયરાય ગા૦ ૪

આ સર્વ સ્થળોએ ભક્ત હૃદયોએ કેવલ બોધિ જ યાચી છે.

'ता' નો અર્થ છે તે કારણથી. એટલે કે મેં તમને ઉપરોક્ત રીતે સ્તવ્યા છે તેથી હે દેવ મને બોધિ આપો.

વન્દના કે સ્તવના હંમેશ પ્રણિધાનવાળી જ હોવી જોઇએ. જે વંદના કરવામાં આવે છે તેના ફળ તરીકે વંદના કરનાર શું ઇચ્છે છે તે જણાવવું જોઇએ. માટે આ ગાથામાં પણ વંદના કરી 'ता' પદ મૂકાયું છે.

'चेइयवंदण महाभास' માં કહેવાયું છે કે पणिहाणंता जम्हा संपुन्ना वंदणा भणिया ॥ ગા. ૮૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:-વંદના, પ્રણિધાનવાળી હોય તો જ તે સંપૂર્ણ વંદના ગણાય છે.

અહીં એક સવાલ ઉઠે છે કે કદાચ વંદના કરવામાં આવે અને પ્રણિધાન ન કરવામાં આવે તો વંદના અવાસ્તવિક ગણાય ?

તેનું સમાધાન એ છે કે હંમેશાં સ્તવના કે વંદના કર્મક્ષય માટે જ કરવાની છે અને તે દ્વારા નિયમા મોક્ષ મળે છે. જો તે કર્મક્ષયની પણ પ્રાર્થના ન કરવામાં આવે તો પછી ધર્મમાં આલંબનના અર્થી જીવોને આલંબન જ ક્યાં રહ્યું ? અને આલંબન વિનાની ધર્મક્રિયા નિયમા દ્રવ્યક્રિયા છે. અને તે તુચ્છફલદાયક છે.*

બીજું, પ્રણિધાન પણ પ્રથમ સ્તવના કરી પછી કરવું જોઇએ માટે અહીં પણ પ્રથમ સ્તવના કરીને પછી યાચના કરવામાં આવી છે.

उवसग्गहरं સ્તોત્ર દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવંત પાસે સંસારની કોઈ જ યાચના કરવાની નથી કે ભૌતિક પદાર્થોની કોઇ જ કામનાને હૃદયમાં સ્થાન આપવાનું નથી તે દર્શાવવા સ્તોત્રકાર મહર્ષિએ સ્વયં પોતે જ તે પરમતારક પાસેથી ભક્ત હૃદયે જે વસ્તુની અપેક્ષા રાખવાની છે તેને કહી બતાવવા દ્વારા એ વસ્તુ આડકતરી રીતે જણાવી છે કે તે પરમેશ્વર પાસે બોધિ સિવાયની કોઈ યાચના કરવી વાસ્તવિક નથી--ઉચિત નથી.

હા, એટલું નક્કી છે કે તે પરમેશ્વરની સ્તવના કરવાથી સ્તવના કરનારનાં સર્વ પ્રકારનાં અનિષ્ટો નાશ પામે છે, મન ચિંતવ્યા પદાર્થો અને સંયોગો સ્વયમેવ પ્રાપ્ત થાય છે[1] પરંતુ તે માટે તેમની સ્તવના કરવાની નથી. સ્તવના કરતી વેળા માત્ર એક જ

---

* कम्मक्खयत्थमीडा तत्तो नियमेण होइ किर मोक्खो। जइ सोवि न पत्थिज्जइ, धम्मे आलंबणं कयरं। ॥ ८६८ ॥ आलंबणनिरवेक्खा किरिया नियमेण दव्वकिरियत्ति संमुच्छिमपायाणं पायं तुच्छफला होइ ॥ ८६९ ॥
ચે. વં. મ. ભા., ગા. ૮૬૮–૮૬૯

૧ ભગવાનશ્રી પાર્શ્વનાથનો મહિમા ગાતાં કવિઓએ તેમના નામસ્મરણથી, વંદન, પૂજન અને પ્રણિધાનથી સર્વ રોગો શાન્ત થવાનું, સર્વ વિષોનો નાશ થવાનું, સર્વ આધિદૈવિક ઉપદ્રવો જેવા કે-ભૂત, પ્રેત, પિશાચ, શાકિની આદિના ઉપદ્રવો-નષ્ટ થવાનું, સર્વ ગ્રહોની વિરુદ્ધતા ગુણકારિતામાં પલટાવાનું તથા સર્વ ચિન્તાકારી વસ્તુઓ અનુકુલતાને ભજવાનું ઠેર ઠેર જણાવ્યું છે.

જુદા જુદા કાવ્યોમાં યત્ર તત્ર આ બધું વીખરાયેલું વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તે બધું અહીં રજુ કરવું શકયજ નથી તેથી આ અંગેનું યત્કિંચિત્ સાહિત્ય અહીં રજુ કરાય છે.

જ્વરદાધ હૂણ્યા સઇરી સૂણ્યા કોઢે રોઢા થઇ રયા,
દગ કરણ નાશા ગમી આશા ચરણુ પાણિ ગલિ ગયા;
તુહ પાય વંદણિ હોઇ તતખિણુ રૂપે જેહવો રતિવરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૬૨ ॥

* * *

ફૂંફઇ ફણિ વિષઝાલ વરસે લોલ દીલ લબકાવતો,
યમ જીહ કાલો અતિ વિકરાલો સયલ જગ બીહાવતો;

લક્ષ્ય રાખવાનું છે કે બોધિપ્રાપ્તિ કે જે મોક્ષપર્યંત લઇ જનાર છે તે મને મળો અને તે માટે જ હું સ્તવના કરું છું.

---

કરિ સાહી રાખે રાશિની પરિ ધ્યાન તુહ ધારક નરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૬૫ ॥

*　　*　　*

આદિત્ય સોમ ધરે પ્રેમ ભૌમ બુધ બલબુદ્ધિ કરો,
સુરગુરુ વિશેષે શુક્ર સાથે શનિ સદા સંકટ હરો;
તુહ પાય પ્રીતો રાહુ કેતો હોઈ ગ્રહગણ ગુણ કરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૭૩ ॥

દુર્ભંગા નારી સદા સુભગા હોઇ યશ સભર્તૃકા,
વલી મૃતાપત્યા નામ ધારે હોઈ જીવિતપુત્રકા;
તુહ ધ્યાન વંધ્યા પુત્ર પામેં સર્વ લક્ષણ સુંદરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૭૪ ॥

શાકિની ભૂત પ્રેત વ્યંતર દુષ્ટ ભોગાદિક ગ્રહ્યા,
કામણેં કીલ્યા અંગ ખીલ્યા હૃદય તે છંડી રહ્યા;
નાસવે તેહના દોષ સઘલા નામ તુહ મંત્રાક્ષરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૭૫ ॥

વછનાગ સોમલ વ્યાઘ્રવાલ કનકત્તરુ શરટક શિરં,
અહિફેન, અહિવિષ કાલકૂટં સર્વ જંગમ થાવરં;
તુ પરમહંસો પરમમંત્રો વિષમ વિષનાસન પરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૭૬ ॥

જે કાચ કામલ, તિમિર, વાષધિબિંદુ પડલ, પ્રવાલ એ,
રાતિંધ રોગ અનેક લોચન અવર પીડ કરાલ એ;
તે દોષ વારણ નેત્ર નિરમલ કરે તું અલવેસરો,
જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેસરો. ॥ ૭૭ ॥

ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ પૃ. ૯-૧૧



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

# પ્રકીર્ણક

## ઉવસગ્ગહરં અંગે કેટલાક વિચારો.

### [૧૦] ૧. उवसग्गहरं स्तोत्र માં નિર્દિષ્ટ नमिऊण મંત્રનું પ્રથમ પ્રાકટ્ય.

उवसग्गहरं स्तोत्र માં 'વિસહરફુલિંગ' એટલા સંકેતથી જે नमिऊण पास विसहर वसह जिण फुलिंग' નામક અઢાર અક્ષરનો મંત્ર આચાર્ય **શ્રીભદ્રબાહુ**ને અભિપ્રેત છે, તે મંત્રનું સર્વ પ્રથમ સંપૂર્ણ રીતનું પ્રાકટ્ય શ્રી ધરણેન્દ્રદ્વારા આચાર્ય **શ્રીમાનતુંગસૂરિ** સમક્ષ કરવામાં આવ્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

પ્રભાવકચરિત્રમાં એવો ઉલ્લેખ છે કે આચાર્ય **શ્રીમાનતુંગસૂરિ**ને એક વખત કર્મની વિચિત્રતાના યોગે મગજનો રોગ થઇ ગયો. તેમણે અણશણ કરવા માટે શ્રી ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને બોલાવી અણશણની ભાવના અંગે પોતાનું આયુષ્ય પૂછયું. શ્રી ધરણેન્દ્રે જણાવ્યું કે 'હજી તમારૂં આયુષ્ય બાકી છે તેથી તેનો સંહાર કેવી રીતે થઈ શકે? અને આપના જેવાઓનું આયુષ્ય તો ઘણા લોકોને ઉપકાર કરનાર છે' કહી તેમને અઢાર અક્ષરનો મંત્ર સમર્પણ કર્યો અને કહ્યું કે 'આના સ્મરણથી તથા આનાથી મંત્રિત જલથી રોગ આદિ નવે પ્રકારના ભયોનો નાશ થાય છે.' તેના અનુસારે **શ્રીમાનતુંગસૂરિએ** સ્તવના રચી કે જે 'ભયહર' નામથી આજે પણ પ્રસિદ્ધ છે, **આચાર્ય ભદ્રબાહુ** શ્રુતકેવલીહતા તેથી તેઓ તો આ મંત્રના જ્ઞાતા હતા જ પણ પછીના કાલમાં આ મંત્ર અપ્રકટપણાને પામ્યો, જે **માનતુંગસૂરિ** દ્વારા સર્વ જન સમક્ષ પ્રકટ કરવામાં આવ્યો.

### [૧૦] ૨. મંત્ર કેવી રીતે સિદ્ધ થાય ?

જે મંત્રના જે અધિષ્ઠાયક દેવો હોય છે તેઓ તે તે મંત્રના સંકેતથી બંધાયેલા

---

कदापि कर्मवैचित्र्यात् तेषां चित्र(त्त)रुजाभवत् ।
कर्मणा पीडिता यस्मात् शलाकापुरुषा अपि ॥१५८॥
धरणेन्द्रः स्मृतेरायात् पृष्टोऽनशनहेतवे ।
अवादीदायुरद्यापि स तत् संह्रियते कथम् ॥१५९॥
यतो भवादृशामायु-र्बहुलोकोपकारकम् ।
अष्टादशाक्षरं मन्त्र ततस्तेषां समार्पयत् ॥१६०॥
ह्रियते स्मृतितोयेन रोगादि नवधा भयम् ।
अन्तर्ययौ ततः श्रीमान् धरणो धरणीतलम् ॥२६१॥
ततस्तदनुसारेण स्तवनं विदधे प्रभुः ।
ख्यातं 'भयहरं' नाम तदद्यापि प्रवर्तते ॥१६२॥
પ્ર. ચ પૃ. ૧૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે અને તેથી તે તે મંત્રના જાપ દ્વારા તે તે દેવો તે તે મંત્રના સાધક ઉપર તુષ્ટ થાય છે અને તેમની મનકામનાઓ પૂર્ણ કરે છે.

શ્રીસ્થાનાંગસૂત્ર ૧૦મા સ્થાનના ત્રીજા ઉદ્દેશાની વૃત્તિમાં ' અરૂણદેવ અરૂણોપપાત અધ્યયનના પાઠથી પોતાનું આસન ચલાયમાન થવાથી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જ્યાં તે પાઠ કરનાર શ્રમણ ભગવંત હોય ત્યાં આવે છે અને આવીને "વર માંગો, વર માંગો" એમ કહે છે. જ્યારે તે શ્રમણ ભગવંત "મને કોઈ વરનું પ્રયોજન નથી" એમ કહે છે ત્યારે તે દેવ તે ભગવંતને પ્રદક્ષિણા તથા વંદન નમસ્કાર કરી પાછો જાય છે, એમ જણાવેલ છે. જે ઉપરની હકીકતનું સંપૂર્ણ સમર્થન કરે છે.[1]

આ તો થઇ મંત્રની વાત, પરંતુ આ રીતે કેટલાંક સ્તોત્રો પણ મહાપ્રભાવક પૂર્વાચાર્યો દ્વારા રચાયેલાં હોવાથી તે સ્તોત્રો જ મંત્ર સ્વરૂપ થઇ જાય છે અને તેથી તે સ્તોત્રોનો એકાગ્ર મનથી કરાયેલો પાઠ જ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનાર બને છે.

ઉવસગ્ગહર સ્તોત્ર પણ આવી જ રીતનું સ્તોત્ર હોવાથી તેનું એકાગ્ર મનથી કરાયેલ સ્મરણ, ચિંતન કે પાઠ પણ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનાર છે.

પરન્તુ મંત્રોનું સ્મરણ એ સર્વકાલીન ન હતું, તે આપત્તિ નિવારણ પૂરતું જ આવશ્યક મનાયું હતું, અને તેથી તે કાલના સમર્થ ગીતાર્થ પુરુષોને શ્રીસંઘના કષ્ટોના નિવારણ માટે મંત્રોદ્વારા શાંતિ કરવાની વ્યવસ્થા તે તે કાલ પૂરતી કરી આપવી પડી હતી. જેનું સમર્થન લઘુશાન્તિની રચના પણ પૂરી પાડે છે.

[૧૦] ૩.

## મંત્રયુગ

શ્રી શ્રમણ ભગવાન **મહાવીર પરમાત્માના** અન્તેવાસી ઘણા સ્થવિર ભગવંતો જેમ જાતિસંપન્ન, કુલસંપન્ન, બલસંપન્ન, રૂપસંપન્ન હતા તેમ ગુણપ્રધાન, ચારિત્રપ્રધાન, વિદ્યાપ્રધાન તથા મંત્રપ્રધાન પણ હતા કે જેઓ નિર્ગ્રંથ પ્રવચનને સન્મુખ રાખીને વિચ-

---

१ ' अरुणोपपात ' इति इहारुणो नाम देवस्तत्समयनिबद्धो ग्रन्थस्तदुपपातहेतुररुणोपपातो यदा तदध्ययनमुपयुक्तः सन् श्रमणः परिवर्तयति तदाऽसावरुणो देवः स्वसमयनिबद्धत्वाच्चलितासनः सम्भ्रमोद्भ्रान्तलोचनः प्रयुक्तावधिस्तद्विज्ञाय हृष्टप्रहृष्टश्चलचपलकुण्डलधरो दिव्यया द्युत्या दिव्यया विभूत्या दिव्यया गत्या यत्रैवासौ भगवान् श्रमणस्तत्रैवोपागच्छति, उपागत्य च भक्तिभरावनतवदनो विमुक्तवरकुसुमवृष्टिरवपतति, अवपत्य च तदा तस्य श्रमणस्य पुरतः स्थित्वा अन्तर्हितः कृताञ्जलिक उपयुक्तः संवेगविशुध्यमानाध्यवसानः श्रृण्वंस्तिष्ठति, समाप्ते च भणति–सुस्वाध्यायितं सुस्वाध्यायितमिति वरं वृणीष्व २ इति ततोऽसाविहलोकनिष्पिपासः समतृणमणिमुक्तालेष्टुकाञ्चनः सिद्धिवधूनिर्भरानुगतचित्तः श्रमणः प्रतिभणति न मे वरेणार्थ इति, ततोऽसावरुणो देवोऽधिकतरजातसंवेगः प्रदक्षिणां कृत्वा वन्दित्वा नमस्यित्वा प्रतिगच्छति एवं वरुणोपपातादिष्वपि भणितव्यमिति।

–સ્થા. સૂ૦ વૃ., સ્થા. ૧૦, ઉદ્દેશ–૩, સૂ૦ ૭૫૬, પત્ર ૫૧૩બ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રતા હતા એવો ઔપપાતિકસુત્તના ૧૬મા સુત્તનો ઉલ્લેખ[1] આપણને ભગવાન **મહાવીર પરમાત્માના** યુગમાં મંત્રોનું પ્રચલન હતું એમ માનવા પ્રેરે છે. આથી પણ આગળ જઇએ તો **શ્રી ઋષભદેવસ્વામીના** પૌત્રો **નમિ** તથા **વિનમિને ધરણેન્દ્રે** 'રોહિણી' 'પ્રજ્ઞપ્તિ' આદિ વિદ્યાઓ આપ્યાના ઉલ્લેખો જૈન શાસ્ત્રોમાં સાંપડે છે. વચલા કાળમાં લંકાધિપતિ **દશાનન**દ્વારા ૧૦૦૦ વિદ્યાઓની સાધનાના ઉલ્લેખો રામાયણમાં દષ્ટિગોચર થાય છે. એટલે વિદ્યાઓ અને મંત્રોનો ઉપયોગ આ અવસર્પિણીમાં આજથી અસંખ્યાત વર્ષો પૂર્વે પણ હતો તે નિર્ણીત થાય છે.

## [૧૦] ૪. મંત્રની ફળદાયકતાનું અનન્ય કારણ

મંત્ર કોને સિદ્ધ થાય અને કેવી રીતે સિદ્ધ થાય ? તે માટેના જુદા જુદા વિધાનો જૈન જૈનેતર ગ્રંથોમાં સ્થળે સ્થળે દેખાય છે. પણ તે બધામાં એ વાત તો સર્વ સંમત છે કે જે મંત્ર સિદ્ધ કરવો હોય તેના જે અધિનાયક દેવ યા દેવી હોય તેના પ્રત્યેની શ્રદ્ધા અનન્ય કોટિની હોવી જોઇએ તેમજ ગુરુદ્વારા પ્રદત્ત આમ્નાય પ્રાપ્ત થયેલ હોવો જોઇએ. જો આ વસ્તુઓ ન હોય તો કદી જ મંત્ર ફળદાયક થતો નથી. પછી ભલે તે મંત્રનો તેના માટે વિહિત કરેલ જાપ યા તપ આદિ કરવામાં આવે. તેથી જ ઉવસગ્ગહર સ્તોત્રની પાંચમી ગાથાના બીજા ચરણમાં 'भत्तिभरनिब्भरेण हियएण' પદ મૂકી શ્રી પાર્શ્વનાથ ભગવંત પ્રત્યેની અનન્ય શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી છે.

## [૧૦] ૫. 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ગાથાઓ

'ઉવસગ્ગહરં' સ્તોત્રની ગાથાઓના પ્રમાણ વિષે ઘણો મતભેદ છે. કોઇક તેની વર્તમાનમાં ઉપલબ્ધ થતી પાંચ ગાથાઓ ઉપરાંત છઠ્ઠી ગાથા પણ હોવાનું અને તે આચાર્ય **શ્રી ભદ્રબાહુસ્વામી** દ્વારા સંહરાઈ હોવાનું માને છે. કોઇક તેની પાંચ ગાથાઓ ઉપરાંત બીજી બે ગાથાઓ હોવાનું અને તે સંહરાઇ હોવાનું માને છે. તો કોઈક તેની ૯, ૧૩, ૨૦ યા તેથી ઓછી વધતી ગાથાઓ હોવાનું માને છે. આ બધી માન્યતા વચલા કાળમાં થઇ હોવાનું જણાય છે. કારણ કે ૧૭મી સદી પૂર્વેના કોઇ જ ગ્રંથમાં ૬ કે ૭ થીવધુ ગાથા હોવાનું નોંધાયેલું જોવામાં આવેલ નથી.

---

१ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी बहवे थेरा भगवंतो जातिसंपण्णा कुलसंपण्णा बलसंपण्णा रूवसंपण्णा विणयसंपण्णा णाणसंपण्णा दंसणसंपण्णा चरित्तसंपण्णा लज्जासंपण्णा लाघवसंपण्णा ओअंसी तेअंसी वच्चंसी जसंसी जिअकोहा जिअमाणा जिअमाया जिअलोभा जिइंदिया जिअणिद्दा जिअपरीसहा जीविआसमरण-भयविप्पमुक्का वयप्पहाणा गुणप्पहाणा करणप्पहाणा चरणप्पहाणा णिग्गहप्पहाणा निच्छयप्पहाणा अज्जवप्पहाणा मद्दवप्पहाणा लाघवप्पहाणा खंतिप्पहाणा मुत्तिप्पहाणा विज्जाप्पहाणा मंतप्पहाणा वेअप्पहाणा बंभप्पहाणा नयप्प-हाणा नियमप्पहाणा सच्चप्पहाणा सोअप्पहाणा चारुवण्णा लज्जातवस्सी जिइंदिआ सोहीअ णियाणा अप्पुस्सुआ अब-हिल्लेसा अप्पडिलेस्सा सुसामण्णरया दंता इणमेव णिग्गंथं पावयणं पुरओ काउं विहरंति ।

टीका —

विद्याः प्रज्ञप्त्यादिकाः, मन्त्राः—हरिणेगमेष्यादि मन्त्राः वेदाः आगमाः ऋग्वेदादयो वा ।

—ઔ. સૂ૦, સૂ૦ ૧૬ અ., દે. સૂ૦ કૃત વૃ. સહિતમ્ પત્ર ૩૨.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

જેઓ ૭ ગાથા માને છે તેઓ ૬ ઠ્ઠી અને ૭ મી ગાથા તરીકે જે ગાથાઓ મૂકે છે તેમાં પણ એકવાકયતા નથી, કોઇક હાથપોથીઓમાં ॐ नट्ठट्ठमयट्ठाणे તથા ॐ नमो तुहदंसणेण सामिय એમ બે ગાથાઓ ૬ ઠ્ઠી તથા ૭ મી ગાથા તરીકે પ્રાપ્ત થાય છે. તો કોઇક હાથપોથીઓમાં તેનાથી જુદી બે ગાથાઓ પણ ઉપલબ્ધ થાય છે.

આ બધું જોતાં વર્તમાનમાં ઉપલબ્ધ થતી પાંચ ગાથાઓ જ વાસ્તવિક રીતે ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓ છે, એમ માનીને અમે તે ઉપરાંતની ગાથાઓનું વિવેચન કરવું અહીં ઉચિત માન્યું નથી.

## [૧૦] ૬. વિવિધ સંપ્રદાયોમાં ઉવસગ્ગહરં સ્તોત્ર

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય સિવાયના કોઇ જ સંપ્રદાયમાં ઉવસગ્ગહરં સ્તોત્રનો કે તેની રચના થયાનો કશો જ ઉલ્લેખ સાંપડતો નથી.

આચાર્ય શ્રી ભદ્રબાહુને સર્વ સંપ્રદાયો સ્વીકારતા હોવા છતાં તેમની રચનાને આમ કેમ ગૌણ કરવામાં આવી હશે તે સમજાતું નથી.

દિગમ્બર સંપ્રદાય 'ઉવસગ્ગહરં' સ્તોત્રને આચાર્ય માનતુંગસૂરિ કૃત માને છે. સત્તરમી શતાબ્દીની દિગમ્બરીય પટ્ટાવલીના અનુસારે આ હકીકત નોંધાઇ છે.*

## [૧૦] ૭. ભક્તિની વ્યાખ્યા

ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચમી ગાથાના બીજા ચરણમાં વપરાયેલ भत्तिभर પદમાં રહેલ भक्ति શબ્દની વ્યાખ્યા જુદે જુદે સ્થળે જુદા જુદા સંદર્ભોમાં જુદી જુદી કરવામાં આવી છે.

भज् ધાતુથી क्तिन् પ્રત્યય આવવાથી भक्ति શબ્દ નિષ્પન્ન થાય છે. भज् ધાતુનો અર્થ છે સેવા કરવી. એટલે भक्तिનો અર્થ છે સેવા. સાચી સેવા ત્યારે જ થાય કે જ્યારે જેની સેવા કરવી હોય તેના પ્રત્યે હૃદયમાં પ્રેમ હોય એટલે અહીં भक्तिનો અર્થ આન્તર પ્રેમ કરવામાં આવ્યો છે.[૧]

---

* જુઓ ભક્તામર કલ્યાણમંદિર નમિઊણ સ્તોત્રત્રયની ભૂમિકા પૃ. ૨૧ (હી. ર. કાપડીયા પ્ર. દે લા. જૈ. ગ્રંથમાલા.)

૧ भक्तेः आन्तरप्रीतिः । અ. ક લ.

શાંડિલ્ય સૂત્ર ભાષ્યમાં જણાવ્યું છે કેઃ—सा परानुरक्तिरीश्वरे ॥ ૧–૧–૨ ॥

तस्मिन् ईश्वरे परा सर्वोत्कृष्टातिगाढा यानुरक्तिः प्रीतिपर्यायोऽनुरागः । इतररागविस्मारणोऽतिनिर्भरो माहात्म्यज्ञानपूर्वकः स्नेह इति यावत् ।

તે ઇશ્વરમાં પરમ અનુરાગ તે જ ભક્તિ.

તે ઇશ્વરમાં પર એટલે સર્વોત્કૃષ્ટ અતિગાઢ જે અનુરાગ, જેને પ્રીતિ કહેવાય તેવો અનુરાગ. અતિનિર્ભર એટલે બીજા રાગોનું વિસ્મરણ કરાવનાર તેમજ તેમના માહાત્મ્યના જ્ઞાનપૂર્વકનો સ્નેહ તે ભક્તિ છે.

ભક્તિની આ બધી વ્યાખ્યાઓ 'આન્તર પ્રીતિ' અર્થમાં સમાવિષ્ટ થઇ જાય છે. આવી 'આન્તર પ્રીતિનો સમૂહ તેનાથી છલકાતું હૃદય' આ શબ્દો ભક્તિની સર્વોત્કૃષ્ટતા દર્શાવનારા છે, શ્રદ્ધાનું પરમ પ્રાબલ્ય પ્રકટ કરનારા છે.

૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૦] ૮. ઉવસગ્ગહરં સ્તોત્રની મંત્રમયતા

ઉવસગ્ગહરં સ્તોત્રમાં કેવળ **શ્રી પાર્શ્વનાથસ્વામી**ની સ્તવના જ છે. નથી તેમાં ॐ હ્રીઁ જેવા કોઇ બીજોનો કે સ્વાહા, સ્વધા જેવા પલ્લવોનો ઉપયોગ છતાં ય તે મંત્ર કેવી રીતે? એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે. તેનું સમાધાન એ છે કે શ્રી **પાર્શ્વનાથ ભગવંતનું** નામ એ જ પરમ મંત્ર છે. તેમનું નામ જ સર્વ મંત્રાક્ષરોમાં શ્રેષ્ઠ મંત્ર છે.[卐] એટલે તે નામ દ્વારા તે પરમતારકની જેમાં સ્તવના હોય તે સ્તોત્ર મંત્ર ગણાય તે સંપૂર્ણ વાસ્તવિક છે.

## [૧૦] ૯. નામમંત્ર

ભગવંત શ્રી પાર્શ્વનાથસ્વામીનું નામ એ જ મંત્ર છે એ વાતનું સમર્થન કરતા અનેક વાકયો સ્તોત્રકારોએ તે તે સ્તોત્રોમાં ગૂંથ્યા છે જે પૈકી કેટલાક અહીં મૂકવામાં આવે છે.

તમારૂં **નામકીર્તન** તે રૂપી જલ સમગ્ર દોષોને શમાવે છે.[૧]

તમારા **નામ** રૂપી નાગદમની જે પુરુષના હૃદયમાં હોય છે તેને વિષધરો ઉપદ્રવ કરી શકતા નથી.[૨]

હે પુરુષોત્તમ! અજિતજિન! તમારું **નામકીર્તન** શુભને પ્રવર્તાવનારું છે.[૩]

જેમનું **નામ** સુગૃહીત–સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય છે તે જિનેન્દ્રો જયવંતા વર્તો.[૪]

શ્રી શાંતિનાથનું **નામગ્રહણ** જયવંતુ છે.[૫]

આપનું **નામ** પણ જગતને સંસારથી બચાવે છે.[૬]

શ્રી પાર્શ્વનાથના **નામરૂપી શ્રેષ્ઠ સિદ્ધ મંત્રના** જાપથી....[૭]

તમારા **નામરૂપી મંત્રના** વર્ણોની પંક્તિને.[૮]

તમારા **નામના અક્ષરોરૂપી સ્ફુટ સિદ્ધ મંત્રથી** ગૌરવવાળા મનુષ્યને.[૯]

---

卐 निःशेषमन्त्राक्षरचारुमन्त्रं श्रीपार्श्वतीर्थेश्वरनामधेयम् —જૈ. સ્તો. સં. ભા. ૨, પૃ. ૧૭૫

૧ त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् । ભ. સ્તો., શ્લો. ૩૬

૨ त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ,, ,, ,, ૩૭

૩ अजियजिण ! सुहप्पवत्तणं तव पुरिसुत्तम ! नामकित्तणं । અ. શા. સ્ત., ગા. ૪

૪ सुगृहीतनामानो जयन्तु ते जिनेन्द्राः । બૃ. શા.

૫ नामग्रहणं जयति शान्तेः । બૃ. શા.

૬ नामापि पाति भवतो भवतो जगन्ति । ક. મં. સ્તો., શ્લો. ૭

૭ पासस्स नामवरसिद्धमंतजावेण । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૪૦

૮ त्वद्गोत्रमन्त्रवर्णततिम् । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૫૨

૯ तुह नामक्खरफुडसिद्धमंतगुरुआ नरा लोए । નમિ. સ્તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારું **નામ** દુષ્ટ પ્રેત પિશાચો આદિનો નાશ કરે છે.[૧૦]

આશ્ચર્ય કરનાર છે **નામરૂપી મંત્ર** જેનો એવા માણિક્યસ્વામી.[૧૧]

હે જિનેન્દ્ર ! તમારા **નામમંત્રનું** એકાગ્ર ચિત્તવાળા થઈને જેઓ ધ્યાન કરે છે.[૧૨]

સર્વ વિદ્યા અને મન્ત્રોના બીજાક્ષરો જેમના **નામાક્ષરમાં** છે એવા પ્રભુ ![૧૩]

હે વામાસૂનુ તમારા **નામનો** જેઓ જપ કરે છે તેમનાથી દુરિતો દૂર ભાગી જાય છે[૧૪]

હે સ્વામી ! પ્રબલ એવા ભૂતો આદિ તથા અતિ પ્રબળ રોગો પણ તમારા **નામ સ્મરણથી** વિલય પામે છે[૧૫]

## [૧૦] ૧૦. 'हियएण' પદના પ્રયોગની સૂચકતા

ઉવસગ્ગહરંની પાંચમી ગાથાના બીજા ચરણમાં हियएण પદનો પ્રયોગ સૂચક છે. 'ભક્તિથી વાસિત બનેલા મેં તમને સ્તવ્યા' એમ ન કહેતાં 'ભક્તિના સમૂહથી નિર્ભર એવા હૃદયથી મેં તમને સ્તવ્યા' એવા શબ્દપ્રયોગ દ્વારા સ્તોત્રકાર સૂચવે છે કે ઉવસગ્ગહરં સ્તોત્રના સ્મરણ કે જાપ વેળા હૃદયરૂપી કમલની મધ્ય કર્ણિકામાં તે ભગવંતની સ્થાપના કરી પછી સ્તોત્રનું સ્મરણ કે જાપ કરવાનો છે.

'મંત્રાક્ષરગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર' માં કહ્યું છે કે—

હૃદયરૂપી કમલની પીઠમાં શ્રી પાર્શ્વ તીર્થંકરનું સ્મરણ કરો.+

આ વસ્તુ સૂચવવા માટે અહીં हियएण પદનો પ્રયોગ કરાયો છે.*

---

૧૦ दुष्टान् प्रेतपिशाचादीन् प्रणाशयति तेऽभिधा ॥३॥ જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૪૮–૪૯

૧૧ स्वामी माणिक्यपूर्वस्त्रिभुवनतिलकश्चिंतितश्रीसुरादि त्रैलोक्योद्योतकर्ता प्रथिततरयशाश्चित्रकृन्नाममंत्रः ।
D. C. Hymnology P. 57

૧૨ जिन! त्वन्नाममन्त्रं ये ध्यायन्त्येकाग्रचेतसः । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૯૭

૧૩ सर्वविद्यामन्त्रबीजाक्षरनामाक्षरप्रभो । (શ્રી પા. સ્ત.) જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૯૬

૧૪ त्वन्नाम वामाङ्गज ये जपन्ति नश्यन्ति दूरं दुरितानि तेभ्यः । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૭૭

૧૫ प्रभूता भूताद्याः प्रबलतररोगा अपि तथा तव स्वामिन् नामस्मरणवशतो यान्ति विलयम् ।
જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૫૪

+ हृत्पुण्डरीकपीठे स्मरत श्रीपार्श्वतीर्थकरम् । જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૧૭૪

* હૃદય બુદ્ધિ ઉપર અતિક્રમણ કરીને જેને આપણે 'અંતઃસ્ફૂર્તિ' કહીએ છીએ તે મેળવી લે છે. બુદ્ધિ એ કાર્ય કયારેય કરી શકતી નથી. અંતઃસ્ફૂર્તિનું કારણ કેવળ જ્ઞાનોદ્ભાસિત હૃદય જ છે. બુદ્ધિશાળી હોવા છતાં હૃદય વગરનો માણસ કોઈ દિવસ આતરસૂઝવાળો બની શકતો નથી. પ્રેમમય ભક્તિવાળા પુરુષની તમામ ક્રિયાઓ હૃદયને જ અનુસરે છે. જેને બુદ્ધિ કદી પ્રાપ્ત કરી શકતી નથી.

અંતઃસ્ફૂર્તિનું આવું ઉચ્ચતર સાધન જો કોઈ પ્રાપ્ત કરી શકતું હોય તો તે હૃદય જ છે. જેવી રીતે બુદ્ધિ એ જ્ઞાનનું સાધન છે, એવી જ રીતે હૃદય અંતઃસ્ફૂર્તિવાળી બોધિનું સાધન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી રીતે ઉવસગ્ગહરં સ્તોત્રમાં અન્તિમ ગાથામાં 'हियएण' પદનો પ્રયોગ કરાયો છે તેવી જ રીતે नमिऊण स्तोत्र ની અન્તિમ ગાથામાં પણ 'हियएण' પદનો પ્રયોગ કરાયો છે.* ભયહર સ્તોત્રવૃત્તિ (જે જૈન સ્તોત્ર સંદોહના ભાગ બીજામાં પૃ. ૧૪ ઊપર મુદ્રિત થયેલ છે.) તેમાં અન્તિમ ત્રણ ગાથાઓનું (ગા. ૨૨-૨૩-૨૪) કંઈ જ વિશિષ્ટ વિવેચન નથી. (વિશેષમાં ત્રીજી ગાથા એટલે ચોવીસમી ગાથા તો ત્યાં ઉટ્ટંકિત પણ કરી નથી) જેનું વિવેચન 'नमिऊण स्तोत्र-સટીક સયંત્ર' નામક હસ્તપ્રતમાં સાંપડે છે.+ તેમાં અંતિમ ગાથાના પ્રથમ બે ચરણની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે-

"જે પુરુષ (મનથી) સંતુષ્ટ થયો છતો હૃદયથી પાર્શ્વનાથનું સ્મરણ કરે છે એટલે કે જે પુરુષ હૃદયરૂપી કમલ તેની જે કર્ણિકા તેમાં, શ્રી પાર્શ્વયક્ષથી સેવાયેલા ધરણ નામક નાગરાજ અને પદ્માવતી વડે જેમની પર્યુપાસના થઈ છે તેવા શ્રી પાર્શ્વનાથને વિશેષ પ્રકારે સ્થાપન કરીને, ત્રણેય સંધ્યાએ અને દિનરાત તેમને સ્મૃતિના વિષયમાં લાવે છે એટલે અન્ય સર્વ વ્યાપાર ત્યજી, એકાગ્ર ચિત્તવાળો બની તેમનું સ્મરણ કરે છે.卐 हियएण પદની આટલી અર્થગંભીરતા ત્યાં દર્શાવવામાં આવી છે.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં પણ हियएण પદની અર્થ ગંભીરતા આટલી હદ સુધી સમજવી આવશ્યક છે. અને તેથીજ અન્ય સ્થળે પણ જણાવેલ છે કે-

'हृत्पुण्डरीकपीठे भजत तं पार्श्वतीर्थंकरम्'

## [૧૦] ૧૧. મંત્રની વ્યાખ્યા.

મન્ત્રની જુદી જુદી વ્યાખ્યાઓ જુદા જુદા ગ્રંથોમાં આ રીતે પ્રાપ્ત થાય છેઃ-

મન્ત્ર એટલે દેવાધિષ્ઠિત અક્ષરસમૂહ અથવા જેની સાધના કરવી ન પડે તેવી અક્ષરોની રચનાવાળો સમૂહ વિશેષ.[૧]

જ્ઞાન અને રક્ષણ તેનાથી નિશ્ચયથી થાય છે માટે તેને મંત્ર કહે છે.[૨]

પાઠ કરવા માત્રથી સિદ્ધ અથવા પુરુષ (દેવ) જેનો અધિષ્ઠાયક હોય તે મંત્ર.[૩]

---

* पासह समरण जो कुणइ संतुट्ठे हियएण

+ આ હસ્તપ્રતની ફોટો કોપી જૈન સાહિત્ય વિકાસ મંડળમાં ગ્રંથાંક A ૩૨ તરીકે છે.

卐 यः पुमान् संतुष्टः सन् हृदयेन पार्श्वनाथस्मरणं कुरुते । यो हृदयारविन्दकर्णिकायां श्रीपार्श्वयक्षोपसेवितधरणेन्द्रपद्मावतीप्रणीतपर्युपास्ति पार्श्वनाथं विनिविश्य त्रिसंध्यमहोरात्रम् यः स्मृतिगोचरीकरीति अनन्यव्यापृतिरेकाग्रचेताः ।
भयहरस्तोत्रवृत्तिः ।

૧ मन्त्रो देवाधिष्ठितोऽसाधनो वाऽक्षररचनाविशेषः ।—પંચાશક ૧૩ વિવરણ, જ્ઞાતાધર્મકથા, પ્રવચનસારોદ્ધાર, ગચ્છાચાર પયન્ના, પિંડનિર્યુક્તિ, દર્શનશુદ્ધિ પ્રકરણ, વ્યવહારસૂત્ર, રાયપસેણીય.

૨ ज्ञानरक्षणे नियमाद् भवत इति कृत्वा मन्त्र उच्यते ।
—ષોડ૦ ૭ યશોભદ્રસૂરિ કૃત વિવ. પત્ર ૩૯ A

૩ पाठमात्रसिद्धः पुरुषाधिष्ठानो वा मन्त्रः । —ધ. સં. અધિ. ૩

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

પઢિતસિદ્ધ તે મંત્ર કહેવાય છે.[૪]

જેની આદિમાં ૐકાર હોય અને અંતમાં 'સ્વાહા' હોય તેવો હ્રીંકાર આદિ વર્ણ-વિન્યાસવાળો મન્ત્ર કહેવાય છે.[૫]

## [૧૦] ૧૨. સૂત્રનો પરિચય.

પ્રસ્તુત સૂત્રનો પ્રારંભ 'उवसग्गहरं' પદથી થતો હોવાથી તેનું ઉવસગ્ગહરં નામ યોજાયું છે. આ નામ અનુયોગદ્વાર સૂત્ર ૧૩૧ માં સૂચવાયેલ આદાન પદનું સ્મરણ કરાવે છે. આદાનપદ સાથે 'સૂત્ર' શબ્દનો પ્રયોગ થવાથી જેવી રીતે લોગસ્સસૂત્ર, નમુત્થુણં સૂત્ર વગેરે નામો અસ્તિત્વમાં આવ્યા તેવી જ રીતે 'ઉવસગ્ગહરંસૂત્ર' નામ પણ અસ્તિત્વમાં આવ્યું છે.

આ સ્તોત્રની રચના કાર્યવશાત્ થઇ છે. જ્યારે શ્રીસંઘમાં વ્યન્તરકૃત ઉપદ્રવ શરૂ થયો ત્યારે તેના નિવારણ માટે તત્કાલીન યુગપુરુષ–યુગપ્રધાન–ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીએ શ્રી સંઘના કષ્ટો નિવારવા માટે આ સ્તોત્ર રચ્યું હતું.

આ સ્તોત્રની ગાથાઓના પરિમાણ વિષે પણ મતભેદ પ્રવર્તે છે અને તે મતભેદોનું મૂળ કારણ કેટલાક પ્રવાદો તથા કથાનકો છે.

આ વિષયની છણાવટ અમે આગળ [૧૦]૫ 'ઉવસગ્ગહરંની ગાથાઓ' નામક શીર્ષક હેઠળ કરી ગયા છીએ, તેથી અહીં તેની પુનરાવૃત્તિ કરવી ઉચિત નથી.

**મંગલ:—**

કોઇપણ સૂત્ર કે ગ્રંથમાં પ્રારંભમાં હંમેશાં મંગલ મૂકવામાં આવે છે કારણ કે એવો નિયમ છે કે આદિમાં, મધ્યમાં તથા અંતમાં જેમાં મંગલ હોય તેવા જ શાસ્ત્રો હોય છે.[૬] તેથી અહીં પણ ત્રણેય સ્થળે મંગલ મૂકવામાં આવેલ છે. પ્રથમ ગાથામાં पासं પદ મંગલ છે ત્રીજી ગાથામાં तुज्झ पणामो પદ મંગલ છે. પાંચમી ગાથામાં पास जिणचंद પદ મંગલ છે.

## સ્તોત્રની નિત્ય સ્મરણીયતા:—

આ સ્તોત્રનું સર્જન નિમિત્તવશાત્ થયેલ છે અને તેનું સ્મરણ–ચિંતન પણ નૈમિત્તિક જ છે. પરંતુ ગમે તે કારણસર આની નિત્યસ્મરણીય તરીકે ગણના પાછળના કાલમાં થવા પામી છે.[૭]

---

૪ मंतो पुण होइ पढियसिद्धो । —પંચકલ્પ ભાષ્ય, કલ્પ. ૧, પંચકલ્પચૂર્ણિ, પંચવસ્તુ પ્રકરણ, નિશીથચૂર્ણિ.

૫ ॐकारादि स्वाहापर्यन्तो ह्रींकारादिवर्णविन्यासात्मकस्तं । —ઉત્ત. બૃ. વૃ. અધ્ય. ૧૫ પૃ. ૪૧૭

૬ तं मंगलमाईए मज्झे पज्जत्तए य सत्थस्स । —ઉ. સૂ૦, શાન્ત્યાચાર્ય (ટીકા) પૃ. ૨

૭ सप्रभावमिदं सर्वदा स्मरणीयं पठनीयं । અ. ક., લ., પૃ. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્તોત્ર દ્વારા સ્તવનીય દેવાધિદેવ ભગવાન પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ છે. આ સ્તોત્રના પ્રણેતા ભદ્રબાહુસ્વામી શ્રી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરની પાટ પરંપરામાં થયેલા હતા. તેમણે શ્રમણ ભગવાન મહાવીરની સ્તવના દ્વારા સ્તોત્ર ન બનાવતાં પુરુષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથની સ્તવનાને જ આમાં કેમ સમાવિષ્ટ કરી? એ શંકા થવી સ્વાભાવિક છે. પરંતુ તેનું સમાધાન એ જ હોઇ શકે કે ભગવાન શ્રી પાર્શ્વનાથ અન્ય તીર્થંકર ભગવંતો કરતાં નિરાળા, વિશિષ્ટ તથાભવ્યત્વવાળા હતા તથા જેમના અધિષ્ઠાયક દેવો અનેક હોય તેવા હતા તેથી જ આ સ્તોત્ર દ્વારા તેમની સ્તવના કરવામાં આવી.

આ સ્તોત્રની પાંચ ગાથામાં ક્રમશઃ નીચેના વિષયો સમાવાયા છે. વંદન, મંત્રમહિમા, પ્રણામમાહાત્મ્ય, ઉપદેશાનુસાર આચરણનું ફળ અને યાચના.

પ્રથમ ગાથામાં જુદા જુદા વિશેષણો દ્વારા પરમેશ્વર શ્રી પાર્શ્વનાથને વંદન કરાયું છે.

બીજી ગાથામાં તેમના નામથી અધિષ્ઠિત 'વિસહર કુલિંગ' મંત્રના પાઠથી શા શા ફલો પ્રાપ્ત થાય છે તે જણાવાયું છે.

ત્રીજી ગાથામાં તે પરમેશ્વર દેવાધિદેવને પ્રણામ કરવા માત્રથી થતાં અત્યદ્‌ભુત ફલો વર્ણવાયાં છે.

ચોથી ગાથામાં તે પરમેશ્વરે ઉપદેશેલ સમ્યક્ત્વ ધર્મનું પાલન નિઃશ્રેયસ પદ પર્યંત લઇ જાય છે તે દર્શાવાયું છે.

પાંચમી ગાથામાં પુનઃ ભગવાન શ્રી પાર્શ્વનાથને જુદા જુદા વિશેષણોથી સ્તવી તેમની સમક્ષ એક જ પ્રાર્થના કરવામાં આવી છે અને તે પ્રત્યેક ભવમાં જિનધર્મની પ્રાપ્તિની. આ સ્તોત્ર દ્વારા નથી કરાઇ કોઈ ઇહિલોકના ફલની સ્પૃહા કે નથી કરાઇ કોઇ પરલોકમાં પ્રાપ્ત થનારા દેવ–દેવેન્દ્ર આદિ પદોની કામના. માત્ર એક જ યાચના છે અને તે શ્રી જિનધર્મપ્રાપ્તિની. એટલે આ સ્તોત્ર સ્તવનીયની સ્તુતિરૂપ સ્તોત્રના લક્ષણોથી પરિપૂર્ણ છે.

આ સ્તવના રચયિતા યુગપ્રધાન–ચૌદપૂર્વધર ભદ્રબાહુ સ્વામી હોવાથી એ સવાલ થાય છે કે શું આવા મહાપુરુષો પણ મંત્રનો ઉપયોગ કરતા હતા? અને આ રીતનો ઉપયોગ કરવો તે શાસ્ત્રમર્યાદાથી વિરુદ્ધ નથી?

આનું સમાધાન એ છે કે–જિનશાસનની રક્ષા તથા પ્રભાવનાના કારણે આવો મંત્રનો ઉપયોગ શાસ્ત્રવિરુદ્ધ નથી પરંતુ તેવો ઉપયોગ કરનારાને જિનશાસનના પ્રભાવક[1] કહેવામાં આવ્યા છે અને સમયે સમયે પૂર્વપુરુષોએ આવો ઉપયોગ કર્યાના પ્રસંગો શાસ્ત્રોમાં નોંધાયા પણ છે.

## આધ્યાત્મિક તથા આધિભૌતિકનિવૃત્તિદાયકતા—

આ સ્તોત્ર આધ્યાત્મિક નિવૃત્તિ આપનાર છે તેમ જ આધિભૌતિક નિવૃત્તિ પણ આપનાર છે એવું સ્પષ્ટીકરણ જિનપ્રભસૂરિકૃત ટીકાના નિમ્નોક્ત વચનથી થાય છે.

---

૧ विज्जासिद्धो अ कई अट्ठेठ व पभावगा भणिया । સમ્યક્ત્વ સપ્તતિ ગા. ૩૨

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

'આ સ્તોત્રના પાઠથી પરમ્પરાએ સિદ્ધપણું તે ફલ છે.'

'આ લોક અને પરલોકના સુખના અભિલાષીઓએ આ સ્તોત્રનું હંમેશાં સ્મરણ કરવું તથા પઠન કરવું જોઈએ.'

એટલે આ સ્તોત્ર ઉભય ફળને આપનાર છે.

આ સ્તોત્રની રચના કયા નગરમાં યા સ્થળમાં થઇ તે અંગે પ્રાપ્ત થતી ટીકાઓ કશો જ પ્રકાશ પાડતી નથી. આ અંગે જે લખાણ પ્રાપ્ત થાય છે તે નીચે મુજબ છે.

જ્યારે વરાહમિહિરે વ્યન્તર બની ઉપદ્રવ શરૂ કર્યો ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામી તે નગરમાં ન હતા પણ અન્યત્ર હતા તેથી જ્યાં ઉપદ્રવ શરૂ થયો ત્યાંના સંઘે વિચાર કર્યો કે આ વ્યન્તરકૃત ઉપદ્રવને દૂર કરી શકે તેવા કેવલ શ્રી ભદ્રબાહુ જ છે અને તેથી તેમણે બનેલ સ્વરૂપને જણાવવા ગુરુને વિનંતિ મોકલી. શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાના જ્ઞાનથી આ બધો વ્યતિકર જાણી આ વિનંતિનો સ્વીકાર કરી મહાપ્રભાવવાળું નવું ઉવસગ્ગહર સ્તોત્ર બનાવી સર્વત્ર મોકલ્યું. તેથી સમસ્ત સંઘ તેના પાઠ અને સ્મરણના પ્રભાવથી નિરુપદ્રવ થયો.

આથી નિશ્ચિત થાય છે કે જે નગરમાં ઉપદ્રવ થયો તે નગરમાં શ્રી ભદ્રબાહુ ન હતા પણ અન્યત્ર હતા.

સંઘની વિનંતિથી આ સ્તોત્ર તેમણે બનાવી બીજાઓ દ્વારા મોકલાવ્યું હતું.

આ સ્તોત્ર લઇ જનારા સાધુઓ હતા કે શ્રાવકો હતા તે નિર્ણીત થતું નથી.

## [૧૦] ૧૩. અક્ષરમાન

આ સ્તોત્ર ૧૮૫ અક્ષર પ્રમાણ છે. (સંયુક્ત અક્ષરને એક જ અક્ષર ગણવાનો છે.)

પહેલી ગાથામાં ૩૭, બીજીમાં ૩૮, ત્રીજીમાં ૩૭, ચોથીમાં ૩૫ અને પાંચમીમાં ૩૮ અક્ષરો છે જે બધા ભેગા કરતાં ૧૮૫ થાય છે.

## [૧૦] ૧૪. સંયુક્તાક્ષરો

આ સ્તોત્રમાં સંયુક્તાક્ષરો ૧૮ અને એક મતે ૧૯ છે.

પ્રથમ ગાથામાં ૪ સંયુક્તાક્ષરો છે, બીજીમાં ૨, ત્રીજીમાં ૪, ચોથીમાં ૬, પાંચમી ગાથામાં ૩ અને જેઓ દિજ્જને બદલે દેસુ પાઠ સ્વીકારે છે તેમના મતે ૨. આ રીતે સંયુક્તાક્ષરની વ્યવસ્થા છે.

## [૧૦] ૧૫. 'ઉવસગ્ગહર' સ્તોત્રનું સ્મરણમાં સ્થાન—

પ્રતિદિન સ્મરણ કરવા યોગ્ય સ્તોત્રો કે જેને 'નવસ્મરણ' કહેવામાં આવે છે, તેમાં આ સ્તોત્રનું સ્થાન પંચમંગલમહાશ્રુતસ્કંધ સૂત્ર એટલે શ્રી નમસ્કાર મહામંત્ર પછી તરત જ છે. જે આનું ઉત્કૃષ્ટ સ્થાન દર્શાવે છે. જો કે ખરતરગચ્છમાં પ્રચલિત સપ્ત-સ્મરણમાં આનું સ્થાન સર્વથી અન્તિમ-સાતમું છે. આવી પ્રણાલિકા કેમ થઈ તે વિચારણીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૦] ૧૬. પ્રાથમિકતા

નવસ્મરણોમાં શ્રી નમસ્કાર સૂત્ર તો અનાદિ છે. તે સિવાયના સર્વ સ્તોત્રોમાં રચના-કાલની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરં પ્રથમ છે.

રચયિતાની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરંના રચયિતા મહાજ્ઞાની, ચૌદ પૂર્વધર અને સર્વ સ્તોત્રોના રચયિતામાં પ્રથમ સ્થાને બિરાજમાન **શ્રી ભદ્રબાહુસ્વામી** છે.

**શ્રમણ ભગવંત મહાવીરની** પટ્ટપરંપરામાં સ્તોત્રકાર આચાર્યો જે કોઇ થયા તેમાં પણ સર્વ પ્રથમ **ભદ્રબાહુસ્વામી** જ હતા. તેમની પૂર્વ થયેલા કોઇ પણ આચાર્ય ભગવંતે સ્તોત્રની રચના કર્યાનું જાણવામાં નથી.

## [૧૦] ૧૭. 'ઉવસગ્ગહરં' સ્તોત્રની જુદી જુદી ગાથાઓના જુદા જુદા પ્રભાવ*

આ સ્તોત્રની ૫ ગાથાઓ પૈકી પ્રથમ ગાથાનો પાઠ ઉપસર્ગ-ઉપદ્રવ અને વિષધરના વિષનો નાશ કરનાર છે.

પ્રથમ તથા બીજી ગાથાનો સંયુક્ત રીતે કરાયેલો પાઠ યા સ્મરણ ગ્રહ-રોગ-મારિ, વિષમ જ્વર, દુષ્ટ, દુર્જન તથા સ્થાવર જંગમ વિષનો નાશ કરનાર છે. પ્રથમ દ્વિતીય તથા તૃતીય ગાથાના પાઠ યા સ્મરણથી વિષમરોગ, દુઃખ તથા દારિદ્ર્યનો નાશ થાય છે.

પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ચતુર્થ ગાથાના પાઠથી સર્વ વાંછિત પ્રાપ્તિ થાય છે. આ ચાર ગાથામાં શ્રી પાર્શ્વચિન્તામણિ મંત્ર સ્થાપન કરાયેલો છે અને સંપૂર્ણ સ્તોત્ર (૧ થી ૫ ગાથા પ્રમાણ) ના પાઠથી આલોક તથા પરલોકના સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.

## [૧૦] ૧૮. 'ઉવસગ્ગહર' સ્તોત્રમાં મંત્રો—

આ સ્તોત્રમાં ' વિસહર ફુલિંગ ' મંત્ર તો છે જ પણ બીજાય અનેક મંત્રો જેવા કે સ્તંભન, મોહન, વશીકરણ, વિદ્વેષણ, ઉચ્ચાટન તથા પાર્શ્વયક્ષ-યક્ષિણી મંત્ર ગુપ્ત રીતે સ્થાપિત કરાયેલા છે.

પાંચમી ગાથામાં વિશેષે કરીને દષ્ટકોત્થાપન, પુરક્ષોભકરણ તથા ક્ષેમકરણ અંગેના મંત્રો હોવાનું નોંધાયું છે.

## [૧૦] ૧૯. 'ઉવસગ્ગહર' સ્તોત્રમાં યન્ત્રો—

આ સ્તોત્રમાં અનેક યંત્રો હોવાનું પણ નોંધાયું છે.

પ્રથમ ગાથામાં નીચેનાં યન્ત્રો છે—

૧ જગદ્વાલ્લભ્યકર, ૨ સૌભાગ્યકર, ૩ ભૂતાદિનિગ્રહકર, ૪ ક્ષુદ્રોપદ્રવનાશક, ૫ જ્વરોપશામક, ૬ શાકિનીનાશક, ૭ વિષનિગ્રહકર.

---

* જુઓ દ્વિ. પા. વૃત્તિ, પૃ. ૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી ગાથામાં નીચેનાં યન્ત્રો છે—

બૃહચ્ચક્ર યન્ત્ર તથા ચિન્તામણિચક્ર યન્ત્ર છે.

ત્રીજી ગાથામાં નીચેનાં યન્ત્રો છે—

વન્ધ્યાશબ્દાપહ, ( વંધ્યત્વનિવારક ) અપત્ય જીવન, કાકવન્ધ્યત્વનિવારક, બાલકગ્રહ-પીડાનિવારક, સૌભાગ્યદાયક તથા અપસ્મારાપહારક.

ચોથી ગાથામાં નીચેનાં યન્ત્રો છેઃ—

સર્વાર્થસાધક દેવકુલ તથા કલ્પદ્રુમ યન્ત્ર.

પાંચમી ગાથામાં શાંતિક, પૌષ્ટિક, જ્વર–રોગ–શાકિની–ભૂત–પ્રેત–રાક્ષસ તથા કિન્નરાદિનાશક યન્ત્રો છે.

## [૧૦] ૨૦. 'ઉવસગ્ગહર' સ્તોત્રમાં દર્શાવેલ ફલો પ્રાપ્ત કરવા માટેની વિધિ—

ઉપરોક્ત જે ફલો દર્શાવાયાં છે તે ફલો પ્રાપ્ત કરવા માટે સાધકે ઉપવાસ કરવા પૂર્વક આ સ્તોત્ર દ્વારા એકવીશવાર યા એકસો આઠવાર અભિમંત્રિત કરેલા ધૂપ તથા બલિકર્મ આદિ કરવાનાં છે. જેના યોગે સાધક તે તે ઉપદ્રવોને દૂર કરે છે.*

આ સંપૂર્ણ સ્તોત્રનો જાપ કેવી રીતે કરવો ? તથા તેથી શું ફળ મળે છે ? તે અંગે કોઇ ગુરુપરિપાટી યા તો તેવો કોઇ અવિચ્છિન્ન પરંપરાથી ચાલ્યો આવતો આમ્નાય સાંપડતો નથી. ખૂબ જ શોધખોળને અંતે આર્ય જંબૂસ્વામી જૈન જ્ઞાનમંદિર ડભોઇમાંથી 'ઉવસગ્ગહરં કલ્પ' નામક એક હસ્તપ્રત સાંપડી. તેમાં આ સ્તોત્રની સાધના કરવાની એક વિધિ દર્શાવવામાં આવી છે. જે અહીં નીચે રજુ કરવામાં આવે છે.

"આ સ્તોત્રનું બહાર તથા અંદરથી શુદ્ધ બની દરરોજ સાતવાર સ્મરણ કરવાથી અવશ્ય લક્ષ્મી પ્રાપ્ત થાય છે. એમાં સંદેહ નથી.

આ સ્તોત્રને લખીને વિધિપૂર્વક કંઠમાં ધારણ કરવાથી વંધ્યાને પુત્ર પ્રાપ્ત થાય છે. લખેલા આ સ્તોત્રને ધોઇ તેનું પાણી પાવાથી શાકિની, ડાકિની, ભૂત, પ્રેત, રાક્ષસ આદિ પરાભવ કરતા નથી.

હંમેશાં ચાંદીના પટ્ટમાં આનું પૂજન કરવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

આ મહાસ્તોત્રનો આપત્તિના સમયે ત્રણ આંબિલ કરી, ભૂમિશયન, બ્રહ્મચર્ય, સત્ય બોલવું વગેરેથી પવિત્ર બની ભગવાન શ્રી પાર્શ્વનાથની પૂજા કરી તેમની આગળ શુદ્ધ સ્ફટિકની માલાથી અથવા અકલબેરની માલાથી સાડાબાર હજારની સંખ્યાથી જાપ કરવો જોઇએ. તે પછી અગર, કપૂર અને કસ્તૂરીનો દશાંશ હોમ કરવો જોઇએ.

---

* अनेनैव च स्तोत्रेण त्रि-सप्तकृत्वोऽष्टशतं वाऽभिमन्त्रितेन धूपबलिकर्मादिना कृतोपवासपुरुषस्तत्तदनर्थसार्थं व्यर्थयति । અ., ક., લ. પૃ. ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ ત્રણ દિવસ પર્યંત કરવાથી ત્રીજે દિવસે પદ્માવતી (દેવી) પ્રસન્ન થાય છે. ચિન્તિત કાર્ય સિદ્ધ થાય છે. સર્વત્ર સાધકનો જયવાદ થાય છે અને પદ્માવતી (દેવી) પ્રત્યક્ષ બની દર્શન આપે છે.”×

## [૧૦] ૨૧. ઉવસગ્ગહરં સ્તોત્રનો રચનાકાળ

ઉવસગ્ગહરંના પ્રણેતા ચૌદ પૂર્વધર **શ્રી ભદ્રબાહુસ્વામીનો** જન્મ વીર સં. ૯૪માં થયો હતો. તેમનો ગૃહસ્થ પર્યાય ૪૫ વર્ષનો હતો અને ચારિત્ર પર્યાય ૩૧ વર્ષનો હતો. તે ૩૧ વર્ષોમાં ૧૭ વર્ષ તેઓ મુનિ તરીકે રહ્યા જ્યારે ૧૪ વર્ષ યુગપ્રધાન આચાર્ય તરીકેનો કાલ હતો એટલે વીર સં. ૯૪ માં **ભદ્રબાહુસ્વામીના** ૪૫ ગૃહસ્થવાસના તથા ૧૭ મુનિપણાના વર્ષો ઉમેરતાં વીર સં. ૧૫૬ આવે છે. વીર સં. ૧૫૬ થી વીર સં. ૧૭૦ સુધીનો તેમનો યુગપ્રધાન કાલ હોવાથી તેમણે ઉવસગ્ગહરંની રચના આ ૧૪ વર્ષના ગાળા દરમ્યાન કરી છે તે નિર્વિવાદ છે. પરંતુ તેમણે નિશ્ચિતરૂપે કયા વર્ષમાં તે રચના કરી તે જાણવાનું આપણી પાસે હાલ કોઈ સાધન નથી.

## [૧૦] ૨૨. આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીની અન્ય રચનાઓ

આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકૃતાંગ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત આ દશ ગ્રન્થો પર તેમણે નિર્યુક્તિઓ રચી છે. (મહામંગલકારી કલ્પસૂત્રના રચયિતા પણ તેઓ જ છે.)

દશા, કલ્પ, વ્યવહાર અને નિશીથ આ ચાર છેદ સૂત્રો, ભદ્રબાહુ સંહિતા[1] તથા ઉવસગ્ગહરં આમ સોળ રચનાઓ તેમના નામે નોંધાઈ છે. સંસક્તનિર્યુક્તિ, ગૃહશાન્તિ સ્તોત્ર તથા સપાદલક્ષવસુદેવહીંડી આદિ ગ્રંથો ભદ્રબાહુસ્વામી કૃત હોવા સામે અનેક વિરોધો હોઈ તેની નોંધ અહીં લેવી ઉચિત નથી.

---

× एस स्तोत्रं बाह्याभ्यन्तरं शुध्या प्रतिवासरं सप्तवारं स्मरणेन अवश्य राज्यलक्ष्मीः प्राप्यते नात्र संदेहः । एस स्तोत्रं लिखित्वा विधियुतो कंठे धार्यते वंध्यादिनां अवश्यं पुत्रं लभते । एनं स्तोत्रं लिखित्वा प्राक्षाल्य पाने सति शाकिनीडाकिनीभूतप्रेतपुद्गलब्रह्म राक्षसादि न पराभवं करोति नित्ये जीतकाय रजतपट्टे पूजनात् माहालक्ष्मी प्राप्ती ।

एनं महास्तोत्रं कष्टावसरे आचाम्लत्रितयं कृत्वा सार्धद्वादशसहस्रं जपेत् सलेमानी माळया वा शुद्ध-स्फाटिकमालया । भूशय्यां ब्रह्मचारी सत्यवाची पवित्रितः पार्श्वनाथजिनं पूज्य अग्रे जापो विधीयते ॥ १ ॥ पश्चादगरकर्पूरकस्तूरीदशांसं हुनेत् एवं त्रिदिन कृते सति तृतीये वासरे पद्मावती प्रसन्ना भवति चिंतितकार्य सिद्धिः सर्वत्र जयवादो भवति प्रत्यक्षीकरणे दर्शनं ददाति ॥

इति श्री राज्यसागरसूरि आराधित सद्याम्ना गुरुगम्यतो कृतो सिद्धी ॥२॥

આર્ય જંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાન આગમમંદિર, ડભોઈ, પ્રતિ નં. ૬૧૧૫ (ઉવસગ્ગહરં કલ્પ)

૧ આ ગ્રન્થ આજે લભ્ય નથી. આજે આ નામથી મળતો ગ્રન્થ કૃત્રિમ હોવાનું તેના જાણકારો કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં એક વાત લખવી આવશ્યક છે કે કેટલાય વિદ્વાનો ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રણેતા આચાર્યશ્રી **ભદ્રબાહુ**ને વિક્રમની છઠ્ઠી શતાબ્દિના હોવાનું માનવા પ્રેરાય છે અને તે માટે વિવિધ દલીલો રજૂ કરે છે. પરંતુ વિ. સં. ૧૩૬૫ માં રચાયેલી અર્થકલ્પલતા-વૃત્તિના પ્રણેતા શ્રી જિનપ્રભસૂરિ ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રણેતા શ્રી **ભદ્રબાહુ**ને વીર-નિર્વાણની બીજી શતાબ્દિમાં થયેલા જ સ્વીકારે છે અને તેથી તેમના મતને જ અહીં માન્ય કરાયો છે.

## [૧૦] ૨૩. ભદ્રબાહુસ્વામીએ આવસ્સયનિજ્જુત્તિમાં દર્શાવેલ सव्वविस निवारणी विद्या—

જેવી રીતે ઉવસગ્ગહરં સ્તોત્રમાં **શ્રી ભદ્રબાહુ**એ 'વિસહર ફુલિંગ' મંત્ર દર્શાવ્યો છે, તેવી રીતે બીજે ક્યાંય પણ વિદ્યા કે મંત્ર દર્શાવ્યો છે ખરો ? એ શંકા થવી સ્વાભાવિક છે.

તેના સમાધાનમાં જણાવવાનું કે **આવસ્સયની નિજ્જુત્તિ ગા. ૧૨૭૦** માં તેમણે 'સવ્વવિસનિવારણી' વિદ્યા પણ **ગંધર્વ નાગદત્ત**ના કથાનકમાં દર્શાવી છે અને વિશેષ નોંધપાત્ર બીના તો તે છે કે તેમાં પ્રાન્તે 'સ્વાહા' પલ્લવનો પ્રયોગ કરાયો છે અને તેથી એ પણ નિર્ણીત થાય છે કે ત્યારે 'સ્વાહા'નો પલ્લવ તરીકે પ્રયોગ થતો હતો. પ્રાકૃતમાં 'સ્વાહા'નું 'સાહા' ન કરતાં સ્વાહા જ કાયમ રખાયું છે.

## [૧૦] ૨૪. 'વિસહર ફુલિંગ' મંત્રમાં મંત્રબીજોનો પ્રયોગ

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથામાં 'વિસહર ફુલિંગ' મન્ત્ર એટલું જ કહેવાયું છે અને તેનો પાઠ કરવાનું સૂચવાયું છે. જ્યારે ટીકાકારોએ તે મંત્રને આગળ પાછળ ॐ ह्रीँ श्रीँ अर्हँ આદિ બીજોથી સમન્વિત કરીને તે પછી તેનો જાપ કરવા સૂચવ્યું છે.

અહીં એ વાત વિચારવાની છે કે શું શ્રી **ભદ્રબાહુસ્વામી**ના વખતમાં પણ ॐ ह्रीँ श्री આદિ મંત્રબીજો પ્રયોગમાં લેવાતા હતા ? તથા ॐ ह्रीँ श्रीँ આદિ મંત્રબીજો ઇતરોમાં જોવા મળે છે, તેની રીતે જૈનોમાં પણ ? છે કે જૈનેતરોમાંથી તે જૈનોમાં પ્રવેશ પામ્યા છે ?

**શ્રી ભદ્રબાહુસ્વામી**ના વખતમાં 'સ્વાહા' પલ્લવ તરીકે હતું. એ આપણે ઉપર જોઇ ગયા છીએ એટલે જો એ પલ્લવ હોય તો પછી બીજા મંત્રબીજો પણ હોય જ તે વાત માન્યા વિના ચાલે તેમ નથી. તે જૈનેતરોમાંથી જૈનોમાં દાખલ નથી થયાને ? તેનો જવાબ એ છે કે ભગવાન **શ્રી મહાવીર પરમાત્માની** ૧૯ મી પાટે થયેલા માનદેવસૂરિએ રચેલ શાન્તિસ્તવ કે જેનું પ્રસિદ્ધ નામ **લઘુશાન્તિ** છે તેમાં ॐ ह्रीँ ह्रीँ વગેરે મંત્રબીજો દર્શાવાયેલા છે. બીજું **કમઠ અસુરે** દર્શાવેલા મંત્રબીજોથી ગર્ભિત **મંત્રાધિરાજ સ્તોત્રમાં** જણાવાયું છે કે આ મંત્રબીજો **કમઠ અસુરે** દર્શાવ્યા છે એટલે મંત્રબીજોથી સમન્વિત કરવાની પદ્ધતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પૂર્વે પણ જૈનદર્શનમાં હોય તેવી સંભવિતતા માન્યા વિના ચાલે તેમ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૦] ૨૫. ઉવસગ્ગહરં સ્તોત્રમાં પંચપરમેષ્ઠિની સ્થાપના—

'ઉવસગ્ગહર' સ્તોત્રમાં પાંચ પરમેષ્ઠિના નામોના આદ્યાક્ષરો ગોઠવવામાં આવ્યા છે. એવું સૂચન **આચાર્યશ્રી જિનપ્રભસૂરિએ** પોતાની રચેલી 'અર્થકલ્પલતા' ટીકામાં કર્યું છે અને જણાવ્યું છે કે વિદ્યાઓનું સર્વસ્વ અને મન્ત્રોનું ઉપાદાન કારણ પંચ પરમેષ્ઠિ મહામંત્ર નમસ્કાર મન્ત્ર છે. તે નમસ્કાર મહામન્ત્રમાં નમસ્કાર કરવા યોગ્ય પાંચ પરમેષ્ઠિ છે. તેમના નામના અક્ષરોની રચના આ (ઉવસગ્ગહરં) સ્તવ સંબંધી ગાથાઓની આદિમાં નિરૂપણ કરાયેલી દેખાય છે. જે આ રીતે—

પ્રથમ ગાથાની આદિમાં 'उव' એ બે અક્ષરથી ઉપાધ્યાય સમજવાના છે. પદના એક દેશમાં પદના સમુદાયનો અહીં ઉપચાર કરવાનો છે.

બીજી ગાથાની આદિમાં 'विस' એ બે વર્ણથી સાધુઓ સમજવાના છે. કારણ કે વિષ સર્વ રસાત્મક છે તેમ સાધુઓ પણ તે તે પાત્રની અપેક્ષાએ તે તે રસદાયક થાય છે માટે સાધુઓ પણ વિષ જેવા છે. પ્રસ્તુત સ્તોત્રના કર્તા **આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ** દશવૈકાલિકની નિર્યુક્તિમાં શ્રમણોને વિષ સમાન કહેલા છે.

ત્રીજી ગાથાની શરૂઆતમાં 'चिट्ठ' એ અક્ષરોથી આચાર્ય સમજવાના છે. કારણ કે ભગવાન તીર્થંકર દેવો મોક્ષમાં ગયા પછી જ્યાં સુધી તીર્થ હોય ત્યાં સુધી આચાર્યો રહે છે. અહીં 'तिष्ठ्' ધાતુનો પ્રાકૃતથી 'चिट्ठ' આદેશ થવા પામ્યો છે. અથવા તો सत्–चित् એ દ્રવ્ય-ગુણ અને પર્યાયોથી અનુયોગ સ્વરૂપ છે તેમાં રહે તે ચિત્સ્થ કહેવાય અને તે આચાર્યો છે.

ચોથી ગાથાની આદિમાં 'तुह' એ બે અક્ષરથી અર્હંત્ ભગવંત સમજવાના છે. 'तुह' નો અર્થ છે નાશ કરવો. જેઓ ઘાતીકર્મ ચતુષ્ટયનો યા તો સકલ જગતના સંશયોના સમૂહનો નાશ કરે તે तुह કહેવાય. એટલે વિહરમાણ અથવા તો જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તેવા અર્હંત્ ભગવંતો.

પાંચમી ગાથાની આદિમાં 'इय' એ બે વર્ણોથી સિદ્ધ ભગવંતો ગ્રાહ્ય છે. इ ધાતુનો અર્થ છે ગતિ કરવી. 'इत' એટલે ગયેલા, ફરી પાછા ન આવવા માટે મુક્તિમાં ગયેલા એવા સિદ્ધો.

અહીં ટીકાકારે જણાવ્યું છે કે અન્ય અર્થોમાં પ્રયોગમાં લેવાયેલા આ પદોને પરમેષ્ઠિ મંત્રરૂપ કહેવા તે અયોગ્ય છે એવી શંકા ન કરવી. કારણ કે 'ऐन्द्रस्येव शरासनस्य दधती' ઇત્યાદિમાં બીજપદો અન્ય અર્થમાં પ્રયોગમાં લેવાયા હોવા છતાંય તેઓની મન્ત્રસ્વરૂપતા ચાલી જતી નથી. એટલું જ નહીં પણ તેનો મંત્રરૂપ પ્રભાવ પણ પ્રાપ્ત થતો દેખાય છે.

'ઉવસગ્ગહર' સ્તોત્રમાં જો કે અર્હંત્ ભગવંતોનું જ પ્રાધાન્ય હોય તે યોગ્ય છે તો પણ આ સ્તોત્ર શ્રુતકેવલીએ રચેલ હોવાથી સૂત્ર છે અને તેનું અધ્યયન ઉપાધ્યાયોએ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવવું જોઇએ તેથી આદિમાં ઉપાધ્યાય કહ્યા છે. ઉપાધ્યાય પાસે આ સૂત્રનું અધ્યયન કરનારને સાધુઓ જ સહાય કરે છે. કારણ કે તેમનો સહાય કરવામાં અધિકાર છે. તેથી ઉપાધ્યાય પછી સાધુઓ કહેવાયા છે. આ પ્રમાણે અધ્યયન કરાયેલ તે સૂત્રનો અર્થ આચાર્યો જ કહે છે તેથી સાધુઓ પછી આચાર્ય મૂકયા છે અને આચાર્યના ઉપદેશથી અર્હંતોનું જ્ઞાન થાય છે. (અહીં અર્હંત્ આ સ્તોત્રમાં વર્ણવાયેલ ભગવાન પાર્શ્વ છે.) તેથી આચાર્યની પછી અર્હંત્ કહ્યા છે, આ સ્તોત્રના પાઠથી થનારૂં ભાવફળ પરંપરાએ સિદ્ધપણું છે. તેથી અર્હંત્ પછી સઘળા શુભ અનુષ્ઠાનોના ફળભૂત સિદ્ધ ભગવંતોનું પ્રતિપાદન કરાયું છે. આ પ્રમાણે પંચ પરમેષ્ઠિથી ગર્ભિત આ સ્તોત્ર છે.*

## [૧૦] ૨૬. ભગવાન શ્રી પાર્શ્વનાથની વિશેષતા

સર્વ તીર્થંકર ભગવંતો તીર્થંકરના ભવથી પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે. સર્વ તીર્થંકર ભગવંતો જન્મથી (ગર્ભાવાસથી) આરંભી ત્રણ જ્ઞાન સંયુત હોય છે. સર્વ તીર્થંકર પ્રભુઓ અતુલ બલ, રૂપ, ઐશ્વર્ય તથા કાન્તિના ભંડાર સમા હોય છે. એટલે અમુક તીર્થંકર વધુ પુણ્યવાન્ અને અમુક તીર્થંકર ઓછા પુણ્યવાન્ એમ કહેવું વાજબી નથી.

આમ છતાં પણ બીજી બીજી ઔદયિકભાવજન્ય પુણ્ય પ્રકૃતિઓ કોઇ કોઇ તીર્થંકર ભગવંતમાં વિશેષ હોય તો તેને જૈનશાસન અમાન્ય કરતું નથી. ભગવાન્ શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ આ ત્રણ તીર્થંકરો ચક્રવર્તી પુણ્યનો ભોગવટો કરનારા હતા જ્યારે બાકીના ૨૧ તીર્થંકરોને માટે તેવી સ્થિતિ ન હતી.

તેવીજ રીતે ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામી વિશિષ્ટ કોટિના આદેય નામકર્મના ઉદયવાળા હતા અને જેમના નામનો પ્રભાવ કલિકાલમાં વિશેષ હોય તેવા હતા. તેમ કહેવાથી બીજા શ્રી તીર્થંકર ભગવંતોની ન્યૂનતા દર્શાવાતી નથી.

શ્રી પાર્શ્વનાથસ્વામીના અધિષ્ઠાયકો અન્ય તીર્થંકર ભગવંતો કરતાં વિશેષ છે એ પણ ભગવાન શ્રી પાર્શ્વનાથનો મહિમા વધવામાં નિમિત્તભૂત ઘટના છે. ભગવાન શ્રી પાર્શ્વનાથની ઘણી આર્યાઓ દેવીપણાને તથા ઇન્દ્રાણીપણાને પામી છે એ હકીકત **જ્ઞાતાધર્મકથાસૂત્રના** દ્વિતીયશ્રુતસ્કંધમાં દર્શાવાઇ છે.

ત્યાં જણાવાયું છે કે ચમરેન્દ્રની અગ્રમહિષીઓ, બલીન્દ્રની અગ્રમહિષીઓ, દક્ષિણ વિભાગના (અસુરેન્દ્ર સિવાયના) ઇન્દ્રોની અગ્રમહિષીઓ, ઉત્તર વિભાગના (અસુરેન્દ્ર સિવાયના) ભવનપતિ ઇન્દ્રોની અગ્રમહિષીઓ, દક્ષિણ વિભાગના વ્યંતર દેવોની અગ્રમહિષીઓ, ઉત્તર વિભાગના વાણવ્યંતરદેવોની અગ્રમહિષીઓ, ચન્દ્રની અગ્રમહિષીઓ, સૂર્યની અગ્રમહિષીઓ, શક્રેન્દ્રની અગ્રમહિષીઓ, ઇશાનેન્દ્રની અગ્રમહિષીઓ એ બધી પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથની સાધ્વીઓ હતી.+ અને તે બધી જ તે તે ઇન્દ્રોની ઇન્દ્રાણીરૂપે ઉત્પન્ન થઇ છે.

---

* અ., ક., લ. પૃ. ૯-૧૦

+ જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર પૃ. ૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૦] ૨૬ અ નવકાર મહામંત્રની આરાધના અને ઉવસ્સગ્ગહરં સ્તોત્ર

નવકાર મહામંત્રમાં દર્શાવેલા પાંચ પરમેષ્ઠિની–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તેમની–આરાધના સાધકોને શા શા ફલ આપે છે તેનું વિશદ વિવેચન શ્રી **માનતુંગસૂરિ** રચિત 'नवकारसार थवण' નામક સ્તોત્રમાં કરવામાં આવ્યું છે. ત્યાં જણાવાયું છે કે અરિહંતની આરાધના ખેચરપદવી અને મોક્ષ–આ બે વસ્તુને આપનાર છે; જ્યારે સિદ્ધની આરાધના ત્રૈલોક્યવશીકરણ અને મોહન– આ બે વસ્તુને આપનાર છે. આચાર્યની આરાધના જલ–જ્વલન આદિ સોળ ભયનું સ્થંભન કરે છે. ઉપાધ્યાયની આરાધના આ લોકનો લાભ કરનાર અને સર્વ ભયોનું નિવારણ કરનાર છે. સાધુની આરાધના પાપોનું ઉચ્ચાટન, મારણ અને તાડન આદિ કર્મોને કરે છે.

ઇહલૌકિક પદાર્થોનો લાભ કરનાર ઉપાધ્યાયની આરાધના છે પરંતુ તે આરાધના કેવી રીતે કરવી ? તે સવાલ અવશ્ય ઉઠે છે. તેના સમાધાનમાં **ભત્તિભર સ્તોત્ર**ના ટીકાકાર (નમસ્કાર વ્યાખ્યાન ટીકાકાર) જણાવે છે કે ચોવીસ તીર્થંકરો પૈકી જે તીર્થંકરો શ્વેત છે તેમની આરાધના અરિહંતની આરાધના છે, જે તીર્થંકરો રક્ત વર્ણના છે તેમની આરાધના સિદ્ધની આરાધના છે, જે તીર્થંકરો કનક વર્ણના છે તેમની આરાધના આચાર્યની આરાધના છે, જે તીર્થંકરો મરકત વર્ણના (નીલ વર્ણના) છે તેમની આરાધના ઉપાધ્યાયની આરાધના છે અને જે તીર્થંકરો શ્યામ વર્ણના છે તેમની આરાધના સાધુની આરાધના છે.

ઉપાધ્યાયની આરાધના માટે મરકત વર્ણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવંતની આરાધના ઇષ્ટ મનાય છે. તેમની આરાધના માટેનું સ્તોત્ર તે શ્રી 'ઉવસગ્ગહરં' સ્તોત્ર છે. તે દ્વારા થનાર ફળ તરીકે સર્વ ભયોનો નાશ તથા ઇહલૌકિકલાભ–આ લોકના પદાર્થોનો લાભ છે, જે ક્રમશઃ 'ઉવસગ્ગહરં' સ્તોત્રની બીજી ગાથાના ત્રીજા તથા ચોથા ચરણ– 'तस्स गहरोग-मारी, दुट्ठजरा जंति उवसामं'–દ્વારા તથા ત્રીજી ગાથાના બીજા ચરણના 'बहुफलो होइ'–પદ દ્વારા દર્શાવેલ છે.

## [૧૦] ૨૭ विसहरफुलिंगमंतं પદની વિશિષ્ટ વ્યાખ્યા:—

'વિસહર ફુલિંગ' એટલા સંકેત માત્રથી જે મંત્ર સૂચવાયો છે તે મંત્રને દર્શાવતું સ્તોત્ર 'नमिऊण' સ્તોત્ર છે. नमिऊण સ્તોત્રમાં પણ તે મંત્ર તદ્દન સ્પષ્ટરીતે સૂચવાયો નથી. પરંતુ તે મંત્રને વિપ્રકીર્ણાક્ષરી પદ્ધતિથી ગુપ્ત રખાયો છે અને કહેવાયું છે કે આ સ્તોત્રની મધ્યમાં અઢાર અક્ષરનો જે મંત્ર છે તેને જે જાણે છે તે પરમ પદમાં રહેલા શ્રી પાર્શ્વનાથનું સ્ફુટ રીતે ધ્યાન કરી શકે છે. અર્થાત્ તેનું જ્ઞાન પણ સર્વ કોઇને થવું સુલભ નથી.

પાછળથી **આચાર્યશ્રી માનતુંગસૂરિ**ની પરંપરામાં થયેલ અન્ય આચાર્યો દ્વારા તે મંત્રને જુદા જુદા સ્તોત્રોમાં સ્પષ્ટ પ્રગટ કરવામાં આવ્યો જે આજે પણ પ્રાપ્ય છે. પરંતુ તે મંત્ર પ્રાકૃત ભાષામાં છે, તેની આગળ શીર્ષક તરીકે પ્રણવ તથા તે સાથે બીજાક્ષરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા અંતમાં બીજાક્ષરો તથા પલ્લવોના સંયોજનનું ક્યાંય વિધાન હતું નહીં. માત્ર અઢાર અક્ષરનો આ મંત્ર છે એમ જ જણાવાયું હતું. તે મંત્ર શ્રી પાર્શ્વનાથના નામથી અધિષ્ઠિત હતો તે જ તેનું ફલદાયકત્વ હતું. પરંતુ ગમે તે કારણોસર પાછળથી તેમાં ૐ હ્રીઁ વગેરે બીજો ઉમેરાતાં ગયા અને તે અઢાર અક્ષરનો મંત્ર અઠ્ઠાવીસ અક્ષરો સુધીનો થઇ ગયો. આ બધું ક્યારે થયું, તેનો ઇતિહાસ સાંપડતો નથી.

'नमिऊण पास विसहर वसह जिण फुलिंग' આ મંત્રમાં વિભક્ત્યન્ત પદ એક પણ નથી. नमिऊण એ કૃદન્ત છે. पास, विसहर, वसह, जिण, फुलिंग એ કેવલ અવિભક્ત્યન્ત શબ્દો જ છે. આ સ્થિતિમાં આ મંત્રનો અર્થ શો કરવો ? તે પણ વિચારણીય છે.

આ મંત્રનો કેવલ શબ્દાર્થ કરીએ તો નીચે મુજબ થાય –

નમીને, પાર્શ્વ, વિષહર, વૃષભ, જિન, સ્ફુલિંગ.

**શ્રી તરુણપ્રભસૂરિએ** આનો અર્થ નીચે મુજબ કર્યો છે:–

| | | |
|---|---|---|
| नमिऊण | એટલે | નમસ્કાર કરાય છે. |
| पास | ,, | હે પાર્શ્વ ! |
| विसहर | ,, | તું વિષને દૂર કર. |
| वसहजिण | ,, | જિનોમાં વૃષભ ! |
| फुलिंग | ,, | પરબ્રહ્મરૂપી રવિના સ્ફુલિંગ સમા ! |

अर्हँ परब्रह्म रवि स्फुलिंग, ॐ ह्रीँ नमः श्री नमदिन्द्रवृन्द ।
प्रणम्यसे पार्श्व विषं हर त्वं, जिनर्षभ श्रीँ भवते नमो ह्रीँ ॥४॥

એટલે કે પરબ્રહ્મરૂપી રવિના સ્ફુલિંગ સમા, નમતા છે ઇન્દ્રોના સમૂહ જેને, જિનોમાં વૃષભ ! હે પાર્શ્વ ! તું નમસ્કાર કરાય છે. વિષને દૂર કર.*

આ અર્થ તેમણે કેવી રીતે કર્યો તે અંગેની માહિતી પ્રાપ્ત થતી નથી.

**શ્રી રત્નકીર્તિસૂરિ** સ્વરચિત પાર્શ્વજિન સ્તોત્રમાં આ મંત્રનો અર્થ નીચે પ્રમાણે કરે છે:–

नमिऊण–નમસ્કાર કરીને
पास–પાર્શ્વનાથને
विसहर–વિષધરોના વિષનો નાશ કરનારા.
वसहजिण–જિનોમાં વૃષભ.
फुलिंग–સ્ફુલિંગો પર જય મેળવનારા.

(સ્તવું છું આ અર્થ અધ્યાહારથી લીધો છે.)

नमिऊण पासनाहं विसहरविसनासिणं तमेव थुणे ।
वसहजिणफुलिंगजयं फुलिंगवरमंतमज्झत्थं ॥१॥+

---

* જૈ. સ્તો. સં., ભા. ૨ પૃ. ૩૮
+ જૈ. સ્તો. સં., ભા. ૨, પૃ. ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં તેઓ જે અર્થ કરે છે તે કેવી રીતે કરે છે તેનો કોઇ આધાર નથી.

विसहरवसह પદ એક ગણવું કે विसहरने જુદું પદ ગણી वसहजिण પદ એક ગણવું તેનું પણ સ્પષ્ટીકરણ કરાયું નથી. તે યુગના મંત્રોને વિભક્તિઓ નહોતી લગાડાતી ? એ પણ પ્રશ્ન ઉઠે છે.

આ બધા પ્રશ્નોનો સ્પષ્ટ પ્રત્યુત્તર **'નમસ્કાર વ્યાખ્યાન ટીકા'**માં આપવામાં આવ્યો છે. ત્યાં, ઉવસગ્ગહરંનો યંત્ર દર્શાવતાં ॐ ह्रीँ श्रीपार्श्वनाथ धरणेन्द्र पद्मावती ह्रीँ नमः । એ મંત્ર દર્શાવાયો છે અને તેનું વિવેચન કરતાં જણાવાયું છે કેઃ–

**पणमिय सिरि पासनाह धरणिंद पउमावई सहियं ।**
**मायाबीजं नम इय अट्ठारसअक्खरं मंतं ॥**

અને આ ગાથાનુસાર અઢાર અક્ષરના મંત્ર તરીકે ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहरवसह जिण फुलिंग ह्रीँ नमः" એ મંત્ર ટાંકવામાં આવ્યો છે.

ઉપર દર્શાવેલી 'पणमियसिरि पासनाह' ગાથા એ અઢાર અક્ષરના મંત્રનો શબ્દાર્થ છે.

पणमिय=नमिऊण=નમીને

सिरिपासनाह=पास=પાર્શ્વનાથને

धरणिंद=विसहरवसह=ધરણેન્દ્ર અને

पउमावई=जिणफुलिंग=પદ્માવતી સહિત

मायाबीज=ह्रीँ=ह्रीँ ને ( કે જેમાં ધરણેન્દ્ર પદ્માવતી તથા પાર્શ્વનાથ સમાવિષ્ટ છે )

नम=नमः=નમસ્કાર થાઓ.

આનું વિશદ સ્પષ્ટીકરણ કરતો મંત્ર ॐ ह्रीँ श्रीपार्श्वनाथ धरणेन्द्र पद्मावती ह्रीँ नमः એ છે અને તે પણ અઢાર અક્ષરનો છે.

ઉપર દર્શાવેલી ગાથા पणमिय सिरि पासनाह નો શબ્દાર્થ આ પ્રમાણે છેઃ–

ધરણેન્દ્ર અને પદ્માવતી સહિત શ્રી પાર્શ્વનાથને પ્રણામ કરીને ह्रीँકારને ( કે જે ધરણેન્દ્ર પદ્માવતી તથા પાર્શ્વનાથનું પ્રતીક છે. )[૧] નમું છું.

આ પરથી નિશ્ચિત થાય છે કે नमिऊण पास विसहर वसह जिणफुलिंग મંત્રમાં ૭ પદો છે ૧ नमिऊण ૨ पास ૩ विसहर ૪ वसह ૫ जिण ૬ फुलिंग.

આનો અન્વય નીચે મુજબ કરી શકાયઃ–

---

૧. वर्णान्तः पार्श्वजिनो यो रेफस्तलगतः स धरणेन्द्रः । तुर्यस्वरः स बिन्दुः स भवेत्पद्मावतीसंज्ञः ॥
ભૈ, પ., ક., તૃ., પ., શ્લો. ૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विसहरवसह जिणफुलिंग ('પૂજિત' પદ અધ્યાહાર સમજવાનું છે) पास नमिऊण.

અર્થ:–વિષધરોમાં વૃષભ એટલે શ્રી ધરણેન્દ્ર અને 'जिणफुलिंग' એટલે સ્ફુલિંગો (અગ્નિકણ જેવા ઉપદ્રવો) ઉપર જય મેળવનાર શ્રી પદ્માવતી તેનાથી પૂજિત 'पास' એટલે શ્રી પાર્શ્વને 'नमिऊण' એટલે નમીને. જો કે અહીં 'विसहर वसह'નો અર્થ ધરણેન્દ્ર કરાયો છે તે તો બરાબર છે કારણ કે ધરણેન્દ્ર તે નાગરાજ છે અને વિષધર વૃષભનો અર્થ પણ નાગોના રાજા છે પરંતુ જિણફુલિંગનો અર્થ પદ્માવતી કેવી રીતે કરવો તેનું સમાધાન સાંપડતું નથી.

'નમસ્કાર વ્યાખ્યાનટીકા'માં આ વિગતના સંદર્ભમાં એક ચક્ર દર્શાવાયું છે તે ચિન્તામણિ ચક્ર છે. જો કે દ્વિજપાર્શ્વદેવગણિએ દર્શાવેલ ચિન્તામણિ ચક્ર સાથે આને મેળવતાં આમાં કેટલીક વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. અમે આ જ ગ્રન્થમાં અન્યત્ર સર્વ યંત્રો દર્શાવ્યા છે. ત્યાં દ્વિજપાર્શ્વદેવગણિએ દર્શાવેલ ચિન્તામણિચક્ર પણ દર્શાવ્યું છે; તેથી 'નમસ્કાર વ્યાખ્યાનટીકા'માં સૂચવેલ યંત્ર અહીં દર્શાવ્યું નથી.

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથામાં 'विसहर फुलिंग' પદ દ્વારા આ મંત્ર કહેવાયો છે. ત્યાં 'नमिऊण पास मंतं' પદ ન મૂકતાં 'विसहर फुलिंग मंतं' પદ શા માટે મૂકાયું? આ શંકા પણ ઊઠવી સ્વાભાવિક છે. પણ તેનું સમાધાન એ છે કે આ મંત્ર દ્વારા બે કાર્યો થાય છે; એક તો વિષોનું હરણ અને બીજું ક્લિષ્ટ (તણખા મૂકાયા હોય તેવા) રોગોનો નાશ. આ હકીકતને સૂચવતા આ મંત્રમાં બે પદો છે. એક 'વિસહર' અને બીજું 'ફુલિંગ' એટલે આ મંત્રને 'नमिऊण पास' મંત્રથી વાચ્ય ન કરતાં 'विसहरफुलिंग' મંત્રથી વાચ્ય કરાયો છે અને તે દ્વારા આ મંત્રથી સિદ્ધ થનારાં કાર્યો સૂચવાયાં છે.

## [૧૦] ૨૮. ઉવસગ્ગહરં સ્તોત્રમાં દર્શાવાયેલા ત્રણ પ્રકારના ભક્ત આત્માઓ

ઉવસગ્ગહરં સ્તોત્રમાં ત્રણ પ્રકારના ભક્ત આત્માઓ દર્શાવાયા છે અને તે ત્રણ પ્રકારના આત્માઓની કક્ષાનુસાર તેમને પ્રાપ્ત થતાં ફલો પણ દર્શાવાયાં છે. તેમાં સર્વ પ્રથમ કક્ષાના આત્મા (જઘન્ય) 'મનુજ' દર્શાવ્યા છે કે જેઓ ભૌતિક આપત્તિઓના નિવારણને જ પ્રાધાન્ય આપે છે. સ્તોત્રકારે તેમને માટેનાં ફલો–ગ્રહ, રોગ, મારિ અને દુષ્ટ જ્વરોનો નાશ ગણાવ્યાં છે જે દર્શાવતી ગાથા 'विसहरफुलिंगमंतं' છે.

બીજી કક્ષાના આત્માઓ તરીકે 'પ્રણત' આત્માઓ દર્શાવ્યા છે કે જે મધ્યમ કક્ષાના છે, તેમને પ્રાપ્ત થનારાં ફલો તરીકે બહુફલો–સ્વર્ગ આદિની સંપદાઓ, રાજ્ય, સુખ, સમૃદ્ધિ, દુઃખમાત્રનો નાશ દર્શાવ્યો છે અને તે દર્શાવતી ગાથા 'चिट्ठउ दूरे मंतो' છે.

ત્રીજી કક્ષાના આત્માઓ તરીકે 'લબ્ધ સમ્યક્ત્વ' આત્માઓ દર્શાવ્યા છે કે જે ઉત્તમ આત્માઓ છે. તેમને પ્રાપ્ત થનારાં ફલો તરીકે નિર્વિઘ્ને અજરામર પદની પ્રાપ્તિ દર્શાવાઈ છે એટલે કે પરલોકમાં મોક્ષની પ્રાપ્તિ અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ લોકમાં સુખ સંપદાઓ તેને મળ્યા જ કરતી હોય છે તે બતાવાયું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ ત્રણે પ્રકારના આત્માઓ માટે આ સ્તોત્ર ફલદાયક છે અને સૌને પોતપોતાની કક્ષાનુસાર ફલો સાંપડે છે.

## [૧૦] ૨૯. ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ કરવા અંગે—

કોઈપણ મંત્ર યા સ્તોત્રનો જાપ કેવી રીતે કરવો તે અંગે ગ્રંથકારો વિધિ દર્શાવે છે. તે વિધિ ઉવસગ્ગહરં સ્તોત્રના જાપ અથવા સ્મરણ માટે પણ તેટલી જ કૃત્યકારી અથવા કાર્યસાધક છે.

બે સ્થળોએ વિધિનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એક યોગશાસ્ત્રમાં તે આ પ્રકારેઃ—

"શરીરને સુખ થાય તેવા આસને બેસી, ઓષ્ઠ પુટને જોડેલું રાખી, નાસિકાના અગ્રભાગ ઉપર નેત્રયુગલને સ્થાપી, દાંતો પરસ્પરનો સ્પર્શ ન કરે તે રીતે રજોભાવ અને તમોભાવથી રહિત એવું પ્રસન્ન વદન રાખી, ભૂચાલન વગેરેથી રહિત થઈ, પૂર્વાભિમુખ ઉત્તરાભિમુખ યા જિનપ્રતિમાની અભિમુખ બની, પ્રમાદનો ત્યાગ કરી, શરીરને સીધું અને સરલ રાખી ધ્યાનનો પ્રારંભ કરવો જોઈએ." *

બીજા આચાર્ય શ્રી મેરુતુંગસૂરિ વિરચિત સૂરિમુખ્યમંત્ર કલ્પમાં તે નીચે પ્રમાણે સાંપડે છેઃ—

+ "ચંદ્રનાડી દ્વારા વાયુનું રેચન કરવું અને રેચન કરતાં એવી ભાવના કરવી કે રજોગુણરૂપ રક્તવાયુનું રેચન થઈ રહ્યું છે.

તે પછી સૂર્યનાડી દ્વારા વાયુનું રેચન કરવું અને રેચન વખતે એવી ભાવના કરવી કે દ્વેષરૂપ કૃષ્ણવાયુનું રેચન થઈ રહ્યું છે.

તે પછી ચંદ્રનાડી દ્વારા વાયુને પૂરક કરીને નાભિમાં સ્થાપન કરવો અને તે વખતે ભાવના કરવી કે સત્ત્વગુણરૂપ શ્વેતવાયુનું આકર્ષણ થઈ રહ્યું છે.

તે પછી હોઠોને સારી રીતે બંધ રાખી, મુખને પ્રસન્ન રાખી, પરસ્પર દાંતોનો સ્પર્શ ન થાય તે રીતે, દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર યા તો જે ધ્યેય છે તેના બિમ્બ આદિ ઉપર રાખી, જીભનું પણ ચાલન ન થાય તે રીતે અન્તર્જલ્પરૂપ યા અનાહતનાદરૂપ ધ્યેયમંત્ર આદિનું સ્મરણ કરવું."

---

* सुखासनसमासीनः सुश्लिष्टाधरपल्लवः ।
नासाग्रन्यस्तदृग्द्वन्द्वो दन्तैर्दन्तानसंस्पृशन् ॥१३५॥
प्रसन्नवदनः पूर्वाभिमुखो वाऽप्युदङ्मुखः ।
अप्रमत्तः सुसंस्थानो ध्याता ध्यानोद्यतो भवेत् ॥१३६॥ યો. શા. પત્ર ૩૪૦

+ चन्द्रेण राजसरूपं रक्तवायुं सूर्येण द्वेषरूपं कृष्णवायुं रेचयित्वा पुनः शशिना सत्वगुणरूपं श्वेतवायुमाकृष्य नाभौ च संस्थाप्य प्रसन्नास्यः सुश्लिष्टौष्ठयुगो दन्तैर्दन्तानस्पृशन् नासायां ..मूर्तौ वा न्यस्तदृष्टिर्जिह्वामप्यचालयन् अन्तर्जल्पाकारमनाहतनादरूपं वा स्मरणमारभेत । સૂ૦, મં, ક, સ, ભા. ૧ પૃ. ૧૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય સ્થળે પણ આજ વિધિનું સમર્થન કરતી જપવિધિ જોવા મળે છે.

આચાર્ય શ્રી ચન્દ્રસૂરિ વિરચિત **અદ્ભુતપદ્માવતીકલ્પ**માં વિધિનો એક પ્રકાર નીચે પ્રમાણે પણ પ્રાપ્ત થાય છેઃ—

* પ્રથમ સ્નાન કરી, શુભવસ્ત્રોથી વિભૂષિત બની, સુગંધિયુક્ત થઈ, પૂર્વાભિમુખ, પર્યંકાસને બેસી, નાસિકાના અગ્રભાગ પર બે નેત્રો સ્થાપી, નિર્મલ એવા જનરહિત સ્થાનમાં મંત્રસાધકે વાયુનો નિરોધ કરવો. પછી ધીમે ધીમે વાયુને અંદર લઈ, તે પછી રેચકની વિધિથી વાયુને ધૂમાડાની શિખાના આકારે બહાર કાઢી, પાપરજોને ખંખેરી નાખી, પોતાના આત્માને કર્મોરૂપી ઈંધણોના (કાષ્ઠોના) સમૂહની ઉપર બેઠેલો જોવો.

આ વિધિમાં કેવળ પૂર્વ સેવાનો પ્રકાર પ્રાપ્ત થાય છે અને તે અઘમર્ષણરૂપે છે. ઉત્તર સેવા માટે ઉપર પહેલી બે વિધિ દર્શાવ્યા પ્રમાણે સમજવી.

## [૧૦] ૩૦. नमिऊण મંત્રના આમ્નાયનું વિશ્લેષણ.

ઈતર મંત્રશાસ્ત્રોમાં પ્રત્યેક મંત્રના ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ તથા કીલકનો નિર્દેશ કરી વિશ્લેષણ કરવાની પ્રથા છે તથા કયા કૃત્ય માટે તે મંત્રનો વિનિયોગ કરાય તે પણ દર્શાવવામાં આવે છે.

જૈન મંત્રશાસ્ત્રમાં આવા વિશ્લેષણનો માર્ગ દર્શાવવાની પ્રથા જણાતી નથી છતાં ક્યારેક કોઈ કોઈ ગ્રંથકાર પરસમય માર્ગની પદ્ધતિ અનુસરતા જોવાય છે. [૧]

પ્રસ્તુત સ્તોત્રના નમિઊણ પાસ મંત્ર કે જેને '(પાર્શ્વ) ચિન્તામણિ મંત્ર' તરીકે ઉલ્લિખિત કરાયો છે તેના ઋષિ, છંદ, દેવતા વગેરેનો ઉલ્લેખ **ભૈરવ પદ્માવતી કલ્પ** ગ્રંથમાં (ગ્રંથ સમાપ્ત થતાં જે ૩૧ પરિશિષ્ટો આપવામાં આવેલ છે તે પૈકી સાતમું પરિશિષ્ટ કે જેનું શીર્ષક **પદ્માવતી મંત્રામ્નાય વિધિ** આપવામાં આવેલ છે અને જેના કર્તા તરીકે ત્યાં કોઈનો ઉલ્લેખ નથી તેમાં) પૃ. ૪૩ ઉપર કરાયો છે.

ત્યાં દર્શાવાયું છે કેઃ—

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग श्रीँ ह्रीँ अर्हँ नमः। ॐ। अस्य—श्री पार्श्वचिन्तामणिमन्त्र स्य—पार्श्वः ऋषिः, गायत्री छन्दः, श्री धरणेन्द्रपद्मावती देवता, माया बीजं, श्री शक्तिः, अर्हँ कीलकम् मम सकलसिद्धिप्राप्त्यर्थं जपे विनियोगः।

---

* पूर्वं पूर्वाभिमुखः स्नातः शुभवस्त्रविभूषितः।
सुरभिः पर्यंकासने संस्थो नासाग्रन्यस्तदृग्युग्मः ॥१॥
निर्मलनिर्जनदेशे स्थित्वा मन्त्री निरुध्य वायुं च।
आपूर्य शनैरन्तो रेचकविधिना ततस्तूर्ध्वम् ॥२॥
उत्क्षिप्य च धूमशिखा-कारेण विधूय पापरेणुं च।
आत्मानं कर्मेन्धनपुञ्जस्योपरि स्थितं स्मरेत् ॥३॥ સૂ૦, મં. ક. સં., પરિશિષ્ટ વિભાગ પૃ. ૨

૧ જુઓ અર્હદ્ગીતા પૃ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે નિર્દિષ્ટ મંત્રામ્નાય વિધિને વિગતથી વિચારીએ.

૧. अस्य-श्री पार्श्व चिन्तामणि मन्त्रस्य-पार्श्वः ऋषिः

મન્ત્રનું નામકરણ અને તેના દ્રષ્ટા- આ બંને વસ્તુઓ અહીં સ્પષ્ટ કરવામાં આવી છે.

(अ) **નામકરણ**–'विसहर फुलिंग ' મંત્રનું નામ અહીં ' શ્રી પાર્શ્વ ચિન્તામણિ મંત્ર ' તરીકે નિર્દિષ્ટ થયું છે. *

(आ) **ઋષિ–દ્રષ્ટા**–શ્રી પાર્શ્વનાથ પ્રભુ.

શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉપર્યુક્ત મંત્રને પૂર્વમાંથી ઉદ્ધૃત કર્યાનું ગ્રંથકારોએ જણાવેલ છે.

આ મંત્રના મૂલ દ્રષ્ટા અર્થથી ભગવાન શ્રી પાર્શ્વનાથ છે તેમ દર્શાવવાનો અહીં આશય છે.

**૨. છંદ**—આ ' પાર્શ્વ ચિન્તામણિ મંત્ર 'નો છંદ ' ગાયત્રી '+ દર્શાવાયો છે.

---

* चिन्तामणिर्मूलमन्त्रः कामधुक् कल्पपादपः । मंत्रराजः सर्वकर्मा निधिः कामघटोऽपि च ॥
एतानि तस्य नामानि... चिंतामणिमंत्रराजकल्प પૃ. ૯૧ હ. લિ. પ્ર.

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ नमः एष मूलमंत्रः ।
चिन्तामणि संप्रदाय. चिन्तामणिमंत्रराजकल्प । હ. લિ. પ્રત. પત્ર ૧૨

+ અહીં ચિન્તામણિ મંત્રનો છંદ ગાયત્રી* છે તેમ નિર્દેશ થયો છે. અનુષ્ટુપ્ છંદને ગાયત્રી છંદનો જ એક પ્રકાર માનવામાં આવે છે.

અનુષ્ટુપ્ છંદનું સ્વરૂપ કાલક્રમે પરિવર્તન પામતું આવ્યું છે.× આ છંદના શ્લોકને ચાર પાદ હોય છે અને દરેક પાદમાં આઠ આઠ અક્ષરો હોય છે.

ક્ષેમેન્દ્રે સુવૃત્તતિલકમાં જણાવ્યું છે કે ભેદ-પ્રભેદ ગણતાં અનુષ્ટુપ્ છંદોનો સમુદાય અસંખ્ય છે તેમાં લક્ષ્ય અનુસારે ખાસ કરીને શ્રવ્યતાની પ્રધાનતા હોવી જોઈએ.△

પ્રસ્તુત ચિંતામણિ મંત્રને ( नमिऊण मंत्रने ) છંદની દ્રષ્ટિએ વ્યવસ્થિત કરવામાં આવે તો તેના ત્રણ પાદો નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ—

| પાદ | ચિંતામણિ મંત્ર |
| --- | --- |
| ૧. | ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण=૮ અક્ષર. |
| ૨. | पास विसहर वसह=૯ અક્ષર. |
| ૩. | जिण फुलिंग ह्रीँ नमः=૮ અક્ષર. |

---

* પ્રખ્યાત ગાયત્રી મંત્ર વસ્તુતઃ ' સાવિત્રી મંત્ર ' છે. પરંતુ તેનો છંદ ગાયત્રી હોવાથી ગાયત્રી મંત્રરૂપે તેનું નામ પ્રચલિત થયું છે. તેના ત્રણ પાદ એટલે ૨૪ અક્ષરો પ્રકટ છે અને એકપાદના આઠ અક્ષરો ગુપ્ત રાખવામાં આવે છે.

× જુઓ પ્ર. ટી. ભા. ૩ પૃ. ૪૮૩.

△ असंख्यो भेदसंसर्गादनुष्टुप् छन्दसां गणः तत्र लक्ष्यानुसारेण श्रव्यतायाः प्रधानता ।
સુવૃત્ત તિલક પ્રથમ વિન્યાસ શ્લો. ૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **દેવતા**–ધરણેન્દ્ર–પદ્માવતી. અધિષ્ઠાયક દેવતા તરીકે શ્રી ધરણેન્દ્ર દેવ તથા પદ્માવતી દેવી–બંનેના નામો અહીં દર્શાવાયાં છે.

૪. **બીજ**–માયાબીજ, ત્રિલોકબીજ, અતિશયપ્રદ બીજ. માયાબીજ–હ્રીઁકારને મંત્રના બીજ તરીકે દર્શાવાયું છે. પ્રસ્તુત સ્તોત્રના ઉદ્ભવના મુખ્ય પ્રયોજન રૂપે કોઇ બીજાક્ષર હોય અથવા તો તે સમગ્ર સ્તોત્રને એક અક્ષરમાં સમાવિષ્ટ કરનાર કોઇ બીજાક્ષર હોય તો તે હ્રીઁકાર છે, તેમ અર્થ સમજાય છે.

હ્રીઁકારનો વાચ્યાર્થ 'ધરણેન્દ્ર પદ્માવતી સહિત પાર્શ્વનાથ' છે તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. * તે કારણે આ નિર્દેશ કરાયો હશે.

બીજની સાથે સાધર્મ્ય હોવાથી આને બીજ કહેવામાં આવે છે. જેવી રીતે બીજ ફણગા, અંકુર તથા ફલોને પેદા કરે છે તેમ આ પણ પુણ્ય વગેરે ફણગાને તથા ભુક્તિ અને મુક્તિ રૂપી ફલોને પેદા કરે છે. ×

બીજ એટલે તત્ત્વભૂત અક્ષર એવો પણ અર્થ પ્રાપ્ત થાય છે. +

૫. **શક્તિ**–સ્તોત્રના લક્ષ્ય સુધી પહોંચાડનાર સાધન. આ સાધન શ્રીઁકાર છે. તેમ દર્શાવાયું છે. △

૬. **કીલક**–દૃઢમૂલ કરનાર સિદ્ધાન્ત. આવા સિદ્ધાન્તરૂપે અક્ષર જો કોઈ હોય તો તે અર્હઁકાર છે તેમ દર્શાવાયું છે.

---

અર્હઁકારને એકાક્ષરી બીજાક્ષર સમજવામાં આવે છે. તે પ્રકારે ગણત્રી કરતાં પ્રથમ પાદના આઠ અક્ષર થાય છે. જે અર્હઁકારને એકાક્ષરી ન સ્વીકારે તે ૐકારને અનુશ્રુતિ સમજી તેને સંખ્યાની ગણત્રીમાં લેતા નથી. તેનો વિન્યાસ શીર્ષકરૂપે નિશ્ચિત હોવાથી પણ ઘણી વખત તેને ગણત્રીમાં લેવાતો નથી.

બીજા પાદમાં નવ અક્ષરો છે અને ત્રીજા પાદમાં આઠ અક્ષરો છે. આ પ્રકારે પ્રસ્તુત ચિંતામણિ મંત્ર પચીસ અક્ષરના પરિમાણવાળો થાય છે.

* वर्णान्तः पार्श्वजिनो यो रेफस्तलगतः स धरणेन्द्रः । तुर्यस्वरः स बिन्दुः स भवेत् पद्मावतीसंज्ञः ॥
भैरव पद्मावती कल्प पृ. १६

× बीजसाधर्म्याद् बीजम् यथाहि बीजं प्रसवप्ररोहफलानि प्रसूते तथेदमपि पुण्यादिप्ररोहभुक्तिमुक्तिफलजनकत्वाद् बीजमुच्यते । सि. हे. श. म. न्यास. (ન. સ્વા. સં. વિ., પૃ. ૩૦)

+ बीजं तत्त्वाक्षरम् । सं० द्वया० काव्य अभयतिलकवृत्ति (ન. સ્વા. સં. વિ., પૃ. ૩૯)

△ શક્તિ કે જેને વૈદિકો ગાયત્રી કહે છે તેને જૈનો 'શ્રી' કહે છે તેમ શ્રી નર્મદાશંકર મહેતાએ તેમના '**શાક્ત સંપ્રદાય**' નામના ગ્રંથમાં દર્શાવેલ છે. તેમણે આધાર દર્શાવ્યો નથી. એટલે આ અભિપ્રાયનું કારણ શોધી શકાયું નથી.

MANTRASHASTRA P. 90

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. વિનિયોગ—मम सकलसिद्धिप्राप्त्यर्थं जपे विनियोगः—

મંત્ર શાને માટે કૃત્યકારી છે તે દર્શાવતાં સકલ સિદ્ધિની પ્રાપ્તિનો નિર્દેશ થયો છે. સ્તોત્રોમાં જે જે કૃત્યોનો નિર્દેશ થયો છે, તે સઘળા માટે આ મંત્ર કૃત્યકારી છે.

## [૧૦]૩૧.ચિન્તામણિ મંત્રનો વર્ણવિશ્લેષણ અથવા વિપ્રકીર્ણ પદ્ધતિએ વિન્યાસ—

ઉવસગ્ગહરં સ્તોત્રમાં ‘ ચિન્તામણિ મન્ત્ર ’ (नमिऊण पास विसहर મંત્ર) ના અક્ષરો અથવા શબ્દો વર્ણવિશ્લેષણ પદ્ધતિ દ્વારા વિન્યસ્ત કરેલા છે. તેવો એક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

**ચિન્તામણિ મન્ત્રામ્નાય** ગ્રન્થમાં જણાવાયું છે કે જેવી રીતે ભયહર સ્તવમાં ( नमिऊण સ્તવમાં ) ચિન્તામણિ મંત્ર તિરોહિત કરાયો છે તેવી જ રીતે ઉવસગ્ગહરં સ્તવમાં પણ ચિન્તામણિ મંત્ર તિરોહિત કરાયો છે. [1]

ભયહરસ્તવમાં नमिऊण મન્ત્રનો કેવી રીતે વિપ્રકીર્ણાક્ષરી પદ્ધતિથી વિન્યાસ કરાયેલ છે તેનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે કલ્પનાતીત રીતે મંત્ર પદોને તથા કોઈ પદના અક્ષરોને સ્તોત્રમાં અસ્તવ્યસ્ત પ્રકારે વિન્યસ્ત કરવામાં આવેલ છે.

દાખલા તરીકે नमिऊण મંત્ર અન્તર્ગત **વસહ** પદનો નમિઊણ સ્તોત્રની ગાથામાં વિપ્રકીર્ણાક્ષરી પદ્ધતિથી વિન્યાસ કરવામાં આવેલ છે. [2]

नमिऊण સ્તોત્રની બીજી ગાથાના ચાર પાદો આ પ્રમાણે છે:—

सडियकरचरणनहमुह, निबुड्डनासा विवन्नलायन्ना।
कुट्ठमहारोगानल-फुलिंग निद्दड्ढसव्वंगा ॥२॥

પ્રસ્તુત ગાથાના બીજા ચરણના **વિવન્ન** પદમાંથી ‘व’નો ઉદ્ધાર કરવાનો છે. પછી પ્રથમ ચરણના **સડિય** પદમાંથી ‘स’નો ઉદ્ધાર કરવાનો છે અને **નહ** પદમાંથી ‘ह’નો ઉદ્ધાર કરવાનો છે. આ રીતે અસ્તવ્યસ્ત પદ્ધતિથી સ્તોત્રમાં વિન્યસ્ત અથવા ગ્રથિત કરાયેલા અક્ષરો અથવા પદોને વિપ્રકીર્ણ કહેવામાં આવે છે.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં વિપ્રકીર્ણાક્ષરી પદ્ધતિથી તિરોહિત કરાયેલ ચિંતામણિ (વિસહર ફુલિંગ) મંત્રનો સમુદ્ધાર નીચે પ્રમાણે કરી શકાય—

(१) उपसर्गहरस्तवेऽपि चिन्तामणिमन्त्रो भयहरस्तववदेव — चि. म. आ. (ह. प्र.)

(२) वसहत्ति द्वितीयगाथायाम् — भयहरस्तोत्रवृत्ति.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ચિંતામણિ મંત્રના ૭ પદો | અક્ષર અથવા પદના વિન્યાસનો પ્રકાર | સ્તોત્રમાં વિન્યાસનું સ્થળ | | નોંધ |
|---|---|---|---|---|
| | | ગાથા | ચરણ | |
| नमिऊण | न, मि, ऊ (उ), ण* | त्रीजी | ४ तथा | 'न'दुक्खदोगच्चं । |
| | | पहेली | १-२ | वंदामि उवसग्गहरं कम्मघण |
| पास | पास | पांचमी | ४ | पास जिणचंद ! । |
| विसहर | विसहर | पहेली | ३ | विसहर विसनिन्नासं । |
| वसह | व, स, ह+ | पहेली | १ | उवसग्गहरं |
| जिण | जिण | पांचमी | ३ | जिणचंद ! । |
| फुलिंग | फुलिंग | बीजी | २ | विसहर फुलिंगमंतं |

## [१०] ३२. મંત્ર એટલે શું ?

મંત્ર એટલે કોઈ અગમ્ય શબ્દોથી ભરેલી ગૂઢ ભાષા યા તો બીજાક્ષરોથી સમન્વિત વર્ણોનો સમૂહ જ હોય છે એવું નથી. વિવિધ મંત્રોનું અધ્યયન કરતાં જાણવા મળે છે કે કેટલીક વાર વિગતોનું વર્ણન માત્ર જેમાં દર્શાવ્યું હોય તેવા પણ મંત્રો હોય છે.

દા. ત. પ્રભાવકચરિત્રમાં પાદલિપ્તસૂરિના જીવનચરિત્રમાં તેમના જીવનમાં એક પ્રસંગને આલેખતી ગાથાને મંત્ર તરીકે ગણાવાઈ છે.

जह जह पएसिणिं जाणुयंमि पालित्तउ भमाडेइ ।
तह तह से सिरवियणा पणस्सइ मुरंडरायस्स ॥

અર્થ—જેમ જેમ પ્રદેશિનીને જાનુ卐 ઉપર પાદલિપ્ત ભમાડે છે તેમ તેમ મુરંડ રાજાની શિરોવેદના નાશ પામે છે.

આ ગાથા લખ્યા બાદ ત્યાં જણાવ્યું છે કે—

मन्त्ररूपामिमां गाथां पठन् यस्य शिरः स्पृशेत् ।
शाम्येत वेदना तस्याद्यापि मूर्ध्नोऽतिदुर्धरा ॥

---

* नमिऊण પદના ચારેય અક્ષરો વિપ્રકીર્ણ રીતે બે ગાથામાં ઉપલબ્ધ થાય છે અને દીર્ઘ ऊ ને હ્રસ્વ उ તરીકે સ્વીકારવો પડે છે.

+ वसह પદના ત્રણેય અક્ષરો એક જ પદમાં વિપ્રકીર્ણ રીતે ઉપલબ્ધ થાય છે. બાકીના બધા પદો સ્તોત્રમાં વિપ્રકીર્ણ પદ્ધતિથી વિન્યસ્ત થયેલા માલુમ પડે છે.

卐 પ્રદેશિની એટલે તર્જની આંગળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:—મંત્ર સ્વરૂપ આ ગાથાનો પાઠ કરતો (મનુષ્ય) જેના મસ્તકને સ્પર્શ કરે તેની અતિદુર્ધર એવી પણ મસ્તક વેદના આજે પણ શાન્ત થાય છે.

અહીં આ ગાથાને જ મંત્ર માનવામાં આવેલ છે.

તદુપરાંત—

'ॐ संति कुंथु अ अरो, अरिट्ठनेमी जिणिंद पासो य। समरंताणं चक्खू निम्मला ॐ ह्रौँनमः'॥ આ મંત્રમાં પણ માત્ર વિગત જ છે છતાંય 'આ મંત્રના પ્રયોગથી આંખ દુઃખતી માટે છે' તેમ કહેવાયું છે એટલે નિશ્ચિત થાય છે કે મંત્ર એ એવો શબ્દસમૂહ હોવો જોઇએ કે જેથી તેના અધિષ્ઠાયક દેવનું આકર્ષણ થાય યા તો એવો શબ્દસમૂહ હોવો જોઇએ કે જેમાં વપરાયેલા અક્ષરોનો સંયોગ જ એવા પ્રકારનો હોય કે જે અમુક ફળ આપે જ.

## [૧૦]૩૩. ઉવસગ્ગહરં સ્તોત્રમાં વપરાયેલ ભગવાન શ્રી પાર્શ્વનાથના ચાર નામો

ઉવસગ્ગહરંની પ્રથમ ગાથામાં मंगल તથા कल्लाण અને ચોથી ગાથામાં चिन्तामणि તથા कप्पपायव (કલ્પપાદપ) એમ ચાર શબ્દો વપરાયા છે તે ચારે નામના પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિઓ તો સાંપડે જ છે પરંતુ તે ચારેય નામના શ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિઓ એક જ સ્થળે સાંપડતી હોય તેવું પણ જાણવા મળ્યું છે.

આબૂગિરિ ઉપર 'ખરતરવસહી' નામક મંદિરમાં નીચેના માળમાં ચારે બાજુ મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. તેમની મૂર્તિઓ ભવ્ય અને નવફેણયુક્ત પરિકરવાળી છે. તે દરેકની નીચે શિલાલેખ છે. * ત્યાં પૂર્વ દિશામાં **મંગલકર પાર્શ્વનાથ** (દક્ષિણ દિશાના પાર્શ્વનાથની મૂર્તિમાં નામ વંચાતું નથી) પશ્ચિમ દિશામાં **મનોરથ કલ્પદ્રુમ** પાર્શ્વનાથ અને ઉત્તર દિશામાં **ચિન્તામણિ પાર્શ્વનાથ** છે. દક્ષિણ દિશાના પાર્શ્વનાથની મૂર્તિનું નામ વંચાતું નથી પરંતુ લાગે છે કે તે **કલ્યાણકર પાર્શ્વનાથ** હોવા જોઈએ. જો આમ હોય તો આ ચારે પાર્શ્વનાથની મૂર્તિઓ અને 'ઉવસગ્ગહરં' સ્તોત્ર વચ્ચે કંઇ સંબંધ છે કે નહિ? તે વિચારવું જોઇએ.

## [૧૦] ૩૪. 'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં સમાસો, ક્રિયાપદો અને વિભક્તિઓ.

'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં નીચે મુજબના પંદર સામાસિક પદોનો ઉપયોગ થએલ છે.

उवसग्गहरंपासं, कम्मघणमुक्कं, विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं, विसहरफुलिंगमंतं, गहरोगमारीदुट्ठजरा, बहुफलो, नरतिरिएसु, दुक्खदोगच्चं, चिंतामणिकप्पपायवब्भहिए, अविग्घेणं, अयरामरं, महायस!, भत्तिभरनिब्भरेण, जिणचंद.

---

* (१) श्रीखरतरगच्छे श्रीमनोरथकल्पद्रुम श्रीपार्श्वनाथः सं. मंडलिककारितः ॥

(२) श्री खरतरगच्छे श्रीजिनचन्द्रसूरिभिः प्रतिष्ठितः श्री चिन्तामणिपार्श्वनाथः । सं. मंडलिककारितः ॥

(३) श्रीखरतरगच्छे श्रीमङ्गलाकर श्रीपार्श्वनाथः । सं. मंडलिककारितः ।

(४) श्रीखरतरगच्छे श्री...पार्श्वनाथः। सं. मंडलिककारितः श्रीखरतरगच्छे ॥ આબૂ ભા. ૨, પૃ. ૧૭૪-૧૭૫

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

આ રીતના ૧૫ સામાસિક પદો છે. જેમાં બહુવ્રીહિ, કર્મધારય, તત્પુરુષ, દ્વન્દ્વ, અવ્યયીભાવ, ઉપમાનોપમેય કર્મધારય વગેરે સર્વ સમાસોનો ઉપયોગ કરાયો છે.

## ક્રિયાપદો.

वंदामि, धारेइ, जंति, चिट्ठउ, होइ, पावंति (બે વખત) दिज्ज આ આઠ ક્રિયાપદો છે જે પૈકી એક આજ્ઞાર્થ, એક વિધ્યર્થ અને બાકીના છ વર્તમાનકાળના છે.

## વિભક્તિઓ.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં જુદી જુદી જે વિભક્તિઓ વપરાઈ છે તેનો વિચાર કરીએ તો માત્ર ચતુર્થી વિભક્તિ સિવાયની સર્વ વિભક્તિઓનો આ સ્તોત્રમાં ઉપયોગ કરાયો છે. જે નીચે મુજબ છે:—

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | मणुओ | ષષ્ઠી | तस्स |
| દ્વિતીયા | पासं | સપ્તમી | नरतिरिएसु |
| તૃતીયા | अविग्घेणं | સંબોધન | महायस ! |
| પંચમી | ता | | |

## [૧૦] ૩૫ 'ઉવસગ્ગહરં' સ્તોત્રની રચના પાછળનો ઇતિહાસ.

આચાર્ય ભદ્રબાહુસ્વામીને ઉવસગ્ગહરં સ્તોત્ર કેવા સંયોગોમાં રચવું પડયું? તે સંયોગો ઉભા થવામાં નિમિત્તભૂત કોણ? વગેરે વિગતો જાણવી આવશ્યક હોવાથી અહીં તેનો ટૂંકો ઇતિહાસ દર્શાવવામાં આવ્યો છે. *

પાટલિપુત્ર નામનું મશહૂર નગર.

---

* અહીં એ ખુલાસો નોંધવો આવશ્યક છે કે પ્રસ્તુત કથાના વિષયમાં ચરિત્રકારોમાં ઘણો મતભેદ છે. કેટલાક ચરિત્રકારો વરાહમિહિરે જૈન દીક્ષા લીધાનું તથા તેનો ત્યાગ કર્યાનું નોંધ્યું છે. જ્યારે આખ્યાનકમણિકોશના ટીકાકાર શ્રી આમ્રદેવસૂરિએ તે વાત નોંધી નથી. તેમણે વરાહમિહિરનો સંસારવાસ અને ભદ્રબાહુનો સંસારત્યાગ નોંધ્યો છે.

કોઇકે બાલકનું મૃત્યુ સાતમા દિવસના બદલે વીસમા દિવસે જણાવ્યું છે.

કોઇકે વરાહમિહિરના પ્રસંગમાં પ્રચલિત પ્રસંગોથી જુદા પ્રસંગો પણ આલેખ્યા છે. જે ચરિત્રોના વિષયમાં તે તે પૂર્વાચાર્યોની પરંપરામાં ચાલતી જુદી જુદી વાચનાઓનો ખ્યાલ આપે છે. અમે અહીં ઉવસગ્ગહરં સ્તોત્રની રચના પાછળના ઇતિહાસમાં જરૂરી એવા જ માત્ર પ્રસંગો ટાંકયા છે અને તે માટે આખ્યાનકમણિકોશ તથા જિનપ્રભસૂરિ કૃત અર્થકલ્પલતાને સામે રાખી છે તેથી પ્રચલિત ચરિત્રથી વિભિન્ન ચરિત્રાલેખન જોવાથી મનમાં શંકા ન કરવી.

જેમને ઉપરના પ્રસંગોના આધાર સ્થલો જોવા હોય તેમને ઉપર સૂચવેલા ઉભય ગ્રંથો વાંચવાની ભલામણ છે.

આચાર્ય ભદ્રબાહુના તથા વરાહમિહિરના સમસ્ત વૃત્તાંતો અહીં આવશ્યક ન હોવાથી નોંધ્યા નથી. માત્ર જરૂરી અંશો જ ટાંકયા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે નગરમાં વિષ્ણુમિત્ર નામના પુરોહિતને સોમા નામની પત્ની. જે પતિવ્રતા તથા પ્રકૃતિથી સૌમ્ય. ગૃહવાસ ભોગવતા કાલક્રમે તેમને બે પુત્રરત્ન પ્રગટ થયા. જેમાં પ્રથમ **વરાહમિહિર**, જે પોતાના નામ અનુસાર ગુણવાળો અને બીજો **ભદ્રબાહુ**. આજાનબાહુ હોવાથી માતાપિતાએ તેનું નામ ભદ્રબાહુ રાખ્યું.

બંનેય પુત્રો લક્ષણ શાસ્ત્રમાં કુશલ, બંનેય સાહિત્યરૂપી સમુદ્રના પારગામી, બંનેય પ્રમાણ શાસ્ત્રમાં પટુ, બંનેય ગણિતમાં કુશળ તેમ જ બીજા પણ બ્રાહ્મણોને ઉપયોગી શાસ્ત્રોના સંપૂર્ણ પરમાર્થને બન્ને જાણનારા. બંને ચારેય વેદોના પારગામી.

ક્રમે કરીને તેઓ તારુણ્યને પામ્યા અને લૌકિક, વૈદિક વગેરે સર્વ વ્યવહારોમાં વિચક્ષણ પણ થયા. આ જોઈને પિતાએ મોટા આડંબરથી મોટા પુત્ર **વરાહમિહિરનું** વિશિષ્ટ નક્ષત્રતિથિ યોગમાં '**સાવિત્રી**' નામની કન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું.

જ્યારે **ભદ્રબાહુએ** આ જીવલોકને અનેક માનસિક દુઃખોથી સંતપ્ત જાણીને અને મુક્તિસુખ એ જ પરમ આનંદદાયક છે એમ સમજીને સંવેગપૂર્વક ગૃહવાસનો ત્યાગ કરીને સ્થવિર મુનિવરો પાસે જિનેન્દ્રપ્રણીત દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા અંગીકાર કર્યા બાદ તેઓ ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષામાં કુશળ બન્યા, આગમોના પરમાર્થના જ્ઞાતા થયા, કવિઓમાં તિલક થયા અને ચૌદપૂર્વોના જ્ઞાતા થયા. જેના યોગે તેમની કીર્તિ દિગન્તવ્યાપી બની. ગુરુએ તેમને આચાર્યપદથી અલંકૃત કર્યા. પંચ મહાવ્રતરૂપી ધુરાને ધારણ કરવામાં સ્થિર, છત્રીસ આચાર્યના ગુણોથી વિભૂષિત એવા તે પૃથ્વી ઉપર વિહરવા લાગ્યા.

પરંતુ મિથ્યાત્વથી જેની મતિ મોહિત થઇ છે એવો અને ધર્મના પરમાર્થને ન જાણતો વરાહમિહિર ભદ્રબાહુની કીર્તિ સાંભળીને તેમના પર અત્યંત મત્સરને ધારણ કરવા લાગ્યો. અને લોકોને કહેવા લાગ્યો કે અમારા આ ભદ્રબાહુને બાલ્યાવસ્થામાં સાક્ષાત્ બિલાડી કેમ ન ખાઇ ગઈ! જેથી આવી ચેષ્ટા કરતા તેણે અમને લોકમાં લજવી માર્યા તે લજવી તો ન મારત.

જ્યારે આ તરફ ભદ્રબાહુ કે જેને શત્રુ-મિત્રમાં દ્વેષ નથી એવા, સ્થિર સાગર જેવા ગંભીર છે.

પિતાનું મૃત્યુ થતાં વરાહમિહિરને રાજા વગેરે મુખ્ય પુરુષોએ મોટી ઋદ્ધિપૂર્વક પુરોહિત પદે સ્થાપન કર્યો અને ત્યારથી તે નગરના લોકોમાં પૂજનીયપણાને પામ્યો. વિજ્ઞાન, જ્ઞાન, કલાકલાપ, ગણિત આદિ સર્વ વિદ્યાઓમાં તે કુશળ હતો અને જ્યોતિષ શાસ્ત્રમાં તે સવિશેષ કુશળ હતો. પરંતુ, જાતિ અને કુલના મદથી અત્યંત અભિમાની અને અસ્થિર સ્વભાવવાળો એવો તે બીજાનો પરાભવ કરવા લાગ્યો.

મારા વંશમાં ઉત્પન્ન થયેલો બીજો કોઈપણ જો પોતાની વિદ્યાથી મને જીતે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃસહ એવું ચિતામાં બળી મરવું હું અંગીકાર કરું છું એવી પ્રતિજ્ઞાપૂર્વક મોટા અભિમાનરૂપી પર્વત ઉપર આરુઢ થયેલો તે વરાહમિહિર નગરમાં પરિભ્રમણ કરવા લાગ્યો.

એક વખત તેની પત્ની **સાવિત્રીએ** શુભ મુહૂર્તે સર્વ અંગના લક્ષણોથી યુક્ત પુત્રને જન્મ આપ્યો. રાજસભામાં બેઠેલા **વરાહમિહિરને** દાસીએ આવીને પુત્ર જન્મની વધામણી આપી. તે વખતે હર્ષથી પુલકિત થવાને બદલે વરાહમિહિરનું મુખ શ્યામ પડી ગયું. કારણ કે જે વખતે દાસીએ પુત્રજન્મની વધામણી આપી તે સમયને જ પુત્રનો જન્મ સમય માનીને તેણે લગ્નની ગણત્રી કરી, પણ પુત્રજન્મ બાદ દાસીને ઘેરથી અહીં આવતાં જે સમય લાગ્યો તે તેણે ગણત્રીમાં લીધો નહિ.

રાજાએ તેને હર્ષના સ્થાને વિષાદનું કારણ પૂછયું ત્યારે **વરાહમિહિરે** કહ્યું કે, દેવ! આ મારો પુત્ર ક્રૂર ગ્રહોની દૃષ્ટિવાળા લગ્નમાં જન્મ પામ્યો છે. તેથી લક્ષણવિહીન એવો તે જેમ જેમ વૃદ્ધિ પામશે તેમ તેમ આપના રાજ્યના, રાષ્ટ્રના, યાવત્ પોતાના કુલના પણ વિનાશનો હેતુ થશે.

રાજાએ કહ્યું કે આ બહુ ખરાબ વસ્તુ છે તો પણ તમે કહો કે એવો કોઇ ઉપાય છે? કે તેનું અને આપણું રક્ષણ થાય.

**વરાહમિહિરે** કહ્યું કે જો આ બાલકને બે રાજ્યોની સીમા ઓળંગીને તેથી આગળ મોકલી દેવાય તો જે કષ્ટનો સમૂહ આવનાર છે તે આ બાળકને માથે જ પડે તેમાં સંદેહ નથી.

રાજાએ કહ્યું કે આ અતિ નિર્ઘૃણ ઉપાય છે. ત્યારે **વરાહમિહિરે** કહ્યું કે રાજન્! આપની વાત સાચી છે, પરંતુ નીતિનું આચરણ કરતા મનુષ્યોએ આ અવશ્ય કરવું પડે તેમ જ છે. તે કર્યા સિવાય અન્ય કોઈ ઉપાય નથી અને એમ કહી **વરાહમિહિર** ઘેર આવ્યો.

પોતાના વિશ્વાસુ નોકરો, ધાવમાતા તથા અન્ય સામગ્રી તૈયાર કરીને તેમની સાથે તે જ દિવસના જન્મેલા પુત્રને પિતાએ શીઘ્ર નગરથી રવાના કર્યો અને સાથે જનારા માણસોને સૂચના કરી કે આ બાળક સોળ વર્ષો બાદ મૃત્યુ પામશે અને તે મૃત્યુ પામે એટલે તરત જ તમે પાછા વળીને અહીં આવજો. ત્યાં સુધી આની સાથે રહેજો.

આ રીતે પુત્રના સ્નેહની પણ પરવા છોડી, લોક શું બોલશે તે પણ વિચાર્યા વિના, પિતાએ પુત્ર માટે આ નિર્ઘૃણ કર્મ કર્યું.

કેટલાક દિવસ કુટુંબે બાળકનો શોક કર્યો પણ 'દુઃખનું ઓસડ દહાડા' એ ન્યાયે સૌ ધીમે ધીમે બાળકને ભૂલી ગયા. તે બાલક પણ મહાપુન્યવાન હતો, જોતાંની સાથે સુખ ઉપજાવે તેવો હતો, પ્રત્યક્ષ પુન્યનો રાશિ હોય તેવો હતો. પરિવારથી વીંટાયેલો તે દક્ષિણ દેશમાં આવ્યો, આઠ વર્ષનો થયો. લેખાચાર્યની પાસે પ્રકૃતિથી વિનયયુક્ત અને અધ્યયનમાં પ્રયત્નશીલ એવો તે ભણવા લાગ્યો.

ચૌદ વિદ્યાઓ, ચાર વેદો, છ અંગ, નિઘંટુ વગેરે તેણે અલ્પ સમયમાં જાણી લીધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિશેષે કરીને જ્યોતિષ અને નિમિત્ત જાણ્યાં. લાવણ્ય, રૂપ, યૌવન, વિદ્યા અને વિજ્ઞાનથી મહિમાવંતો એવો તે 'પ્રભાકર' નામનો સમૃદ્ધિ અને પ્રસિદ્ધિને પામ્યો.

આ સ્વદેશ છે અને આ પરદેશ છે એવો વિચાર તો કાયર પુરુષો કરે છે. જેઓ સત્ત્વશીલ અને પુન્યવંત છે તેમને પરદેશ પણ સ્વદેશ છે.

એક વખતે તેણે પોતાનું જન્મ લગ્ન વગેરે જોયું અને તે પોતાના મનમાં વિસ્મિત થયો કે જુઓ! મારા પિતાનું કેવું અસ્થિરપણું છે. કારણ કે જે શુભ લગ્ન હતું તેને ચપલતાના યોગે અશુભ લગ્ન માનીને, અજ્ઞાનના યોગે મને તેમણે વિદેશમાં રવાના કર્યો. અથવા તો મારા પિતા મારા મહાન ઉપકારી કે જેથી તેમણે આવું કર્યું તેથી મને દેશોનું દર્શન થયું. જેના યોગે મહાન ગુણ પ્રકર્ષ મને પ્રાપ્ત થયો. શાસ્ત્રોમાં કહ્યું છે કે:—જ્યાં સુધી ધૂર્તોથી ભરેલી અને અનેક પ્રકારના વૃતાન્તોથી વ્યાપ્ત એવી પૃથ્વીનું પુરુષે પરિભ્રમણ નથી કર્યું ત્યાં સુધી વિલાસો કેવા! પંડિતાઈ કેવી! બુદ્ધિ કેવી! હોંશિયારી કેવી! દેશ દેશની ભાષાઓનું જ્ઞાન કેવું! અને દેશાચારોની મનોહરતાથી માહિતગાર થવાનું ય કેવું! મારા વડીલોએ આવું કર્યું તો પણ કુલીન આત્માઓ માટે ગુરુજનો ગૌરવનું સ્થાન છે તેથી ક્યારેક પણ હું તેમને સંતોષ થાય તેમ કરીશ.

આ અરસામાં પાછલી વયમાં રહેલા **વરાહમિહિરને** ફરી પણ બીજો પુત્ર ઉત્પન્ન થયો. રાજાના આદેશથી પ્રમુદિત ચિત્તવાળા બાલકના પિતાએ મોટી વિભૂતિથી બાળકનો જન્મોત્સવ કર્યો. વધામણાં થવા લાગ્યા. રાજા વગેરે સમસ્ત પૌરજન અક્ષતપાત્ર હાથમાં લઇ લઇને પુરોહિત (વરાહમિહિર)ના ઘેર આવ્યો. તે વખતે વિહાર કરતા કરતા આચાર્ય ભદ્રબાહુ પણ ત્યાં આવી પહોંચ્યા. પરંતુ તે નિઃસંગ હોવાથી પુરોહિતને ઘેર ન ગયા. માત્સર્યના કારણે આ વાતને મનમાં રાખીને 'આ લોકો લોકવ્યવહારથી ય રહિત છે' એમ વરાહમિહિર લોકમાં નિંદા કરવા લાગ્યો. આચાર્યે શ્રુતનો ઉપયોગ મૂક્યો અને મહાગુણ જાણીને તેને કહેડાવ્યું કે સૌમ્ય! આજથી સાતમે દિવસે એકવાર તને પ્રતિબોધ કરવા આવીશું. તે દિવસે પુત્રના મરણના કારણે શોકથી તપ્ત બનેલા તને ધર્મોપદેશરૂપી જલથી નિવૃત્તિ પમાડશું.

આ વચન સાંભળીને **વરાહમિહિર** ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ પ્રજ્વલિત થઇ ઉઠ્યો અને બોલ્યો કે આ અમંગલ પ્રતિહત થઇને ભદ્રબાહુ! તારા મસ્તક ઉપર જ પડો. બાકી હે શ્વેતપટ! જો તું કંઇપણ જાણતો હોય તો મરણનું કારણ કહે.

આચાર્યે કહેવડાવ્યું કે ભદ્ર! તારા પુત્રનું મરણ બિલાડીથી થશે. 'આ ખોટો સાબિત થાવ' તે માટે છિદ્ર વિનાના મજબૂત કાષ્ઠોથી બનાવેલા કાષ્ઠઘરમાં માતા સહિત પુત્રને **વરાહમિહિરે** રાખ્યો. ઉપરાંત તે કાષ્ઠગૃહના દ્વારે મોટો દંડ હાથમાં રાખીને ઉભેલા બે બે અલમસ્ત પહેરગીરો બિલાડીથી રક્ષણ કરવા માટે **વરાહમિહિરે** ગોઠવ્યા.

બરાબર સાતમે દિવસે બાલકની પરિચારિકાએ પ્રમાદવશ દ્વારની અર્ગલા કાઢીને બાલકની શય્યા પાસે ઉભી મૂકી. ભવિતવ્યતાના વશથી તે અર્ગલા માતાના ખોળામાં

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

રહેલા અને આંખો મીંચીને સ્તનપાન કરતા બાલકના મર્મપ્રદેશ ઉપર પડી. મર્મસ્થાને લાગેલા પ્રહારથી વિવશ થયેલો તે બાલક તત્કાલ મૃત્યુ પામ્યો. તેને મૃત્યુ પામેલો જોઇ તેની માતા એકદમ ધરતી પર ઢળી પડી અને દુઃખથી વ્યાકુલ હૃદયે પોકાર કરવા લાગી કે 'હું ચોરાઇ ગઇ, ચોરાઈ ગઈ, હણાઇ ગઈ, હણાઈ ગઇ' આ શું થયું ? એમ બોલતો વરાહમિહિર પણ ચિરકાળ પર્યંત રડ્યો. હે નિર્દય! હત વિધિ! પુન્યરહિત એવા મને પાછલી વયમાં પુત્રરત્નરૂપી નિધાન આપીને મારો તેં હંમેશનો ઉદ્ધાર કરી નાખ્યો.

રાજા વગેરે નગરજનો પુત્રના જન્મ વખતે જેમ સુખી થયા હતા તેમ તેના મરણ વખતે દુઃખી થયા. ત્યાં એટલું કલ્પાંત થવા લાગ્યું કે જે વાણીમાં પણ મૂકી શકાય તેમ નથી.

આ પ્રસંગે આગમના સારના જ્ઞાતા **શ્રી ભદ્રબાહુ** ગુરુ પણ ત્યાં આવ્યા. રાજા વગેરેએ તેમનું સ્વાગત કર્યું અને તેઓ સુખપૂર્વક ત્યાં બેઠા. તેમણે **વરાહમિહિરને** કહ્યું કેઃ—ભદ્ર! સંસારના સ્વરૂપને જાણતો એવો પણ તું ક્ષણભંગુર લોકમાં શા માટે ફોગટ પુત્રનો શોક કરે છે! આ વિશ્વમાં એટલા આત્માઓ સાથે આપણે સંબંધમાં આવીએ છીએ કે કયા કયા સ્વજનો માટે આપણું હૃદય શોક કરે! આ સઘળા ય જીવો એકેક જીવના પિતા, માતા પ્રમુખ સ્વજનપણા તરીકે અનંતીવાર થયા છે. આ પ્રકારના કર્ણમાં અમૃતરસનો પ્રવાહ રેડનારા અને શોકનો સમુચ્છેદ કરનારા વચનોથી ભદ્રબાહુએ જ્યારે તેને સારી રીતે સમજાવ્યો ત્યારે તેવા પ્રકારનો દુષ્ટ એવો પણ તે બ્રાહ્મણ ધર્માભિમુખ થયો. તેણે કહ્યું કે, ભગવન્! મરણને જણાવનારૂં તમારૂં વચન તેનો હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે તે સત્ય અને અસત્ય એમ બન્ને પ્રકારનું લાગે છે.

ગુરુએ પૂછ્યું, કેવી રીતે?

વરાહમિહિરે કહ્યું, સાતમે દિવસે પુત્રનું મૃત્યુ થયું તે વાત સત્ય છે પણ બિલાડીના મુખથી મૃત્યુ થશે તે વાત અસત્ય છે.

ગુરુએ કહ્યું કે તો બાલકનું મૃત્યુ શેનાથી થયું?

વરાહમિહિરે કહ્યું કે દ્વારની અર્ગલાના પ્રહારથી થયું.

ગુરુએ કહ્યું કે તો જુઓ કે તે કેવી છે?

તેણે લઇને જેટલામાં અર્ગલા જોઇ તેટલામાં બિલાડી કોતરેલું તેનું મુખ તેની નજરે પડ્યું. જેને તે બતાવો તે કહે કે આ બિલાડી છે.

પરંતુ આ બનાવથી **વરાહમિહિરના** જ્ઞાનની અસત્યતા અને **ભદ્રબાહુના** જ્ઞાનની સત્યતા પૂરવાર થઇ ગઇ. નગરજનો પણ આ વાત છડેચોક કરવા લાગ્યા કે જોયું? વરાહમિહિરનું જ્ઞાન? જ્ઞાન તો છે **ભદ્રબાહુમાં**. બંને ભાઇ છતાં કેટલું અંતર છે?

આ બધી વાતોએ અભિમાનના શિખર પર ચડેલા વરાહમિહિરના ગુસ્સાને ભભૂકાવ્યો. તેને જૈન સાધુઓ અને શ્રાવકો પર વિશેષે કરીને પ્રદ્વેષ થયો. મિથ્યાત્વનો ઉદય તો ચાલુ જ હતો. અજ્ઞાનતપ અને કષ્ટકારી અનુષ્ઠાનો તેણે શરુ કર્યાં અને પોતાનું આયુષ્ય પૂર્ણ કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યંતરદેવ નિકાયમાં તે ઉત્પન્ન થયો. ત્યાંથી તેણે પોતાનો પૂર્વ જન્મ જાણવા વિભંગ જ્ઞાનનો ઉપયોગ મૂકયો. પોતાના પૂર્વભવનું સ્વરૂપ જાણ્યું. અર્હત્ પ્રવચન ઉપર ઉત્કૃષ્ટ પ્રદ્વેષ પ્રગટ્યો અને તે વ્યન્તરાધમ વિચારવા લાગ્યો કે હું મારા પૂર્વ વૈરનો બદલો કેવી રીતે આ અર્હત્ સાધુઓ અને શ્રાવકો ઉપર લઉં!

સર્પની જેમ છિદ્રો જોવામાં તત્પર એવા તેને સુંદર અનુષ્ઠાનોમાં સતત રત અને સદા અપ્રમત્ત એવા સાધુઓનું કોઇ છિદ્ર પ્રાપ્ત થયું નહીં. આથી વિલખા થયેલા તેણે સાધુઓને પડતા મૂકી, અવિરત હોવાથી પ્રમાદવાળા તથા વિશિષ્ટ ધર્માનુષ્ઠાનોથી વિકલ એવા શ્રાવકોના છિદ્રો જોવા માંડ્યા અને છલ પામીને તે દુષ્ટ વ્યન્તર ઉપદ્રવ કરવા લાગ્યો.

વિશિષ્ટ બુદ્ધિવાળા અને જેમણે શ્રુતનો સાર મેળવ્યો છે એવા શ્રાવકોએ આ જોયું અને તેમને થયું કે 'વ્યન્તર કૃત આ ઉપદ્રવ અમારાથી ઉપશાન્ત થઈ શકે તેમ નથી. તેથી આ વિષયમાં પ્રતીકાર કરવા માટે **શ્રી ભદ્રબાહુસ્વામી** જ સમર્થ છે.' એવી સૌએ વિચારણા કરી અને બનેલા વ્યતિકરને જણાવવાપૂર્વક ગુરુ પાસે વિનંતિ મોકલી. ગુરુએ તે વિનંતિને સાંભળી પોતાના અતિશય જ્ઞાનથી આ વ્યતિકર પાછળની વિગતો જાણી મહાપ્રભાવવાળું 'ઉવસગ્ગહર" સ્તોત્ર નૂતન બનાવીને મોકલ્યું. ત્યારથી સઘળો ય સંઘ તેના પાઠથી તથા સ્મરણના પ્રભાવથી નિરુપદ્રવ તથા ધર્મપરાયણ થયો.

## [૧૦] ૩૬ 'ઉવસગ્ગહરં' સ્તોત્ર પર રચાયેલી વૃત્તિઓ અને તેની વિશેષતા.

'ઉવસગ્ગહર" સ્તોત્ર પર નાની મોટી ટીકાઓ તથા વૃત્તિઓ રચાઇ છે. જે પોત-પોતાની વિશેષતાઓથી અલંકૃત છે.

વર્તમાનકાલમાં કેટલીક ટીકાઓ પ્રાપ્ત થતી નથી. પરંતુ જે ટીકાઓ પ્રાપ્ત થાય છે તે નીચે મુજબ છે.

૧. ઉવસગ્ગહર લઘુવૃત્તિ. કર્તાઃ પૂર્ણચન્દ્રસૂરિ (મુદ્રિત)
 આ વૃત્તિનો રચનાકાલ બારમી શતાબ્દી મનાય છે.

૨. ઉવસગ્ગહર લઘુવૃત્તિ. કર્તાઃ દ્વિજપાર્શ્વદેવ ગણિ (મુદ્રિત)
 આ વૃત્તિનો રચનાકાલ પણ બારમી શતાબ્દી મનાય છે.

૩. અર્થકલ્પલતા વૃત્તિ. કર્તાઃ જિનપ્રભસૂરિ (મુદ્રિત)
 આ વૃત્તિ વિ. સં. ૧૩૬૫ માં સાકેતપુરમાં રચાઇ છે.

૪. ઉવસગ્ગહર અવચૂર્ણિ. કર્તાઃ અજિતપ્રભસૂરિ (અમુદ્રિત)

આ જિનપ્રભસૂરિકૃત અર્થકલ્પલતા ઉપરની અવચૂરિ છે. રચના સંવત્ ઉપલબ્ધ નથી. તેની હસ્તપ્રત લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. ઉવસગ્ગહર પદાર્થ. કર્તાઃ જિનસૂરમુનિ (અમુદ્રિત)
આ વૃત્તિનો રચનાકાળ સોળમી શતાબ્દી છે.
આની હસ્તપ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે.

૬. ઉવસગ્ગહર ટીકા. કર્તાઃ સિદ્ધિચન્દ્રગણિ (મુદ્રિત)
આનો રચનાકાળ સત્તરમી શતાબ્દી છે.

૭. ઉવસગ્ગહર વૃત્તિ, કર્તાઃ હર્ષકીર્તિસૂરિ (મુદ્રિત)
આનો રચનાકાળ પણ સત્તરમી શતાબ્દી છે.

૮. ઉવસગ્ગહર વૃત્તિ. કર્તાઃ સમયસુંદર વાચક (મુદ્રિત)
આનો રચનાકાળ વિ. સં. ૧૬૯૫ છે.

ઉપર્યુક્ત આઠ વૃત્તિ ઉપરાંત બૃહદ્વૃત્તિ કે જે અજ્ઞાતકર્તૃક તથા વિક્રમની બારમી સદીથી ય પહેલાંની છે તે આજે ઉપલબ્ધ નથી. પૂર્ણચન્દ્રસૂરિએ પોતાની વૃત્તિમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

તદુપરાંત એક અજ્ઞાતકર્તૃક લઘુવૃત્તિ, અજ્ઞાતકર્તૃક ટીકા તથા અજ્ઞાતકર્તૃક વૃત્તિની જૈન ગ્રંથાવલી, જિનરત્નકોષ વગેરેમાં નોંધ છે પરંતુ તે ગ્રંથો જોવા મળેલ નથી.

આ ઉપરાંત જુના ગ્રન્થાગારોમાં આ સિવાયની જે વૃત્તિઓ હોય તે જુદી. હાલ તો ઉવસગ્ગહરંનું પ્રસ્તુત વર્ણન લખવામાં જે ઉપર દર્શાવેલ આઠ ગ્રન્થો આંખ સામે રખાયા છે તેની પોતપોતાની શી વિશેષતા છે તે તપાસીએ.

## ૧. પૂર્ણચન્દ્રસૂરિકૃત લઘુવૃત્તિ

આ લઘુવૃત્તિ વિ. સં. ૧૯૭૭ માં શારદાવિજય જૈન ગ્રન્થમાલા ભાવનગરના પ્રથમ પુષ્પ તરીકે મુદ્રિત થયેલ છે. તેમાં આ વૃત્તિના કર્ત્તાનું નામ પૂર્ણચન્દ્રસૂરિ દર્શાવાયું છે. વૃત્તિકારે ક્યાંય પોતાનું નામ જણાવેલ નથી.

આ વૃત્તિ તેમાં દર્શાવેલા યન્ત્રો, મન્ત્રો તથા આમ્નાયોની દૃષ્ટિએ વિશેષતા ધરાવે છે. બૃહદ્વૃત્તિ પછીની પ્રાપ્ત રચનાઓમાં આનું સ્થાન પ્રથમ હોવાથી આમાં દર્શાવેલા યન્ત્રો વધુ વિશ્વસનીય ગણવા જોઈએ.

## ૨. દ્વિજપાર્શ્વદેવગણિ રચિત લઘુવૃત્તિ

આ વૃત્તિ વિ. સં. ૧૯૮૮ માં દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી તેના ગ્રંથાંક ૮૦ તરીકે મુદ્રિત થયેલ છે. તેમાં આ વૃત્તિને લઘુવૃત્તિ તરીકે કહેલ છે. પરંતુ ગ્રંથકારે ક્યાંય આને લઘુવૃત્તિ કહી નથી. જેથી સંપાદકે આને લઘુવૃત્તિ કેમ કહી હશે તે વિચારણીય છે.

આ વૃત્તિ તેના અર્થઘટનથી, શબ્દોની સિદ્ધિથી તથા પૂર્ણચન્દ્રગણિ કૃત લઘુવૃત્તિમાં નહીં દર્શાવાયેલા યન્ત્રો દર્શાવવા વગેરેથી વિશેષતા ધરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૩. અર્થકલ્પલતાવૃત્તિ

આ વૃત્તિ વિ. સં. ૧૩૬૫ માં સાકેતપુરમાં જિનપ્રભસૂરિએ રચી છે. જે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી તેના ગ્રંથાંક ૮૧ તરીકે 'અનેકાર્થ રત્નમંજૂષા' નામક ગ્રંથમાં વિ. સં. ૧૯૮૯ માં મુદ્રિત થયેલ છે.

આ વૃત્તિ અર્થોના વૈવિધ્ય, 'ઉવસગ્ગહરં' ની ગાથાઓનું પાર્શ્વયક્ષ, પદ્માવતી તથા ધરણેન્દ્ર પક્ષમાં અર્થઘટન તથા અર્થોની વિશદ છણાવટની દૃષ્ટિએ અતિશય મહત્ત્વ ધરાવનારી છે.

### ૪. અજિતપ્રભસૂરિકૃત ઉવસગ્ગહરં અવચૂર્ણિ

આ અવચૂર્ણિ કયી સાલમાં રચાઈ તેનો ઉલ્લેખ ગ્રંથમાં નથી. પ્રતિના અંતે માત્ર 'श्री जिनप्रभसूरिकृतवृत्तेरुपरि अवचूर्णि:' એટલો જ ઉલ્લેખ છે. પ્રતિના છેડાનો ભાગ ઘસાઈને નષ્ટ થયેલ છે તેથી ગ્રંથકર્તાનું નામ વંચાતું નથી. પણ આ પ્રતિ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજી સંગ્રહની નં. ૧૨૭૨ ની પ્રતિ તરીકે તેના સૂચિપત્રમાં જ્યાં નોંધાઈ છે ત્યાં આ અવચૂર્ણિના કર્તા તરીકે અજિતપ્રભસૂરિનું નામ નોંધાયેલ છે. એટલે લાગે છે કે પ્રતિનો પ્રાન્તભાગ નષ્ટ નહીં થયો હોય ત્યારે ત્યાં અજિતપ્રભસૂરિ નામ લખેલ હશે. અમે પણ તેથી અહીં તેના કર્તા તરીકે અજિતપ્રભસૂરિનું નામ લખેલ છે.

આ અવચૂર્ણિ ૧૫૦ અનુષ્ટુપ્ શ્લોક પ્રમાણ અને અદ્યાવધિ અમુદ્રિત છે. આ અવચૂર્ણિ જિનપ્રભસૂરિકૃત અર્થકલ્પલતાનું સંક્ષિપ્તીકરણ છે જે તેની વિશેષતા છે.

### ૫. ઉવસગ્ગહર પદાર્થ

આ પદાર્થ જિનસૂરમુનિકૃત પ્રિયંકર નૃપકથાના પ્રાન્ત ભાગ સાથે જોડી દેવાયેલ છે. લા. દ. ભા. સં. વિદ્યામંદિરની પુણ્યવિજય સંગ્રહની પ્રતિ નં. ૪૦૩૬ કે જે 'ઉપસર્ગહરસ્તોત્ર સટીક પત્ર ૧૦ થી ૨૬ (અપૂર્ણ)' નામની છે તેના પત્ર ૨૫ ની ૯ મી લીટીથી આ પદાર્થ શરૂ થાય છે ત્યાં 'अथेति स्मरणं पदार्थो लिखितानिः' થી આનો પ્રારંભ કરાયો છે જે ૨૭ મા પત્ર ઉપર પ્રાયઃ સમાપ્ત થતો હોય તેમ દેખાય છે પણ પ્રતમાં ૨૬ થી આગળના પત્ર નથી તેથી પ્રાન્તે ગ્રંથકારનું નામ જોવા મળતું નથી. પ્રિયંકરનૃપ કથાની સાથે જ આ 'પદાર્થ' જોડી દેવાયેલ છે. તેથી આના પણ કર્તા જિનસૂરમુનિ હશે તેમ લાગે છે જો તેમ હોય તો આ પદાર્થની રચના ૧૬ મી શતાબ્દિની ગણાય.

હર્ષકીર્તિસૂરિની વૃત્તિ અને આ પદાર્થનું સંપૂર્ણ વાક્યોમાં પણ લગભગ સામ્ય છે જે આશ્ચર્યજનક છે.

### ૬ સિદ્ધિચંદ્રગણિકૃત ઉવસગ્ગહરં ટીકા

આ ટીકા વિ. સં. ૧૯૮૯ માં દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી તેના ૮૧ મા ગ્રંથાંક તરીકે પ્રસિદ્ધ થયેલ અનેકાર્થરત્નમંજૂષા નામક ગ્રંથમાં પ્રકાશિત થયેલ છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

આ વ્યાખ્યામાં પાર્શ્વયક્ષ, પદ્માવતી તથા ધરણેન્દ્ર પક્ષે થતા અર્થો દર્શાવાયા નથી. પરંતુ તે અર્થો બૃહદ્‌વૃત્તિથી જાણી લેવા ભલામણ કરાઇ છે. બૃહદ્‌વૃત્તિથી તેમને જિનપ્રભસૂરિકૃત વૃત્તિ અભિપ્રેત છે ? કે જિનપ્રભસૂરિ પોતાની વૃત્તિમાં જે બૃહદ્‌વૃત્તિને નોંધે છે તે બૃહદ્‌વૃત્તિ અભિપ્રેત છે તે સમજાતું નથી. જો તેમને શ્રી જિનપ્રભસૂરિ જે બૃહદ્‌વૃત્તિને નોંધે છે તે બૃહદ્‌વૃત્તિ અભિપ્રેત હોય તો તેમાં પણ ઉવસગ્ગહરંની ગાથાઓના ધરણેન્દ્ર પાર્શ્વયક્ષ અને પદ્માવતી પક્ષે થતા અર્થો કરાયા છે તે સિદ્ધ થાય છે. અને જો આમ હોય તો જિનપ્રભસૂરિકૃત વૃત્તિમાં જે આ રીતના અર્થોની વિશેષતા દેખાય છે તે તેમની પોતાની ન માનતાં બૃહદ્‌વૃત્તિકારની માનવી પડે, ગમે તે હોય પણ આ બૃહદ્‌વૃત્તિની પ્રાચીન ગ્રંથભંડારોમાં શોધ થવી આવશ્યક છે.

આ વ્યાખ્યા પદોના સમાસોના વિગ્રહોની દૃષ્ટિએ મહત્ત્વની છે.

## ૭. હર્ષકીર્તિસૂરિકૃત ઉવસગ્ગહરં વ્યાખ્યા

આ વૃત્તિ પણ વિ. સં. ૧૯૮૯માં દે. લા. જૈ. પુ સંસ્થા તરફથી તેના ૮૧મા ગ્રંથાંક તરીકે પ્રસિદ્ધ થયેલ 'અનેકાર્થરત્નમંજૂષા' નામક ગ્રંથમાં પ્રકાશિત થએલ છે.

કયાંક કયાંક ગૂઢાર્થોનું સ્પષ્ટીકરણ એ આ ટીકાની વિશેષતા છે.

## ૮. સમયસુંદરવાચકકૃત ઉવસગ્ગહરંવૃત્તિ

આ વૃત્તિ વિ. સં. ૧૯૯૯માં જિનદત્તસૂરિ પ્રાચીન જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત તરફથી મુદ્રિત કરાયેલ 'સપ્તસ્મરણસ્તવ' નામક ગ્રંથના પૃ. ૪૬થી પૃ. ૫૧ ઉપર પ્રકાશિત કરાયેલ છે.

આ વૃત્તિ જિનપ્રભસૂરિકૃત અર્થકલ્પલતાના અનુસારે રચી હોવાનું ગ્રંથકર્તાએ પોતે જ જણાવેલ છે.

આ વૃત્તિની વિશેષતા અઢાર અક્ષરના મંત્રને અઠ્ઠાવીસ અક્ષરનો કેવી રીતે કરવો તેનું સ્પષ્ટીકરણ કરાયું છે તે છે.

તેમાં તત્ત્વ બીજોથી અગ્નિ વાયુ અને આકાશ એ ત્રણ તત્ત્વો ગણી તેના બીજો અગ્નિબીજ 'ૐકાર' વાયુબીજ 'સ્વા' અને આકાશબીજ 'હા' ગણાવાયાં છે અને પ્રારંભમાં ત્રૈલોકયબીજ, કમલાબીજ અને અર્હદ્‌બીજ મૂકવાનું કહેવાયું છે (ૐકાર મૂકવાનું કેમ સૂચવાયું નથી તે વિચારણીય છે કદાચ તે લખવો આવશ્યક નથી તેમ માની તેને લખાયો નહીં હોય,) એટલે નીચે મુજબ મંત્ર થાય છે.

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४ १५
(ॐ) ह्रीं श्रीं अर्हं न मि ऊ ण पा स वि स ह र
१६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७ २८
व स ह जि ण फु लि ग ॐ न मः स्वा हा।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કે આમાં જે 'स्वाहा' બીજ ગણાવાયું છે. તે બાકીના સાત ટીકાકારોમાંથી કોઈ જ ટીકાકારે જણાવેલ નથી.

'नमिऊण' સ્તોત્રની ચિરંતનમુનિરત્ન રચિત અવચૂરિમાં ૧૮મી ગાથાની અવચૂરિમાં જ્યાં સંપૂર્ણ 'नमिऊण' મંત્ર ગણાવાયો છે ત્યાં 'स्वाहा' બીજ મૂકાયેલ છે અને કહેવાયું છે કે 'ॐ ह्रीँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ रोग जल जलण विसहर चोरारिमइंदगयरणभयाइं पसमंति सव्वाइं मम स्वाहा। આ મહામંત્ર આ સ્તવમાં છૂટા છૂટા અક્ષરો કરીને કવિએ સ્થાપન કરેલો છે.' ઉપરાંત ભયહરસ્તોત્રના વિવરણમાં મૂલ મન્ત્ર તરીકે ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ श्रीँ नमः स्वाहा* દર્શાવાયો છે જ્યારે ચિંતામણિ સંપ્રદાયમાં 'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ नमः एष मूलमन्त्रः' એ રીતે દર્શાવાયો છે. અહીં સ્વાહા પલ્લવ મૂકાયેલ નથી તેમજ પાછળ अर्हँ બીજ પણ મૂકાયું નથી.

આ બધું જોતાં જિનપ્રભસૂરિકૃત ટીકાઓ વગેરેમાં દર્શાવાયેલ ૨૮ અક્ષરના મંત્રને કેટલું મહત્વ આપવું તે વિચારણીય છે.

આ રીતે આઠેય ટીકાઓ પોતપોતાની આગવી વિશેષતા ધરાવે છે.

## [૧૦] ૩૭. 'ઉવસગ્ગહર' સ્તોત્રના પ્રભાવને દર્શાવતું કથાનક

'ઉવસગ્ગહરં' સ્તોત્રના પ્રભાવથી અપૂર્વ ઇહલૌકિક તથા પારલૌકિક સુખ સંપદાઓ જેને પ્રાપ્ત થઈ હોય તેવી વ્યક્તિઓમાં શ્રી પ્રિયંકર રાજવીનું નામ મોખરે છે. તેમનું જીવનચરિત્ર જૈન સાહિત્યમાં નીચે મુજબ નોંધાયેલ છે.

મગધ દેશ. તેમાં અશોકપુર નામનું નગર. ઘણા શ્રીમંતોથી તે ભરપૂર હતું તથા દેશવિદેશથી આવતી અનેક વસ્તુઓ ત્યાં ઠલવાતી. અશોકચન્દ્ર નામનો પ્રતાપી અને નીતિસંપન્ન રાજા ત્યાં રાજ્ય કરે. તેને અશોકમાલા નામની પટરાણી અને અરિશૂર, રણશૂર તથા દાનશૂર નામના ત્રણ પુત્રો. એક વખતે અરિશૂરના વિવાહનો મહોત્સવ શરૂ થયો. રાજાએ સૂત્રધારોને નવો મહેલ બાંધવા બોલાવ્યા. ચિત્રકારોને તથા સ્વર્ણકારોને પણ બોલાવ્યા. આ અવસરે પાટલીપુત્ર નગરથી કેટલાક સ્વર્ણકારો ત્યાં આવ્યા કે જેમને દેવતાદ્વારા વરદાન પ્રાપ્ત થયેલ હતું. રાજાએ તેમને તેમની કુશળતાનું સ્વરૂપ પૂછતાં તેમણે જણાવ્યું કે દેવતાના વરદાનના યોગે અમે ઘડેલા આભૂષણને જે પહેરે તે જો રાજ્યને માટે યોગ્ય હોય તો તેને રાજ્ય મળે, જો રાજ્ય માટે યોગ્ય ન હોય તો તેનું

---

* मूलमन्त्रेण-ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ श्रीँ नमः स्वाहा। एवं लक्षणेन पूजित...... भयहरस्तोत्र विवरण ગાથા ૧૮+

+ જૈ. સ્તો. સં. ભા. ૨જાના પૃ. ૨૭ ઉપર આ મંત્ર છપાયેલ છે. પણ તેમાં अर्हं બીજ નથી. કદાચ તે પ્રેસદોષ હશે તેમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહત્ત્વ વધે, જો તે પહેરનારો રાજા હોય તો તે રાજાઓનો અધિરાજ બને. તેમના આ વચનથી ખુશ થયેલા રાજાએ તેમને અપૂર્વ હાર બનાવવાનો આદેશ આપ્યો. સોનું, મોતી, હીરા, રત્ન વગેરે જે જે જોઇએ તે ભંડારી પાસેથી લેવા જણાવ્યું અને પોતાના વિશ્વાસુ માણસોને સોનીની પાસે ગોઠવ્યા. ૬ માસ વીતી જવા આવ્યા અને હાર ઘડાઈ ગયો. રાજાને વધામણી અપાઇ કે હાર તયાર થઈ ગયો છે. પ્રભાતકાલે હારને રાજ–સભામાં મંગાવવામાં આવ્યો. રાજાએ તે હાર જોયો અને તે પ્રસન્ન થયો. જેમણે જેમણે તે હાર જોયો તે સૌ પ્રસન્ન થયા અને વિસ્મિત પણ થયા. હારનું 'દેવવલ્લભ' એવું નામ રખાયું. સ્વર્ણકારોને મોટી બક્ષીસો આપી રજા અપાઈ હારને પહેરવા માટેનું મંગલ મુહૂર્ત જ્યોતિષીઓને પૂછવામાં આવ્યું અને તેમણે દર્શાવેલા શુભ મુહૂર્તે રાજાએ હાર પહેરવાનો પ્રારંભ કર્યો. ત્યાં નૈઋત્ય ખૂણામાં કોઇને છીંક આવી. રાજાએ તેને અપશુકન માની હારને તે વખતે ભંડારમાં મૂકાવી દીધો. ફરી બીજા શુભ મુહૂર્તે હારને પહેરવા માટે ભંડારમાંથી મંગાવ્યો ત્યારે ભંડારીએ આવીને રાજાને કહ્યું કે ભંડારમા હાર દેખાતો નથી. કોઇએ તે લીધો છે.

રાજાએ કહ્યું:–તારા સિવાય મરવાની ઇચ્છાવાળો બીજો કોણ ત્યાં આવે ?

ભંડારીએ કહ્યું–જો હું તે જાણતો પણ હોઉં તો તમે કહો તે દિવ્ય કરૂં.

મંત્રીએ રાજાને વિનંતિ કરી કે મહારાજા ! નગરમાં દાંડી પીટાવો. મંત્રીના કહેવાથી રાજાએ નગરમાં દાંડી પીટાવી કે 'દેવવલ્લભ હારના જે કોઈ સમાચાર આપશે તેને ખુશ થયેલો રાજા પાંચ ગામ ઇનામમાં આપશે. પૂરા સાત દિવસ પર્યંત રાજ–સેવકોએ ડાંડી પીટી પરંતુ કંઈ જ પરિણામ ન આવ્યું. રાજાએ જ્યોતિષીઓને બોલાવીને પૂછયું. તેમણે કહ્યું કે રાજન્, હાર જશે નહિં. પરંતુ ભૂમિદેવ નામના એક જ્યોતિષીએ કહ્યું કે લક્ષ મૂલ્યવાળો તે હાર જેની પાસેથી મળશે તે તારી પાટે રાજા થશે. આ વાતમાં સંશય નથી. પરંતુ આ હકીકત ઘણા વર્ષો બાદ બનશે અને મારી કહેલી આ વાતની પ્રતીતિ એ છે કે આજથી ત્રીજે દિવસે તમારો હાથી મરી જશે. રાજા આ સાંભળી મૂર્છિત જેવો થઈ ગયો.

બરાબર ત્રીજે દિવસે હસ્તી મૃત્યુ પામ્યો. જ્યોતિષીનું કહેવું સાચું પડયું.

રાજાએ મંત્રીને કહ્યું–હાર ચોરનારને જ્યોતિષીએ રાજ્ય મળવાનું કહ્યું છે તે અસંભાવનીય છે તેને તો હું શૂળી ઉપર જ રાજ્ય આપીશ. રાજ્ય તો મારા પુત્રો જ કરશે.

આ તરફ તે જ નગરમાં પાસદત્ત નામનો શ્રાવક હતો, જે પૂર્વે શ્રીમંત હતો પરંતુ પાછળથી કર્મસંયોગે નિર્ધન થઈ ગયો. તેથી નગરનો ત્યાગ કરી પાસેના 'શ્રીવાસ' નામના ગામમાં વસવા લાગ્યો. ત્યાં તેને પુત્ર થયો, જેટલામાં તે એક વર્ષનો થયો તેટલામાં બાળરોગથી મૃત્યુ પામ્યો. તેની માતાને અપાર દુઃખ થયું. તેથી પાસદત્તની પત્નીએ પોતાના પતિને કહ્યું કે આ ગામમાં આવવાથી આપણને તેવી ધનપ્રાપ્તિ પણ

ન થઇ અને વધારામાં પુત્ર મૃત્યુ પામ્યો. માટે આ ગામમાં આપણે વસવું નથી. અહીં હંમેશાં મને પુત્રનો વિયોગ યાદ આવે છે માટે આપણે પાછા અશોકપુર નગરમાં જઇએ તો સારૂં.

સ્ત્રીના અતિ આગ્રહને વશ થઇ પાસદત્તે નગરમાં જવાનું કબૂલ કર્યું. શુભ મુહૂર્તે નગરમાં જવા માટે પ્રયાણ કરે છે તેટલામાં ઘરના દ્વાર પાસે જ પગમાં કાંટો વાગ્યો. આ અપશુકન થાય છે તેમ સમજી પાસદત્ત નગરમાં ન જતાં ત્યાં જ રોકાઇ ગયો.

વળી કેટલાક દિવસો વીતી ગયા. એક રાત્રિએ પાસદત્તની પત્ની પ્રિયશ્રીએ સ્વપ્ન જોયું કે તે ભૂમિ ખોદી રહી છે અને તેમાંથી એક મોટું, તેજથી ઝળહળતું, વીંધાયા વિનાનું મોતી પોતાને મળે છે. સવાર થતાં જ પોતાના પતિને આ સ્વપ્નની વિગત જણાવી. તેણે પણ વિચારીને કહ્યું કે આપણને પુત્ર થશે જે મહત્ત્વથી પરિપૂર્ણ થશે. મોતી વીંધાયા વિનાનું હતું માટે આ બાલક પણ પૂર્ણ આયુષ્યવાળો થશે. આ સાંભળી પ્રિયશ્રી ખુશ થઇ. શુભ વેળાએ પુત્રનો જન્મ થયો. તેનો પોતાના વિભવને અનુસારે જન્મોત્સવ કરવામાં આવ્યો. કેટલાક દિવસો વીત્યા બાદ પાસદત્ત પોતાના પુત્રની સાથે શુભ મુહૂર્તે અશોકપુર નગરમાં જવા નીકળ્યો. માર્ગમાં શુભ શુકન થયા. મનમાં અત્યંત પ્રમુદિત થઈ પાસદત્તે પ્રયાણ શરૂ કર્યું અને અશોકપુર નગરની બહાર પહોંચ્યો ત્યાં આમ્રવૃક્ષની નીચે દેવપૂજા કરી વિશ્રાન્તિ લે છે ત્યાં આકાશવાણી થઈ કે–'આ બાલક, પોતાના પુણ્યબળે આજથી પંદર વર્ષ બાદ આ નગરનો રાજા થશે.' આ જાતની આકાશવાણી સાંભળી બાલકના માતાપિતા બોલ્યા કે આ બાલકને રાજ્ય મળે તેનું અમારે કામ નથી અમારે તો આ બાલક જીવે તેનું કામ છે. કારણ કે એક બાળક પ્રથમ મૃત્યુ પામ્યો હવે આ બીજાની આશા છે પરંતુ તે તો ભાગ્યને આધીન છે. તેટલામાં બીજી વાર આકાશવાણી થઇ કે ' આ બાળક ચિરકાળ જીવશે. ક્રોડો રૂપિઆ મળશે. રાજપુત્રો પણ હાથ જોડીને તેની સેવા કરશે.' આ સાંભળી માતાપિતા ખુશ થયા. આ કોણ બોલે છે તે જાણવા ઉંચે જોયું પણ તેમણે કોઇ દેવ કે મનુષ્યને જોયો નહીં તેથી પૂછયું કે આ બોલનાર કોણ દેવ છે ? તેમનું નામ શું છે ? અને શા કારણથી અમારા પર તેમનું વાત્સલ્ય છે ? ત્યારે ઊપર રહેલો દેવ બોલ્યો–હું તમારો પુત્ર છું કે જે મૃત્યુ પામ્યો હતો. તમે સંભળાવેલા નમસ્કાર મહામંત્રના શ્રવણથી હું ધરણેન્દ્રના પરિવારમાં દેવ થયો છું અને અહીં રહું છું. માતા પિતા અને ભાઇના સ્નેહથી જ્યાં સુધી આને રાજ્ય નહિ મળે ત્યાં સુધી હું સાંનિધ્ય કરીશ. આ મારો ભાઇ ભાગ્યશાળી છે તેથી તમારે કશી જ ચિન્તા ન કરવી. પરંતુ આ બાળકનું નામ મારા નામ પરથી રાખજો.

પિતાએ પૂછયું–આપનું નામ શું ?

દેવે કહ્યું–પ્રિયંકર.

માતાપિતાએ પુત્રનું નામ ' પ્રિયંકર ' રાખ્યું.

દેવે કહ્યું–કયારે પણ કંઇ સંકટ આવી લાગે ત્યારે અહીં આવીને મારા આ સ્થાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગ ધરાવજો જેથી તમારી આશા હું પૂરીશ. પાસદત્તે તે વાત સ્વીકારી. દેવને પ્રણામ કર્યા અને શુભ શુકને નગરમાં પ્રવેશ કર્યો અને ત્યાં ઘર ભાડે લઇ સુખપૂર્વક ધર્મકર્મ કરે છે. પ્રિયકંર પણ દિનપ્રતિદિન વધવા લાગ્યો.

આ તરફ પ્રિયશ્રીના પિતાને ત્યાં તેના ભાઇનો વિવાહ મહોત્સવ હતો તેથી તેને બોલાવવા તેનો ભાઇ આવવાથી તે આનંદપૂર્વક પોતાના પિયર ગઇ. બીજી પણ તેની બહેનો પોતાની શ્રીમંતાઈના પૂરેપૂરા ઠઠમાઠ સાથે સાક્ષાત્ દેવાંગનાઓ જેવી શોભતી ત્યાં આવી. પ્રિયશ્રી એક નિર્ધનની પત્ની હતી. તેના વસ્ત્રો જીર્ણ પ્રાય હતા. આભૂષણો જે હતા તે પિત્તળના હતા. આ સ્થિતિમાં તેના પિતાને ઘેર પણ તે અપમાનિત જેવી દશા ભોગવવા લાગી. કોઇએ તેનો આદર સત્કાર કે સન્માન કર્યું નહિ. એટલું જ નહિ પણ તેની બહેનોએ તેની મશ્કરી કરી. વિવાહમાં આવેલા લોકો પણ બોલ્યા કે જુઓ બહેનો બધી સમાન છે છતાંય પુણ્ય-પાપનું અંતર કેવું છે? આ બિચારી રાંધવા વગેરેનું કામ કરે છે અને આ બીજી બહેનો રાણીની માફક હુકમો છોડે છે.

બહેનોએ કરેલી મશ્કરીથી પ્રિયશ્રી મનમાં દુઃખી થઇ અને વિચારે છે કે લોકો ખરેખર! મનુષ્યોના કુલ કે ગુણોને નથી જોતા પણ ધનને જ જુએ છે. વિવાહ ઉત્સવ સમાપ્ત થતાં પ્રિયશ્રીની સર્વ બહેનોનું તેમના ભાઇઓ દ્વારા સુંદર વસ્ત્રાલંકારોથી સન્માન કરાયું જ્યારે નિર્ધન એવી પ્રિયશ્રીનું એક જાડી સાડી આપવા દ્વારા સન્માન કરાયું. આ પ્રસંગથી પ્રિયશ્રીને પુષ્કળ દુઃખ અને આર્તધ્યાન થયું, તેનું મુખ શ્યામ થઇ ગયું, આંસુઓથી પોતાના ગાલોને ધોતી તે પોતાને ઘેર આવી.

પતિએ તેની આવી સ્થિતિ જોઇ દુઃખનું કારણ પૂછ્યું અને અતિ આગ્રહપૂર્વક પૂછવાથી તેણે તે કહ્યું. પતિએ તેને મીઠા અને બોધદાયક વચનોથી આશ્વાસન આપ્યું. પરંતુ પ્રિયશ્રીને થયું કે મેં ગતભવમાં પુન્ય કર્યું નથી તેનું જ આ ફળ છે તો હવે આ જન્મમાં શકય તેટલું પુણ્ય કરું અને તેથી પ્રતિદિન તે નમસ્કાર મંત્ર, ઉપસર્ગહર સ્તવનું ગુણન, દેવવંદન, કાયોત્સર્ગ તથા પ્રતિક્રમણ આદિ પુણ્ય કર્મો કરવા લાગી. પાસદત્ત પણ પુણ્ય કર્મો કરવા લાગ્યો.

આ શુભ કૃત્યોથી પાસદત્તના પૂર્વકૃત પુન્યોનો ઉદય થયો. એક વખતે પ્રિયશ્રી ઘર લીંપવા માટે નગરની બહાર માટી લેવા માટે ગઇ. જેટલામાં માટી ખોદે છે તેટલામાં પાસદત્તના પુન્યને પ્રકાશિત કરતું હોય તેવું નિધાન તેણે જોયું. તરત જ તેને માટીથી ઢાંકીને પ્રિયશ્રી ઘેર આવી અને પતિને આ વાત જણાવી. પાસદત્તે ત્યાં જઇ તે નિધાન જોયું અને તે વિગત રાજાને જણાવી. રાજાએ પોતાના સેવકોને પાસદત્તની સાથે મોકલ્યા. તેઓએ તે નિધાન કઢાવ્યું અને રાજાની સમક્ષ મૂકયું. રાજાએ મન્ત્રી, પુરોહિત વગેરેને પૂછ્યું કે આ નિધાન અંગે શું કરવું જોઇએ. તેમણે કહ્યું-નિધાન એ રાજાની માલિકીનું ગણાય. પરંતુ પાસદત્તે આપણને વાત કરી છે માટે આનો અલ્પમાત્રઅંશ એને આપો. જેટલામાં રાજા તે ધન લેવા માટે પોતાનો હાથ લંબાવે છે તેટલામાં અદશ્ય રીતે મનુષ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણીથી કોઈ બોલ્યું કે રાજાને છળું ! રાજપુત્રને ખાઉં ! કુબુદ્ધિ આપનાર મંત્રીને પકડું કે પુરોહિતને પકડું ! આ વાણી સાંભળી સૌ ભયભીત બની ગયા. અને ખાત્રી થઇ કે આ નિધાન ભૂતથી અધિષ્ઠિત છે માટે આ બધુંય પાસદત્તને જ આપી દેવું જોઇએ.

રાજાએ પાસદત્તને પૂછયું–જ્યારે તેં નિધાન જોયું ત્યારે ત્યાં કોઇ ન હતું ? કોઇએ પણ તે જોયું ન હતું ? આ નિધાનની વાત કોઇ જાણે છે ?

પાસદત્તે કહ્યું–સ્વામી ! એક તો હું જાણું છું, બીજી મારી પત્ની જાણે છે, ત્રીજું કોઇ પણ ત્યાં ન હતું.

રાજાએ કહ્યું–તો પછી તેં આ વાત મારી આગળ કેમ કહી ?

પાસદત્તે કહ્યું–સ્વામી ! પારકાનું ધન ન લેવાની મેં પ્રતિજ્ઞા કરી છે. આ જમીન બધી આપની છે અને તેથી તેમાં રહેલું નિધાન પણ આપનું જ ગણાય તેથી મેં તે ન લીધું.

પાસદત્તના આ કથનથી સંતુષ્ટ થયેલા રાજાએ તે નિધાન તેને સોંપી દીધું અને કહ્યું કે તારા પુણ્યથી આ નિધાન પ્રકટ થયું છે તે તારું જ થાઓ. પાસદત્ત વિચારે છે કે મારા નિયમનું ફળ મને આ લોકમાં જ પ્રાપ્ત થયું. નિધાન લઇને પાસદત્ત ઘેર આવ્યો અને પોતાની પત્નીને ધર્મ આ લોકમાં પણ શું ફળ આપે છે તે સમજાવ્યું.

પાસદત્ત હવે પાસદત્ત શેઠ બન્યો અને પ્રાપ્ત થયેલા આ ધનથી વેપાર શરૂ કર્યો. નવાં મકાન બંધાવ્યાં, નવી દુકાનો કરી, વેપાર વધારવા લાગ્યો અને પાંચ જણમાં તે પૂછાવા લાગ્યો.

આ તરફ તેનો પુત્ર પ્રિયંકર પણ ભણાવવા લાયક થયો. તેને લેખશાળમાં મૂકવાનો મહોત્સવ કરવામાં આવ્યો અને તે નિમિત્તે સ્વજનોને ભોજન માટે નિમંત્રવામાં આવ્યા. પ્રિયશ્રીએ આ અવસરે પતિને કહ્યું કે મારા ભાઈના વિવાહ સમયે મારી બહેનોએ મારી મશ્કરી કરી હતી, અપમાન કર્યું હતું તે બધી બહેનોને નિમંત્રણ કરી આપણે ઘેર જમાડી તેમનું વસ્ત્રાદિથી સન્માન કરીયે તો સારૂં. આ તેમને બોલાવવાનો અને તેમને આપણા પુન્યનું ફળ બતાવવાનો અવસર છે.

શેઠે કહ્યું–પ્રિયે ! તેમણે જેવું કર્યું તેવું આપણે કરવું જોઇએ.

પ્રિયશ્રીએ કહ્યું–ઉત્તમ પુરુષો અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરે છે અને તે જ તેમને માટે યોગ્ય છે.

શેઠે સ્ત્રીના કથનથી તેની બહેનોને નિમંત્રવા માટે પોતાના મનુષ્યોને મોકલ્યા. તેમણે આગ્રહપૂર્વક શેઠને ત્યાં પધારવાનું તેમને જણાવ્યું. જવાબમાં તેમને શેઠની સાળીઓએ કહ્યુ કે દરિદ્રોને ઘેર ભોજન કરવા જતાં લોકો પણ હાંસી કરે છે ઉલટું તેમને ઘેર જવામાં અમારો ધનવ્યય થાય છે એમ કહી તે હસવા લાગી અને નિમંત્રણનો અસ્વીકાર કર્યો. શેઠે મોકલેલા મનુષ્યો પાછા આવ્યા. પત્નીના કહેવાથી શેઠ પોતે નિમંત્રણ

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

કરવા ગયા. શેઠના વસ્ત્રાભૂષણો જોઇ તેમને આશ્ચર્ય થયું અને તેમનું સન્માન કર્યું. શેઠ પણ સર્વ સ્વજનોને બહુમાનપૂર્વક આવવાનું કહી પાછા આવ્યા.

યોગ્ય સમયે સર્વ સ્વજન વર્ગ આવી લાગ્યો. સર્વને યોગ્ય ઉતારા અપાયા. તેમના ગાય, ઘોડા વગેરે વાહનો તથા વાહનચાલકોની પણ યોગ્ય સરભરા કરાઇ. પોતાની બહેનોની ઉચિત પ્રતિપત્તિ કરતી પ્રિયશ્રી કહેવા લાગી કે તમને આ અમારા સામાન્ય ઘરમાં નહીં ફાવે પણ મોટું મન રાખી અગવડ સહન કરી લેજો. પ્રિયશ્રીની બહેનો પણ તેનું ઘર, ઘરનો આડંબર, વસ્ત્રો, આભૂષણો વગેરે જોઇ મનમાં વિસ્મિત થઇ ગઈ. ભોજનના અવસરે શેઠે તેમને યોગ્ય આસન પર બેસાડી થાળી, વાટકા મૂકાવ્યાં અને ભોજન કરાવ્યું. જેમાં પ્રથમ સાકરનાં પાણી પીરસ્યાં. પછી જાતજાતનાં ફળો તથા મેવા મૂકયા પછી ખાજાં, સુંવાળી, તલસાંકળી, મરકી, જાતજાતના લાડુ, લાપસી વગેરે પકવાન્ન પીરસ્યા. પીળી કેશર જેવી મગની દાળ, સાક્ષાત્ અમૃત જેવું ઘી, તળેલા પાપડ, ભાત ભાતનાં રાયતાં તથા વિવિધ જાતનાં શાક હતાં, જેમાં કેટલાક દુર્જનના હૃદય જેવા તીખાં હતાં, કેટલાક પડોશણની જીભ જેવા કડવાં હતા, કેટલાંક ગુરુના વચન જેવાં તુરા હતાં, તો કેટલાક માના હેત જેવા મધુર હતાં. તે પછી સફેદ દૂધ જેવા અણિયાળા ભાત તથા કઢી પીરસ્યાં. આ રીતે વિવિધ વાનીઓથી આગ્રહપૂર્વક તેમને જમાડયા. બાદ કપૂર, લવિંગ, એલચી અને કેશર મિશ્રિત પાનનાં બીડાં આપવામાં આવ્યા.

આ બધું જોઇ સ્વજનો ચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે ખરેખર ! આની પત્ની પુન્યવાન છે. એને નિધાન મલ્યું જે રાજાએ પાછું એને જ આપ્યું. ખરેખર ! શેઠને પુન્ય ફળ્યું છે. આ રીતે જેઓ પાસદત્તની પ્રથમ અવહેલના કરતા હતા તેઓ જ તેની પ્રશંસા કરવા લાગ્યા.

પાસદત્તે સર્વ સ્વજનોને સુંદર વસ્ત્રોની પહેરામણી કરી. પ્રિયશ્રીએ પણ પોતાની બહેનોને પટોળાં આપ્યાં. પ્રિયંકરને વાજતે ગાજતે ઉપાધ્યાય પાસે ભણવા મૂકવામાં આવ્યો. પ્રિયશ્રીએ પોતાની બહેનોને આગ્રહ, આદર અને સ્નેહપૂર્વક કેટલાક દિવસો રોકી. બધી જ બહેનો પોતે પૂર્વે કરેલા વર્તન બદલ લજ્જિત થઇ અને વિચારવા લાગી કે આ પણ સ્ત્રી છે અને આપણે પણ સ્ત્રી છીએ. છતાં આપણામાં ને તેનામાં કેટલું અંતર છે ! તે બધી બહેનોએ પ્રિયશ્રીની ક્ષમા માગી. પ્રિયશ્રીએ કહ્યું–તમારો કશો દોષ નથી. મેં પોતે પૂર્વ જન્મમાં બાંધેલા અશુભ કર્મનું જ તે ફલ હતું.

આ તરફ શેઠે સર્વ સ્વજનોને વિદાય આપી. પ્રિયંકર પણ ઉદ્યમપૂર્વક અધ્યયન કરવા લાગ્યો. ઉપાધ્યાય પણ તેના વિનય ગુણથી રંજિત થઇને પ્રેમથી વિદ્યાદાન કરવા લાગ્યા. પરિણામે થોડા જ દિવસોમાં તે સર્વ વિદ્યાઓમાં કુશલતાને પામ્યો. ત્યારબાદ ગુરુ પાસે તે ધર્મશાસ્ત્રો ભણવા લાગ્યો. ગુરુએ પણ તેને યોગ્ય જાણી સમ્યક્ત્વ, રત્નત્રયી, નવતત્ત્વ, બારવ્રતો વગેરેનું જ્ઞાન આપ્યું અને મહાશ્રાવક બનાવ્યો અને હિતશિક્ષા આપી કે "મહાનુભાવ ! બાલ્યાવસ્થાથી ધર્મ કરવો જોઇએ. કારણ કે, જે દિવસો જાય છે તે પાછા આવવાના નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રિયંકર પણ પ્રતિદિન સામાયિક, જિનપૂજા, પ્રત્યાખ્યાન, દયા, દાન વગેરે પુણ્ય કર્મો કરે છે. ગુરુએ પણ તેની ધર્મ પ્રતિ શ્રદ્ધા જોઈને ઉવસગ્ગહરં સ્તવના આમ્નાય બતાવ્યા અને કહ્યું કે ઉવસગ્ગહરં સ્તવ તારે પવિત્ર થઇ એકાંત સ્થળે પૂર્વાભિમુખ બેસી પ્રતિદિન ગણવું. આ સ્તોત્રમાં શ્રુતકેવલી **શ્રી ભદ્રબાહુ સ્વામીએ** અનેક મહામન્ત્રો ગુપ્ત રીતે મૂકેલા છે જેના યોગે ધરણેન્દ્ર, પદ્માવતી તથા વૈરોટ્યા દેવી આ સ્તવ ગણનારને સાંનિધ્ય કરે છે. સ્તવનો અખંડ ૧૨૦૦૦ જાપ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. આ સ્તવના સ્મરણથી દુષ્ટ ગ્રહો, ભૂતો, પ્રેતો, શાકિની, ડાકિની, મારિ ઇતિ, રોગ, પાણી તથા અગ્નિના ઉપદ્રવો, વિષધરો ઝેરો, ચોર, રાજા તથા યુદ્ધ વગેરેના ભયો દૂર થાય છે. અને સુખોની પરંપરા, સમૃદ્ધિનો સંયોગ તથા અપત્ય જીવન આદિ પ્રાપ્ત થાય છે. પ્રિયંકર ! તારે હમેશાં ઉવસગ્ગહરં સ્તોત્ર ગણવું અને જ્યારે કંઇપણ સંકટ આવે ત્યારે વિશેષ પ્રકારે પ્રથમ ગાથા ગણવી.” આ સાંભળી પ્રિયંકરે ગુરુ પાસે પ્રતિદિન ઉવસગ્ગહરં સ્તોત્ર ગણવાનો નિયમ અંગીકાર કર્યો. અને તે પ્રતિદિન તેને ગણવા લાગ્યો. કોઇ વખત ગણવાનું રહી જાય તો તે છ વિગઇઓનો ત્યાગ કરતો હતો. આ રીતે નિત્ય સ્મરણ કરવાથી આ સ્તોત્ર તેને સિદ્ધ મન્ત્ર જેવું થઈ ગયું. તેથી તે જે જે કાર્ય કરે તે સફલ થવા લાગ્યું.

પ્રિયંકરે એક વાર પોતાના પિતાને કહ્યું કે પિતાજી ! હવે તમે વ્યાપાર છોડીને કેવળ ધર્મ જ કરો. કારણ કે જે જે રાત્રિઓ ચાલી જાય છે તે પાછી આવતી નથી માટે તેને ધર્મ કરવા દ્વારા સફલ કરી લેવી જોઇએ. હું ઘરનો ભાર ઉપાડી લઈશ અને વ્યાપાર પણ કરીશ.

પાસદત્ત શેઠે આ વાત સ્વીકારી. ઘર તથા વ્યાપારનો સઘળો ભાર પ્રિયંકરને સોંપ્યો અને પોતે વિશેષ પ્રકારે ધર્મારાધન તરફ લક્ષ્ય રાખવા લાગ્યા.

એક વખતે પિતાએ પ્રિયંકરને પાસેના શ્રીવાસ ગામમાં ઉઘરાણી માટે મોકલ્યો. પ્રિયંકર ઉઘરાણી લઇને સાંજના પાછો ફરતો હતો તે વખતે ભીલ લોકોએ તેને પકડયો અને બાંધીને પોતાની પલ્લિમાં લઈ જઇ પોતાના માલિક પાસે તેને રજૂ કર્યો. તેણે તેને કેદખાનામાં નાખ્યો. આ બાજુ પ્રિયંકરના માતાપિતા સાંજ પડવા આવી છતાં પ્રિયંકર ન આવી પહોંચતાં પુત્રના ગુણોને યાદ કરી કરીને વિલાપ કરવા લાગ્યા. તેટલામાં કોઇએ આવીને તેમને કહ્યું કે તમારા પુત્રને બાંધીને ભીલ લોકો પોતાની પલ્લિમાં લઈ ગયા છે. આ સાંભળીને પ્રિયંકરના માતાપિતા ખૂબ દુઃખી થયા અને નમસ્કાર મહામંત્ર તથા ઉવસગ્ગહરં સ્તોત્રનું ગુણન આદિ પુણ્યકર્મમાં વિશેષ પ્રકારે ઉદ્યુક્ત થયા.

આ સમયે પાસદત્તને દેવતાએ કહેલું વચન યાદ આવ્યું અને તેથી અગર, કપૂર, કસ્તૂરી વગેરે ભોગ સામગ્રી લઇને ઉદ્યાનમાં દેવાધિષ્ઠિત આમ્રવૃક્ષ પાસે જઇ તે ભોગ સામગ્રી ત્યાં ધરીને દેવને ઉદ્દેશીને તેણે કહ્યું કે હે દેવ ! તમે મારા પુત્રને રાજ્ય મળવાનું કહ્યું હતું પણ તેને બદલે ઊલટું તેનો પોતાનો જ વિનાશ થવા વારો આવ્યો. દેવતાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્ય બોલનારા હોતા નથી અને કષ્ટમાં તમે જ અમારૂં શરણ છો માટે પ્રિયંકરનું શું થયું તે કહો.

દેવે આ સાંભળીને કહ્યું:-"શેઠ! ચિન્તા ન કરશો. દેવો પ્રિયંકરના દાસ થયેલા છે. આજથી પાંચમે દિવસે પ્રિયંકર કન્યા પરણીને અહીં આવશે."

આ દેવવાણી સાંભળીને ખુશ થયેલા શેઠ ઘેર આવ્યા અને પત્નીને આ વાત જણાવી જેથી તે પણ ખૂશ થઇ.

આ તરફ પ્રિયંકરને પલ્લીપતિએ બોલાવીને પૂછયું-તું શ્રાવક છે?

પ્રિયંકરે કહ્યું:—અશોક નગરમાં વસનારો નિર્ધન વાણીયો છું. પાસેના ગામમાં પોટલું ફેરવીને નિર્વાહ કરું છું. મારા પિતા વૃદ્ધ છે. મારી માતાને હું એકનો એક જ પુત્ર છું. શા કારણથી તમારા માણસો મને બાંધીને અહીં લાવ્યા તેની મને ખબર નથી.

પલ્લીપતિએ કહ્યું:-અશોક નગરનો રાજા અશોકચન્દ્ર અમારો દુશ્મન છે તેથી તે નગરમાં વસનારા બધા જ અમારા દુશ્મન છે. બીજું અમારા માણસોએ બીજે ગામ જતાં મંત્રીપુત્રને જોયેલો અને તેથી તેને પકડીને બાંધવાનો હતો તે ન મલ્યો તેને ઠેકાણે તને બાંધ્યો.

પ્રિયંકરે કહ્યું-સ્વામી! મને ગરીબને બાંધવાથી શું! મને તો કોઈ ઓળખતું ય નથી. આ તો રોગ કોઇને થાય અને દવા કોઇને આપવી એના જેવું છે. દુઃખે આંખ અને બાંધવા કાનને? તમારે વેર રાજા સાથે અને મને અપરાધ નગરના વાણિયાને બાંધ્યો? પ્રિયંકરની વચનની ચતુરાઇથી પલ્લીપતિ વિસ્મિત થઇને બોલ્યો-કુમાર! હું તને એક શરતે છોડું જો તું મારું કહ્યું કરે તો.

પ્રિયંકરે કહ્યું-કયી શરત!

પલ્લીપતિએ કહ્યું-સાત દિવસ મારા માણસોને તું તારા ઘરમાં સંતાઇને રહેવા દે. તે અરસામાં તેઓ રાજપુત્ર કે મન્ત્રિપુત્રને બાંધીને અહીં લાવશે. જેથી હું મારું વેર વાળીશ.

પ્રિયંકરે કહ્યું:-આ અકર્તવ્ય હું કદી જ નહિં કરું. માણસે પ્રાણ કંઠે આવી જાય તો પણ જે અકર્તવ્ય હોય તે ન કરવું જોઇએ. બીજું દેશ, ગામ અને રાજા વગેરેનું જે વિરુદ્ધ કરે છે તેઓ આ જન્મમાં જ બન્ધન, કલેશ અને મરણને પ્રાપ્ત કરે છે.

આ સાંભળી પલ્લીપતિ ક્રોધાયમાન થયો અને પોતાના સેવકોને કહ્યું કે આને બેડીમાં નાંખી દો. સેવકોએ તરત તેને બેડીમાં નાખ્યો.

પ્રિયંકર વિચાર કરે છે કે મારા ગુરુએ મને કહ્યું છે કે 'વિષમ સંકટ આવી પડે ત્યારે વિશેષ પ્રકારે ઉવસગ્ગહર સ્તોત્ર ગણવું' આમ વિચારી તેણે એકાગ્ર ચિત્તે ઉવસ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્ગહરં સ્તોત્ર ૧૨૦૦૦ વખત ગણ્યું. આ તરફ પલ્લીપતિને વિચાર આવ્યો કે આ ગરીબ વાણિયાને પકડી રાખવાથી ય શો ફાયદો થવાનો છે ?

એટલામાં તેની સભામાં એક જ્ઞાની, વિદ્યાસિદ્ધ આવી પહોંચ્યો. આશીર્વાદ આપી તે સભામાં બેઠો.

પરસ્પર સ્વાગતના પ્રશ્નો થયા.

પલ્લીપતિએ તેને પૂછ્યું-આપ શું શું જાણો છો ?

વિદ્યાસિદ્ધે કહ્યું-મનુષ્યોનું જીવન કેટલું છે ? મરણ ક્યારે થશે ? અમુક સ્થળે જવાનું કે અમુક સ્થળેથી આવવાનું ક્યારે થશે ? રોગ થશે કે નહિ ? જીવનમાં સારા યોગ છે કે નહિં ? ધન ક્યારે અને કેટલું મળશે ? કલેશ થશે કે નહિં ? સુખ દુઃખ કેવાં પ્રાપ્ત થશે ? શુભાશુભ શાં શાં થશે ? આ સર્વ હું જાણું છું.

પલ્લીપતિએ કહ્યું-તો પછી આપ કહો કે જેણે અમારો સઘળો દેશ પડાવી લીધો છે તે અમારા વૈરી અશોકચન્દ્ર રાજાનું મરણ ક્યારે થશે ?

વિદ્યાસિદ્ધે કહ્યું-એકાન્તમાં કહીશ.

પલ્લીપતિએ કહ્યું-અહીં બધા મારા પોતાના જ માણસો છે. તમે નિશ્ચિતપણે કહો.

વિદ્યાસિદ્ધે પલ્લીપતિના કાનમાં અશોકચંદ્રનાં મરણનું સ્વરૂપ કહ્યું અને જણાવ્યું કે આમાં લેશમાત્ર સંદેહ નથી.

પલ્લીપતિએ કહ્યું કે તેની પછી ગાદીએ કોણ આવશે ?

વિદ્યાસિદ્ધે ક્ષણવાર વિચાર કરીને કહ્યું કે તેના પુત્રોને રાજ્ય નહિં મળે, એટલું જ નહિં પણ તેના ગોત્રમાં પણ હવે પછી કોઇને રાજ્ય નહિં મળે. પરંતુ જેને તેં બેડીમાં નાખ્યો છે તે પુણ્યશાળી છે. તેને દેવતા રાજ્ય અપાવશે.

પલ્લીપતિએ કહ્યું-સિદ્ધપુરુષ ! શું અસંબદ્ધ બોલો છો ? તમારૂં જ્ઞાન કેટલું છે તે જણાઈ ગયું. આ નિર્ધન વાણિયાને રાજ્ય મળશે ? એનું તો કોઈ નામેય જાણતું નથી. જે પુન્યવાન હોય તે તો સર્વત્ર પ્રસિદ્ધ હોય.

વિદ્યાસિદ્ધે કહ્યું-મારી કહેલી વાતમાં લેશમાત્ર સંદેહ ન કરશો. તમને આ વાતની પ્રતીતિ માટે જણાવું કે ગઇકાલે તમે મોદક, પાંચ ખાખરા, મગ અને અડદની દાળ, છાશ તથા તામ્બૂલ ખાધું હતું.

પલ્લીપતિને વિદ્યાસિદ્ધની વાત પર વિશ્વાસ આવ્યો. તે વખતે સભામાંથી કેટલાક જણાએ કહ્યું કે ચૂડામણિ શાસ્ત્ર જાણનારા વીતી ગયેલી વાત જાણે છે પણ થનારી વાત જાણતા નથી. તેથી પલ્લીપતિએ ફરી તેને પૂછ્યું કે આજે હું શું ભોજન કરીશ ?

સિદ્ધપુરુષે કહ્યું-મગનું પાણી અને તે પણ છેક સાંજે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્લીપતિએ કહ્યું—આ પણ અસત્ય છે. મારા શરીરે આરોગ્ય છે. તાવ વગેરે કંઇ પણ નથી. અગર તો હમણાં જ બધી ખબર પડશે. સભાજનોને પણ આ વાતથી વિસ્મય થયો.

સિદ્ધપુરુષે કહ્યું-મેં કહેલી વાત સાચી પડે તો જાણજો કે પ્રિયંકરને રાજ્ય મળશે.

પલ્લીપતિએ કહ્યું—કયા દિવસે મળશે ?

સિદ્ધપુરુષે કહ્યું—મહા સુદ પુનમે ગુરુવાર અને પુષ્ય નક્ષત્રમાં પ્રિયંકર રાજા થશે તેમાં લગીરેય સંશય નથી.

પલ્લીપતિએ તે જ ક્ષણે પ્રિયંકરને છૂટો કર્યો અને પોતાને ઘેર લઇ જઇ સુંદર વસ્ત્રો વગેરેથી તેનો સત્કાર કર્યો તેને પોતાની પાસે જ રાખ્યો. તે પછી ઘણીવાર સુધી સિદ્ધપુરુષ સાથે વાતો કરીને સભા વિસર્જન કરી. પલ્લીપતિએ ઘેર આવીને દંતશુદ્ધિ, સ્નાન વગેરે કર્યું તેટલામાં અકસ્માત તેને મસ્તક વેદના ઉપડી. રસોઈયાએ આવીને કહ્યું કે સ્વામી ! ભોજનનો સમય થઇ ગયો છે. શીઘ્ર પધારો. પલ્લીપતિએ કહ્યું—થોડીવાર પછી ભોજન કરીશ. મારું મસ્તક દુઃખે છે. ઉપરાંત મ્હોં પણ ઠીક નથી.

બાદ તે પલંગમાં સૂઇ ગયો અને નિદ્રા આવી. તે છેક સાંજે ઉઠયો ત્યારે પણ શરીરે સ્વાસ્થ્ય ન હતું. આ વિગત જાણી મન્ત્રી ત્યાં આવ્યો અને પલ્લીપતિને કહ્યું કે સ્વામી ! સદંતર ભૂખ્યા રહેવું ઠીક નથી. મગનું પાણી લો. કારણ કે તે વાત–પિત્ત અને કફનું શમન કરનાર છે. હૃદયને હિતકારી છે, રેચક તથા શરીરની શુદ્ધિ કરનાર છે, શુષ્ક, નીરસ એવું પણ તે મગનું પાણી તાવનો નાશ કરે છે.

તેથી પલ્લીપતિએ રુચિ વિના પણ મગનું પાણી તથા ઔષધનો ઉપયોગ કર્યો.

બીજા દિવસે સ્વસ્થ થયેલ પલ્લિપતિ સભામાં આવ્યો અને કહેવા લાગ્યો કે સિદ્ધપુરુષનું વચન સાચું પડયું. બાદ મંત્રી, પોતાના કુટુંબીઓ તથા સ્વજનો આદિને બોલાવીને તેમની સાથે પલ્લીપતિ વિચાર કરે છે કે આ છોકરો પોતાના ભાગ્યને જાણતો નથી. આને અવશ્ય રાજ્ય મળવાનું છે. તો સર્વ કુટુંબના ચિત્તમાં બેસતું હોય તો મારી પુત્રી **વસુમતી** આને આપીયે. જેથી આ આપણા માટે સુખકારી થાય અને આપણી પરંપરા પણ સુખી થાય.

સર્વ જણાએ આ વાતને સહર્ષ સ્વીકારી. પલ્લીપતિએ શુભમુહૂર્તે નહિ ઇચ્છતા એવા પણ પ્રિયંકરને પોતાની કન્યા પરણાવી અને ધન, ઘોડા, વસ્ત્રો વગેરે પણ આપ્યું.

પ્રિયંકર પોતાના મનમાં વિચારે છે કે આ બધોય ઉવસગ્ગહર સ્તવનો જ મહિમા છે જેથી વિપત્તિના સ્થાને સંપત્તિ, બેડીના સ્થાને પાણિગ્રહણ અને અપમાનના સ્થાને સન્માન મને પ્રાપ્ત થયાં છે. આ તરફ પલ્લીપતિએ પોતાના માણસો દ્વારા પાંચમી રાતે પત્ની સહિત પ્રિયંકરને અશોકપુર નગરમાં પહોંચાડી દીધો. પ્રિયંકર તથા તેની પત્નીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાપિતાને પ્રણામ કર્યાં. તે પણ ખુશ થયા અને દેવનું વચન સત્ય પૂરવાર થવાની ખાત્રી થઈ. પ્રિયંકર વ્યવહારમાં ચતુર હતો તેથી સમગ્ર કુટુંબનો ભાર તેના પર મૂકીને પાસદત્ત શેઠ કેવળ પુણ્યકર્મો કરવામાં જ જોડાઈ ગયા.

એક વખત પ્રિયંકર રાતે નિદ્રામાં હતો ત્યારે પાછલી રાતે એક મહાઆશ્ચર્યકારિ સ્વપ્ન જોયું કે તેણે પોતાના શરીરમાંથી આંતરડાઓનો સમૂહ કાઢીને તેમાંથી આંતરડાઓ છૂટા કરીને તે આંતરડાઓથી અશોકપુર નગરને વીંટી દીધું અને પોતાના શરીરને અગ્નિમાં સળગતું જોઈને પાણીથી તે શમાવે છે તેટલામાં તે જાગ્યો. જાગતાં તેના આશ્ચર્યની સીમા ન રહી. આખી રાત્રિ તેણે નવકારમંત્રના સ્મરણમાં વીતાવી. સવારે ઉઠીને પોતાના પિતાને ઉપર્યુક્ત સ્વપ્નની વાત જણાવી. પિતાએ કહ્યું કે ત્રિવિક્રમ ઉપાધ્યાય પાસે જા અને તેમને સ્વપ્નનું ફલ પૂછ. બીજા કોઈને આ વાત કરીશ નહિં.

પ્રિયંકર ઉપાધ્યાયને ઘેર ગયો. ઉપાધ્યાય સરોવર તરફ ગયેલા હતા, પ્રિયંકર ત્યાં ગયો. ઉપાધ્યાયને મળ્યો અને તેમને પ્રણામ કરવાપૂર્વક એકાન્તમાં પોતાના સ્વપ્નની વાત જણાવી. સ્વપ્નની વાત સાંભળીને ઉપાધ્યાય વિસ્મિત થઈ ગયા અને વિચારે છે કે આ સ્વપ્ન રાજ્યલાભ સૂચવે છે. પણ સ્વપ્નમાં કંઈ ફેરફાર તો નથીને ! એ માટે તેમણે કુમારને ફરી ફરી પૂછ્યું. ઉપાધ્યાયને ખાત્રી થઈ ગઈ કે આ રાજ્યલાભ સૂચક સ્વપ્ન જ છે. તેથી કુમારને સાથે લઈને જેટલામાં તે પોતાના ઘર તરફ જાય છે તેટલામાં અક્ષતથી ભરેલ અને નાળિયેર સહિત થાળ લઈને સામું આવતું સ્ત્રીઓનું ટોળું જોયું. ઉપાધ્યાય વિચારે છે કે વધામણું સામું આવ્યું. તેટલામાં એક મનુષ્ય માથે પાટ લઈને આવતો જોયો. તે પછી મદ્યથી ભરેલો ઘડો સામેથી આવતો જોયો. આ બધાં શુભ શુકનોથી ખુશ થયેલા ઉપાધ્યાયની સાથે કુમાર તેમને ઘેર ગયો. ત્યાં કુમારનું બહુમાન કરીને ઉપાધ્યાયે પોતાની સોમવતી નામની પુત્રી કુમારને આપી. કુમારે કહ્યું–હું આ કંઈ સમજી શકતો નથી. મારા પિતા બધું જાણે. હું તો તમને સ્વપ્નનું ફલ પૂછવા આવ્યો ત્યારે તમે મને કન્યા પરણાવવાની વાત કરો છો. હું મીઠું માગું અને તમે મને કપૂર આપો તેના જેવી આ વાત છે.

ઉપાધ્યાયે કહ્યું–તું તારે ઘેર જા. તારા પિતાને હું બધું કહીશ.

કુમાર ઘેર ગયો અને પિતાને બધી વાત કરી. પિતાએ ઉપાધ્યાયને ત્યાં જઈને કહ્યું કે સ્વપ્નનું ફળ તમે કેમ ન જણાવ્યું ?

ઉપાધ્યાયે કહ્યું–આ સ્વપ્નથી સમજાય છે કે **પ્રિયંકર** આ નગરનો રાજા થશે. તે સાંભળીને દેવતાની વાણી પણ સાચી પડશે એમ હૃદયમાં વિચાર કરી પાસદત્ત બોલ્યો કે પંડિતપ્રવર ! તમારું કહેલું બધું સાચું છે.

ઉપાધ્યાયે કહ્યું–તેથી તો મારી પુત્રી હું તારા પુત્રને આપી રહ્યો છું. શેઠે તે વાત કબૂલ કરી. શુભ લગ્ન જોઈને શેઠે પોતાના પુત્રનો પંડિતની પુત્રી સાથે લગ્ન મહોત્સવ કર્યો. આમ **સોમવતી** તેની બીજી પત્ની થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વખતે પ્રિયંકરનો પાડોશી **ધનદત્ત** નામનો કોટિપતિ કે જે દાન આદિ ગુણોથી નગરમાં શ્રેષ્ઠ હતો. તેની કીર્તિ નગરમાં પ્રસિદ્ધ હતી. તેને **ધનશ્રી** નામની પત્ની અને **જિનદાસ** તથા **સોમદાસ** નામના બે પુત્રો તથા ચાર પુત્રીઓ હતી. **ધનદત્તે** નવું મકાન બંધાવવાનો શુભ મુહૂર્તે પ્રારંભ કર્યો. કેટલાક દિવસે મકાન તૈયાર થઈ ગયું. વિજયમુહૂર્તે નવા ઘરમાં દેવાલયની સ્થાપના કરી અને દેવપૂજા, સંઘનું વાત્સલ્ય, અનુકંપાદાન વગેરે કરી પરિવાર સહિત **ધનદત્તે** ત્યાં રહેવાનો પ્રારંભ કર્યો.

ત્રણ દિવસ તો સુખપૂર્વક વ્યતીત થયા. ચોથે દિવસે **ધનદત્ત** પોતાના આવાસમાં સુખપૂર્વક સૂતો હતો તે સવારે જાગ્યો ત્યારે તેણે પોતાને આંગણામાં પલંગમાં સૂતેલો જોયો. ધનદત્ત આશ્ચર્ય પામ્યો કે આ શું ! બીજે દિવસે નવકારમંત્ર વગેરે ગણવાપૂર્વક મકાનના કમાડ સજ્જડ બંધ કરી તે સૂઈ ગયો. સવાર પડતાં જ તેણે ગઈ કાલની માફક પોતાને પલંગ સાથે બહાર સૂતેલો જોયો અને તે ચિન્તાતુર થઇ ગયો. ત્રીજે દિવસે ધૂપ વગેરે કરીને તે સૂઈ ગયો. સવારે પાછો રોજની જેમ જ આંગણામાં પડેલો પોતાને જોયો અને તે મનમાં અતિશય ખેદ પામ્યો. પોતાના કુટુંબમાંથી કોઇપણ તે મકાનમાં સૂવે તે સવારના આંગણામાં પહોંચી જ ગયેલો હોય. આ જોઇ કુટુંબના બધા જ ભયભીત થઈ ગયા. હવે તે મકાનમાં કોઇ સૂતું ન હતું.

**ધનદત્તે** વિચાર્યું કે આ આવાસ દુષ્ટ વ્યન્તરથી અધિષ્ઠિત થઇ ગયો લાગે છે અને તેથી તેણે અનેક મન્ત્રવેદીઓને બોલાવ્યા. તેઓ મન્ત્રના ઉપચાર કરવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે વ્યન્તર વિશેષ કોપાયમાન થવા લાગ્યો અને તે મકાનમાં જે કોઈ દાખલ થાય તે મનુષ્યના શરીરને ઇજા કરવી તથા પુરુષને સ્ત્રીના વસ્ત્રો પહેરાવી દેવા અને સ્ત્રીને પુરુષના વસ્ત્ર પહેરાવી દેવા વગેરે કાર્યો કરવા લાગ્યો.

**ધનદત્તે** વિચાર્યું કે આ મકાનમાં મેં લાખ રૂપિયા ખર્ચ્યા તે બધા નકામા ગયા. અને તેથી ચિન્તાતુર વદને તે ઘરના ઓટલે બેઠો હતો. **પ્રિયંકરે** તેને તે સ્થિતિમાં જોયો અને ચિન્તાનું કારણ પૂછ્યું.

**ધનદત્તે** ચિન્તાનું કારણ કહ્યું અને સાથે જણાવ્યું કે જો તું કંઇપણ ઉપાય જાણતો હોય તો કર. કારણ કે તું ધર્મશીલ અને પરોપકારી છે.

**પ્રિયંકરે** કહ્યું—આમાં ઉપાય કરવામાં આઠ દિવસ લાગે તેમ છે પણ હમણાં તો મારે ઘણું કામ છે.

શેઠે કહ્યું—આ કાર્ય તમારે કરવું જ પડશે કારણ કે પરોપકારી પોતાનાં કાર્ય મૂકીને પણ પારકાનાં કાર્ય કરે છે. **પ્રિયંકરે** આ કાર્ય કરવાનું કબૂલ્યું.

ચૈત્ર માસની અઠ્ઠાઈ આવી લાગતાં **પ્રિયંકરે** તે નવા મકાનમાં શ્રીપાર્શ્વનાથ સ્વામિની પ્રતિમા પધરાવી, તેમની સમક્ષ દીપક પેટાવી, નૈવેદ્ય વગેરે ધરાવી, મૌનપણે ૫૦૦ વાર ઉવસગ્ગહર સ્તોત્રનો એકાગ્રપણે જાપ શરૂ કર્યો. બરાબર આઠમે દિવસે નવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મકાનમાં અધિષ્ઠિત થયેલ વ્યન્તર બાલકનું રૂપ લઈ ધ્યાન ભંગ કરવા માટે આવ્યો. ઘણાંય દીનતાભર્યાં વચનો કહ્યાં પણ પ્રિયંકર ડગ્યો નહીં. તેથી તેણે યુવાનનું રૂપ બનાવ્યું અને ભય પેદા કરવાના ઉપાયો અજમાવ્યા તે પણ નકામા થયા ત્યારે તેણે વૃદ્ધનું રૂપ ધારણ કર્યું અને કહેવા લાગ્યો કે હું નંદીશ્વર દ્વીપમાં યાત્રા કરવા જઉં છું. તું પણ સાથે ચાલ જેથી તને પણ યાત્રા કરાવું.

**પ્રિયંકર** વિચાર કરે છે કે દેવતાને પળિયાં ન હોય અને માનવીની ત્યાં જવા માટે શક્તિ નથી. ખરેખર આ પેલો દુષ્ટ વ્યન્તર જ લાગે છે અને તેથી તેણે ઉવસગ્ગહરનો જાપ વગેરે વિશેષ પ્રકારે ચાલુ રાખ્યું. પરિણામે પેલો દુષ્ટ વ્યન્તર ત્યાંથી રવાના થઈ ગયો. **ધનદત્ત** શેઠ પણ ઉવસગ્ગહર સ્તોત્ર ગણવાપૂર્વક સુખેથી તે મકાનમાં રહેવા લાગ્યા.

ધનદત્તે પોતાના કુટુંબને જણાવ્યું કે પ્રિયંકરનું ભાગ્ય મહાન છે અને તેણે આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે તેથી એને **શ્રીમતી** નામની મારી પુત્રી આપવાનો વિચાર છે.

કુટુંબે શેઠની આ વાતનો સહર્ષ સ્વીકાર કર્યો જેથી **ધનદત્તે** પણ આનંદપૂર્વક **પ્રિયંકર** સાથે પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું અને દાયજામાં હાર, હીરાજડી મુદ્રિકાઓ, મુક્તાફલો, વસ્ત્રો, ઘોડા વિગેરે વિપુલ સામગ્રી આપી.

કેટલાક દિવસો બાદ વ્યન્તરના કષ્ટનું **પ્રિયંકરે** નિવારણ કર્યું. તે વાત હિતંકર નામના મંત્રીશ્વરે સાંભળી અને તેથી તેણે **પ્રિયંકરને** બોલાવ્યો, સ્વાગત આદિ પૂછ્યું અને કહ્યું કે કુમાર ! તારૂં નિષ્કારણપરોપકારિપણું મેં સાંભળ્યું છે. દુનિયામાં સ્નેહ સકારણ હોય છે જ્યારે તારો તો સર્વ ઉપર નિષ્કારણ સ્નેહ છે તેથી તારે યોગ્ય કંઈક કાર્ય હું બતાવવા ઇચ્છું છું.

કુમારે કહ્યું-મન્ત્રીશ્વર ! હું તમારો સેવક છું, જે કંઇ કાર્ય હોય તે કહો.

મન્ત્રીએ પોતાની પુત્રીનું સ્વરૂપ તેની આગળ નિવેદન કરતાં કહ્યું કે એક દિવસે મારી પુત્રી પોતાની સખી સાથે વાડીમાં ગઇ હતી. ત્યાં કોઇ શાકિનીથી તે ગ્રહણ કરાઇ છે કે ભૂતપ્રેત કે વ્યન્તરના વળગાડથી પકડાઈ છે તે કંઇ સમજાતું નથી. આ વાતને એક વર્ષથી ય વધુ સમય થવા આવ્યો. ઘણા ઘણા ઉપચારો કર્યા પણ કશો જ ફાયદો ન થયો. ઘણી ઘણી માનતાઓ માની. ઘણાય વૈદ્યોને પૂછ્યું પણ કોઇ રોગ છે એમ કહે છે કોઇ ભૂત આદિનો વળગાડ બતાવે છે, તો કોઇ ગ્રહ આદિનો દોષ જણાવે છે. શું કરવું તે ય નથી સમજાતું. વિષમ સંકટ આવી પડ્યું છે આઠમ અને ચૌદશે શરીરમાં વિશેષ ભાર રહે છે તે દિવસે કંઇ જ ખાતી નથી, કંઈ બોલતી નથી, પૂછીયે તો ઉત્તર આપતી નથી. આનું પાણિગ્રહણ પણ કોણ કરે ? તેથી પુષ્કળ ચિન્તાતુર છું. તું પરોપકારી છે. તો કૃપા કરીને મારી ચિન્તા દૂર કર. જે કોઇ ઉપાય ઠીક લાગે તે અમલમાં મૂક. પૈસા જેટલા જોઇએ તેટલા લે તેનોય વાંધો નથી પણ મારી દીકરીને સાજી કર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રિયંકરે કહ્યું:--અગરુ, કપૂર, કસ્તૂરી વગેરે ભોગસામગ્રી લાવો જેથી કંઇ પ્રતીકાર કરું. જો આનું પુણ્ય બળવાન હશે તો મારો ઉદ્યમ સફળ થશે. મન્ત્રીએ તેના કહ્યા અનુસાર સર્વ સામગ્રી તેને સોંપી. પ્રિયંકરે પણ આઠમ અને ચૌદશના દિવસે શ્રીપાર્શ્વનાથ ભગવંતની સમક્ષ બેસી પુષ્પોથી તેમની પૂજા કરી. ભોગસામગ્રી ધરી, પંચામૃત હોમ કરી, પાંચસોવાર ઉવસગ્ગહર સ્તોત્રનો જાપ કરવાનો પ્રારંભ કર્યો આ તરફ કુમારીને થોડો થોડો ફાયદો જણાવા લાગ્યો.

આ બાજુ પ્રિયંકરના ઘેર કોઈક આધેડ ઉંમરનો નિર્ધન બ્રાહ્મણ દેશાન્તરથી આવ્યો. આશીર્વાદ આપીને ત્યાં બેઠો.

પ્રિયંકરે કહ્યું:-બ્રાહ્મણ ! કેમ આવવું થયું ?

બ્રાહ્મણે કહ્યું-સત્પુરુષ ! તમારા સરખું કાર્ય આવી પડયું છે.

પ્રિયંકરે કહ્યું-તો ખુશીથી જણાવો જો થાય એવું હશે તો જરૂર કરીશ.

બ્રાહ્મણે કહ્યું-જો તમે મારી પ્રાર્થનાનો ભંગ ન કરો તો પ્રાર્થના કરું. કારણ કે તમે પરોપકારી છો એવું સાંભળ્યું છે. ઇત્યાદિ વાતો કરી, બ્રાહ્મણે પોતાની હકીકત પ્રિયંકર સમક્ષ જણાવી કે સિંહલદ્વીપમાં સિંહલેશ્વર રાજાએ યજ્ઞ શરૂ કરેલો હતો તે સમાપ્ત થતાં દક્ષિણામાં સર્વ બ્રાહ્મણોને લાખ રૂપિયાની કિંમતનું હાથીઓનું દાન તે કરનાર છે તેથી હું ત્યાં જઉં છું. પણ મારી પત્નીને મારે કયાં રાખવી ! તેથી તેને તમારી પાસે મૂકવા હું આવ્યો છું. જ્યાં સુધી હું ત્યાંથી પાછો ન ફરૂં ત્યાં સુધી મારી આ રૂપવાન પત્નીને તમે સાચવજો. તેની પાસે તમે પાણી ભરાવવું. રંધાવવું વગેરે સર્વ કાર્યો કરાવજો અને તેને ખાવા-પીવાનું આપજો, તમારા જેવા વિશ્વાસુ પાસે તેને મૂકીને જવાથી હું નિશ્ચિન્તપણે ત્યાં જઇશ.

પ્રિયંકરે કહ્યું:-અહીં તમારા ગોત્રના, તમારી જાતિના, તમારા વર્ગના ઘણાય છે તેમને ભળાવીને તમે જાવ. તેમ કરવામાં શો વાંધો છે ?

બ્રાહ્મણે કહ્યું-કોઇને ભળાવીને જવામાં મારું મન માનતું નથી. ઉત્તમ સ્ત્રીઓ ઉત્તમના ઘેર જ મૂકાય, જયાં ત્યાં નહિં.

પ્રિયંકરે કહ્યું:-આ વાતમાં મારું મન માનતું નથી. તો પણ તમે બહુ કહો છો માટે રાખું છું. તમે તમારું કાર્ય પતાવી જલ્દી આવજો.

બ્રાહ્મણ ખૂશ થયો અને બોલ્યો કે કાશી નગરમાં રહેનારો, કાશ્યપ ગોત્રનો, કામદેવ પિતા, કામલદેવી માતા, કેશવ નામનો, કરવત હાથમાં રાખનારો અને કષાય રંગના વસ્ત્રવાળો આવા સાત કકારની નિશાની જે બતાવે તેને આ સ્ત્રી આપવી. એમ કહી બ્રાહ્મણ ત્યાંથી રવાના થયો.

ત્રણ દિવસ પસાર થયા ત્યારે તે બ્રાહ્મણ જેવા જ રૂપવાળો, એટલી જ ઉંમરનો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો જ રંગ અને એજ નામ, એવી આંખો અને એવું જ મ્હોં અને જણાવેલા સાત કકારની નિશાની બતાવતો બ્રાહ્મણ ત્યાં આવ્યો. કુમારે તેને પૂછયું કે કેમ જલદી આવાગમન થયું ? સિંહલદ્વીપ ન ગયા ?

બ્રાહ્મણે કહ્યું-સ્વજનોએ ના પાડી અને શુકન પણ સારા ન થયા. બીજું દરિયામાં જવાનું તેથી ડૂબી જવાનો ભય પણ લાગ્યો. મનમાં થયું કે તેવું ધન શા કામનું ? કે જેમાં આપણી જીંદગીને જ ખતરો હોય, માટે જવાનું માંડી વાળ્યું. અહીં તમારા જેવા ભાગ્યવાનો છે તેના આધારે મારું ગાડું ચાલી જશે. એમ કહી પોતાની સ્ત્રી પ્રિયંકર પાસે માગી. પ્રિયંકરે તેને તે સોંપી અને બ્રાહ્મણ ચાલ્યો ગયો.

કેટલાક મહિનાઓ બાદ પેલો બ્રાહ્મણ પોતાની પ્રિયાને મળવા માટે ઉત્સુક થયેલો સાત ગજ પ્રમાણના, મહાકાયવાળા, પર્વત જેવા ગજેન્દ્રને સિંહલદ્વીપથી લઈને પ્રિયંકરને ઘેર આવ્યો. પ્રિયંકરને આશિષ આપીને બેઠો અને કહેવા લાગ્યો કે "પરોપકારી કુમાર! તમારી કૃપાથી હાથી, ધન આદિ મેળવીને કુશલતાપૂર્વક હું આવી ગયો છું. આજથી મારું જે કંઈ જીવન હશે તે તમારો જ પ્રસાદ છે. તમારા ઉપકારનો બદલો હું કેવી રીતે વાળીશ ? અથવા તો તમે જે પરોપકાર કર્યો તેનું પુણ્ય તમને થાવ. હવે મારી પત્ની મને આપો." આ સાંભળી કુમાર વજ્રથી હણાયો હોય તેમ બોલ્યો કે પત્ની તો તમે જ પોતે પહેલાં લઈ ગયા છો ને ફરી કેમ માગો છો ? તમે સાતેય નિશાનીયો કહીને પત્ની લઈ ગયા છો અને ઝગડો કરો છો ? હવે જાણ્યું કે બ્રાહ્મણો આવા જ દંભી અને ધૂર્ત હોય છે.

બ્રાહ્મણે કહ્યું:-કુમાર ! જેમ તેમ ન બોલ. દંભી તો વાણિયા જ હોય છે. હું તો અહીં આવ્યો જ નથી અને એ માટે તું કહે તે સોગન ખાવા પણ હું તૈયાર છું. બાકી જો તું લોભ કરીને મારી સ્ત્રી આપવા ના કહીશ તો હું તને બ્રહ્મહત્યા આપીશ. આ સાંભળી પ્રિયંકર ભય પામી ગયો. તેનું મુખ શ્યામ પડી ગયું અને મનમાં વિચારે છે કે કોઈક વિદ્યાસિદ્ધ દુષ્ટ માણસ રૂપનું પરાવર્તન કરી બ્રાહ્મણની સ્ત્રી લઇ ગયો. હવે હું શું કરીશ ! આ બાજુ બ્રાહ્મણ કહે છે કે હું મારી સ્ત્રીને લઇને જ જઇશ. એવો મેં નિર્ણય કર્યો છે. આ તરફ બ્રાહ્મણે લાંઘણ શરૂ કર્યું તેને એક દિવસ થઇ ગયો સ્વજનો ભેગા થઇને કહેવા લાગ્યા કે પ્રિયંકરની મતિમાં વિપર્યાસ થઈ ગયો. અને ભાઈ ! કયારેક વૃદ્ધ પુરુષોની મતિમાં ય વિપર્યાસ થાય છે. વિનાશ થવાનો હોય તો સત્પુરુષની મતિમાં ય વિપર્યાસ થાય છે. શું ભાગ્યની લીલા છે ! અને કેવો કર્મનો વિલાસ છે !

પ્રિયંકર બ્રાહ્મણને કહે છે કે જો હું તારી સ્ત્રીનો અપલાપ કરતો હોઉં તો તું કહે તેવા સોગન ખાઉં. જીવહિંસા કરનારા, અસત્ય બોલનારા, ધર્મનિન્દક, કોઇની નિદ્રાનો ભંગ કરનારા, કલહ કરનારા, પારકું ધન ચોરી જનારા, કૃતઘ્ન, વિશ્વાસઘાતકો, પરદારાગામી, બે પત્નીઓમાં અધિકો ઓછો સ્નેહ રાખનારા, ખોટી સાક્ષી ભરનારા, પારકાના દ્રોહી, માત-પિતાના દ્વેષી, કોઇને કુબુદ્ધિ આપનારા, પોતાની પત્નીનો ત્યાગ

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

કરી અન્યત્ર રતિ કરનારા, આ બધાને જે પાપ લાગે તે પાપ મને લાગજો જો મેં તારી સ્ત્રી છૂપાવી રાખી હોય તો.

બ્રાહ્મણ કહે છે કે ક્રૂર કામ કરનારા માણસના સોગન હું માનતો નથી.

પ્રિયંકરે કહ્યું:-તો પછી મારું બધું ધન તું લઈ લે.

બ્રાહ્મણે કહ્યું-મને બીજું કંઈ ન જોઇયે. મારી વસ્તુ મને આપી દે.

પ્રિયંકરે કહ્યું-જો તું ખોટું કલંક આપીશ તો હું મારા પ્રાણ અહીં ને અહીં કાઢી નાખીશ એમ કહી તલવાર ઉપર જેટલામાં હાથ નાખે છે તેટલામાં બ્રાહ્મણે કહ્યું કે કુમાર! સાહસ ન કર. જો તું મારું કહ્યું કરે તો સ્ત્રીની માંગણી હું છોડી દઉં. પ્રિયંકરે ખુશ થઈને કહ્યું કે તું જે કંઇ કહીશ તે બધું જ હું કરીશ પણ વચમાં સાક્ષી કોણ?

બ્રાહ્મણે કહ્યું-સાક્ષી પંચ. બીજું કોણ?

પ્રિયંકરે કહ્યું-તો તું બોલ કે હું શું કરું? ઘર છોડી દેશાન્તર જઉં? કે બાર વર્ષ વનવાસ સેવું? કે જીવનપર્યંત તારો દાસ થઉં?

બ્રાહ્મણે કહ્યું-આ બધી વાતનું કામ નથી. તારે જે કરવું હોય તે કરજે. મારી તો એક જ વાત છે કે જો મન્ત્રીની પુત્રીને સાજી કરવાનું તું છોડી દે તો હું સ્ત્રી ન માગું. આ સાંભળી પ્રિયંકરે કહ્યું કે જે મેં કબૂલ કર્યું છે તે હું નહિ છોડું.

બ્રાહ્મણે કહ્યું-આ નિર્ગુણ અને કડવી જીભવાળીનો આટલો આદર સારો નથી.

પ્રિયંકરે કહ્યું-સજ્જનો જે બોલ્યા તે બોલ્યા. હાથીના દાંત જેમ પાછા નથી જતા તેમ સજ્જનોનું બોલવું પાછું નથી જતું. પણ એ તો કહે કે આ અજ્ઞાન એવી બાલા ઉપર તને એવું તે શું વેર છે? કે જેથી તું એને પીડે છે. અગર તો તેની વ્યથાનો પ્રતીકાર કરી શકે તેમ છે છતાં તેની ઉપેક્ષા કરે છે? શું કીડી ઉપર કટક હોય?

બ્રાહ્મણે કહ્યું-એ બધો એની કડવી જીભનો ગુણ છે. કારણ કે જેની જીભમાં ગુણ નથી તેને ત્રણે જગત સાથે વેર થાય છે અને જેની જીભમાં અમૃત છે તેને ત્રણે જગત પોતાનાં છે.

પ્રિયંકરે કહ્યું-આ બધી વાતથી લાગે છે કે તું બ્રાહ્મણ નથી પણ કોક બીજો જ દેવ કે દાનવ છે. તરત જ બ્રાહ્મણ પોતાનું સ્વરૂપ છોડીને દેવ બનીને ઉભો રહ્યો. હાથી વગેરે બધું અલોપ થઇ ગયું અને દેવે કહ્યું કે રાજવાટિકામાં મારું સ્થાનક છે. હું ત્યાં વસનારો યક્ષ છું.

પ્રિયંકરે કહ્યું-આ બાલિકાએ તારું શું બગાડયું છે?

દેવ બોલ્યો-આ પોતાની સખી સાથે મારા મંદિર આગળ આવેલી. ત્યાં મારી પ્રતિમા જોઈને તે હસવા લાગી. હું સત્યવાદી અને લોકોની આશા પૂરનારો યક્ષ છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકો મને પૂજે છે. ત્યારે આ છોકરી બોલી કે દેવ આવા હોતા હશે ? આ તો શોભા- વેલો પથરો છે પથરો. એમ કહી મોઢું વાંકું કરીને નીકળી ગઇ તેથી મેં તેનો નિગ્રહ કર્યો છે.

પ્રિયંકરે કહ્યું–આપને માટે આ ઉચિત નથી. શું રાજમાર્ગમાં જતા હાથીને કૂતરો ભસે તો તે કૂતરા સાથે કજીયો કરવો તે હાથીને ઉચિત લાગે ? સિંહની સામે શિયાળ આવીને જેમ તેમ લારી નાખે તો પણ સિંહ કોપ નથી કરતો. કોપ તો સરખે સરખા ઉપર હોય. ગજેન્દ્રના મસ્તક ઉપર કાગડો વિષ્ટા કરે તો કાગડા માટે તો તેના સ્વભા- વને તે અનુરૂપ છે પણ ગજેન્દ્ર તો ગજેન્દ્ર જ છે. ઇત્યાદિ મધુર વચનોથી પ્રિયંકરે તેનો કોપ શાન્ત કર્યો.

દેવે કહ્યું-તારા ઉવસગ્ગહર સ્તોત્રના ગણવાથી તેના શરીરમાં હવે હું રહી શકું તેમ નથી તેથી મેં તારા સત્પુરુષપણાની પરીક્ષા કરી. એમ કહી આશીર્વાદ આપીને કહ્યું કે હું તારા પર સંતુષ્ટ થયો છું. તું વર માંગ. પ્રિયંકરે કહ્યું કે વર તરીકે હું માગું છું કે મન્ત્રીની પુત્રીને તું છોડી દે અને હતી તેવી કરી દે. પ્રિયંકરના વચનથી દેવે તેને છોડી દીધી અને હતી તેવી કરી દીધી. પણ સાથે એટલું કહ્યું કે એણે મારી નિન્દા કરી છે તેથી આ છોકરી ઘણા પુત્રપુત્રીવાળી થજો. આમ કહી પ્રિયંકરને સર્વ પક્ષીઓની ભાષા જાણવાની શક્તિ આપી દેવ પોતાના સ્થાને ગયો.

આ તરફ મંત્રીએ વિચાર કર્યો કે પ્રિયંકરે મહાન ઉપકાર કર્યો છે તેથી આ કન્યા પ્રિયંકરને જ આપવી. અને તે મુજબ મન્ત્રીએ પોતાની **યશોમતી** નામની આ કન્યાનું પાણિગ્રહણ પ્રિયંકર સાથે કર્યું. કરમોચન વેળાએ ધન, ધાન્ય, રત્ન આદિ આપ્યા. સૌને આનંદ થયો પણ પ્રિયંકર તો એ જ વિચારે છે આ બધો ઉવસગ્ગહરંનો મહિમા છે કે યક્ષ પ્રત્યક્ષ થયો. આ તરફ યશોમતીને યક્ષના કથનાનુસાર વર્ષે વર્ષે પુત્રપુત્રીના જોડલા જન્મવા લાગ્યા. બાર વર્ષમાં બાર પુત્ર અને બાર પુત્રી થયા. તે પુત્ર પુત્રીઓના લાલન, સ્તનપાન, ખવડાવવા વગેરેની ચિન્તાથી તે ખિન્ન થઈ ગઇ. તે બાળકો પણ અવિનીત હોવાથી પરસ્પર કલહ કરતા હતા જેથી યશોમતીને નિરાંતે ખાવાનું ન હતું કે નિરાંતે ઉંઘવાનું પણ ન હતું. તે વિચારે છે કે વન્ધ્યા સ્ત્રીઓ કેવી સુખી છે ? કે જે નિરાંતે ખાય છે ને નિરાંતે સૂવે છે. હવેથી કોઇની ય નિંદા ન કરવી. તેમાંય વિશેષે કરીને દેવ અને ગુરુની નિંદા તો ન જ કરવી. મેં નિંદા કરી તેનું આ પ્રત્યક્ષ ફળ છે.

આ તરફ **પ્રિયંકર** દરરોજ જિનાલયમાં પૂજન કરે છે. એક દિવસની વાત છે. તેણે શ્રીપાર્શ્વનાથ ભગવાનની પૂજા કરીને ચૈત્યવન્દન કર્યું અને ભગવંતની સુંદર સ્તવના કરી તે ઘર તરફ આવતો હતો ત્યાં લીંમડાના ઝાડ ઉપર બેઠેલા કાગડાનો અવાજ સાંભળ્યો. પક્ષીની ભાષાનો તે જાણ હતો. તેથી કાગડાની ભાષા સમજી ગયો. તે **પ્રિયંકરને** કહી રહ્યો હતો કે આ લીમડાના વૃક્ષ નીચે ત્રણ હાથ ઉંડે લાખ રૂપિયા છે. તે તું લે અને બદલામાં મને ખાવાનું આપ. તેણે કાગડો જે શાખા ઉપર બેઠો હતો તેની નીચેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમીન ખોદાવી. લોક પૂછવા લાગ્યા કે કેમ જમીન ખોદાવો છો? પ્રિયંકરે કહ્યું કે ઘર પૂરવા માટે. (આ શબ્દ દ્વિઅર્થી હતો. તેણે સત્ય કહ્યું હતું.) તેણે તે દ્રવ્ય કઢાવ્યું અને ઘેર લાવ્યો. કાગડાને દહિં, ભાત વગેરે ખવડાવ્યું. આમ તેની દિન પ્રતિદિન ઉન્નતિ થવા લાગી. રાજાએ પણ પ્રિયંકરના ગુણોનો ઉત્કર્ષ સાંભળીને તેને બોલાવીને કહ્યું કે તારે દરરોજ સભામાં આવવું. આમ થવાથી રાજા તરફથી પણ તેને બહુમાન મળવા લાગ્યું પણ તે તો આ બધો પૂર્વના પુણ્યનો મહિમા છે એમ જ માનતો હતો.

કેટલાક દિવસો બાદ રાજ્ય યોગ્ય એવા અરિશૂર રણશૂર નામના રાજાના બંને પુત્રો અકસ્માત્ મૃત્યુ પામ્યા. રાજાને પારાવાર દુઃખ થયું. રાજવર્ગમાં પણ ચિન્તા વ્યાપી ગઇ. રાજાએ સભામાં આવવું પણ બંધ કર્યું. મન્ત્રીએ બોધવચનોથી રાજાને સમજાવી તેમનો શોક ઓછો કર્યો પરંતુ પુત્રના મોહથી રાજાનું શરીર ત્યારથી બગડયું, અન્નની રુચિ નષ્ટ થઈ ગઇ, ઉંઘ ચાલી ગઇ, મન આકુળ વ્યાકુળ રહેવા લાગ્યું. કેટલાક દિવસો બાદ રાજાએ પાછલી રાતે એક સ્વપ્ન જોયું. તેમાં ગધેડા જોડેલા વાહનમાં બેઠેલા પોતે દક્ષિણ દિશામાં ગયો તેવું જોયું. રાજાએ મન્ત્રીને એકાન્તમાં આ વાત કરી. મન્ત્રીએ સ્વપ્નશાસ્ત્રના જાણકારને બોલાવીને સ્વપ્નનું ફળ પૂછયું. તેણે આ સ્વપ્નનું ફળ સ્વપ્ન જોનારનું થોડા સમયમાં મૃત્યુ થશે તેમ જણાવ્યું. આ સાંભળી રાજા અને મંત્રી ચિન્તાતુર થઇ ગયા. દેવસ્થાનોમાં પૂજા, દીન અનાથને દાન વગેરે પુણ્યકાર્યો શરૂ કર્યાં.

એક વખત રાજા સભામાં બેઠો હતો. સામંતો શેઠો, સેનાપતિ, પુરોહિત વગેરે સૌ સભામાં હાજર હતા. પ્રિયંકર પણ રાજસભામાં જઇ રહ્યો હતો તે સમયે માર્ગમાં દુર્ગા પક્ષીએ પ્રિયંકરને કહ્યું–'પ્રિયંકર! તને આજે રાજા તરફથી ભય છે.' તો પણ તેણે આગળ ચાલવા માંડયું.

ફરી દુર્ગા બોલી કે પ્રિયંકર! ચોરની જેમ તને આજે બંધન થવાનું છે એમ કહું છું.

થોડીવાર કુમાર સ્થગિત થઇ ગયો અને વિચારવા લાગ્યો કે મેં કશો પણ અન્યાય કર્યો નથી કે રાજાનો અપરાધ પણ કર્યો નથી પછી મને બન્ધન શા માટે? અથવા તો રાજાઓના મનને કોણ જાણે છે? અથવા તો આ બધી દુર્જનોની લીલા લાગે છે. કારણ કે એવું કોઇ ઘર નથી, એવું કોઇ દેવકુલ નથી કે એવું કોઇ રાજકુલ નથી કે જ્યાં વગર કારણે કોપાયમાન રહેતા બે ત્રણ દુર્જનો ન હોય. સમુદ્રનું પાણી બંધાય છે, પાંજરે સિંહ બંધાય છે, પણ દુર્જનોની જીભ બંધાતી નથી. અથવા તો ખોટા વિકલ્પોથી શું? કારણ કે છલાન્વેષી રાજા જ કંઇ પણ કહીને દંડશે. તેથી ત્યાં પણ કોપ કરવો નકામો છે. જે થવાનું હોય તે થાવ. એમ વિચારી તે આગળ ચાલ્યો તેટલામાં આગળના ઉંચા સ્થાને બેઠેલી દુર્ગા બોલી કે 'તને રાજ્ય મળશે.'

પ્રિયંકર વિચાર કરવા લાગ્યો કે આ દુર્ગા પરસ્પર વિરોધી વચન કેમ બોલે છે? છેવટે સાહસનું અવલંબન કરીને રાજસભામાં જઈ જેટલામાં તે રાજાને પ્રણામ કરે છે. તેટલામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકસ્માત્ તેના મસ્તક પરથી દેવવલ્લભ હાર ( કે જે પૂર્વે ચોરાયો હતો ) પડયો અને તે ત્યાં બેઠેલા સૌએ જોયો. સૌને આશ્ચર્ય થયું કે જે હાર ગયો હતો તે કુમાર પાસેથી કેવી રીતે નીકળ્યો ? પ્રિયંકર પણ ચકિત થઈ ગયો કે મારા ભાગ્યે કેવું અસમંજસ કાર્ય કર્યું. લાંબા કાળથી મેળવેલું સઘળું મહત્ત્વ આજે ચોરના કલંકથી ચાલ્યું ગયું અને મરણ આવી લાગ્યું. દુર્ગાનું બોલેલું સાચું પડયું. ખરેખર ! ગત જન્મમાં મેં કોઈને પણ કલંક આપ્યું હશે. તે કર્મ અત્યારે આવીને ઉપસ્થિત થયું.

આ તરફ અશોકચન્દ્ર રાજાએ હારને જોતાંજ 'આને બાંધીને ઉચિત દંડ કરો.' એ પ્રમાણે કોટવાળને હુકમ કર્યો.

મન્ત્રીએ કહ્યું–રાજન્! પ્રિયંકરમાં આ વસ્તુ ઘટિત થતી નથી. આ પરોપકારી અને પુન્યવાન છે.

રાજાએ પ્રિયંકરને પૂછયું કે પ્રિયંકર ! તું સાચું બોલ. આ લાખ રૂપિયાનો હાર તેં કયાંથી લીધો ? યા તો તને કયાંથી મળ્યો ? તને કોઈએ આપ્યો હતો ? અગર તો કોઈએ તારે ઘેર રાખ્યો હતો ? જે હોય તે સાચું કહી દે.

પ્રિયંકરે કહ્યું–સ્વામી ! હું કંઈ જ જાણતો નથી. આજ સુધી આ હાર મેં કયારેય જોયો પણ નથી. આપના મનમાં જે ઠીક લાગે તે કરો.

રાજા કહે છે કે આને કેવું મીઠું બોલતાં આવડે છે અને કેવો કલાવાળો છે ? મન્ત્રીએ કહ્યું–મહારાજા ! આ પ્રિયંકર સન્માન યોગ્ય છે. ચોરના દંડને યોગ્ય નથી. માટે જે કરવું હોય તે પૂરો વિચાર કરીને કરજો. આનો વિનય જ એનું કુલીનપણું અને સદાચારપણું દર્શાવે છે. રાજન્ ! આ બધું ભાગ્યનું વિલસિત જ છે.

રાજાએ કહ્યું–મન્ત્રીશ્વર ! તમારા જમાઈ હોવાથી તમે આનો પક્ષ કરો છો. પણ ચોરનો પક્ષ લેવો એ તમારા માટે શ્રેયસ્કર નથી.

આ સાંભળી મંત્રી પણ ચૂપ થઈ ગયો.

રાજાએ પોતાના સેવકોને કહ્યું કે આ હારના ચોરને મજબૂત બાંધો. તે લોકોએ તે જ વખતે તેને બાંધ્યો.

રાજાએ મંત્રીને કહ્યું કે તે દિવસે બ્રાહ્મણ નિમિત્તીયાએ હારના ચોરને રાજ્ય મળવાનું કહેલું હતું પણ તેને મેં કહ્યા અનુસાર શૂળીનું રાજ્ય મળશે. મારા પુત્રો અને ગોત્રીઓ રાજ્ય ચલાવનારા બેઠા છે.

મંત્રીએ કહ્યું–આપની વાત બરાબર છે.

આ અવસરે દિવ્ય રૂપવાળી અને દિવ્ય આભૂષણોથી સજ્જ ચાર સ્ત્રીઓ રાજસભામાં આવી. રાજાએ તેમને સ્વાગત પૂછયું, તેમને જોઈને સભાજનોને ચમત્કાર થયો. રાજાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂછ્યું. તમે કયાંથી અને કયા કારણથી આવો છો ? શું તીર્થયાત્રા માટે નીકળ્યા છો ? કે સ્વજનને મળવા માટે ? મારા લાયક કંઇ કાર્ય છે ?

આ સાંભળી આવેલી સ્ત્રીયોમાંથી જે વૃદ્ધ સ્ત્રી હતી તે બોલી કે રાજેન્દ્ર ! અમે પાટલીપુરથી આવેલ છીએ. મારો પુત્ર પ્રિયંકર ઘેરથી ગુસ્સે થઇને નીકળી ગયો હતો. અમે તેને બધે જ શોધ્યો પણ ન મલ્યો, આમ કરતાં કરતાં બે વર્ષ વીતી ગયાં. હાલમાં અશોકપુરથી આવેલા એક માણસે અમને કહ્યું કે ' અશોકપુરમાં પ્રિયંકર નામનો વેપારીનો પુત્ર છે તે તમે કહો છો તેટલી જ વયનો, તેવા જ રૂપનો, ચતુર અને પરોપકારી છે ' તે સમાચાર સાંભળીને અમે અહીં આવ્યા. પ્રથમ દેવગૃહમાં જઇ દેવોને નમસ્કાર કર્યા. બહાર નીકળી એક જણને પૂછ્યું કે પ્રિયંકર કયાં રહે છે ? તેણે કહ્યું કે પ્રિયંકર આજે સંકટમાં આવી પડયો છે. આમ તો તે રાજમાન્ય હતો તો પણ સાચા કે જૂઠા ચોરના કલંકથી તે બેડીઓમાં પડેલો છે. તે સાંભળી અમે અહીં આવી. રાજેન્દ્ર ! આજે તમારા દર્શનથી અમારો દિવસ સફળ થયો. આ સાંભળી રાજાએ પ્રિયંકરને બોલાવી મંગાવ્યો તેને જોઇને વૃદ્ધ સ્ત્રી હતી તે બોલી કે આ જ મારો પુત્ર છે. પ્રિયંકરને આલિંગન કરીને તે બોલી કે વત્સ ! શા કારણથી તું ગુસ્સે થઈ ગયો ! જો ગુસ્સે નતો થયો તો કુટુંબને મૂકીને શા માટે અહીં આવ્યો ? બીજી સ્ત્રી બોલી કે આ મારો ભાઇ છે. અને તેણે પણ પ્રિયંકરને આલિંગન કર્યું. ત્રીજી સ્ત્રી બોલી કે આ મારો દિયર છે. ચોથી સ્ત્રી બોલી કે આ મારો વર છે. અને એમ કહી પ્રિયંકરની સામું જોઇ લજ્જાથી અધોમુખ થઇને ઉભી રહી. આ બધું જોઇને સભામાં બધાને વિસ્મય થયો. લોકો કહેવા લાગ્યા કે આ પુણ્યવાન પુરુષરત્નને ચોરીનું કલંક આવ્યું. કોઇક તેની પ્રશંસા કરે છે, કોઇક તેને નિંદે છે, કોઇક પશ્ચાત્તાપ કરે છે, કોઈક ભાગ્યને ઉપાલંભ આપે છે અને કોઇક તેને હસે પણ છે તો ય પ્રિયંકરને કોઈ ઉપર પણ રોષ નથી.

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું–રાજન્ ! આ મારા પુત્રને છોડી દો.

રાજાએ કહ્યું-એણે મારા ભંડારમાંથી લાખ રૂપિયાના મૂલ્યવાળો હાર ચોર્યો છે હું તેને કેવી રીતે છોડું ?

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું-હું દંડ ભરી દઇશ.

રાજાએ કહ્યું—જો રૂપિયા ત્રણ લાખ ભરી દો તો જ આને છોડીશ.

વૃદ્ધાએ કહ્યું-ત્રણ લાખ શું તેથી ય અધિક આપીશ. પણ આને છોડી દો.

રાજાએ કહ્યું–આના પિતા કયાં છે ?

વૃદ્ધાએ કહ્યું-તે ઉતારામાં છે.

રાજાએ તેને બોલાવીને પૂછયું કે આ પ્રિયંકર તમારે શુ થાય ?

તેણે કહ્યું-મારો પુત્ર થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાને આ બધી વાત સાચી લાગી. પણ મંત્રીએ કહ્યું, આ બધું અસત્ય છે, આ બધા ધૂર્ત છે. કુમારના પિતા પાસદત્ત શેઠ તો અહિં જ છે અને માતા પ્રિયશ્રી પણ અહીં છે તેમને બોલાવીને પૂછો.

રાજાએ કહ્યું–તેમનો આ પાલક પુત્ર હશે આમાં પૂછવાનું શું ? તો ય બોલાવવા હોય તો બોલાવો.

રાજાએ તેમને બોલાવ્યા. તેઓ આવ્યા અને રાજાને પ્રણામ કર્યા. આવેલ વ્યક્તિ કે જે પોતાને પિતા કહેવડાવતી હતી તે તથા આ નગરમાં રહેલ પ્રિયંકરના પિતા બંને સમાન આકારવાળા, સમાન રૂપવાળા, સમાન રીતે બોલનારા, સરખી જ ઉંમરના હતા. કોઇને પણ ભૂલ થાય કે શું આ બંને જોડિયા ભાઈ હશે ? આ જોઇ રાજા, મંત્રી અને સભા લોક સૌને આશ્ચર્ય થયું.

રાજાએ કહ્યું–મંત્રી ! તેં કહેતું બધું સાચું પડતું દેખાય છે.

આ બાજુ બંને જણા પુત્ર માટે વિવાદ કરે છે કે–રાજન્ ! ન્યાય કરો. નહિંતર પછી બીજા રાજકુલમાં જઇશું.

રાજાએ મંત્રીને કહ્યું–બુદ્ધિથી કંઈક તોડ કાઢો.

મન્ત્રીએ કહ્યું–આપણી સભામાં સોલ ગજ લાંબી પહોળી શિલા છે કે જ્યાં સાર્થવાહો આવીને ભેટણાં મૂકે છે તે શિલાને જે એક હાથથી ઉપાડે તે આનો પિતા અને તે આ પુત્રને લઇ જાય. તરત જ પાટલીપુરથી આવેલા પિતાએ તે શિલાને લીલાપૂર્વક એક જ હાથથી ઉપાડીને મસ્તક ઉપર છત્રાકારે ધારણ કરી. સૌ જોનારાને કૌતુક થયું.

મન્ત્રીએ કહ્યું–આ કોઈ સામાન્ય માણસ નથી.

રાજાએ કહ્યું–'તમે પિતા નથી પરંતુ કોઇ દેવ, દાનવ કે વિદ્યાધર છો અને આ સ્ત્રીઓ પણ માનવસ્ત્રીઓ નથી. પરંતુ દેવાંગનાઓ કે વિદ્યાધરીઓ છે. શા માટે અમને ઠગો છો ? આપનું જે સ્વરૂપ હોય તે પ્રકટ કરો.' તરત જ આવેલ પિતા દેવસ્વરૂપ થઈ ગયા. સ્ત્રીઓ પણ અદૃશ્ય થઈ ગઇ. અને તે દેવ બોલ્યો. હું રાજ્યનો અધિષ્ઠાયક દેવ છું. તમારા મરણનો સમય જણાવવા માટે અને રાજ્યને યોગ્ય પુરુષને રાજ્યમાં સ્થાપન કરાવવા માટે અહીં આવ્યો છું. હજી પણ તમારી આશાઓ અને તૃષ્ણાઓ ઘટી નથી. તમારા મનમાં હજી થતું નથી ? કે હું વૃદ્ધ થયો છું. કોને રાજ્ય આપું ? જૂના થાંભલાનો ભાર નવા થાંભલા પર મૂકું.

રાજાએ પૂછ્યું કે મારૂં મરણ કયારે છે ?

દેવે કહ્યું– આજથી સાતમે દિવસે તમારૂં મૃત્યુ થશે.

આ સાંભળી રાજા ભય પામી ગયો. કારણ કે જગતમાં મરણ સમાન કોઇ ભય નથી. રાજાએ દેવને પૂછ્યું કે રાજ્યને યોગ્ય પુરુષ મને બતાવો જેથી હું તેને રાજ્ય પર સ્થાપન કરૂં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવે કહ્યું–આ પ્રિયંકર પુણ્યવાન છે તેને રાજ્ય આપ. અન્ય કોઈ પણ આ સભામાં રાજ્યને યોગ્ય નથી.

રાજાએ કહ્યું–હાર ચોરનારાને રાજ્ય આપવું યોગ્ય નથી. કારણ કે કુરાજાના રાજ્યમાં પ્રજાને સુખ ન હોય.

દેવે કહ્યું–રાજન્ ! જો તું દેશનું સુખ અને પ્રજાનું સુખ ચાહતો હોય તો રાજ્ય ઉપર ઉત્કૃષ્ટ પુણ્યવાળા **પ્રિયંકરને** સ્થાપન કર. આ કુમાર નિરપરાધી છે. તેને છોડી દે. એણે હાર લીધો નથી. ભંડારને તાળું માર્યા પછી ત્યાં જવાની શક્તિ આનામાં ક્યાંથી હોય ? હાર તો તારા ભંડારમાંથી મેં લઈને આટલા દિવસ મારી પાસે રાખ્યો હતો અને તે રાજ્યને યોગ્ય પુરુષને જણાવવા માટે રાખ્યો હતો અને આજે મેં જ તે હાર તારી આગળ આ **પ્રિયંકરના** મસ્તક ઉપરથી પ્રકટ કર્યો છે.

આ સાંભળી રાજાએ કુમારને મુક્ત કર્યો.

રાજાએ કહ્યું–મારા પુત્રને રાજ્ય આપો ને ?

દેવે કહ્યું–તારા પુત્રનું આયુષ્ય અલ્પ છે. બીજું તે પ્રજાપ્રિય નથી. રાજન્ ! જો આ વાત તને ન બેસતી હોય તો આ સભામાં ચાર કુમારિકાઓને બોલાવી તિલક કરાવ. આ સભામાં જે કોઈને પણ પ્રથમ તિલક તેઓ પોતાની ઇચ્છાથી કરે તે જ રાજા થાવ. સૌએ આ વાત કબૂલ કરી. કુમારિકાઓને બોલાવાઈ, હાથમાં કંકાવટી આપીને સભામાં બેઠેલાઓને તિલક કરવાનું તેમને કહેવાયું. તેમણે પ્રથમ તિલક પ્રિયંકરને જ કર્યું. ઉપરાંત દેવે ચારે કુમારિકાઓના મુખમાં પ્રવેશ કરી ચાર શ્લોક કહ્યા.

પહેલી બોલી: હે પ્રિયંકર નરેન્દ્ર ! તું સદા જિનભક્ત થા. શૂરવીરોમાં તું પ્રથમ છે તેથી પ્રજાની સુખપૂર્વક રક્ષા કરજે.

બીજી બોલી: જ્યાં પ્રિયંકર રાજા છે ત્યાં નિરંતર સુખ છે અને તે જ દેશમાં વસવું જોઈએ. કારણ કે ત્યાં નિશ્ચિત સુકાળ છે.

ત્રીજી બોલી: અશોકનગરમાં પોતાના પુણ્યના પ્રભાવથી પ્રિયંકર બોંતેર વર્ષ રાજ્ય કરશે.

ચોથી બોલી: આ પ્રિયંકરના રાજ્યમાં કોઈને પણ રોગ, દુકાળ, મરકી, ઈતિ, ચોર, વૈર તથા ભયો થવાના નથી.

તરત જ પ્રિયંકર ઉપર પુષ્પવૃષ્ટિ થઈ. **અશોકચન્દ્ર** રાજાએ પણ પોતાના હાથે **પ્રિયંકરને** તિલક કર્યું. મુખ્ય મુખ્ય રાજપુરુષોએ પ્રિયંકરનો રાજ્યાભિષેક કર્યો. પ્રિયંકરની આજ્ઞા સર્વત્ર ફેલાવાઈ, પટ્ટ ઉપર પ્રિયંકરને બેસાડયો, છત્ર ધરાયું અને આગળ દેવાંગનાઓ નૃત્ય કરવા લાગી. શ્રેષ્ઠ પુરુષો હર્ષ પામ્યા. સ્વજનો સંતોષ પામ્યા અને માતા–પિતા પણ અત્યંત આનંદિત થયા. 'પ્રિયંકરને દેવતાએ રાજ્ય અપાવ્યું' એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળી દુશ્મન રાજાઓ પણ ભેટણાં ધરવા આવી લાગ્યા. પ્રજાજનોએ તેના પુણ્યની પ્રશંસા કરી. દેવો અને દેવીઓ પોતાના સ્થાને ગયા.

બરાબર સાતમે દિવસે **અશોકચન્દ્ર** રાજાનું મરણ થયું. પ્રિયંકરે પોતાના પિતા સમાન રાજાના મૃતકાર્યો કરાવ્યાં. અને તેના પુત્રોને ગામ ગરાસ આદિ ભાગ પાડીને આપ્યાં અને તેમના ગામ ગરાસ આદિની વ્યવસ્થા માટે નવા અધિકારીઓ પણ નિયુક્ત કર્યા. નવા દેશો પણ સાધ્યા. **પ્રિયંકર** નૃપને ઉવસગ્ગહરં સ્તોત્ર ગણવાના પ્રભાવથી આ લોકમાં જ સર્વ ઈષ્ટ સિદ્ધિઓ થઈ. ભંડારમાં પણ ક્રોડોની સંખ્યામાં ધન ઉભરાવા લાગ્યું.

**પ્રિયંકરે** પણ અનેક દાન પુણ્યો શરૂ કર્યાં અને તેથી લોકો પણ દાન આદિ ધર્મમાં તત્પર થયા. કારણ કે રાજા ધર્મી હોય તો પ્રજા પણ ધર્મી થાય છે. **પ્રિયંકરે** **ધનદત્ત** શેઠની પુત્રી **શ્રીમતી** નામની પોતાની પત્ની હતી તે દાક્ષિણ્ય, ક્ષમા, વિનય અને વિવેકથી શોભતી હતી તેને પટરાણી કરી. કેટલોક કાળ વીત્યા બાદ તેને પુત્ર થયો. પુત્રજન્મનાં વધામણાં કરાયાં અને દાન દેવાયાં. તેનું **જયંકર** એવું નામ સ્થાપન થયું. પાંચમે મહિને તેને દાંત આવ્યા. સામુદ્રિક શાસ્ત્રના જાણકારોને તેનું ફલ પૂછતાં તેમણે તેનું ફળ હસ્તિ, અશ્વ આદિ વાહનો તથા પુત્રોની સમૃદ્ધિ જણાવતાં રાજા અતિ પ્રમોદ પામ્યો.

આ અરસામાં રાજાનું બીજું હૃદય હોય તેવો, સર્વ કાર્યોમાં ધુરંધર હિતંકર નામનો મંત્રીશ્વર શૂલરોગથી મૃત્યુ પામ્યો. મન્ત્રી વિના રાજ્ય શોભતું નથી. તેથી પ્રિયંકરે મંત્રીના પુત્રને બોલાવી તેની બુદ્ધિની પરીક્ષા માટે એક સમસ્યા પૂછી.

મ્હોં વિના ખાય છે પણ શુદ્ધિ (મળશુદ્ધિ) કરતો નથી, ભાજનમાં ઘણું ભક્ષ્ય છે પણ તેને હાથ નથી, રાત ને દિવસ ખાવા છતાં કદી તેને તૃપ્તિ નથી થતી, શાસ્ત્રોને જાણતો નથી પણ બીજાને માર્ગ બતાવે છે આ શું હશે ?

મંત્રીપુત્રે વિચારીને કહ્યું-દીપક.

રાજાએ ફરી પૂછયું-ત્રણ સ્ત્રી એકઠી મલી છે, તેમાં બે ગૌર છે અને એક શ્યામ છે. પણ પુરુષ વિના તે કશા કામમાં આવતી નથી. તે શું હશે ?

મંત્રીપુત્રે કહ્યું-ખડિયો, લેખણ અને મષી.

તે વખતે સભામાં બેઠેલા એક વિદ્વાને પૂછયું-યોગી ધ્યાનમાં કોને ધ્યાય છે ? ગુરુને શું કરાય છે ? સજ્જનોએ અંગીકાર કરેલું કેવું હોય છે ? અને વિદ્યાર્થીઓ સર્વ પ્રથમ શું ભણે છે ?

મંત્રીપુત્રે કહ્યું-ૐ નમઃ સિદ્ધમ્ ।

મંત્રીપુત્રની બુદ્ધિથી રંજિત થયેલા રાજાએ મંત્રીપુત્રને મંત્રીપદે સ્થાપન કર્યો, કારણ કે બુદ્ધિથી જ મનુષ્ય શાસ્ત્રને જાણે છે. બુદ્ધિથી જ રાજ્યમાન મળે છે. બુદ્ધિથી જ સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થોની સિદ્ધિ થાય છે. બુદ્ધિથી જ શત્રુઓની સેના જીતાય છે. બુદ્ધિથી જ નાનો પણ રાજા ભડવીર સુભટોથી રક્ષા કરાયેલા દુર્ગ (કિલ્લા)ને ગ્રહણ કરે છે અને બુદ્ધિથી જ ચાણક્ય, રોહક અને અભયકુમારે મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે.

આ અવસરે તે નગરમાં 'ધર્મનિધિ' નામના આચાર્ય ભગવંત પધાર્યા. પ્રિયંકર રાજા પરિવાર સહિત તેમને વંદન કરવા ગયો. ગુરુએ શ્રાવકોનું દિનકૃત્ય, વર્ષકૃત્ય, તીર્થયાત્રા વગેરેનો તથા વિશેષે કરીને શત્રુંજય મહાતીર્થની યાત્રાનો ઉપદેશ આપ્યો. પ્રિયંકરે પણ ઉપદેશને સાંભળીને વિશિષ્ટ કોટિના અભિગ્રહો લીધા. અને આચાર્ય ભગવંતને ઉવસગ્ગહર સ્તોત્ર ગણવાનો આમ્નાય પૂછયો.

આચાર્ય ભગવંતે કહ્યું:–આ સ્તવમાં શ્રીભદ્રબાહુસ્વામીએ અનેક મંત્રો તથા યંત્રો ગોપવ્યા છે. આ સ્તવના સ્મરણથી આજે પણ પાણી, અગ્નિ, વિષ, સર્પ, દુષ્ટો, ગ્રહો, રાજા, રોગ, યુદ્ધ, રાક્ષસ, શત્રુસમૂહ, મરકી, ચોર ઇતિ અને જંગલી જનાવરો વગેરેના ભયથી રક્ષા થાય છે. રાજેન્દ્ર ! જે તને સુખ–સંયોગની પરંપરા, સંપત્તિ, ઇચ્છિત સિદ્ધિ અને સામ્રાજ્યપ્રાપ્તિ થઇ છે અને સર્વ આપત્તિઓનું નિવારણ થયું છે તે બધોય ઉવસગ્ગહર સ્તવ ગણવાનો જ મહિમા છે. પ્રથમ આ સ્તવમાં છઠ્ઠી ગાથા હતી અને તેના સ્મરણ કરવાથી તે જ ક્ષણે ધરણેન્દ્ર પ્રત્યક્ષ આવીને કષ્ટનું નિવારણ કરતા હતા. પછીથી ધરણેન્દ્રે શ્રી ભદ્રબાહુ સ્વામીને કહ્યું કે–વારંવાર અહીં આવવાથી હું મારા સ્થાને રહી શકતો નથી તેથી છઠ્ઠી ગાથા આપ ભંડારી દો. પાંચ ગાથાથી પણ હું અહિં રહ્યો રહ્યો આ સ્તવનું ધ્યાન કરનારા પ્રાણિઓનું સાંનિધ્ય કરીશ. ત્યારથી પાંચ ગાથા પ્રમાણ સ્તવ ભણાય છે.

આ સ્તવની પ્રથમ ગાથાથી ઉપસર્ગો, ઉપદ્રવો અને વિષહરના વિષની નિવૃત્તિ થાય છે.

પ્રથમ અને બીજી ગાથા ગણવાથી ગ્રહો, રોગો, મરકી, વિષમજ્વર, દુષ્ટો, દુર્જનો અને સ્થાવર-જંગમ વિષોનું ઉપશમન થાય છે.

પહેલી, બીજી અને ત્રીજી ગાથા ગણવાથી વિષમ રોગો, દુઃખો, દારિદ્ર્ય કે હીન કુલ આદિ થતાં નથી. તથા સુખ, સુગતિ, સૌભાગ્ય, લક્ષ્મી અને મહત્ત્વ આદિ પ્રાપ્ત થાય છે.

પહેલી ચાર ગાથા ગણવાથી સર્વ વાંછિતોની પ્રાપ્તિ થાય છે.

આ ચાર ગાથાઓમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ ચિન્તામણિ મન્ત્ર સ્થાપન કરેલો છે.

સંપૂર્ણ પાંચ ગાથા પ્રમાણ ગણાયેલું આ સ્તોત્ર આ લોક અને પરલોકના કાર્યોને કરનારું થાય છે.

આ સ્તોત્રમાં સ્તંભન, મોહન, વશીકરણ વિદ્વેષણ, ઉચ્ચાટનરૂપ અનેક ગુપ્ત મન્ત્રો છે. તે મન્ત્રો અને યન્ત્રો તેની વૃત્તિથી જાણવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી રાજા ગુરુને વંદન કરીને સ્વસ્થાને ગયો. હંમેશ પ્રિયંકર રાજા, પાસે રહેલા શ્રીપાર્શ્વનાથ મંદિરમાં રાત્રિના એક પ્રહર પર્યંત ઉવસગ્ગહર સ્તવનું ગુણન અને ધ્યાન કરવા લાગ્યા. એક વખતે શ્રી પ્રિયંકર રાજા શ્રીપાર્શ્વનાથની આગળ ધરવા માટે ભોગસામગ્રી લઈ સંધ્યાકાળે તેમના ધ્યાન માટે પ્રભુના મંદિરમાં ગયા. સેવકો પ્રાસાદની બહાર ઉભા રહેલા છે. સવાર થવા આવી. સભામાં રાજવર્ગ પણ આવી પહોંચ્યો. રાજા હજી સભામાં આવ્યા ન હતા તેથી પ્રધાનોએ અંગરક્ષકોને પૂછયું કે રાજા હજી કેમ સભામાં નથી આવ્યા ? તેમણે કહ્યું કે રાજા દેવગૃહથી આવ્યા નથી. પ્રધાનો ત્યાં ગયા. વચલું કમાડ બંધ હતું. કમાડના કાણામાંથી તેમણે જોયું તો તેમને દેખાયું કે ભગવાન શ્રી પાર્શ્વનાથની સુગંધિ પુષ્પોથી પૂજા કરેલી છે, આગળ દીપક બળે છે પરંતુ રાજા બેઠેલા દેખાતા નથી. તેમણે વિચાર્યું કે કદાચ રાજાને નિદ્રા આવી ગઈ હશે પણ પાછું તેમને થયું કે તે સંભવિત નથી. કારણ કે દેવગૃહમાં નિદ્રા તે ૮૪ આશાતના પૈકીની આશાતના છે અને રાજા આશાતનાના ભીરુ છે તો પણ પ્રધાનોએ મધુર વચનોથી રાજાને ઉદ્દેશીને કહ્યું કે 'રાજસભાને અલંકૃત કરો. સૂર્ય પણ આપનું મુખ જોવા માટે ઉંચે ચઢી ચૂકયો છે. સમસ્ત સભાલોક આપને પ્રણામ કરવા માટે ખડે પગે ઉભો છે. તોય અંદરથી કોઈપણ બોલ્યું નહિં. મન્ત્રીઓએ વિચાર્યું કે કોઈક દેવે યા તો વિદ્યાધરે રાજાનું અપહરણ કર્યું લાગે છે અને તેથી કમાડ ઉઘાડવા માટે તેમણે અનેક ઉપાયો કર્યા પણ તે સઘળા ઉપાયો નકામા ગયા. કુહાડા માર્યા પણ તે બુઠ્ઠા સાબિત થયા. દેવતાએ બંધ કરેલું કમાડ કોઈ ઉઘાડી શકતું નથી. છેવટે મન્ત્રીઓએ ભોગ સામગ્રી ધરી. ત્યારે તે મંદિરનો અધિષ્ઠાયક બોલ્યો કે પુણ્યશાળી રાજાની દૃષ્ટિથી દ્વાર ઉઘડશે. રાજા આનંદમાં છે. ચિન્તા ન કરશો. પ્રધાનોએ પૂછયું કે અમારા સ્વામી કયાં છે ? શું તેમનું કોઇએ અપહરણ કર્યું છે ? તેઓ કયારે પાછા આવશે ?

દેવે કહ્યું–'પોતાની ઋદ્ધિ દેખાડવા ધરણેન્દ્ર રાજાને લઇ ગયેલા છે અને તે આજથી દશમે દિવસે અહીં આવશે. અને દેવના સાંનિધ્યથી દરરોજ અહીં આવી પાર્શ્વનાથની પૂજા કરી આગળ દીપક કરી પછી જ રાજા ભોજન કરશે.' મન્ત્રિઓ અને સમસ્ત રાજપરિવાર આ સાંભળી ખૂશ થયા અને પોતાને ઘેર ગયા. લોકો દરરોજ પ્રાસાદમાં રહેલ પ્રતિમાની પૂજા થયેલી અને આગળ સળગતા દીપક આદિને જુએ છે.

એમ કરતાં દશમો દિવસ આવી લાગ્યો. તે દિવસે મંત્રીઓ અને રાજપરિવાર રાજાને લેવા માટે નીકળ્યા. તેટલામાં દેવતાઇ ઘોડા ઉપર ચડેલા રાજા આવી લાગ્યા. સૌએ તેમને પ્રણામ કર્યા. રાજાને મનમાં મહાન આશ્ચર્ય થયું કે આ લોકોને મારા આગમનની ખબર કેમ પડી ? અને તેથી તેમણે તે અંગે પૂછતાં મંત્રીઓએ જે બન્યું હતું તે કહ્યું.

રાજા ઉત્સવપૂર્વક દેવગૃહ આગળ આવ્યા, તેમની દૃષ્ટિ પડતાં જ તત્કાલ કમાડ ઉઘડી ગયાં. જાણે કે આંબાને માંજર આવી ને કોયલનો કંઠ ઉઘડી ગયો. વિધિપૂર્વક પ્રાસાદની પ્રદક્ષિણા કરી નિસિહી કરી રાજા મંદિરમાં આવ્યા. ફલો વગેરે ભગવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમક્ષ મૂકી ભગવંતને નમસ્કાર કરી શક્રસ્તવ વગેરેથી તેમને સ્તવી રાજાએ ભગવંતના મહિમાને વર્ણવતી અને તેમની સ્તવનાના ફલ તરીકે સિદ્ધિ સુખની યાચના કરતી પ્રભુ સમક્ષ વિનંતિ કરી. વિનંતિ કર્યા બાદ રાજા સભામાં આવ્યા.

પ્રધાન પુરુષોએ રાજાને પાતાલલોકનું સ્વરૂપ અને ધરણેન્દ્રની સમૃદ્ધિનું સ્વરૂપ પૂછતાં રાજાએ કહ્યું કે હું પ્રાસાદમાં ધ્યાનમાં બેઠો હતો અને શ્રીપાર્શ્વનાથ સ્તવને (ઉવસગ્ગહર સ્તોત્રને) ગણતો હતો ત્યારે કાજલ જેવી છાયાવાળો એક મહાકાય સર્પ ત્યાં આવ્યો. તેને જોઇને મેં મારું ધ્યાન ન મૂક્યું. તે સર્પ શ્રીપાર્શ્વનાથના આસન ઉપર ચડયો. મેં દેવની આશાતનાના ભયથી તે સર્પને મારા હાથે પૂંછડેથી પકડયો, ત્યારે તે સર્પનું રૂપ છોડીને દેવ થઇ ગયો. મેં પૂછયું તું કોણ છે ?

તેણે કહ્યું-હું શ્રીપાર્શ્વનાથનો સેવક ધરણેન્દ્ર નામનો છું અને તારા ધ્યાનથી ખેંચાઇને અહીં આવ્યો છું. મેં તારી પરીક્ષા કરી પણ તું ધ્યાનથી ચલિત ન થયો. તારું સાહસ મહાન છે. હે ઉત્તમ ! મારા સ્થાનમાં ચાલ જેથી હું તને પુણ્યનું ફલ બતાવું. તે પછી હું ધરણેન્દ્રની સાથે પાતાળભવનમાં ગયો. ત્યાં સર્વત્ર ભૂમિ રત્નો અને સુવર્ણની બાંધેલી હતી. આગળ ધર્મ નરેન્દ્રનો આવાસ મને બતાવ્યો. ત્યાં સાક્ષાત્ ધર્મ નૃપ બેઠા હતા. તેની પટરાણી 'જીવદયા' ને મેં જોઈ. મેં તે બન્નેને પ્રણામ કર્યા. તેમણે મને કહ્યું કે અમારા પ્રસાદથી ચિરકાલ રાજ્ય કર. ત્યાંથી આગળ ચાલતાં મેં સાત ઓરડા જોયા. મેં પૂછયું આમાં શું છે ? ધરણેન્દ્રે મને કહ્યું કે આ સાત ઓરડામાં સાત સુખ છે. મેં પૂછયું તે કયા સાત સુખ ?

ધરણેન્દ્રે કહ્યું-પ્રથમ સુખ આરોગ્ય, બીજું લક્ષ્મી, ત્રીજું યશ, ચોથું પતિના ચિત્તાનુસારિણી પત્ની, પાંચમું વિનયશીલ પુત્ર, છઠ્ઠું રાજાની સૌમ્યદૃષ્ટિ, સાતમું ભયનો અભાવ. તે પછી મેં સાત ઓરડા જોયા. પ્રથમ ઓરડામાં સર્વ રોગોને દૂર કરનાર દેવ હતો અને ચામરનું જોડલું હતું, બીજામાં સુવર્ણ રત્નો અને માણિક્યો હતા. ત્રીજામાં એક શ્રીમંત યાચકોને દાન આપી રહેલ હતો, ચોથામાં એક સ્ત્રી પતિની ભક્તિ કરતી હતી. પાંચમામાં વિનીત એવું પુત્ર-પૌત્ર વહુ આદિ કુટુંબ સુમેળથી રહેલું હતું. છઠ્ઠામાં પ્રજાનું હિત કરનારો ન્યાયી રાજા હતો. સાતમામાં કોઈક દેવ ઉવસગ્ગહર સ્તવને ગણવામાં તત્પર હતો. મેં પૂછયું આ ઉવસગ્ગહર સ્તોત્ર કેમ ગણે છે ?

ધરણેન્દ્રે કહ્યું-આ સ્તવના ધ્યાનથી દેશમાં, નગરમાં અને ઘરમાં સર્વ ભયોથી રક્ષા થાય છે અને હંમેશ-મનોવાંછિત પ્રાપ્ત થાય છે. આ પુસ્તકો આ સ્તવના આમ્નાય, પ્રભાવ અને મંત્રોને દર્શાવનારા છે. ત્યાંથી આગળ ચાલતાં સુવર્ણ અને રત્નમય કિલ્લો જોયો, ત્યાં લોહમય સાત પ્રતોલીઓ (પોળો) હતી. હું પ્રથમ પોળમાં ગયો. ત્યાં સામાન્ય દેવભવનો હતા અને તેની ચારે તરફ કલ્પવૃક્ષોના વનો હતા. ત્યાંથી બીજી પોળમાં ગયો. તો ત્યાં સોનાના ક્રીડા માટે રાખેલા પોપટોના પાંજરા હતા. તે પોપટો મને જોઇને બોલવા લાગ્યા કે 'પ્રિયંકર રાજા ! આવો આવો. ઉત્કૃષ્ટ પુણ્યવાળાઓ જ આ સ્થાનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામે છે. બીજા નહિં.' ત્યાંથી ત્રીજી પોળમાં મને દેખીને નૃત્ય કરતા મયૂરો ગાયો મનુષ્ય ભાષાથી બોલવા લાગ્યા કે 'રાજેન્દ્ર ! તારા દર્શનથી અમારું જીવન આજ સફલ થયું છે. તે નગર પણ ધન્ય છે કે જ્યાં પ્રિયંકર રાજા છે' ત્યાંથી ચોથી પોળમાં ગયો તો ત્યાં આગળ કસ્તૂરીયા મૃગો ઉછળતા હતા. તેમણે મને પ્રણામ કર્યા. ત્યાંથી પાંચમી પોળમાં ગયો તો ત્યાં સ્ફટિક રત્નમય ક્રીડાવાપિકાઓ અને સ્નાનમંડપો આદિ હતા. છઠ્ઠીમાં ઇન્દ્રના સામાનિકોના પ્રાસાદો હતા. સાતમીમાં દેવાંગનાઓના ટોળાં હતા. ત્યાંથી આગળ ચાલતાં અનેક પ્રકારના આશ્ચર્યોથી શોભતી અને કરોડો દેવોથી સહિત ધરણેન્દ્રની સભા હતી. ત્યાં મેં દેવતાઇ નૃત્ય જોયું. ધરણેન્દ્રે પુણ્યનું ફળ દર્શાવવા માટે નવ દિવસ પોતાના પુત્રની માફક મને ત્યાં રાખ્યો. ત્યાં દેવો અને દેવીઓ મારી સેવા કરતા હતા. અહીં દેવમંદિરમાં દેવની સાથે આવીને દશ દિવસ પૂજા મેં જ કરી હતી. બાકી તેમણે જે દેવતાઇ ભોજન મને કરાવ્યું છે તેનું સ્વરૂપ કહી શકાય તેમ નથી. ત્યાંની ઋદ્ધિ જોઇને મારી પુણ્યમાં વિશેષ રુચિ થઈ.

મેં ધરણેન્દ્રને કહ્યું–મને મારા નગરમાં પહોંચાડી દો જેથી હું પુણ્ય કરું. ત્યારે ધરણેન્દ્રે પોતાના હાથમાં રહેલી દેવતાઇ રત્નમય પ્રભાવસંપન્ન આકાશમાં રહેનારી અને અનેક માણસોને ભોજન કરાવી શકે તેવી મુદ્રિકા મને આપી અને કહ્યું કે આનો પ્રભાવ સાંભળો. જ્યારે વિશેષ પુણ્ય કાર્ય હોય ત્યારે સવારે નવકાર તથા ઉવસગ્ગહર સ્તોત્રની પહેલી ત્રણ ગાથા ત્રણ વાર ગણીને આ મુદ્રિકાને ઘરના આંગણામાં ઉભા રહી આકાશમાં ઉછાળવી. આ મુદ્રિકા આકાશમાં ત્યાં સુધી રહેશે કે જ્યાં સુધી પાંચસો માણસોનું ભોજન સમાપ્ત નહિં થાય. આ સાંભળી હું ખુશ થયો અને તે મુદ્રિકા બહુમાનપૂર્વક મેં સ્વીકારી. તે પછી ધરણેન્દ્રે પોતાના દેવની સાથે દેવતાઇ ઘોડાથી મને અહીં મોકલ્યો પણ તમારા સામા આવવાથી મને આશ્ચર્ય થયું.

મન્ત્રીએ કહ્યું—શ્રીપાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવની વાણીથી તમારું પાતાલમાં ગમન, અમુક દિવસે થનારું આગમન અને બંધ થયેલા કમાડોનું ઉદ્ઘાટન અમે જાણ્યું હતું. રાજાએ સભાની આગળ પુન્યના ફલોનું વર્ણન કરતાં કહ્યું કે જે દેવોને સુખ છે તેને કહેવા કોઇ શક્તિમાન નથી માટે મેં તો નિર્ણય કર્યો છે કે હું પુણ્ય જ કરીશ.

મન્ત્રીએ કહ્યું–રાજાઓને તો સદા પુણ્ય જ હોય છે. કારણ કે પ્રજા જે ધર્મ કરે છે તેનો છઠ્ઠો ભાગ પ્રજાની રક્ષા કરનારા રાજાને મળે છે. ઉપરાંત નીતિયુક્ત ધર્મ, દર્શનો, તીર્થો અને સુખસંપદાઓ રાજાના આધારે જ પ્રવર્તતા હોય છે.

આ તરફ રાજાએ જિનભવન આદિ સાત ક્ષેત્રમાં ધન વાવવું શરૂ કર્યું અને ધરણેન્દ્રે આપેલ મુદ્રિકાના પ્રભાવથી દરેક પાક્ષિક પર્વના પારણે સાધર્મિકવાત્સલ્ય કરવું શરૂ કર્યું. આમ ઘણા વર્ષો વીતી ગયાં. એક વખત પાક્ષિક પર્વના પારણાના દિવસે રાજા ગુરુવંદન માટે ગયા. ગુરુએ ઉપદેશ આપ્યો. તે વખતે એક શ્રાવક કે જે ધર્મથી વાસિત હતો, શ્રાવકની અગ્યાર પ્રતિમા જેણે કરી હતી, શ્રાવકના એકવીશ ગુણોથી આનંદ શ્રાવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવો, બાર વ્રતોને ધારણ કરનારો ગુરુના ચરણોમાં વંદના કરી રહ્યો હતો રાજાએ તેને જોઇ જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે ગુરુએ કહ્યું કે આને અઠ્ઠમનું પારણું છે તેથી આને સર્વ પ્રથમ જ ભોજન કરાવજો. રાજાએ તે કબૂલ કર્યું. તે શ્રાવક ભોજન માટે આવ્યો. તેને બેસાડયો. તેટલામાં પાંચસો શેઠિયા ભોજન માટે આવી લાગ્યા. જેટલામાં તે શ્રાવક પારણું કરીને ઉઠયો તેટલામાં આકાશમાં રહેલી મુદ્રિકા આકાશથી નીચે ઉતરીને પોતાની મેળે રાજાના હાથમાં આવી.

રાજા વિચારવા લાગ્યો કે આજે આ શું થયું ? શું દેવ કોપાયમાન થયો ? યા તો મારી શ્રદ્ધા કંઇ ચલિત થઇ ગઇ ? યા તો મારૂં પુણ્ય ક્ષીણ થઇ ગયું ? કે પછી દેવતાએ કહેલું પુણ્ય આજે ખોટું પૂરવાર થયું ? હવે મારે મારું મહત્ત્વ કેમ સાચવવું ? અને આ આવેલા પાંચસો અતિથિઓનું ગૌરવ આટલી શીઘ્રતાથી કેવી રીતે કરવું ?

તેટલામાં દેવતાની વાણી થઈ કે રાજન્ ! ચિન્તા ન કરશો. દેવતાનું વચન અસત્ય નથી હોતું. આ એકને ભોજન કરાવવાથી તને પાંચસોને ભોજન કરાવવાનું પુણ્ય થયું છે. મોટાઓનું વાત્સલ્ય કરનારા તો ઘણાય છે પણ ગુણવાન એવા નાનાઓનું વાત્સલ્ય કરનારા કોઇ નથી.

આ તરફ રસોઈયાએ રાજા આગળ કહ્યું–પરમાન્નના પાત્રો ખાલી થયેલાં છે. તેટલામાં આકાશમાં રહેલા દેવે કહ્યું કે એમ ન બોલ. જઇને ત્યાં જો. મેં બધાં પાત્ર ભરી દીધાં છે. હજારો મનુષ્યોને ભોજન કરાવીશ તો પણ ખાલી થવાના નથી. આ સાંભળી રાજા ખૂશ થયો અને તેણે સૌને જમાડયા તોય તે પાત્રો આકંઠ ભરેલાં હતા. તેથી આખા નગરને નિમંત્રણ કરીને જમાડયું. નગરજનોને પણ આશ્ચર્ય થયું કે કયાંય રસોઈ થતી દેખાતી નથી અને સૌને દેવતાઇ આહાર આવતો જાય છે. તો શું કોઇ દેવ રાજાને પ્રત્યક્ષ છે ? કે પછી દેવે વરદાન આપ્યું છે ? કે શું ચિત્રાવેલ છે ? કે પછી સુવર્ણપુરુષ મલ્યો છે ? બધાને જમાડયા બાદ રાજાએ સભામાં કહ્યું કે આ બધું જે તમે જુઓ છો તે સઘળોય ધર્મનો મહિમા છે.

બાદ પ્રિયંકરે પોતાના માતાપિતાને શત્રુંજય મહાતીર્થની યાત્રા ખૂબ આડંબર–પૂર્વક કરાવી. ત્યાં સાધર્મિક વાત્સલ્યો. સંઘપૂજા, અનુકંપાદાન, દાનશાળા વગેરે ધર્મ–કૃત્યો કર્યાં. પ્રિયંકરના પિતા પાસદત્ત શેઠ શત્રુંજયની તળેટીમાં સ્વર્ગગામી થયા. તેમના નામથી પ્રિયંકરે શત્રુંજયપર દેવકુલિકા કરાવી. તે સ્થાને મહોત્સવ કરી રાજા પોતાના નગરમાં આવ્યા. ભગવાન ઋષભદેવની પાદુકાયુક્ત સોનાનું રાયણવૃક્ષ કરાવી રાજા પોતાને ઘેર પૂજવા લાગ્યા. જ્યારે રાજા વૃદ્ધ થયા ત્યારે પુણ્યનો અવસર જાણી પોતાના પુત્ર જયંકરને રાજ્ય આપવાનું નક્કી કરી તેને યોગ્ય શિખામણો આપી સારા મુહૂર્તે પોતાની પાટે સ્થાપન કર્યો અને રાજા ધર્મકૃત્યો કરવા લાગ્યા. અષ્ટમી ચતુર્દશીએ પૌષધ કરે છે. સુપાત્રોમાં દાન દે છે. જ્યારે આયુષ્યનો પ્રાન્ત ભાગ આવી લાગ્યો ત્યારે અનશન આદિ અનેક પ્રકારનાં પુણ્ય કૃત્યો કરી પોતાનું આયુ સંપૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રિયંકર રાજા સમૃદ્ધિવાળા દેવપણે ઉત્પન્ન થયા અને ક્રમે કરીને મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષને પ્રાપ્ત કરશે.

જે રીતે જિનશાસનના પ્રભાવક તથા મહાશ્રાવક પ્રિયંકર રાજાને સંપદાઓ મલી તે રીતે જે કોઇ 'ઉવસગ્ગહર' સ્તોત્રનું દિન રાત ધ્યાન કરે છે તેને પણ ડગલે ને પગલે સંપદાઓ પ્રાપ્ત થાય છે.*

આ કથાનક 'ઉવસગ્ગહર' સ્તોત્રના એકાગ્ર ધ્યાન-જાપ તથા અડગ શ્રદ્ધા દ્વારા પ્રાપ્ત થતાં ફલોનું આપણને દિગ્દર્શન કરાવે છે.



* प्रियंकरनृपकथा जिनसूरमुनिप्रणीता (પ્ર. દે. લા. જૈ. પુ. સંસ્થા સુરત) ઉપરથી આ કથા લખી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી પદ્માવતીદેવી (નાલંદા સ્થાપત્યાનુસાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦. ૩૮ ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ દર્શાવનારા શ્લોકો.

उपसर्गहरस्तोत्रं कृतं श्रीभद्रबाहुना ।
ज्ञानादित्येन संघस्य शान्तये मङ्गलाय च ॥

एतत्स्तवप्रभावो हि वक्तुं केनाऽत्र शक्यते ।
हरिणा गुरुणा वा वाक्प्रह्वयाऽप्येकजिह्वया ॥

उपसर्गहरस्तोत्रे स्मृते स्युः शुभसंपदः ।
संयोगसंततिर्नित्यं स्युः समीहितसिद्धयः ॥

उद्योच्चपदोपाया उत्तमत्वमुदारता ।
उकाराः पञ्च पुंसां स्युरुपसर्गहरस्मृतेः ॥

पुण्यं पापक्षयः प्रीतिः पद्मा च प्रभुता तथा ।
पकाराः पञ्च पुंसां स्युः पार्श्वनाथस्य संस्मृतौ ॥

उपसर्गहरस्तोत्रमष्टोत्तरशतं सदा ।
यो ध्यायति स्थिरस्वान्तो मौनवान् निश्चलासनः ॥

तस्य मानवराजस्य कार्यसिद्धिः पदे पदे ।
भवेच्च सततं लक्ष्मीश्चञ्चलाऽपि हि निश्चला ॥
( युग्मम् )

प्रत्यक्षा यत्र नो देवा न मन्त्रा न च सिद्धयः ।
उपसर्गहरस्यास्य प्रभावो दृश्यते कलौ ॥

प्राप्नोत्यपुत्रः सुतमर्थहीनः श्रीदीयते पत्तिरपीशतीह ।
दुःखी सुखी चाथ भवेन्न किं किं त्वद्रूपचिन्तामणिचिन्तनेन ॥

एकया गाथयाऽप्यस्य स्तवस्य स्मृतमात्रया ।
शान्तिः स्यात् किं पुनः पूर्णं पञ्चगाथाप्रमाणकम् ॥

उपसर्गहरस्तवनं यच्चित्ते स्फुरति सततमिह ।
भूतव्यन्तरयक्षाः प्रत्यक्षाः स्युर्नृणां तेषाम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपसर्गहरस्तवनां वनेऽपि स्मृतिपथं नयन्ति यके ।
अरिकेसरिकरिशङ्का न स्यात् तेषां सुपुण्यवताम् ॥

उपसर्गहरस्तोत्रगुणनात् कार्यसिद्धयः ।
भवन्ति भविनां पुंसां मित्रीयन्ते च शत्रवः ॥

उपसर्गहरं स्तोत्रं ये ध्यायन्ति दिवानिशम् ।
तेषां प्रियङ्करस्येव सम्पदः स्युः पदे पदे ॥

सर्वोपसर्गहरणं स्तवनं पुमान् यो ध्यायेत् सदा भवति तस्य हि कार्यसिद्धिः ।
दुष्टग्रहज्वररिपूरगरोगपीडा नाशं प्रयान्ति वनिताः ससुता भवन्ति ॥

स्तोत्रस्यास्याष्टातिरिक्तं शतं यः कुर्याज्जापं पञ्चगाथात्मकस्य ।
तस्यावश्यं मङ्क्षु नश्यन्ति विघ्नास्तं निःशेषा वृण्वते सिद्धयश्च ॥

—( પ્ર. નૂ. ક. માંથી )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## :૧૦: ૩૯ 'ઉવસગ્ગહર'ની ગાથાઓનું વૈવિધ્ય

'ઉવસગ્ગહર' સ્તોત્રની પ્રચલિત પાંચ ગાથાઓ ઉપરાંત વધુ ગાથાઓ પણ કોઈ કોઇ જૂની હાથપોથીઓમાં ઉપલબ્ધ થાય છે. તે પ્રાપ્ત થતી ગાથાઓમાં એકવાક્યતા નથી. કોઇ હાથપોથીઓમાં ૨૦ ગાથા મળે છે તો કોઇ હાથપોથીમાં ૬-૭ કે ૯ ગાથાઓ પણ મળે છે. જો કે તે ગાથાઓ અને વર્તમાનમાં પ્રચલિત પાંચ ગાથાઓને મેળવી જોતાં સારો એવો તફાવત પ્રથમ નજરે જ દેખાઈ જાય છે છતાં પણ કોઈ કોઇ હાથપોથીમાં 'આ ભંડારેલી ગાથા છે' એવું લખાણ પણ મળે છે.

આ ચર્ચાસ્પદ વિષયની છણાવટ કરવી અહીં પ્રસ્તુત નથી તેથી તેવી રીતની જે જે ગાથાઓ ઉપલબ્ધ થાય છે તે પૈકીની કેટલીક ગાથાઓ અહીં આપવામાં આવે છે.

### (૧) વીસગાથા પ્રમાણ શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

अनेकमन्त्रगर्भित परमप्रभावकं

### उवसग्गहरं श्रीपार्श्वनाथस्तोत्रम् ।

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफुलिंगमंतं कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होई ।
नर-तिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं ॥३॥

ॐ अमरतरु-कामधेणु=चिंतामणिकामकुंभमाइया ।
सिरिपासनाहसेवाग्गहाण सव्वे वि दासत्तं ॥४॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ तुह दंसणेण सामिय ! पणासेइ रोग-सोग-दोहग्गं ।
कप्पतरुमिव जायइ ॐ तुह दंसणेण सव्वफलहेऊ स्वाहा ॥५॥

ॐ ह्रीँ नमिऊण विग्घणासय मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं पासजिणंदं नमंसामि ॥६॥

ॐ ह्रीँ सिरिपासविसहरविज्जामंतेण झाण ज्झाएज्जा ।
धरण-पउमावदेवी ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा ॥७॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ जयउ धरणिंदपउमावईय नागिणी विज्जा।
विमलज्झाणसहिओ ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा ॥८॥

ॐ थुणामि पासनाहं ॐ ह्रीँ पणमामि परमभत्तीए।
अट्ठक्खरधरणेंदो पउमावइ पयडिया कित्तो ॥९॥

जस्स पयकमलमज्झे सया वसइ पउमावई य धरणिंदो।
तस्स नामेण सयलं विसहरविसं नासेइ ॥१०॥

तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥११॥

ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठकम्मट्ठनट्ठसंसारे।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठगुणाधीसरं वंदे ॥१२॥

इअ संथुओ महायस! भत्तिब्भरनिब्भरेण हियएण।
ता देव! दिज्ज बोहिं भवे भवे पास! जिणचंद ॥१३॥

तुह नामसुद्धमंतं सम्मं जो जवइ सुद्धभावेण!
सो अयरामरठाणं पावइ न य दोग्गइं दुक्खं ॥१४॥

ॐ पंडुभगंदरदाहं कासं सासं च सूलमाईणि।
पासपहुपभावेणं नासंति सयलरोगाइं ॥१५॥

ॐ विसहर-दावानल-साइणि-वेयाल-मारि-आयंका।
सिरिनीलकंठपासस्स समरणमित्तेण नासंति ॥१६॥

पन्नासं गोपीडां कूरग्गहदंसणं भयं काये।
आवी (वि) न हुंति एए तहवि तिसंझं गुणिज्जासु ॥१७॥

पि (पी) डजंतभगंदरखाससाससूलतह (निव्वा) ह।
श्रो (सिरी) सामलपासमहंत नाम पऊर पऊलेण ॥१८॥

ॐ ह्रीँ श्रीपासधरणसंजुत्तं विसहरविज्जं जवेइ सुद्धमणेणं।
पावेई इच्छियसुहं ॐ ह्रीँ श्रीँ क्ष्म्ल्व्युँ स्वाहा ॥१९॥

रोगजलजलणविसहरचोरारिमइंदगयरणभयाइं।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं* ॥२०॥

प्रियंकरनृपकथा (मुद्रित) पृ. ४१ ઉપરથી

---

* સ્તોત્ર જેવા સ્વરૂપમાં મળ્યું છે તેમાં કાંઈપણ સુધારા કર્યા વિના તેવા ને તેવા સ્વરૂપમાં જ અહીં મૂકેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨) તેર ગાથાપ્રમાણ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

उवसग्गहरं पासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफुलिंगमंतं कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गहरोगमारिदुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दु (दू) रे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं ॥३॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ ह्रीँ श्री क्लीँ तुहदंसणेण सामिय पणासइ रोगसोगदोहग्गं ।
कप्पतरुमिव जायइ ॐ तुहदंसणे मे सफलो होउ ॥५॥

ॐ अमरतरुकामधेणु चिंतामणिकामकुंभमाइये ।
सिरिपासनाहसेवा गहा सव्वे वि दासत्तं ॥६॥

ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठयकम्मट्ठसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठमहागणाधिसिरि वंदे ॥७॥

इह संथुओ महायस भत्तिभरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥८॥

ॐ ह्रीँ नमिउण विप्पणासय मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराज क्लीँ पासजिणदं नमसामि ॥९॥

ॐ तं नमह पासनाहं धरणिंदनमंसियं दुहप्पणासेइ ।
तस्स प्पभावेण सया नासंति सयलदुग्गिआइं ॥१०॥

एए समरंताण मुणि न होइ वाहि न तं महादुक्खं ।
नामंवि हु मंतसमं पयंडनत्थित्थ संदेहो (॥११॥)

जल जलण भय तह सप्प सिह चोरारी संभवे खिप्पं ।
जो समरेइ पासपहुं पूहवि न कयावि किं तस्स (॥१२॥)

इह लोगट्ठी परलोगट्ठी जो समरेइ पासनाहं तु ।
सो सिज्झइ उक्कोसं इय नाहं सरह भगवंत ॥१३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) નવ ગાથા પ્રમાણ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफूल्लिगमंतो कंठे धारइ जो सया मणुओ ।
तस्स ग्गह-रोग-मारी-दुट्ठ-जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति ना दुक्खदोहग्गं ॥३॥

तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भईए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ नट्ठट्ठमयट्ठाणेयट्ठाणे पणट्ठकमट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठियट्ठे अट्ठमहाधीसरे वंदे ॥५॥

ॐ तुह दंसणेण सामि पणासइ रोग सोग दोहग्गं ।
कप्पतरुमिव ज्झायइ तुह दंसणाम फलहेउं स्वाहा ॥६॥

अमरतरु कामघेणु चिंतामणिकामकुंभमाइया ।
सिरिपासन्नाहसेवाग्गहा सव्वे वि दासत्तं ॥७॥

नवं एवयणवसयं मायाबीएण धरणिंदनागिंद ।
सिरिकामराजकलियं पासजिणंदं नमंसामि ॥८॥

इय संथुओ महायस ! भत्तिभरनिब्भरेण हीए ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥९॥

इति उवसग्गहरं मन्त्र गर्भितं तस्य (यस्य) कस्या वि नो देयं उवसग्गहरं मूल मंत्र लिख्यते
ॐ ह्रॉँ श्रॉँ क्लीँ ऐँ श्रीपार्श्वनाथाय नमः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦. ૪૦ 'ઉવસગ્ગહરં' સ્તોત્રની દેહરચના

૧ ભાષા–આ સ્તોત્રની ભાષા પ્રાકૃત અથવા અર્ધમાગધી છે.

૨ છંદ–આ સ્તોત્રના પદ્યોનો છંદની દૃષ્ટિએ વિચાર કરીએ તો તેના પાંચેય પદ્યો 'ગાહા' છંદમાં છે.

૩ પદ્યાત્મક રચના–ઉવસગ્ગહર સ્તોત્ર સર્વાંશે પદ્યાત્મક રચના છે તેમાં એકંદરે પાંચ પદ્યો છે.

૪ પારિભાષિક શબ્દો–છંદોની વિચારણા કરવામાં કેટલાક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનો અર્થ નીચે મુજબ સમજવો ઘટે છે.

માત્રા–છંદોને માપવાનો એક પ્રકારનો ઘટક. હ્રસ્વની માત્રા એક ગણાય છે અને દીર્ઘની માત્રા બે ગણાય છે.

ગણ–અક્ષર કે માત્રાના સમુદાયને ગણ કહે છે આવા ગણો બે પ્રકારના છે–અક્ષર-ગણ અને માત્રા ગણ.

ચતુષ્કલ–ચાર માત્રાનો ગણ.

પાદ–ચરણ, શ્લોકનો ચોથો ભાગ.

પૂર્વાર્ધ–શ્લોક આદિનો અર્ધો ભાગ એટલે કે પ્રથમના બે પાદો.

ઉત્તરાર્ધ–શ્લોકનો અન્તનો અર્ધો ભાગ એટલે કે પછીના બે પાદો.

ઉત્થાપનિકા–છંદ જાણવા માટે અક્ષરગણ કે માત્રાગણનો મેળ કેવી રીતે બેસે છે તે દર્શાવનારી રીતિ.

૫ ગાહા–આ પ્રાકૃત આદિ ભાષાનો અતિ પ્રાચીન છંદ છે અને તે જૈન આગમોમાં તથા અન્ય સૂત્રાદિમાં મહર્ષિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં વપરાયેલો હોવાથી પવિત્ર મનાય છે. સંસ્કૃત સાહિત્યમાં તેને 'આર્યા' છંદ કહે છે.[૧]

સર્વ ગાહાઓના સોળ અંશ અવશ્ય કરવા. તેમાં તેર અંશ ચતુર્માત્રાવાળા, બે અંશ બે માત્રાવાળા અને એક અંશ એક માત્રાવાળો કરવો.

સાત શરો (ચતુર્માત્રાવાળા અંશો કે ગણો) કમલાન્ત એટલે દીર્ઘાન્ત કરવા.

---

૧ आर्यैव संस्कृतेतरभाषासु गाथासंज्ञेति । છંદોનુશાસન. પૃ. ૧૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠો શર નભ ગણ એટલે જગણ (ISI) અથવા લઘુ અક્ષરવાળો કરવો અને વિષમ એટલે પહેલો, ત્રીજો, પાંચમો અને સાતમો ગણ જગણ રહિત કરવો. ગાહાના બીજા અર્ધમાં છઠ્ઠો અંશ લઘુ હોવો જોઇએ. ગાહામાં ઓછામાં ઓછા ત્રણ લઘુ તો હોવા જ જોઈએ.

ગાહાના આ લક્ષણને ધ્યાનમાં લેતાં તેમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે વિભાગો જણાય છે પરન્તુ પાછળના છંદશાસ્ત્રીઓએ તેના ચાર ચરણો કલ્પીને તેનું લક્ષણ સ્થાપ્યું છે.

પહેલા ચરણમાં બાર માત્રા, બીજા ચરણમાં અઢાર માત્રા, ત્રીજા ચરણમાં બાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા એ 'ગાહા' નું લક્ષણ છે.

ગાહા બોલવા અંગે છંદશાસ્ત્રીઓનું સૂચન એવું છે કે-પહેલું પાદ હંસની પેઠે ધીમે ધીમે બોલવું, બીજું પાદ સિંહની ગર્જનાની પેઠે ઉંચેથી બોલવું, ત્રીજું પાદ ગજગતિની જેમ લલિતપણે ઉચ્ચારવું અને ચોથું પાદ સર્પની ગતિની જેમ ડોલતાં ગાવું.[૨]

ગાહાના ઉપર્યુક્ત લક્ષણો ઉવસગ્ગહર સ્તોત્રની ગાથાઓને કેવી રીતે લાગુ પડે છે. તે જોઇએ.



---

૨ પઢમં વી (મિ) હંસપઅં, બીએ સિંહસ્સ વિક્કમં જાઆ । તી (તઈ) એ ગઅવર લુ(લ)લિઅં અહિ-વરલુલિઅં ચઉત્થએ ગાહા । પ્રાકૃતપિંગલ. સૂત્ર-૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગાથા પહેલી

## છંદ–વિદ્યુત્ નામની ગાહા

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | १ | | | २ | | ३ |
| પહેલું પાદ | उ | व | स | ग्ग | ह | रं | पा | सं |
| માત્રા ગણ | લ | લ | ગા | લ | લ | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૧ ૨ ૩

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ४ | | ५ | | | ६ | | | ७ | ८ |
| બીજું પાદ | पा | सं | वं | दा | मि | क | म्म | घ | ण | मु | क्कं |
| માત્રા ગણ | ગા | ગા | ગા | ગા | લ | ગા | લ | લ | લ | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ + ચતુ + ગુરુ = ૧૮ માત્રા
ગણની સંખ્યા ૪ ૫ ૬ ૭ ૧
(ચાલુ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ९ | | | १० | | ११ |
| ત્રીજું પાદ | वि | स | ह | र | वि | स | नि | न्ना | सं |
| માત્રા ગણ | લ | લ | લ | લ | લ | લ | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૮ ૯ ૧૦
(ચાલુ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | १२ | | १३ | १४ | | १५ | १६ |
| ચોથું પાદ | मं | ग | ल | क | ल्ला | ण | आ | वा | सं |
| માત્રા ગણ | ગા | લ | લ | ગા | ગા | લ | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + લઘુ + ચતુ + ગુરુ = ૧૫ માત્રા
ગણની સંખ્યા ૧૧ ૧૨ ૧ ૧૩ ૨
(ચાલુ)

ઉવસગ્ગહરંની આ પહેલી ગાથા છે. તેના સોળ અંશો કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ ગણાંક ઉપરથી તેમાં તેર ચતુષ્કલો બે ગુરુ અને એક લઘુ છે. તેમાં દશ ચતુષ્કલો અને બે અંશો દીર્ઘાન્ત છે. એટલે કે બાર અંશો દીર્ઘાન્ત છે. ગાથાના પૂર્વાર્ધનો છઠ્ઠો અંશ જગણ છે. અને ઉત્તરાર્ધનો છઠ્ઠો અંશ એટલે કે માત્રાનો ચૌદમો અંશ લઘુ છે. આ ગાથામાં આઠ અનુસ્વાર હોવાથી તે 'મનોહરા' છે. આ ગાથામાં ૧૭ લઘુ અને ૨૦ ગુરુ છે. એટલે તે 'વિદ્યુત્' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગાથા બીજી

## છંદ–માલા નામની ગાહા

૧ ૨ ૩
પહેલું પાદ વિ સ હ ર ફુ લિં ગ મં તં
માત્રા ગણ લ લ લ લ લ ગા લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૧ ૨ ૩

બીજું પાદ કં ઠે ધા રે इ जो स या म णु ओ
માત્રા ગણ ગા ગા ગા ગા લ ગા લ ગા લ લ ગા
ગણની જાત ચતુ + ચતુ + ચતુ + ચતુ + ગુરુ = ૧૮ માત્રા
ગણની સંખ્યા ૪ ૫ ૬ ૭ ૧
(ચાલુ)

૯ ૧૦ ૧૧
ત્રીજું પાદ त स्स ग ह रो ग मा री
માત્રા ગણ ગા લ લ લ ગા લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૮ ૯ ૧૦
(ચાલુ)

૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
ચોથું પાદ दु ट्ठ ज रा जं ति उ व सा मं
માત્રા ગણ ગા લ લ ગા ગા લ લ લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + લઘુ + ચતુ + ગુરુ = ૧૫ માત્રા
ગણની સંખ્યા ૧૧ ૧૨ ૧ ૧૩ ૨
(ચાલુ)

ઉવસગ્ગહરંની આ બીજી ગાથા છે તેના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ ગણાંક ઉપરથી તેમાં ૧૩ ચતુષ્કલો બે ગુરુ અને એક લઘુ છે. તેમાં છ ચતુષ્કલો અને બે અંશો દીર્ઘાન્ત છે. એટલે કે આઠ અંશો દીર્ઘાન્ત છે. ગાથાનો પૂર્વાર્ધનો છઠ્ઠો અંશ જગણ છે. અને ઉત્તરાર્ધનો છઠ્ઠો અંશ એટલે કે માત્રાનો ૧૪મો અંશ લઘુ છે. આ ગાથામાં છ અનુસ્વાર હોવાથી તે ' મનોહરા ' છે. ગાથામાં ૧૯ લઘુ અને ૧૯ ગુરુ છે. એટલે તે ' માલા ' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગાથા ત્રીજી

## છંદ-વિદ્યુત્ નામની ગાહા

૧ ૨ ૩

**પહેલું પાદ** चि ट्ठ उ दू रे मं तो

**માત્રા ગણ** ગા લ લ ગા ગા ગા ગા

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા

ગણની સંખ્યા ૧ ૨ ૩

૪ ૫ ૬ ૭ ૮

**બીજું પાદ** तु ज्झ प णा मो वि ब हु फ लो हो इ

**માત્રા ગણ** ગા લ લ ગા ગા લ લ લ લ ગા ગા ગુ

ગણની જાત ચતુ + ચતુ + ચતુ + ચતુ + ગુરુ = ૧૮ માત્રા

ગણની સંખ્યા ૪ ૫ ૬ ૭ ૧

(ચાલુ)

૯ ૧૦ ૧૧

**ત્રીજું પાદ** न र ति रि ए सु वि जी वा

**માત્રા ગણ** લ લ લ લ ગા લ લ ગા ગા

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા

ગણની સંખ્યા ૮ ૯ ૧૦

(ચાલુ)

૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ચોથું પદ** पा वं ति न दु क्ख दो ग च्चं

**માત્રા ગણ** ગા ગા લ લ ગા લ ગા ગા ગા

ગણની જાત ચતુ + ચતુ + લઘુ + ચતુ + ગુરુ = ૧૫ માત્રા

ગણની સંખ્યા ૧૧ ૧૨ ૧ ૧૩ ૨

ઉવસગ્ગહરંની આ ત્રીજી ગાથા છે, તેના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ ગણાંક ઉપરથી તેમાં ૧૩ ચતુષ્કલો ૨ ગુરુ અને ૧ લઘુ છે. તેમાં ૮ ચતુષ્કલો અને એક દીર્ઘાન્ત અંશ છે. એટલે કે ૯ અંશો દીર્ઘાન્ત છે ગાથાના પૂર્વાર્ધનો છઠ્ઠો અંશ જગણ નથી પણ નગણ છે અને ઉત્તરાર્ધનો છઠ્ઠો અંશ એટલે કે માત્રાનો ૧૪ મો અંશ લઘુ છે. આ ગાથામાં ત્રણ અનુસ્વાર છે એટલે તે 'મનોહરા' છે. આ ગાથામાં ૧૭ લઘુ અને ૨૦ ગુરુ છે. એટલે તે 'વિદ્યુત્' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગાથા ચોથી

## છંદ—માગધી નામની ગાહા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૨ | | ૩ |
| પહેલું પાદ | तु | ह | स | म्म | त्ते | ल | द्धे |
| માત્રા ગણ | લ | લ | ગા | ગા | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૧ ૨ ૩

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૫ | | | ૬ | | | ૭ | | ૮ |
| બીજું પાદ | चिं | ता | म | णि | क | प्प | पा | य | व | ब्भ | हि | | ए |
| માત્રા ગણ | ગા | ગા | લ | લ | ગા | લ | ગા | લ | ગા | લ | લ | | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ + ચતુ + ગુરુ = ૧૮ માત્રા
ગણની સંખ્યા ૪ ૫ ૬ ૭ ૧

(ચાલુ)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૧૦ | | ૧૧ |
| ત્રીજું પાદ | पा | वं | ति | अ | वि | ग्घे | णं |
| માત્રા ગણ | ગા | ગા | લ | લ | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૮ ૯ ૧૦

(ચાલુ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૨ | | | | ૧૩ | ૧૪ | | ૧૫ | ૧૬ |
| ચોથું પાદ | जी | वा | अ | य | रा | म | रं | ठा | णं |
| માત્રા ગણ | ગા | ગા | લ | લ | ગા | લ | ગા | ગા | ગા |

ગણની જાત ચતુ + ચતુ + લઘુ + ચતુ + ગુરુ = ૧૫ માત્રા
ગણની સંખ્યા ૧૧ ૧૨ ૧ ૧૩ ૨

(ચાલુ)

ઉવસગ્ગહરંની આ ચોથી ગાથા છે, તેના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ ગણાંક ઉપરથી તેમાં ૧૩ ચતુષ્કલો ૨ ગુરુ અને ૧ લઘુ છે. તેમાં ૧૧ ચતુષ્કલો અને બે અંશો દીર્ઘાન્ત છે. ગાથાના પૂર્વાર્ધનો છઠ્ઠો અંશ જગણ છે અને ઉત્તરાર્ધનો એટલે કે માત્રાનો ચૌદમો અંશ લઘુ છે. આ ગાથામાં પાંચ અનુસ્વાર હોવાથી તે 'મનોહરા' છે. આ ગાથામાં ૧૩ લઘુ અને ૨૨ ગુરુ છે. એટલે તે 'માગધી' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગાથા પાંચમી

## છંદ–માલા નામની ગાહા

૧ ૨ ૩
**પહેલું પાદ** इ अ सं थु ओ म हा य स
**માત્રા ગણ** લ લ ગા લ ગા લ ગા લ લ
ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૧ ૨ ૩

૪ ૫ ૬ ૭ ૮
**બીજું પાદ** म त्ति भ र नि ब्भ रे ण हि अ ए ण
**માત્રા ગણ** ગા ગા લ લ ગા લ ગા લ લ લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + ચતુ + ચતુ + ગુરુ = ૧૮ માત્રા
ગણની સંખ્યા ૪ ૫ ૬ ૭ ૧
(ચાલુ)

૯ ૧૦ ૧૧
**ત્રીજું પાદ** ता दे व दि ज्ज बो हिं
**માત્રા ગણ** ગા ગા લ ગા લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + ચતુ = ૧૨ માત્રા
ગણની સંખ્યા ૮ ૯ ૧૦
(ચાલુ)

૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
**ચોથું પાદ** भ वे भ वे पा स जि ण चं द
**માત્રા ગણ** લ ગા લ ગા ગા લ લ લ ગા ગા
ગણની જાત ચતુ + ચતુ + લઘુ + ચતુ + ગુરુ = ૧૫ માત્રા
ગણની સંખ્યા ૧૧ ૧૨ ૧ ૧૩ ૨
(ચાલુ)

ઉવસગ્ગહરંની આ પાંચમી ગાથા છે. તેના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. નિર્દિષ્ટ ગણાંક ઉપરથી તેમાં ૧૩ ચતુષ્કલો ૨ ગુરુ અને એક લઘુ છે. તેમાં ૮ ચતુષ્કલો અને ૨ ગુરુ દીર્ઘાન્ત અંશ છે એટલે કે ૧૦ અંશો દીર્ઘાન્ત છે. ગાથાના પૂર્વાર્ધનો છઠ્ઠો અંશ જગણ છે અને ઉત્તરાર્ધનો છઠ્ઠો અંશ એટલે કે માત્રાનો ૧૪ મો અંશ લઘુ છે. આ ગાથામાં ૩ અનુસ્વાર છે માટે તે 'મનોહરા' છે. આ ગાથામાં ૧૯ લઘુ છે અને ૧૯ ગુરુ છે એટલે તે 'માલા' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

[૧૧] ૧

## 卐 ઉવસગ્ગહરં સ્તોત્રમાં નિર્દિષ્ટ યન્ત્રો 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં પ્રથમગાથા દર્શિત યંત્ર ચતુષ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં પ્રથમગાથા દર્શિત યન્ત્રત્રિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં પ્રથમગાથા દર્શિત દેવકુળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં દ્વિતીયગાથા દર્શિત સર્વસંપત્કર બૃહત્ચક્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં તૃતીય ગાથા દર્શિત પ્રથમ યન્ત્ર ચતુષ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં તૃતીયગાથા દર્શિત દ્વિતીય યંત્ર ચતુષ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં તૃતીયગાથા દર્શિત યન્ત્રદ્વિક

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં પંચમગાથા દર્શિત યંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ઉવસગ્ગહરં સ્તોત્રાક્ષરાદિ ગર્ભિત વાપીયંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# :૧૧:૨ 'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં નિર્દિષ્ટ યન્ત્રોની સમજૂતી

'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં જે જે યન્ત્રો દર્શાવાયા છે તેનું બે ટીકાકારો પૂર્ણચન્દ્રસૂરિ તથા દ્વિજપાર્શ્વદેવગણિએ વિશદ સ્પષ્ટીકરણ કર્યું છે. બંનેએ કરેલું વિવેચન અહીં ક્રમશઃ આપવામાં આવે છે.

## પૂર્ણચન્દ્રસૂરિએ 'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં નિર્દિષ્ટ કરેલા યંત્રોની સમજૂતીઃ—

પૂર્ણચન્દ્રસૂરિએ 'ઉવસગ્ગહરં' સ્તોત્રની લઘુવૃત્તિમાં જે યન્ત્રો દર્શાવ્યાં છે તે દ્વિજ-પાર્શ્વદેવકૃત વૃત્તિમાં દર્શાવેલા યન્ત્રોથી જુદા પડે છે. તેમ જ સંખ્યાની દૃષ્ટિએ પણ તેમાં ન્યૂનાધિકતા છે.

અહીં પ્રથમ પૂર્ણચન્દ્રસૂરિએ જે યન્ત્રો દર્શાવ્યાં છે તેની નોંધ આપવામાં આવે છે.

### ગાથા ૧ લી

આ ગાથામાં આઠ યન્ત્રો દર્શાવાયા છે. જેનાં નામ અનુક્રમે ૧ જગદ્વલ્લભકર, ૨ સૌભાગ્યકર, ૩ લક્ષ્મીવૃદ્ધિકર, ૪ ભૂતાદિનિગ્રહકર, ૫ જ્વરનિગ્રહકર, ૬ શાકિનીનિગ્રહકર, ૭ વિષમવિષનિગ્રહકર અને ૮ દોષનિગ્રહકર છે.

આ આઠ યંત્રો પૈકી પ્રથમના સાત યંત્રોને કુંકુમ ગોરોચનથી ભૂર્જપત્ર ઉપર લખીને કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી વીંટીને ડાબી ભુજાએ ધારણ કરવાથી તે પોતાના નામ અનુસાર ફલો આપે છે. પરંતુ સર્વ પ્રથમ ત્રણ દિવસ ત્રણે સંધ્યાએ ૧૦૮ વખત યંત્રની સામે પાર્શ્વનાથસ્વામીના સાંનિધ્યમાં 'ॐ ह्रँ श्रीँ हर हर स्वाहा' આ મંત્રથી યંત્રોને પૂજવાના છે. સર્વ યન્ત્રોમાં આ જ પૂજામંત્ર છે.

જ્યારે આઠમા યંત્રને પૂર્વની માફક જ લખવાનું છે અને તેને 'ॐ क्रौँ ह्रँ क्लीँ ब्लूँ द्राँ द्रीँ ह्रँ ज्वालामालिनी नमः' આ મંત્રથી ૧૦૮ પુષ્પોથી પૂજવાનું છે.

### ગાથા ૨ જી

આ ગાથામાં બે ચક્રો દર્શાવાયાં છે. (૧) બૃહચ્ચક્ર અને (૨) ચિન્તામણિચક્ર.

પ્રથમ દર્શાવેલ બૃહચ્ચક્રને કુંકુમ આદિ સુગંધિ દ્રવ્યોથી તાંબાના ભાજનમાં અથવા તો ભૂર્જપત્રમાં લખવાનું છે. ચક્રની બહારના જમણા ભાગમાં પાર્શ્વયક્ષની પ્રતિમા અને ડાબા ભાગમાં પાર્શ્વયક્ષિણીની પ્રતિમા આલેખવાની છે અને ત્રણે સંધ્યાએ જાઈ આદિના પુષ્પોથી યંત્રની પૂજા કરી, સકલીકરણ કરી, નાસિકાના અગ્રભાગ ઉપર નેત્રયુગલ સ્થાપી, મૂળમંત્રનું ધ્યાન કરવાનું છે જેથી યંત્ર સર્વ સંપત્તિદાયક બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલમંત્ર આ રીતે છે:—

'ऐं ह्रीँ श्रौँ क्लीँ क्रौँ श्रौँ क्षौँ ब्लीँ ह्रूँ नमः' અથવા 'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण' આ બેમાંથી કોઈપણ એક મંત્રનો જાપ કરવાનો છે.

બીજા ચિન્તામણિચક્રને પૂર્વે જણાવેલ દ્રવ્યોથી જ તાંબાના ભાજન કે ભૂર્જપત્રમાં લખવાનું છે અને સાધકે શ્વેત વસ્ત્રો, આભૂષણો, માલા અને વિલેપનથી સહિત બની એકાંત સ્થળે બેસી ત્રણે સંધ્યાએ ૧૦૮ વિકસિત શ્વેત પુષ્પોથી તેને પૂજવાનું છે જેથી તે સર્વ રોગોનું ઉપશમન અને દુષ્ટોના ભયનું હરણ કરે છે. કીર્તિ, યશ અને સૌભાગ્ય આપે છે. સર્વ સંપત્તિ આપે છે અને ચિન્તિત અર્થોથી પણ અધિક અર્થોને નિઃસંશય સાધે છે.

અથવા તો જો તેને કુંકુમ આદિ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને સુગન્ધિત એવા એક હજાર પુષ્પોથી જાપ કરવાપૂર્વક કંઠમાં ધારણ કરવામાં આવે તો રાજા, અગ્નિ, ચોર અને શાકિની આદિ ક્ષુદ્ર ઉપદ્રવોનું નિવારણ કરે છે. પુષ્પોથી યન્ત્રને પૂજતી વેળા જે પહેલાં બતાવ્યો તે જ મંત્રનો જાપ કરવાનો છે.

## ગાથા ૩ જી

આ ગાથામાં પાંચ યંત્રો દર્શાવ્યાં છે જે નીચે મુજબ છે:—

(૧) વન્ધ્યત્વનિવારક, (૨) અપત્યપ્રાણદ, (૩) અપત્યપ્રાણદ, (૪) બાલગ્રહપીડાનિવારક, યા તો ભૂતાદિભય નિષેધક, (૫) સૌભાગ્યકર.

દરેક યંત્રોને લખવાની વિધિ જુદા પ્રકારની છે.

પ્રથમ યંત્રને સુગંધિ દ્રવ્યોથી લખી વિકસિત થયેલા ૧૦૦૮ પુષ્પોથી ॐ ह्रीँ ह्रूँ नमो अरिहंताणं हुं नमः આ મંત્ર દ્વારા પૂજવાનું છે. તે પછી પંચ રત્નો તે યંત્ર સાથે રાખી તે યંત્રને કુંવારી કન્યાના કાંતેલા સૂતરથી ગૂંથી નારીના કંઠમાં યા તો ડાબા હાથ પર ધારણ કરવાનું છે. જેથી વન્ધ્યત્વદોષનો નાશ થાય છે.

બીજા અને ત્રીજા યંત્રને સુગંધિ દ્રવ્યોથી લખી ઉપર જણાવેલ મંત્રદ્વારા પૂજવાનું છે. જેથી તે યંત્ર જે સ્ત્રીને મરેલા બાળકો અવતરતાં હોય તેના બાળકોને મરેલા અવતરતાં અટકાવે છે.

ચોથા યંત્રને કુંકુમ અને ગોરોચનથી લખીને ઉપર મુજબ તેની પૂજા કરવાથી બાલકોની ગ્રહપીડાનું નિવારણ થાય છે.

પાંચમા યંત્રને પણ ઉપર મુજબના દ્રવ્યોથી લખીને ઉપર જણાવેલ મંત્ર દ્વારા પૂજવાથી તે દુર્ભગ પ્રાણીઓનું સૌભાગ્ય વધારે છે અને અપસ્મારાદિ પીડાઓનો નાશ કરે છે પરંતુ 'આ બધાં કાર્યો પ્રથમ ગુરુપૂજા કરવાથી જ સિદ્ધ થાય છે. અન્યથા નહિં' એવું શ્રી પાદલિપ્તસૂરિનું કથન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા ૪ થી

આ ગાથામાં લઘુદેવકુલ દર્શાવેલ છે આને સુગંધિ દ્રવ્યોથી આલેખી સુગંધિ પુષ્પોથી નિત્ય પૂજવાનું છે. જેથી તે સર્વ અર્થોને સાધનારું થાય છે.

આનો પૂજામંત્ર પણ પૂર્વે બતાવેલ છે તે જ છે. અહિં પણ ગુરુપૂજન આવશ્યક છે.

## ગાથા ૫ મી

આ ગાથામાં એક યંત્ર દર્શાવેલ છે. આ યંત્રને કુંકુમ, કપૂર, ગોરોચન આદિ સુગંધિ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને 'ॐ डं वं ह्वः पक्षि ङवीँ क्ष्वीँ हंसः स्वाहा' આ મંત્રથી ૧૦૮ શ્વેત પુષ્પો વડે ત્રણ દિવસ પર્યંત પૂજન કરવાનું છે. જેથી આ યંત્ર શાન્તિક તથા પૌષ્ટિક બનવા ઉપરાંત ભૂત–પ્રેત–પિશાચ–શાકિની અને જ્વર આદિના ભયનો નાશ કરે છે અને જ્યારે રક્ષા કરવા અંગેનું પ્રયોજન હોય ત્યારે કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી યંત્રને વીંટીને હાથ ઉપર ધારણ કરવાથી સર્વત્ર રક્ષા થાય છે

આ પ્રકારે પૂર્ણચન્દ્રસૂરિએ પ્રથમ ગાથામાં ૮ યંત્રો, બીજી ગાથામાં બે ચક્રો, ત્રીજી ગાથામાં પાંચ યંત્રો, ચોથી ગાથામાં એક યંત્ર અને પાંચમી ગાથામાં એક યંત્ર એમ કુલ ૧૭ યંત્રો દર્શાવ્યાં છે.

# દ્વિજપાર્શ્વદેવગણિએ 'ઉવસગ્ગહર' સ્તોત્રમાં નિર્દિષ્ટ કરેલા યંત્રોની સમજૂતી

દ્વિજપાર્શ્વદેવગણિએ રચેલી લઘુવૃત્તિમાં 'ઉવસગ્ગહર' સ્તોત્ર અંગે કેટલાક યંત્રો દર્શાવ્યાં છે જે નીચે મુજબ છેઃ—

## ગાથા ૧ લી

ઉવસગ્ગહરંની પ્રથમ ગાથામાં સાત યન્ત્રો દર્શાવાયાં છે. જે પ્રસ્તુત પુસ્તકમાં પૃ. ૧૩૨ પછી આપેલ છે. આ સાતે યન્ત્રોને કુંકુમ અને ગોરોચનથી ભૂર્જપત્ર ઉપર લખીને કુંવારી કન્યાએ કાંતેલા સુતરથી વેષ્ટિત કરીને ડાબા ભુજાદંડ પર ધારણ કરવાથી ક્રમસર જગદ્‌વાલ્લભ્ય, સૌભાગ્ય, યશોવૃદ્ધિ, લક્ષ્મીવૃદ્ધિ, ભૂત–પિશાચ–રાક્ષસભયરક્ષા, જ્વર, ગ્રહદોષ તથા શાકિની રક્ષા અને વિષ તથા વિષધર વગેરે ભયોથી રક્ષા થાય છે.

આ યંત્રો લખ્યા પછી તેની પૂજા કરવાની હોય છે. શ્રી પાર્શ્વનાથની સમીપમાં યન્ત્રોને સામે રાખીને 'ॐ ह्रीँ श्रीँ हर हर स्वाहा' આ મંત્રનો ત્રણ દિવસ સુધી ત્રણે સંધ્યાએ એકસોને આઠ શ્વેત પુષ્પો દ્વારા એકસો ને આઠ વખત જાપ કરવાથી આ યંત્રો સિદ્ધ થાય છે અને ઉપર નિર્દિષ્ટ કરેલાં ફલો આપે છે.

આ સાત યંત્રો ઉપરાંત આ ગાથામાં (આઠમું) દેવકુલ પણ દર્શાવાયું છે. આ દેવકુલને પણ પૂર્વોક્ત સાત યંત્રો અનુસાર જ કુંકુમ આદિથી લખવાનું છે. તે પછી 'ॐ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओं क्रों क्ष्वीं ह्रीँ क्लीँ ब्लूँ द्रां द्रीं ज्वालामालिनी नमः આ મંત્રથી એકસો ને આઠ પુષ્પોથી પૂજવાનું છે. જેથી તે સર્વ વિષના ઉપદ્રવોનો નાશ કરે છે.

**ગાથા ૨ જી**

આ ગાથામાં આઠ આરાવાળું આઠ વલયવાળું ચક્ર દર્શાવાયું છે. આ યંત્રને કુંકુમ આદિથી લખવાથી અને ત્રણે સંધ્યાએ જાઇ આદિના પુષ્પોથી પૂજવાથી લક્ષ્મીને પ્રાપ્ત કરાવનાર થાય છે.

આ યંત્રની પૂજા નીચેના મંત્રને બોલવાપૂર્વક કરવાની છે.

'ऐँ ह्रूँ श्रीँ क्लीँ क्रौँ प्लौँ ब्लूं अर्हं ह्रूँ नमः ।'

આ અષ્ટવલય ચક્ર ઉપરાંત બીજું બૃહચ્ચક્ર પણ આ ગાથામાં દર્શાવાયું છે. જેનું નામ ચિન્તામણિચક્ર છે.

આ ચક્રને પૂર્વોક્ત વિધિ અનુસાર આલેખી સાધકે શ્વેત વસ્ત્રો અને શ્વેત આભરણોથી સહિત બની નિરંતર ત્રણે સંધ્યાએ ધ્યાન કરવાનું છે અને ૧૦૮ પુષ્પોથી જાપ કરવાનો છે. જેથી તે સર્વ સંપત્તિઓને આપવા સમર્થ બને છે યા તો કુંકુમ આદિ દ્રવ્યોથી ભૂર્જપત્રમાં લખીને કંઠમાં ધારણ કરવાથી શરીરની રક્ષા કરે છે.

**ગાથા ૩ જી**

આ ગાથામાં ૧૦ યન્ત્રો દર્શાવ્યાં છે. જે નીચેના ક્રમાનુસાર છે.

૧ વંધ્યાગર્ભધારક તથા સર્વભૂતપિશાચરક્ષાકારક.
૨ બાલગ્રહરક્ષાકારક.
૩ સૌભાગ્યકારક.
૪ ક્ષુદ્રોપદ્રવરૌદ્રોપસર્ગશામક.
૫ ચૌરભયનાશક.
૬ સૌભાગ્યદાયક.
૭ સર્વજનપ્રિયંકર.
૮ બાલશાંતિપુષ્ટિકારક.
૯ અપમૃત્યુનાશક.
૧૦ દુર્ભગત્વનાશક.

આ યંત્રોની પૂજા આદિ માટે કોઈ વિશિષ્ટ વિધિ દર્શાવાઈ નથી.

**ગાથા ૪ થી**

આ ગાથામાં કોઇ યંત્ર દર્શાવાયું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા ૫ મી

આ ગાથામાં એક યંત્ર દર્શાવાયેલ છે, આ યંત્ર શાંતિક તથા પૌષ્ટિક છે અને જ્વર, રોગ, શાકિની, ભૂત, પ્રેત, રાક્ષસ, કિન્નર વગેરેનો નાશ કરે છે.

આ યંત્રને પણ શુભ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને અને કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી વેષ્ટિત કરીને બાહુ પર ધારણ કરવાનું છે. પરંતુ તે પૂર્વે યંત્રને ‘ૐ झं वं ह्वः पक्षि ईवीं क्ष्वीं हंसः स्वाहा’ આ મંત્રથી ૧૦૮ શ્વેત પુષ્પોથી ત્રણ દિવસ પર્યંત પૂજવાનું છે. ત્યારે જ તે ફલદાયક થાય છે.

આ પ્રકારે દ્વિજપાર્શ્વદેવગણિએ પ્રથમ ગાથામાં ૮ યંત્રો, બીજી ગાથામાં ૨ યંત્રો, ત્રીજી ગાથામાં ૧૦ યંત્રો અને પાંચમી ગાથામાં એક યંત્ર એમ કુલ ૨૧ યંત્રો દર્શાવ્યાં છે.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૧] ૩

# ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિમાં દર્શાવાયેલા મન્ત્રો

ઉવસગ્ગહરં સ્તોત્રમાં 'नमिऊण पास विसहर वसह जिण फुलिंग' મંત્ર તો દર્શાવાયેલો જ છે પરન્તુ તે ઉપરાંત પણ કેટલાક મંત્રો પૂર્ણચન્દ્રાચાર્યકૃત લઘુવૃત્તિ તથા દ્વિજપાર્શ્વદેવકૃત વૃત્તિમાં નોંધવામાં આવ્યા છે જે અહીં દર્શાવવામાં આવે છે.

પ્રથમ પૂર્ણચન્દ્રાચાર્યકૃત વૃત્તિમાં જે મન્ત્રો દર્શાવાયા છે તે અહીં આપવામાં આવે છે.

## ગાથા ૧ લી

પ્રથમ ગાથામાં બે મન્ત્રો દર્શાવાયા છે. (૧) પાર્શ્વયક્ષ મંત્ર અને (૨) પાર્શ્વયક્ષિણી મંત્ર.

(૧) પાર્શ્વયક્ષ મન્ત્ર નીચે મુજબ છેઃ—

'ॐ म्म्ल्व्र्यूँ त्रिशूलमुद्रया म्राँ म्रीँ म्रूँ म्रौँ म्रः हा हा छिन्द छिन्द भिन्द भिन्द विदारय विदारय ठम्ल्व्र्यूँ व्राँ व्रीँ व्रूँ व्रौँ व्रः हा हा ताडय ताडय धम्ल्व्र्यूँ ध्राँ ध्रीँ ध्रूँ ध्रौँ ध्रः युं युं फुट् हम्ल्व्र्यूँ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः हा हा ये ये (घे घे) ज्वल ज्वल प्रज्वल प्रज्वल ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्तफटाविभूषिताय।'

(૨) પાર્શ્વયક્ષિણી મંત્ર નીચે મુજબ છેઃ—

'ॐ हुं क्षुं क्रुं रम्ल्व्र्यूँ र सा रा हा हा आँ क्रौं ह्रीँ क्ष्वीँ क्लीँ ब्लूँ ह्रौँ ह्रीँ पार्श्वयक्षिणी ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्घाटय निर्घाटय धूमान्धकारिणी ज्वलशिखेव हुं हुं फुट् फुट् य य य यन्त्रमातृदूतिकासहिते पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा।

વિધિ—આ બંને મંત્રો ઉપવાસ કરી વિપુલ ભોગસામગ્રી ધરવાપૂર્વક ચતુર્દશીને દિવસે ૧૦૮ વાર ગણી સાધવાના હોય છે.

## ગાથા ૨ જી

આ ગાથામાં એક વિદ્યા દર્શાવાઈ છે. જે નીચે પ્રમાણે છેઃ—

'ॐ नमो भगवओ अरिहओ (अरहओ) पासस्स सिज्झउ मे भगवई महाविज्जा उग्गे महाउग्गजसे पासे सुपासे पासमालिणी ठः ठः स्वाहा।' આ વિદ્યા ઉપવાસ કરવાપૂર્વક પાર્શ્વનાથના જન્મનક્ષત્રમાં (વિશાખા નક્ષત્રમાં) એક હજાર ને આઠ વાર જાપ કરવાથી સિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. તે સિદ્ધ થયા પછી આ વિદ્યાના જાપપૂર્વક ગામ આદિમાં ધૂપ અને બલિકર્મ કરવાથી મરકી, રોગ વગેરેનો ભય દૂર થઇ સુખસંપદાઓ થાય છે. એમ ચન્દ્રસેન ક્ષમાશ્રમણનું કહેવું છે.

## ગાથા ૩ જી અને ગાથા ૪ થી

ત્રીજી અને ચોથી ગાથામાં કોઇ મંત્રો દર્શાવાયા નથી.

## ગાથા ૫ મી

આ ગાથામાં ૫ મંત્રો દર્શાવાયા છે અને કહેવાયું છે કે 'આ મંત્રો બૃહદ્વૃત્તિમાં બતાવેલા છે.' દર્શાવેલા ૫ મંત્રો નીચે મુજબ છે.

(૧) 'ॐ क्म्ल्व्र्यूँ वं ए ह्रां आँ क्रोँ क्षीँ द्रीँ क्लीँ ब्लूँ द्राँ द्राँ ज्वालामालिनी (नि) झंकारिणि विषं निर्विषं कुरु कुरु स्थावरविषम् जंगमं च कृत्रिमम् जाठरम् योगजम् 'अपहर अपहर इमं डंकम् अमृतेन सिंचय सिंचय उत्थापय उत्थापय दण्डेनाक्रम्य विषमविषं ठः स्वाहा ।'

વિધિ—પુરુષપ્રમાણ દંડ લઇ તેને ઉપરના મંત્રથી સાતવાર મંત્રિત કરી જેને સર્પ કરડ્યો હોય તેના સર્વ સાંધાઓમાં ત્રણ વાર તાડન કરવાથી સર્પ કરડેલ મનુષ્ય નિર્વિષ થાય છે.

(૨) 'ॐ क्रौँ प्रौँ नृ ठः ठः'

વિધિ—આ મંત્રથી જેને સર્પ કરડ્યો હોય તેના ફરતી જલની ધારા કરવાથી તે વ્યક્તિ નિર્વિષ થાય છે.

(૩) ऐँ ह्रीँ श्रीँ

વિધિ—રક્ત પુષ્પોથી આ મન્ત્રનો એક લાખ વાર જાપ કરવાથી સમસ્ત નગર ક્ષુબ્ધ થઈ જાય છે.

(૪) 'ॐ ह्रीँ श्रीँ क्लीँ कलिकुण्डस्वामिने नमः ।'

વિધિ—આ મંત્રનો નિત્ય જાપ કરવાથી તે સર્વ અર્થોને સાધનાર બને છે.

(૫) 'ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय क्षेमंकराय ह्रीँ नमः ।'

વિધિ—નિત્ય જાપ કરવાથી આ મન્ત્ર ક્ષેમને કરનારો થાય છે.

આમ પૂર્ણચન્દ્રાચાર્યકૃત વૃત્તિમાં કુલ ૭ મંત્રો અને એક વિદ્યા દર્શાવાયેલ છે.

**દ્વિજપાર્શ્વદેવકૃત વૃત્તિ**માં નીચે મુજબ મંત્રો દર્શાવાયા છે. પ્રથમ ગાથામાં ૭ મંત્રો દર્શાવાયા છે.

(૧) 'ॐ ग्म्ल्व्र्यूँ गरः त्रिशूलमुद्राय ग्राँ ग्रीँ ग्रूँ ग्रौँ ग्रः हर हर छिंद छिंद भिंद भिंद विदारय विदारय व्म्ल्व्र्यूँ व्राँ व्रीँ व्रूँ व्रौँ व्रः हाः हाः ताडय ताडय ध्म्ल्व्र्यूँ ध्राँ ध्रीँ ध्रूँ ध्रः यूँ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यूँ हूँ हूँ फट् फट् हम्ल्व्र्यूँ ह्रौँ (ह्राँ) ह्रौँ ह्रूँ ह्रौँ ह्रः हा हा घे घे कठोरमुद्रायां ज्वल ज्वल ज्वालय ज्वालय प्रज्वल प्रज्वल प्रज्वालय प्रज्वालय ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्तफटाय ह्रूँ क्ष्रूँ श्रूँ स्म्ल्व्र्यूँ श्राँ श्रीँ श्रौँ श्रः हा हा घे घे वज्रासित्रिशूलधारया हन हन इदं भूतं हन हन दह दह पच पच त्रासय त्रासय ख ख खाहि खाहि मंत्रराज आज्ञापयति हूं फट् स्वाहा ।

पार्श्वयक्ष मंत्रः

(२) 'ॐ म्ल्व्र्यूँ र र र र र र र रां गं ह्राँ ह्राँ ह्रौँ ह्रौँ आँ क्रौँ क्ष्वीँ ह्रौँ क्लीँ ब्लूँ द्रौँ द्रौँ पार्श्वयक्षिणी ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्धाटय निर्धाटय धूमांधकारिणी ज्वलनशिखे हुं फट् फट् फट् यः मातृदूतिकासहिते पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा ।'

पार्श्वयक्षिणी मंत्रः

વિધિ—ઉપર્યુક્ત બંને મંત્રો ચતુર્દશીને દિવસે ઉપવાસ કરી ભોગ ધરવાપૂર્વક ૧૦૮ વાર જાપ કરવાથી સિદ્ધ થાય છે અને તે ભૂતપ્રેતાદિ દોષનો નિગ્રહ કરે છે.

(३) 'ॐ क्ष्म्ल्व्र्यूँ वं वं वं वं वं हां आं क्रौँ क्षीँ ह्रौँ क्लीँ ब्लूँ द्रां द्रीं ज्वालामालिनी झंकारिणी मातृदूतिसहिते विषं निर्विषं कुरु कुरु स्थावरविषं अंगजं कृत्रिमं विषं जाठरं योगजं जंगमविषं अपहर अपहर इमं डंकं अमृतेन अभिसिंचय अभिसिंचय उत्थापय उत्थापय दंडेनाक्रम्य विषमं विषं ठः ठः ठः ज्वालामालिन्याज्ञापयति स्वाहा ।'

વિધિ—પુરુષ પ્રમાણ દંડ લઈને તેને ઉપરના મંત્રથી ૧૦૮ વાર અભિમંત્રિત કરવો અને તે દંડથી સર્પ કરડેલ મનુષ્યને તેના સર્વ સાંધાઓમાં તાડન કરવું જેથી તે કાલસર્પથી કરડાયો હોય તો પણ નિર્વિષ થાય છે.

(४) 'ॐ नमो भगवती श्री घोणे हर हर दर दर धर धर लब्ध लब्ध त्वर त्वर सांचस सांचस सांचस मं मं क्ष क्ष क्षौँ ह्रीँ ह्राँ ह्राँ ह्राँ हूं भगवति श्री घोणे घः घः घः सः सः सः ठः ठः ठः डः डः डः रः रः रः घे घे झौं झौं झौं वीं वौं वीं वरविहंगममाभुजेषनदार्खेखरिसोसय सोसय सोसय गं गं गं ठः ठः ठः हुं फट् स्वाहा । श्रीघोणसमंत्रः'

(५) 'ॐ नमो भगवती श्रीघोणे हर हर दर दर सर सर धर धर भव भव हरसा हरसा क्षः क्षः ठः ठः ह्म्ल्व्र्यूँ ट्म्ल्व्र्यूँ म्ल्व्र्यूँ म्म्ल्व्र्यूँ ठ्म्ल्व्र्यूँ सर्पस्य गतिस्तंभं कुरु कुरु स्वाहा ।'

વિધિ—ઉપર્યુક્ત બંને મંત્રોનું ત્રિકાલ સ્મરણ કરવાથી સર્પનો ભય નષ્ટ થાય છે.

(६) 'ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय पद्मावतीसहिताय हिलि हिलि मिलि मिलि चिलि चिलि किलि किलि ह्राँ ह्रौँ ह्रूँ ह्रौँ ह्रः क्रां क्रां क्रां यां यां यां हंसः हुं फट् स्वाहा । सर्वज्वरनाशनमंत्रः ।'

(७) 'ॐ आं क्रौं क्ष्वौं ह्रौँ क्लीँ ब्लूं द्रां द्रौं ज्वालामालिनी नमः ।'

વિધિ—આ મંત્રનું દરરોજ ત્રણે સંધ્યાએ ૧૦૮ વાર ધ્યાન કરવાથી સર્વસિદ્ધિવૃદ્ધિ અને લક્ષ્મીનો લાભ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે પ્રથમ ગાથામાં સાત મંત્રો દર્શાવાયા છે.

**ગાથા ૨ જી**

આ ગાથામાં એક વિદ્યા દર્શાવી છે.

'ॐ नमो भगवओ अरिहओ पासस्स सिज्झउ मे भगवई महइ महाविज्जा उग्गे महा-उग्गे उग्गजसे पासे पासे सुपासे पस्समालिणि ठः ठः ठः स्वाहा।'

વિધિ—આ વિદ્યાથી ગામ આદિમાં ધૂપ તથા બલિકર્મ કરવાથી મરકી અને રોગનો નાશ થાય છે. પરંતુ પ્રથમ આ વિદ્યાને શ્રીપાર્શ્વનાથના મંદિરમાં ઉપવાસ કરી જાઈના એક હજાર ને આઠ પુષ્પો દ્વારા એક હજાર ને આઠ વખત જાપ કરી સિદ્ધ કરવી જોઈએ.

**ગાથા ૩ જી**

આ ગાથામાં એક મંત્ર દર્શાવાયો છે.

'ॐ ह्रां ह्रूं नमो अरिहंताणं ह्रीँ नमः।'

વિધિ—દરરોજ ત્રણે સંધ્યાએ એકસો આઠ શ્વેત પુષ્પો વડે એકાંત સ્થાનમાં જાપ કરવાથી સર્વ સંપત્તિ તથા લક્ષ્મી લાભ થાય છે.

**ગાથા ૪–૫**

આ બે ગાથામાં કોઇ મંત્ર દર્શાવેલ નથી.

આ રીતે દ્વિજપાર્શ્વદેવગણિએ પોતાની રચેલી વૃત્તિમાં ૮ મંત્રો અને એક વિદ્યા દર્શાવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૧૧ ] ૪

# ઉવસગ્ગહરં સ્તોત્રના કલ્પ અંગે

ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓ તથા પદો મન્ત્રાત્મક હોવાથી તે તે ગાથાઓનો જુદા જુદા મંત્રબીજોના સંયોગપૂર્વક જો વિધિ અનુસાર જાપ કરવામાં આવે તો તે વિભિન્ન વિભિન્ન કાર્યોને સાધનાર બને છે.

આ વિગતને જણાવતો ઉવસગ્ગહરં સ્તોત્રનો કલ્પ હોવાનું નોંધાયું છે. શ્રીદ્વિજ-પાર્શ્વદેવગણિએ ઉવસગ્ગહરં સ્તોત્ર પર જે વૃત્તિ રચી છે તેમાં આ કલ્પનો ઉપયોગ કર્યાની નોંધ પણ કરી છે * પરંતુ ઘણો પ્રયાસ કરવા છતાં આ કલ્પ અમને પ્રાપ્ત થયો નથી. તેથી અહીં કલ્પ મૂકવામાં આવ્યો નથી.×

---

* अस्यैव स्तोत्रकल्पानुसारेण चात्मनः स्फुटावबोधनिमित्तं संक्षिप्तवृत्तिर्विधीयते । દ્વિ. પા. વૃ. પૃ. ૯૭

× ઉવસગ્ગહરંનો એક કલ્પ શ્રી અગરચંદજી નાહટા પાસે છે એવું જાણવા મળતાં અમે તે કલ્પ તેમની પાસેથી મંગાવતાં તેમણે તેની નકલ કરાવી અમને મોકલાવી, પણ તે નકલ જોતાં લાગ્યું કે પ્રસ્તુત કલ્પ અત્યંત અશુદ્ધ તથા પૂર્વાપર સંબન્ધ રહિત છે. તેથી અમે તેને મુદ્રિત કરવો ઉચિત માન્યો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૨
# સ્તોત્ર વિભાગ

ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીના નામ માહાત્મ્યને, તેમના ગુણોના માહાત્મ્યને તથા
તેમના મહિમાવંતા પ્રભાવને વર્ણવતાં સ્તોત્રો, છંદો, કાવ્યો, સ્તવનો
વગેરે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હીંદી ભાષામાં વિપુલ પ્રમાણમાં
ઉપલબ્ધ થાય છે, તે સર્વ સાહિત્યને એકઠું કરવામાં
આવે તો એક મોટો મહાકાય ગ્રંથ તૈયાર થાય.
તે સાહિત્યમાંથી કેટલુંક સાહિત્ય અહીં રજૂ
કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૧૨ ] ૧

# ત્રણસો પાંસઠ પાર્શ્વજિનનામમાળા

( શ્રી પ્રેમવિજયકૃત )

## ઢાળ ૧ લી

**શ્રી** સરસતિ મુઝ મતિ આપી પૂરો આસ,
નામ ગ્રહણ કરેસ્યું ત્રિણસિ પાંસઠિ પાસ;
સંખેધ(સ)ર સંતુ સીધુઓ ચંદ્રષેણ રાય,
સવિનો સુખદાયક સામલો પ્રણમું પાય. ॥ ૧ ॥

સુખવિલાસ, સમીજો સુખસેન, સંડેરો દેવ,
સત સતફણો, સેરીસો, સીરોડી કરું સેવ;
સંભેરો સવેલો, સંકટ હરિ સીહ પાસ,
સમીયાણો, સોવનગિર, સહસફણો પુરિ આસ. ॥ ૨ ॥

શ્રીસોમ ચિન્તામણિ, સોપારો, સો(સે)વક સાર,
સુંડાલો સાહિબ સારમંગા ઉદધિ પાર;
સીસોધો, સાંમતા, સોઝીત, સિધપૂરિ ચંગ,
સીધલદીપ, સુરાઉર સુબુધ પૂજું રંગ. ॥ ૩ ॥

પંચાસર, પાવો, પાલવિહાર, પુંડરીક,
પાતો પદ્માવતી પાલી પંચનદ વ છેક;
પારકર પોસીનો પંચફણો પાંચાલ,
પંખેરૂપી પાડો પીવીવાડો પાનોરો વીસાલ. ॥ ૪ ॥

નારંગ નવરંગી નરહડો નવખંડ,
નીલકંઠ નવનીલ નવપલવ અખંડ;
નગરકોટ નાગદ્રહ વિશ્વચિંતામણિ રંગ,
નાગફણિ નવસરિ વિશ્વસ્વામી કરૂં સંગ. ॥ ૫ ॥

નીમોજો નલોડો નાગીસેત ચોમુખ,
નવનિધાન નગીનો નીમોડો દિ સુખ;
મગસી નિ મોહન મનસુખ મનવિલાસ,
માલવ પાસ તુમો બીબીપુર મનરંગ ખાસ. ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણુધર મંગલદીહ મહીયલ મંગલકાર,
મલયાચલ મંડલ મરહઠ મહીય ઉદાર;
મેહુલી મુરજાઇ મદો મથુરા હોઇ,
મૂલનાયક મરીવો માતો મુમુણુ સોઇ. ॥ ૭ ॥

મંજાઉરી મીઢાગિર મંજાઉદ મંડાઉર,
મંગાઉદ મુંડેસિ મંડાહડ મુગમન મજાઉર;
લોડ(ઢ)ણુ નિ લટકણુ લાખીણો લીબોજ,
લખાઉલિ લાડિકો લાડણુ લીબોટો બોજ. ॥ ૮ ॥

## ઢાળ બીજી

હથનાઉર, હરીજ, હેમ, હેમાણો, હમીર,
હેમાચલ, હાંસોટ વલી હરમજ જિનધીર;
વીજિ ચિંતામણિ, વીરસેન વિશ્વભૂષણ વરકાણો,
વાહાલી વંછિતપૂરણ, વસંતપુર વાડી રાણો. ॥ ૯ ॥

વેલોગડી, વેઇ, વાડી, વેણી, વાકોલી;
વાંકારલી વેડચ્છડ વધનોર નઇ વેલાઉલી;
વાણુહી પાસ વેલઓ વીઝેલી વીકાનેર,
વગડી વેગગદ્રો વચ્છેદ વરટાલિ ફેર. ॥ ૧૦ ॥

વિઘનહર વલહી વાકી ભટેઉ સામિ,
ભીડભંજન ભાભો ભોગપુરો લેઉ નામિ,
ભીમસેન ભુહડ જિન ભાવીકો ભીનમાલ,
ભદ્રેસર ભુહર જીરાઉલ ભૂઆલ. ॥ ૧૨ ॥

જગમોહન મનખંત જંગપુરણ જગદીસ,
જપુજ જોધપુર જેસલમેર પુરિ જગીસ;
જવન જવાનો જાખોરો જારોડ,
જિસામ જિસેહર જાઉર જુઠો પુરિ કોડ. ॥ ૧૨ ॥

બીબડોદો બલોલીયો બાહડમેર જાણું,
બંલાજો સ્કુરાબીય બિહરીય વખાણું;
બલોલો બાઓ બીરોજો બાહુલી બોહો,
બાહાધર પુરણ બનથલી બીલવાણી મોહો. ॥ ૧૩ ॥

રાવણુ રોગહર રંગરોલ રવિતેજ જાણું,
રપડી રામો રોડક રણથંભ વખાણું;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંગકરિ નિ વિઘ્નહર રતનભૂષણ ગાસ્યું,
રતનાકર રાણો ખેમકર ખેવડીયો ધાસ્યું. ॥ ૧૪ ॥

ખસખસ ખીમો ખરહડી ખાસ પાસ નમીજે,
ખેતલવસહી ખેડકર ગજગપુર પ્રણમીજે;
ગોખાસ ગોમુખ ગાડરી ગહુઆલો ગંગાહર,
ગોમટ ગોપાવલુ ઘુમલીય ઘીયો સુખકર. ॥ ૧૫ ॥

ઘીતકલોલ રાજ, ધરણીધર, ધર્મધજ જિનરાજ,
ધર્મચિંતામણિ થુણા મતી ધીણોજો આજ;
તિમરી, તિલગાણો, તેજલપુર, થંભણ થીર કહીય,
ધીણોધો, નિ ધાલનેર, ફલવિધી સુખ લહીય. ॥ ૧૬ ॥

ફલભર, ફલોધી, ફરસ ફણ, તીન ફણી જાણું,
તીલો લીયો જિન તેર ફણો, દેલવાડિ વખાણું;
ડઓહી, ડાકર, ડોડીયાલ, ડમરૂં ડુંગરપુર,
દુઃખખંડણ, ડાકી ઢઢેર, ડીકપુરણ નમિ સુર. ॥ ૧૭ ॥

## ઢાળ ૩ જી

છત્રાલો છખપૂરણ, છીછલી છાન છાયાપુર રાજિજી,
છાવઠી છાયાગિર ઇડર ઇદ્દોડા જિન ગાજિજી;
કોકો કલી(લિ)કુંડ કનક કઠોલી કામસેરી કોઠારોજી,
કણુક કંબોઈ કરહડો, કેશ્રીસી કલાલો કનડી દુઃખવારોજી. ॥ ૧૮ ॥

કરકુ કમલ કુંડણ કડેસર, કુંભપુર કામિત પૂરણજી,
કાપડીયો, કરણપુરી, કુંકણ, કોલીયો, કરકટેસ દુઃખ ચૂરણજી;
કુંજર કાકણ ને કોલીયાલી કતબપુરો દુઃખવારિજી,
કલ ધરી કલ્પદ્રુમ કંટસેજ કુસલપુર મનતારિજી. ॥ ૧૯ ॥

કોટી કોરડો કિલવાડિ જિન કુંકુમરોલ નમીજેજી,
અંતરીક અવંતી અમીઝરો અઝારો ધ્યાઇજેજી;
આસાપૂરણ આરાસણ, આમ આરીસો આણંદોજી,
અજોધ્યા આતરી અમીબુંદ અહીછતો સુખકંદોજી. ॥ ૨૦ ॥

અગ્યાર ફણો અભિનવ આણંદપુર આસણ અમૃત પૂરોજી,
અહીછટો ઐરાવણ આહલણપુર આનીવાડો ગુણસૂરોજી;
ચિંતામણિ ચોપટમલિ અભિજન ચિત્રોડો ચારૂપોજી,
ચંદન ચોમુખ ચેલન ચાવોલો, ચોરવાડો બહુરૂપોજી. ॥ ૨૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોવીસવટો ચમીન ચંદ્રપુરી ચંદ્રોડો ચીચલીયજી,
ચોગુણી ચક્રવર્તી દયાપુર દાદો ચંદેરી ચંપાનેરઇજી;
દેવાલી દીપમંગલ દયાથલ, દેલોલીયો દાગમાલોજી,
દુઃખવિહંડણ દસપુર દિગવાડો દોરગુ ચોલરોજી. ॥ ૨૨ ॥

## ઢાળ ૪ થી

શ્રીપુર કોટો દુધવડિ રે અંકારવવર દેવ;
સ્વેત ચિંતામણિ એલીયો રે, એતોલિ કરું સેવ. હો ભવિયા!
પૂજો શ્રી જિન પાસ, જેહના સકલ સુરાસુર દાસ,
જેહનિ નામિ લીલવિલાસ. હો ભવિયા! પૂજો શ્રી જિન પાસ. ॥ ૨૩ ॥

આવલા ઉડણો ઉડીયો ટોકરિ રે, ટાકલો પાસ જિણંદ;
ચરણ પસાય જેહનિ રે, પન્નગ હૂયો ધરણેંદ. હો ભવિયા૦ ॥ ૨૪ ॥

યાદવ દલ જીવાડીયો રે, અભયદેવ તન દીધ,
સુપનાંતર તું સમરીયો રે, તેહનાં વંછિત સીધ. હો ભવિયા૦ ॥ ૨૫ ॥

રોગ જલ જલન વિસહરા રે, નાસિ સપણ ભૂત;
તાહરું નામ જપંતડા રે, લહીઈ કલત્ર વરપુત્ર. હો ભવિયા૦ ॥ ૨૬ ॥

પાંચસિ વાહણ બૂડતાં રે, તેઇ રાખ્યા જગદીસ;
ધનદત્ત શેઠ તણા હુતા રે, પૂગી તાસ જગીસ. હો ભવિયા૦ ॥ ૨૭ ॥

નામ અનેક તુઝ ઠામ ઠાંમિ રે, કહતા ન લહું પાર
પ્રણમિ પ્રહ ઉઠી સદા રે, ધન ધન તસ અવતાર. હો ભવિયા૦ ॥ ૨૮ ॥

પાસ જિણેસર તુમ તણા રે, એણિ કલિજુગ આધાર;
સેવા લહીઇ જો તાહરી રે, તો સહી પામ્યા પાર. હો ભવિયા૦ ॥ ૨૯ ॥

૫ ૫ ૬ ૧
પાંડવ બાણ રસ ચંદ્રમા રે, એ સંવતનું માન;
આસો સુદિ દસમી દિને રે, વાર ગુરુ પ્રધાન. હો ભવિયા૦ ॥ ૩૦ ॥

ત્રિભોવન તિલક ત્રંબાવતી રે, જિહાં શ્રી થંભન પાસ;
અકબરપુર માંહિ પ્રેમવિજય રે, રચ્યું અતિમન ઉહોલાસ (ઉલ્હાસ)
હો ભવિયા૦ પૂજો ॥ ૩૧ ॥

### કલશ

ઇતિ ત્રણિસિ પાંસઠ પાસ જિનની નામમાલા મનોહરુ,
જે ભાવ ભણસિ અને સુણસિ તાસ ઘરિ આણંદ કરુ;
તપગચ્છ શ્રી વિજયસેન રાજા વિમલહરીષ વાચકવરુ,
રત્નહર્ષ બંધુ પ્રેમ બોલિ પાસ જિનેસો ભરુ. ॥ ૩૨ ॥

( ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓમાંથી )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૧૨ ] ૨

# ૧૦૮ નામ ગર્ભિત

## श्री पार्श्वनाथ स्तवन

( श्री शान्तिकुशल मुनीश्वर कृत )

સારદ નામ સોહામણો(ણું ?) મનિં આણી હો અવિહડ રંગ;
પાસ તણો મહિમા કહું [1]યશકીરતિ હો જીમ ગાજે ગંગ. ૧
ગોડી (૧) પરતા પૂરવે ચિંતામણી (૨) હો તું લીલ વિલાસ;
અંતરીક (૩) મોરે મને વરકાણે (૪) હો તું સોહિઇ પાસ. ગોડી૦ ૨
[2]અલવિણ(૫) રાવણ(૬) રાજીઓ જીરાવળ (૭) હો તું જાગઇ દેવ!
કલજુગ પાસ સંખેસરો (૮) [3]બાલુંજે (૯) હો તોરી કીજઈ સેવ. ગોડી૦ ૩
ચોરવાડે (૧૦) મગસીઓ (૧૧) જયો દીવ (૧૨) પાટણ (૧૩) હો ડોકરીઓ પાસ;
(૧૪) દાદો (૧૫) નવખંડ (૧૬) જાણીઈ પાસ ફલવદ્દી (૧૭) હો રાય રાણા દાસ. ગોડી૦ ૪
પંચાસર (૧૮) મહીમંડળે ભલે ભાભો (૧૯) નારિંગો (૨૦) નામ;
નવપલ્લવ (૨૧) કોકો (૨૨) કહ્યો, અઝારે (૨૩) હો તું બેઠો ઠામ. ગોડી૦ ૫
લોડણ (૨૪) તવરી (૨૫) જાણીએ [4]ઉથમણી (૨૬) હો મહિમા ભંડાર;
[5]શિરોઇઈ (૨૭) ત્રેવીશમો કુકડેશર (૨૮) હો સેવક સાધાર. ગોડી૦ ૬
[6]ભોઅણ (૨૯) પાસ ત્રંબાવતી (૩૦) નાકૂડે (૩૧) હો તું ઘૃતકલ્લોલ (૩૨);
સહસફણો (૩૩) ને સાંમલો (૩૪) પાસ પરગટ (૩૫) હો તું કુંકુમરોલ (૩૬) ગોડી૦ ૭
ચિહુરૂપે આરાસણે (૩૭) ધંધાણી (૩૮) હો વંદું નિશદીશ;
ભેનમાળ (૩૯) ઉજેણીએ (૪૦) નેવાજે હો જાણે જગદીશ. ગોડી૦ ૮
ભીડભંજન (૪૧) ભલે સાંભર્યો કર હિંડે (૪૨) હો નાગિદ્રહ (૪૩) જોય;
જેસલમેરે (૪૪) તું જયો અમીઝરો (૪૫) હો [8]મંડોરે (૪૬) હોય. ગોડી૦ ૯
[9]શંખલપુર (૪૭) સિંધુ (૪૮) જયો મુંજપરે (૪૯) હો જોટિંગો (૫૦) પાસ;
મેંમહાવાદિ (૫૧) મનોહર કંઓઇઇ (૫૨) હો તું સોઈ પાસ. ગોડી૦ ૧૦

---

૧ જસ તીરથ, ૨ અલવર, ૩ બલાજઇ, ૪ ઉપમણે, ૫ સીરોડી, ૬ થંભણ, ૭ ચારોપઇ, ૮ મંડોારો, ૯ આ આઠમી કડી છે. જયારે પૂર્વની કડી નવમી છે. વળી સલપણપુર સમીઈજયો એવો પાઠ-ભેદ પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]સાદડી (૫૩) આમોદે (૫૪) વસે કલિકુંડે (૫૫) હો સોઝિત (૫૬) પરિણામ;
[2]પાસ વિહારે આગરે (૫૭) ચાણસમે (૫૮) હો બેડે (૫૯) અભિરામ. ગોડી૦ ૧૧

કપ્પડવણિજે (૬૦) કોરડે (૬૧) [3]હમ્મીરપરિ (૬૨) હો પેંપાડે (૬૩) પાસ;
[4]છકેલી (૬૪) કાછોલીએ (૬૫) મેસાણે (૬૬) હો મેડતા (૬૭) નિવાસ. ગોડી૦ ૧૨

[5]કડિઆઉલે (૬૮) આલુએ (૬૯) શેત્રુંજે (૭૦) વંદું (૭૧) ગિરનારિ;
[6]એઝેવો (૭૨) રાધનપુરે (૭૩) કંબોઇઈ હો સંડેરે (૭૪) સાર. ગોડી૦ ૧૩

તું ભરૂયચિ (૭૫) તું ઈડરેં (૭૬) [7]બનુઆડે (૭૭) હો તુંહિ જ ગુણખાણ;
તું દેલવાડે (૭૮) વડોદરે (૭૯) ડુંગરપરિ (૮૦) હો ગંધારિ (૮૧) વખાણિ. ગોડી૦ ૧૪

વીસલનગરિ (૮૨) વાલહો ડભોઇઇ (૮૩) હો બેઠો જિનરાજ;
[8]વાણિજ (૮૪) ચેલણ (૮૫) પાસજી વેલાઉલ (૮૬) હો વડલી (૮૭) શિરતાજ. ગોડી૦ ૧૫

મહુરપાસ (૮૮) [9]ચેઈવિલી અહિછત્તે (૮૯) હો [10]આણંધો રાય;
નાગપુરેં (૯૦) બીબિપુરેં (૯૧) નડુલાઇં (૯૨) હો ઢીલી (૯૩) [11]મઝારિ. ગોડી૦ ૧૬

ગાડરીઓ (૯૪) માંડવગઢેં (૯૫) [12]તજાારે (૯૬) હો પીરોજા (૯૭) વાસ;
કુંભલમેરેં (૯૮) ગાજીઓ રાણકપુર (૯૯) હો સમર્યો દે સાદ. ગોડી૦ ૧૭

તું [13]વેલાઉલે (૧૦૦) માનીઓ સિદ્ધપુરિ (૧૦૧) હો તું દીવ મઝારિ;
ચિત્રકોટ (૧૦૨) ચંદ્રાવતી (૧૦૩) આસાઉલ (૧૦૪) હો વાંસવાલે (૧૦૫) પારિ. ગોડી૦ ૧૮

[14]મરહઠ (૧૦૬) મથુરા (૧૦૭) જાણીઇ વાણારસી (૧૦૮) હો તું પાસ જિણંદ;
તું સમિઆણે (૧૦૯) સાંભલ્યો [15] તજાારે (૧૧૦) હો તૂઠો જિણચંદ. ગોડી૦ ૧૯

એકસો આઠે આગલા નામે કરી હો થુણિઓ જિનરાજ;
આરતી ટલી આમય ગયો આશા ફલી હો મારા મનની આજ. ગોડી૦ ૨૦

પાસ પ્રભાવે પ્રાગડો મહિમાનિધિ હો તું દેવદયાલ;
એકમના જે ઓલગિં તે પામિ હો લાછી વિશાલ. ગોડી૦ ૨૧

તું મેવાસી ઉજલો તેં માંડી હો મોટી જાત્ર;
ભવના ભાજે સામલા તુજ આગલિ હો નાચે પાત્ર. ગોડી૦ ૨૨

ઉવસ વાસે તું વસેં વાણારસી હો રાણી વામા માત;
અશ્વસેન કુલચંદલો મુજ વહાલો હો તું ત્રિજગ વિખ્યાત. ગોડી૦ ૨૩

છત્ર ધરે ચામર ઢળે ઠકુરાઈ હો ત્રિગડેં [16]જગુભાણ;
ભામંડળ તેજે તપે તુજ વંછે હો દરિસણ દીવાણ. ગોડી૦ ૨૪

---

૧સાદડીઈ માદઇ વસ્યો, ૨ પાલ, ૩ હમીરપુર. ૪ છેછલીઇ, ૫ કડી આહાડે આલૂઈ, ૬ વીઝેવઇ, ૭ બૂઆડિ, ૮ વાડિજ, ૯ વેઈવલી, ૧૦ આણીધુરાય, ૧૧ મનજાય, ૧૨ તું જાઉરિ હો પીરોજાબાદ, ૧૩ નાડુલઇ, ૧૪ મેરહટ, ૧૫ અજારે, ૧૬ જિનભાણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૈરવ [1]દૈત હ્યાલિઓ જખ્ય ચોગણુ હો ડાઇણુ વિકરાલ;
ભૂત ન માગે ભૈરવા તું સમરથ હો ગોડી રખવાલ. ગોડી૦ ૨૫

તું મરુધરનો પાતશાહ એકલમલ હો તું ધિંગડધિંગ;
[2]વારણુ રાખે બારણે તુજ સ્હામો હો કો નકરે સિંગ. ગોડી૦ ૨૬

[3]ઠમ ઠમ ઠાવો ઠાકુરાં ચડા ચાંક હો તું કાઢે મારિ;
રોગ હરે રોગી તણાં તું બેસે હો વનવાડી ઝાડિ. ગોડી૦ ૨૭

તરકસ ભીંડે ગાતડી કર ઝાલિ હો લાલ કબાણ;
નીલડે ઘોડે તું ચઢે [4]તું ફેરે હો ફોજાં કેકાણ. ગોડી૦ ૨૮

નવ નવ રૂપે તું રમે અડવડીઓાં હો [5]દે જિન ! હાથ;
સંઘ તણી સાનિધ કરે [6]તું મેલે હો મેલાવે સાથ. ગોડી૦ ૨૯

અલખ નિરંજન તું [7]જચો અતુલિ બલ હો તું ભૂતલભાણ;
**શાંતિકુશલ** ઇમ વિનવે તું [8]સાહિબ હો ગોડી સુલતાણ. ગોડી૦ ૩૦

તપગચ્છ તિલક [9]સમોવડે પાય પ્રણમી હો વિજયસેન સૂરીશ;
સંવત સોલહ સતસઠે (૧૬૬૭) વીનવીઓ હો ગોડી જગદીશ. ગોડી૦ ૩૧

કલશ—ત્રેવીશમો જિનરાજ જાણી હિઇ આણી વાસના,
નર અમર નારી સેવ સારી ગાયસુ ગુણ **પાસ**ના;
વિનયકુશલ ગુરુચરણ સેવક ગોડી નામે ગહગહ્યો,
કલિકાલમાંહિ પાસ [10]નામિં સેવ કરતા સુખ લહ્યો.

( કાવ્ય સંગ્રહ ભા. ૨ માંથી )

---

૧ દૈવ. ૨ બારિ ન રાખઇ, ૩ થલિ થલિ ઠાવો ઠાકુરો ચેડા ચટક હો, ૪ ફોજફોજે હો ફેરઇ કેકાણ, ૫ તુંહિજ દિ હાથ, ૬ બોલાવઇ હો તું મેલઇ સાથ, ૭ લિખ્યો, ૮ ઠાકુર હો સાહિબ સુલતાણ, ૯ તડોવડિ, ૧૦ પરગટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૧૨ ] ૩

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામોનો છંદ

પાસ જિનરાજ સુણી આજ શંખેશ્વરા,
પરમ પરમેશ્વરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાંગી જરા જાદવોની જઇ,
થિર થઇ શંખપુરી નામ સ્થાપ્યો. પા૦ ૧

સાર કર સાર મનોહારી મહારાજ તું,
માન મુજ વિનતિ મન માચી;
અવર દેવો તણી આશ કુણુ કામની?
સ્વામીની સેવના એક સાચી. પા૦ ૨

તુંહી અરિહંત ભગવંત ભવતારણો,
વારણો વિષમ ભય દુઃખ વાટે;
તુંહી સુખકારણો સારણો કાજ સહુ,
તુંહી મનોહારણો સાચ માટે. પા૦ ૩

અંતરિક અમીઝરા પાસ પંચાસરા,
ભોંયરા પાસ ભાભા ભટેવા;
વિજયચિંતામણિ સોમચિંતામણિ,
સ્વામી સીપ્રાતણી કરો સેવા. પા૦ ૪

ફલવૃદ્ધિપાસ મનમોહના મગસીઆ,
તારસલા નમું નાહીં ત્રોટા,
સકુબલેચા પ્રભુ આસગુલ અરજીઆ,
બંભણા થંભણા પાસ મોટા. પા૦ ૫

ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
હળધરા શામળા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદા વળી,
સુરજમંડણ નમું તરણતારા. પા૦ ૬

જગવલ્લભ કલિકુંડ ચિંતામણિ,
લોઢણા સેરીસા સ્વામી નમીએ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાકોડ નાગા વળી કલિયુગા રાવણા,
પોસીના પાસ નમી દુઃખ દમીએ. પા૦ ૭

સ્વામી માણિક નમું નાથ સારોડીઆ,
નકોડા નેર વાડી જગીશા;
કાયલી દૌલતી થુસમીઆ મુજપુરા,
ગાડરીઆ પ્રભુ ગુણ ગિરીશા. પા૦ ૮

હમીરપુરા પાસ પ્રણમું વળી નવલખા,
ભીડભંજન પ્રભુ ભીડ ભાંગે;
દુઃખભંજન અને ડોકરીઆ નમું,
પાસ જીરાઉલા જગત જાગે. પા૦ ૯

અવંતી ઉજેણીએ સહસફણા સાહિબા,
મહીમદાવાદ કોકો કઠેરા;
નારીંગા ચમુચલા ગાઉં ચાલેસરા,
તવલી ફળવીહર નાગેંદ્ર નેરા. પા૦ ૧૦

પાસ કલ્યાણ ગંગાણીઆ પ્રણમીએ,
પલ્લવિહાર નાગેંદ્રનાથા;
કુરકુટ ઇશ્વરા પાસ છત્રાઅહી,
કમઠદેવે નમ્યા શક્ર સાથા. પા૦ ૧૧

તિમિર ઘોઘો પ્રભુ દુધીઆ વલ્લભા,
સંખલા ઘૃતકલ્લોલા અ બૂઢા;
ધીંગડમલ્લા પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહિ જગત ગૂઢા. પા૦ ૧૨

ચોરવાડી જિનરાજ ઉદામણી,
પાસ અજાવરા ને વનંગા;
કાપડેરા વજેબા પ્રભુ છે છલી (શેષલી),
સુખસાગર તણા કરે સંગા. પા૦ ૧૩

વીજુલા કુરગડુ મંડલિકા વલી,
મહુરીઆ શ્રી ફલોધી અનિદા;
આકુલા પાસ કંસારીઆ ડંબરા,
અનીપલા પાસ પ્રણમું આનંદા. પા૦ ૧૪

નવસારીનાથ નવપલ્લવા પાસજી,
શ્રીમહાદેવ વરકાણુવાસી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાકલા ટાંકલા નવખંડા નમું,
ભવતણી જાય જેથી ઉદાસી. પા૦ ૧૫

મનવંછિત પ્રભુ પાસ જિનને નમું,
પાસ નમું જેહ સાચા નગીના;
દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,
કર્મના કેશરીથી ન બીના. પા૦ ૧૬

અશ્વનૃપનંદ કુળચંદ પ્રભુ અલવળા,
બીબડા પાસ કલ્યાણ રાયા,
હોવે કલ્યાણ જસ નામથી જય હુવે,
જનની વામા તણા જેહ જાયા. પા૦ ૧૭

એક શત આઠ પ્રભુ પાર્શ્વ નામે થુણ્યાં,
સુખ સંપત્તિ લહ્યો સર્વ વાતે;
ઋદ્ધિ યશ સંપદા સુખ શરીરે સદા,
નહિ મણા માહરે કોઈ વાતે. પા૦ ૧૮

સાચ જાણી સ્તવ્યા મન માહરે ગમ્યા,
પાસ હૃદયે રમ્યા પરમ પ્રીતે;
સમીહિત સિદ્ધિ નવનિધિ પામ્યો સહુ,
મુજ થકી જગતમાં કોણ જીતે ? પા૦ ૧૯

કાજ સહુ સારજે શત્રુ સંહારજે,
પાસ શંખેશ્વરા મૌજ પાઉં;
નિત્ય પ્રભાત ઉઠી નમું નાથજી,
તુજ વિના અવર કુણ કામ ધ્યાઉં ? પા૦ ૨૦

અઢાર એકાશીએ ફાલ્ગુન માસીએ;
બીજ કજ્જલપખે છંદ કરીઓ;
ગૌતમ ગુરુ તણા વિજયખુશાલને,
ઉત્તમ સંપદા સુખ વરીઓ. પા૦ ૨૧

—સજ્જન સન્મિત્ર પૃ. ૨૧-૨૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પાર્શ્વનાથ ભગવંતના ૧૦૮ વિશેષણો

## પાર્શ્વનાથ પ્રભુના દિવ્ય એવા ૧૦૮ વિશેષણો આ પ્રમાણે છે:—

(૧) जिन-રાગદ્વેષને જીતનારા.
(૨) परमशङ्कर-ઉત્કૃષ્ટ સુખના કરનારા.
(૩) नाथ-માલિક.
(૪) परमशक्ति-ઉચ્ચ શક્તિવાન્.
(૫) शरण्य-શરણ લેવા યોગ્ય.
(૬) सर्वकामद-સર્વ ઇચ્છિત આપનાર.
(૭) सर्वविघ्नहर-સર્વ વિઘ્ન હરનારા.
(૮) स्वामी-ઉપરી.
(૯) सर्वसिद्धिप्रदायक-સર્વ સિદ્ધિ આપનાર.
(૧૦) सर्वसत्वहित-દરેક જીવોને હિતકારક.
(૧૧) योगी-યોગવાળા.
(૧૨) श्रीकर-ઐહિક અને મોક્ષરૂપી લક્ષ્મીના કરનારા.
(૧૩) परमार्थद-ઉચ્ચ સ્થાન-મોક્ષ આપનાર.
(૧૪) देवदेव-દેવોના પણ દેવ-પૂજનીય.
(૧૫) स्वयंसिद्ध-પોતાની મેળે સિદ્ધ થયેલા.
(૧૬) चिदानन्दमय-કેવળજ્ઞાનરૂપ આનંદવાળા.
(૧૭) शिव-ઉપદ્રવ રહિત.
(૧૮) परमात्मा-ઉત્કૃષ્ટ-નિર્દોષ આત્મા.
(૧૯) परब्रह्म-ઉત્કૃષ્ટ આત્મા.
(૨૦) परम-સર્વથી ઉચ્ચ અથવા ઉત્કૃષ્ટ લક્ષ્મીવાન્.
(૨૧) परमेश्वर-સર્વથી ઉચ્ચ ઠકુરાઈવાળા.
(૨૨) जगन्नाथ-જગતના નાથ.
(૨૩) सुरज्येष्ठ-દેવતાઓમાં મોટા.
(૨૪) भूतेश-પ્રાણીમાત્રના નાયક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૫) पुरुषोत्तम–પુરુષોમાં ઉત્તમ.
(૨૬) सुरेन्द्र–દેવતાઓમાં પરમ ઐશ્વર્યવાળા.
(૨૭) नित्यधर्म–નિત્યધર્મવાળા–હંમેશાં એક સ્થિતિએ રહેનાર.
(૨૮) श्रीनिवास–લક્ષ્મીના નિવાસ સ્થાન.
(૨૯) शुभार्णव–શુભ વસ્તુઓના સમુદ્રરૂપ [ જ્ઞાન દર્શનાદિ અનેક શુભ ગુણ યુક્ત ].
(૩૦) सर्वज्ञ–સર્વ લોક તથા અલોકને કેવળજ્ઞાનથી જાણનાર.
(૩૧) सर्वदर्शी–કેવળદર્શનથી સર્વ લોક તથા અલોકના સ્વરૂપને જોનાર.
(૩૨) सर्वदेवेश–સર્વ દેવોના માલિક.
(૩૩) सर्वद–સર્વ મનોવાંછિતને આપનાર.
(૩૪) सर्वगोत्तम–સર્વવ્યાપી અને ઉત્તમ.
(૩૫) सर्वात्मा–સર્વ ભવ્ય જીવોના આત્મારૂપ.
(૩૬) सर्वव्यापी–સર્વત્ર વ્યાપ્ત.
(૩૭) जगद्गुरु–જગતના ગુરુ.
(૩૮) तत्त्वमूर्त्ति–જીવાદિ તત્ત્વના પ્રરૂપક હોવાથી તત્ત્વમય છે મૂર્તિ જેમની.
(૩૯) परादित्य–ઉદય તથા અસ્ત રહિત, અતાપક, આદિ ગુણ યુક્ત હોવાથી ઉત્કૃષ્ટ સૂર્ય.
(૪૦) परब्रह्मप्रकाशक–અરિહંત–સિદ્ધાદિના સ્વરૂપના પ્રકાશક.
(૪૧) परमेन्दु–નિષ્કલંક, અનેક કળાયુક્ત અને સર્વદા અક્ષય સ્થિતિવાળા હોવાથી ઉત્કૃષ્ટ ચંદ્રમા.
(૪૨) परप्राण–ઉત્કૃષ્ટ પ્રાણરૂપ.
(૪૩) परमामृतसिद्धिद–મોક્ષની સિદ્ધિ આપનાર.
(૪૪) अज–જન્મરહિત.
(૪૫) सनातन–કાયમની સ્થિતિવાળા.
(૪૬) शम्भु–સુખરૂપ બનેલા.
(૪૭) ईश्वर–પરમ ઐશ્વર્યવાળા.
(૪૮) सदाशिव–હમેશાં નિરુપદ્રવ.
(૪૯) विश्वेश्वर–જગતના માલિક.
(૫૦) प्रमोदात्मा–આનંદમય છે આત્મા જેનો.
(૫૧) क्षेत्राधीश–ભવ્યજનોના દેહના માલિક.
(૫૨) शुभप्रद–શુભ–મોક્ષાદિના આપનાર.
(૫૩) साकार–જ્ઞાન દર્શનરૂપ સાકાર જ્ઞાનવાળા.
(૫૪) निराकार–દેહ રહિત હોવાથી આકાર વગરના.
(૫૫) सकल–કલા યુક્ત અથવા અક્ષય સ્થિતિવાળા.
(૫૬) निष्कल–જેનું સ્વરૂપ કળી ન શકાય તેવા.
(૫૭) अव्यय–નાશ રહિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૮) निर्मम-મારાપણાથી રહિત.
(૫૯) निर्विकार-વિકાર વગરના.
(૬૦) निर्विकल्प-વિકલ્પ રહિત.
(૬૧) निरामय-રોગ રહિત.
(૬૨) अमर-જેનું કદિપણ મૃત્યુ થવાનું નથી એવા.
(૬૩) अजर-નથી જરા-ઘડપણ જેમને એવા.
(૬૪) अनन्त-અંત વગરના.
(૬૫) एक-કર્માદિ રહિત હોવાથી એક.
(૬૬) अनन्त-કદી જેમનો નાશ નથી એવા.
(૬૭) शिवात्मक-મુક્ત સ્વરૂપે બનેલા.
(૬૮) अलक्ष्य-અરૂપી હોવાથી જેમનું સ્વરૂપ દૃશ્ય નથી એવા.
(૬૯) अप्रमेय-સામાન્ય જ્ઞાનવાન્ જેના સ્વરૂપનું માન કરી શકે નહિ એવા.
(૭૦) ध्यानलक्ष्य-ધ્યાનથી જેમના સ્વરૂપનો ભાસ થાય છે એવા.
(૭૧) निरञ्जन-નિરાકાર.
(૭૨) ॐकाराकृति-ૐકાર શબ્દરૂપ છે આકૃતિ જેમની એવા.
(૭૩) अव्यक्त-સાધારણ જ્ઞાનવાન્ જેમને જાણી શકે નહિ એવા.
(૭૪) व्यक्तरूप-સર્વ કર્મનો ક્ષય થવાથી પ્રગટ છે શુદ્ધ સ્વરૂપ જેમનું એવા.
(૭૫) त्रयीमय-જ્ઞાન, દર્શન અને ચારિત્રમય.
(૭૬) ब्रह्मद्वय-ચૈતન્ય અને તપ રૂપ બે બ્રહ્મયુક્ત.
(૭૭) प्रकाशात्मा-પ્રકાશ (તેજ) મય છે આત્મા જેમનો એવા.
(૭૮) निर्भय-ભય રહિત.
(૭૯) परमाक्षर-ઉત્કૃષ્ટ.
(૮૦) दिव्यतेजोमय-દેદીપ્યમાન તેજોમય.
(૮૧) शान्त-શાન્ત સ્વરૂપ.
(૮૨) परमामृतमय-ઉચ્ચ મોક્ષસ્થાને પહોંચેલા.
(૮૩) अच्युत-જે સ્થાનથી ફરી ચ્યવન-અવતાર નથી એવા.
(૮૪) आद्य-સર્વ ગુણ સંપન્ન હોવાથી સર્વથી પ્રથમ પંક્તિએ પહોંચેલા.
(૮૫) अनाद्य-અનાદિ કાળના.
(૮૬) परेशान-ઉચ્ચ દરજ્જાની સાહેબીવાળા.
(૮૭) परमेष्ठी-ઉચ્ચ (જેનો બીજો જોટો નથી) સ્થાને સ્થિત થએલા.
(૮૮) परःपुमान्-ઉત્કૃષ્ટ પુરુષ.
(૮૯) शुद्धस्फटिकसंकाश-નિર્મલ સ્ફટિકરત્ન જેવા શુદ્ધ સ્વરૂપી.
(૯૦) स्वयम्भू-પોતાની મેળે મુક્ત બનેલા.
(૯૧) परमाच्युत-ઉત્કૃષ્ટ અને ફરીથી જેમને જન્મ તથા મરણ નથી એવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯૨) व्योमाकारस्वरूप-આકાશના જેવા સ્વરૂપવાળા.
(૯૩) लोकालोकावभासक-લોક તથા અલોકના સ્વરૂપનો ભાસ કરનાર અને કરાવનાર.
(૯૪) ज्ञानात्मा-જ્ઞાનમય છે આત્મા જેમનો એવા.
(૯૫) परमानन्द-ઉત્કૃષ્ટ છે આનંદ જેમને એવા.
(૯૬) प्राणारूढ-દશ પ્રાણના વળગણથી ફરીથી સંસારમાં જેમને ઉગવાનું નથી.
(૯૭) मनःस्थिति-માત્ર મનોરૂપ છે સ્થિતિ જેમની એવા.
(૯૮) मनःसाध्य-મનથી જે સિદ્ધ થઇ શકે (સાધી શકાય) એવા.
(૯૯) मनोध्येय-મનમાં ધ્યાન કરવા યોગ્ય.
(૧૦૦) मनोदृश्य-મનથી દેખી શકાય એવા.
(૧૦૧) परापर-ઉત્કૃષ્ટ અને બીજા દેવોથી ભિન્ન સ્વરૂપવાળા.
(૧૦૨) सर्वतीर्थमय-સર્વતીર્થ સ્વરૂપ.
(૧૦૩) नित्य-અક્ષયસ્થિતિવાળા હોવાથી હમેશના.
(૧૦૪) सर्वदेवमय-સર્વદેવવાળા (જઘન્યથી ક્રોડ દેવતા જેમની સેવા કરે છે એવા).
(૧૦૫) प्रभु-ઉત્કૃષ્ટ સ્વરૂપવાળા થએલા.
(૧૦૬) भगवान्-ભગ શબ્દના ૧૪ અર્થ થાય છે, તેમાંથી પહેલા અને છેલ્લા અર્થને બાદ કરતાં બાકીના બાર અર્થના ગુણોવાળા.
(૧૦૭) सर्वतत्त्वेश-સર્વ જીવાજીવાદિ તત્ત્વનો પ્રકાશ-ઉપદેશ કરનાર હોવાથી તે તત્ત્વોના ઇશ્વર.
(૧૦૮) शिवश्रीसौख्यदायक-મોક્ષ લક્ષ્મીના સુખને આપનાર.

આ પ્રમાણે સર્વ વસ્તુના જાણનાર અને જગતના ગુરુ એવા શ્રીપાર્શ્વનાથપ્રભુના ઉચ્ચ ૧૦૮ વિશેષણો આ સ્થળે જણાવ્યા છે. (૧૫)

પરમ પવિત્ર, ધ્યાન કરવા યોગ્ય, પરમ આનંદના દેનારા, હમેશાં ભુક્તિ તથા મુક્તિના આપનાર અને મંગળના આપનાર આ ૧૦૮ વિશેષણો (પાર્શ્વનાથપ્રભુના) જાણવા. (૧૬)

(શ્રી મંત્રાધિરાજ સ્તોત્ર) જૈન સ્તોત્ર સંદોહ પૃ. ૩૩૨-૩૩૭.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૧૨ ] ૫

## ચતુર્દશ તીર્થસ્થળોમાં વિખ્યાત થયેલાં

# ભગવાન શ્રીપાર્શ્વનાથનાં બિમ્બોનાં નામો.

'ચતુરશીતિમહાતીર્થ નામ સંગ્રહકલ્પ'માં આચાર્ય શ્રીજિનપ્રભસૂરિએ જે જે તીર્થસ્થળોમાં ભગવંત **શ્રી**પાર્શ્વનાથનાં બિમ્બો હતાં તેની યાદી તથા તે તે બિમ્બો કયા કયા નામથી ઓળખાતા હતા તેની વિગત 'વિવિધતીર્થકલ્પ' નામક સ્વરચિત ગ્રંથમાં જણાવી છે જે ઉપયોગી હોવાથી અહીં રજૂ કરી છે.

"અજારામાં **નવનિધિપાર્શ્વનાથ**, સ્તંભનકમાં **ભવભયહરપાર્શ્વનાથ**, ફલોધિમાં **વિશ્વકલ્પલતાપાર્શ્વનાથ**, કરહેટકમાં **ઉપસર્ગહરપાર્શ્વનાથ**, અહિચ્છત્રામાં **ત્રિભુવનભાનુપાર્શ્વનાથ**, કલિકુંડમાં અને નાગહ્રદમાં **શ્રીપાર્શ્વનાથ**, કુક્કુટેશ્વરમાં **વિશ્વગજપાર્શ્વનાથ**, માહેન્દ્ર પર્વતમાં **છાયાપાર્શ્વનાથ**, ઓંકાર પર્વતમાં **સહસ્રફણી પાર્શ્વનાથ**, વારાણસીમાં દણ્ડખાત વિભાગમાં **ભવ્યપુષ્કરાવર્તકપાર્શ્વનાથ**, મહાકાલમાં **પાતાલચક્રવર્તીપાર્શ્વનાથ**, મથુરામાં **કલ્પદ્રુમપાર્શ્વનાથ**, ચંપામાં **અશોકપાર્શ્વનાથ**, મલયાચલમાં **શ્રીપાર્શ્વનાથ.**"*

આ રીતે તે વખતનાં શ્રીપાર્શ્વનાથ સ્વામીથી અધિષ્ઠિત ૧૪ તીર્થસ્થળો કે જ્યાં જુદા જુદા નામથી વિખ્યાત થયેલાં શ્રીપાર્શ્વનાથ સ્વામીનાં બિમ્બો હતાં તે નોંધવામાં આવ્યા છે.



* શંખેશ્વરપાર્શ્વનાથનું 'કલ્યાણકલ્પદ્રુમપાર્શ્વનાથ એવું નામ શંખપુરપાર્શ્વકલ્પમાં શ્રીજિનપ્રભસૂરિએ નીચે પ્રમાણે નોંધ્યું છે.

**'शंखेश्वराधीश्वरपार्श्वनाथ ! कल्याणकल्पद्रुम एष देवः'** વિવિધતીર્થકલ્પ પૃ.–પર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૨] ૬

# ભગવાન શ્રીપાર્શ્વનાથથી પવિત્રિત કેટલાંક તીર્થસ્થળોની નોંધ

ભગવાન શ્રીપાર્શ્વનાથનાં બિમ્બો અન્યાન્ય સ્થળોએ વિશાલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. અને તે બિમ્બોના માહાત્મ્યે એકેક ઇતિહાસ સર્જ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એ ઇતિહાસના યોગે તે તે બિમ્બો પણ નવા નવા નામે ઓળખાય છે. તે નામોને કવિઓએ જુદા જુદા સ્તવનો અને છંદોમાં ગાથાબદ્ધ કર્યાં છે.

કવિ શ્રી નયસુંદરે 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ' નામક એક કાવ્ય રચ્યું છે કે જે ૧૩૨ ગાથા પ્રમાણ છે. તેની રચના વિ. સંવત સોલસો છપ્પનમાં આસો વદ નોમ મંગળવારે પુષ્ય નક્ષત્રમાં કરવામાં આવી છે. તેમાં ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું માહાત્મ્ય વર્ણવતાં તેમનાં બીજાં બીજાં ખ્યાત નામો પણ દર્શાવાયાં છે કે જે તે યુગમાં પ્રાભાવિક ગણાતાં હતાં.

તે છંદમાંથી બિમ્બોના જુદા જુદા પ્રાભાવિક નામો પૂરતો ગાથા ૧૯ થી ગાથા ૫૧ પૂરતો વિભાગ જ અહીં રજૂ કરવામાં આવે છે.

પ્રસ્તુત વિભાગ 'ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ. સંપા૦ ડૉ૦ શાર્લોટ ક્રાઉઝે' માંથી લેવામાં આવેલ છે.

### પૂર્વછાયુ ॥

રાણો રાણિ મિલી સહૂ તુહ પય પૂજે પાસ;
તેં બહુ તીરથિ પોહોવિતલિ કિ બહુ નામ નિવાસ. ॥ ૧૯ ॥

### રૂપક પ્રમાણિકા છંદ ॥

નિવાસ પાસ કિદ્ધઉ અનેકધા પ્રસિદ્ધઉ;
સમહીમ નામ લિદ્ધઉ અનંત સુખ દિદ્ધઉ. ॥ ૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખંભાતિ** ક્ષુદ્રખંડણો અનાડનાડ દંડણો;
અરાતિ જાતિ થંભણો સો પાસિ પૂજિ **થંભણો.** ॥ ૨૧ ॥
**કંસારિ ભીડિભંજનો, કેસરિયો મનરંજનો;**
દારિદ્ર મુદ્ર મંજનો **અજાહરૂ** અગંજનો. ॥ ૨૨ ॥
જો દેખી દુઃખ ધુજીઉ સુ **મહુર પાસ** પૂજિઉ;
**ઘૂઘે** સોજે અખંડઉ સો પાસ **નવખંડઉ.** ॥ ૨૩ ॥
**ડભોઇ** દુઃખમોડણો સો વેલુ **પાસ લોડણો,**
સંસાર ભાર છોડણો કુકર્મ જાલ ફોડણો. ॥ ૨૪ ॥
દક્ષણુ દેશ દક્ષણો જો દુષ્ટ કષ્ટ ધ્રક્ષણો,
સો **અન્તરીક્ષ** રક્ષણો સેવંતિ સો વિચક્ષણો. ॥ ૨૫ ॥
જો ભોગરા પુરંદરો વિઘન્ન શત્ર સંહરો;
કલારહુ કલાધરો અમીઝરૂ **અમીઝરો.** ॥ ૨૬ ॥
નમીસિ **નવપલ્લવો** સો પાસ શત્ર શલ્લવો;
ભીમં (ભં)જનો **ભટેવઓ શ્રીપર્વતો** સુસેવઉ. ॥ ૨૭ ॥
ખાતુ સુ ખંતિ પૂરણો **દાદો** દારિદ્ર ચૂરણો;
નમો **આનંદ પૂરણો** જો કીય લોક જુરણો. ॥ ૨૮ ॥
**શ્રી** પાસજી **પંચાસરો નારિંગ** રંગ દે પુરો;
**વાડિચુ** વ્યાધિવારણો **કોકુ** સુકાજ કારણો. ॥ ૨૯ ॥
**ચારૂપ** ચિત્તિ આવીઉ **ઘૃતકલ્લોલ** ભાવીઉ;
**જીરાઉલ** વધાવીઉ **કડીચુ** દેખી ફાવીઉ. ॥ ૩૦ ॥
**ગુડીચુ** રાય ગાઈઈ **વરકાણુ** રાણુ ધ્યાઇઇ;
**ગારલીઉ** આરાહીઇ વાંછિત અર્થ પાઇઇ. ॥ ૩૧ ॥
ભાભો ભલેસ ભેટીઉ કુકર્મ મર્મ ખેટીઉ;
જિણંદ વંદ **સામલો** વછોડિ ચેત આમલો. ॥ ૩૨ ॥
બીબીપુરે **ચિંતામણી** ભાવટ્ટ ભેઠતાં હણી;
સો **વિજય** આદિમપુરે **ચિંતામણિ** શકંદરે. ॥ ૩૩ ॥
સુરૂપ સોમ આદિમો ચિંતામણિ નમો નમો;
જગત્ર ત્રાણુ લાડણો **સેરીસો** પાસ **લોડણો;** ॥ ૩૪ ॥
**શ્રી** પાસ **સહિસ નવફણો** અવંતિ ઈડરે થુણો;
કાસી વાસી **કરહાટકો** અમિત્ર અંગે ચાટકો ॥ ૩૫ ॥
**કલિકુંડ કુર્કુટેસરો મગસીપાસ શ્રીપુરો;**
**અહિચ્છત્રકો નાગદ્રહો શ્રીમથુરો રાજગ્રહો.** ॥ ૩૬ ॥
**જેસલમેરિ** જાણીઉ **નાગોર સો** વખાણીઉ;
**ગંભીરો ગિરિપુરો** જાણીઉ દારિદ્ર મૂલથી ખણીઉ. ॥ ૩૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશોકલોક અલવરે રાવણ આણ સિર ધરે;
ફલુધીઇ આસાપલી સો ડિલ્લીઈ ખુલા વલી. ॥ ૩૮ ॥
પીરોજપુર ભોયણો અમી અનંત લોયણો;
શ્રી પાસજી આરાસણો ગુડીચો ગાંમે ચોઢણો. ॥ ૩૯ ॥
બીરાજે રણથંભરે મંડોવરો જોધપુરે;
ગ્વાલેર બીકાનેરકો જાલુહુર પુર હમીરકો. ॥ ૪૦ ॥
જવાસ સાગવાટકો કુંકન્ન કલીકોટકો;
ચુપટ્ટમલ્લ સાયકો જિણંદ મૂલનાયકો. ॥ ૪૧ ॥

## પૂર્વછાયુ ॥

નાયક નમો નિરંજન અંજનગિરિ છબી નીલ;
પાસ જિણેસર પૂજીઇ તિમરી ત્રિભુવન ટીલ. ॥ ૪૨ ॥

## રૂપક મુત્તીદામ છંદ ॥

ગુણ ટીલ સમીણહી પાલવિહાર, દીવેચુ દેવ દાહીદ્રો સાર;
આણીઝૂ ઉંબરવાડીય નામ, મહેવાનાથ નાકોડો સ્વામ. ॥ ૪૩ ॥
મેડતીચો પાસ નમો પરમેસ, ગોદડીઉ ગાલે સર્વ કલેસ;
નાડોલ નડુલાઇચુ દેવ, રોહી સુરંગ આબુ ચઉ સેવ. ॥ ૪૪ ॥
રાણપુરિ સાદડી કુંભલમેર દેલુલે દુર્જન કીધા જેર;
ચઉખંભો સ્વામી સમીધો દિઠ્ઠ, ઝાડુલીઉ ધાર દેવાસુ વિસિટ્ટ. ॥ ૪૫ ॥
ગુલવાડીઉ સો આમલેસર રાણ, બલાજો દેવ નમો તિલગાણ;
થુણ્યો પ્રભુ ભીલડી વડલી માંહિ, વીસલપુરિ વંદી પોસીને ઉછાહિ. ॥ ૪૬ ॥
મહિસાણીઉ સત્યકી સો સિદ્ધપુર, નવસારી સૂરત રાધિનપુર;
સામી મહિમદાવાદ પારસનાથ વંદી કર માગી મહોદય સાથ. ॥ ૪૭ ॥
મૃગપલ્લી ગામ ઉનાઓ પાસ રાજનપુરિ રંગિરમિજે રાસ;
રાજનગરમાંહિ આદિ ઠામ અનેક વંદીજે પાસ જિણંદ વિવેક. ॥ ૪૮ ॥

## પૂર્વછાયુ ॥

કરું વિવેકે વંદના નામ ન જાણું છેક;
નમો નમો ત્રીહૂ ભુવન જે તીરથ અવર અનેક. ॥ ૪૯ ॥

## રૂપક પ્રમાણુકા છંદ ॥

અનેક ઈમ તૂ તણા તીરથ નામ છે ઘણા;
મેં બુદ્ધિહીન બાલકે કહિવાઇ સર્વ સીદ્ધ કે. ॥ ૫૦ ॥
તે લક્ષ કોટિ સહુમિલી સો નામ એકે તૂં વલી;
... .... .... .... .... ॥ ૫૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૨] ૭

# શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો અને તે તે પ્રતિમાઓનાં સ્થાનો*

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | | શંખેશ્વર |
| (૨) | શ્રી કેસરીયા | ,, | ભદ્રાવતી |
| (૩) | શ્રી કલિકુંડ | ,, | પાટણ |
| (૪) | શ્રી કરેડા | ,, | ઉદયપુર |
| (૫) | શ્રી કલ્યાણ | ,, | વિસનગર |
| (૬) | શ્રી કાપરડા | ,, | કાપરડા |
| (૭) | શ્રી કુકુંટેશ્વર | ,, | વઢવાણ |
| (૮) | શ્રી કુંડલપુર | ,, | કુંડલપુર |
| (૯) | શ્રી કંકણ | ,, | પાટણ |
| (૧૦) | શ્રી કોકા | ,, | પાટણ |
| (૧૧) | શ્રી કામીકા | ,, | ખંભાત |
| (૧૨) | શ્રી કંબોઈઆ | ,, | કંબોઈ–પાટણ |
| (૧૩) | શ્રી ખામણા | ,, | ભોપાવર |
| (૧૪) | શ્રી ખોયામંડન | ,, | ખોયા |
| (૧૫) | શ્રી ગોડી | ,, | આહોર |
| (૧૬) | શ્રી ગંભીરા | ,, | ગાંભુ |
| (૧૭) | શ્રી ગાલ્લીયા | ,, | માંડલ |
| (૧૮) | શ્રી ગીરૂઆ | ,, | પંજાબ |
| (૧૯) | શ્રી ઘીયા | ,, | પાટણ |
| (૨૦) | શ્રી ઘૃતકલ્લોલ | ,, | સુથરી |
| (૨૧) | શ્રી ચાંપા | ,, | પાટણ |
| (૨૨) | શ્રી ચારૂપ | ,, | ચારૂપ |

* ઉપર્યુક્ત નામો મહાવીરશાસન પાક્ષિક વર્ષ–૧૬ અંક ૧૨ પૃ. ૧૩૭–૩૮ ઉપરથી લીધેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૨૩) | શ્રી ચોરવાડી પાર્શ્વનાથ | ચોરવાડ |
| (૨૪) | શ્રી ચિંતામણી ,, | મુંબઈ |
| (૨૫) | શ્રી ચેલણ ,, | મેવાડ |
| (૨૬) | શ્રી ચંદ્રપાર્શ્વ ,, | રાપર |
| (૨૭) | શ્રી જગવલ્લભ ,, | મલાડ–અમદાવાદ |
| (૨૮) | શ્રી જીરાઉલ્લા ,, | નાંદોલ |
| (૨૯) | શ્રી જોટાવા ,, | ધીણોજ |
| (૩૦) | શ્રી જસોધરા ,, | ભરૂચ |
| (૩૧) | શ્રી જઘડીયા ,, | જઘડીયા |
| (૩૨) | શ્રી જીરા ,, | જીરાગાંવ |
| (૩૩) | શ્રી ટાંકલા ,, | પાટણ |
| (૩૪) | શ્રી ડોસલા ,, | પાલનપુર |
| (૩૫) | શ્રી ડોકરીયા ,, | પ્રભાસપાટણ |
| (૩૬) | શ્રી દવરા ,, | મુળી |
| (૩૭) | શ્રી દોલતી ,, | પાટણ |
| (૩૮) | શ્રી દાદા ,, | વડોદરા |
| (૩૯) | શ્રી તીવરી ,, | તીવરી |
| (૪૦) | શ્રી નવખંડા ,, | ઘોઘા |
| (૪૧) | શ્રી નવલખા ,, | દીવબંદર |
| (૪૨) | શ્રી નવસારી ,, | નવસારી |
| (૪૩) | શ્રી નવપલ્લવ ,, | માંગરોળ |
| (૪૪) | શ્રી નરોડા ,, | નરોડા |
| (૪૫) | શ્રી નાકોડા ,, | બાલોતરા |
| (૪૬) | શ્રી નવફણા ,, | આબુ |
| (૪૭) | શ્રી નાગફણા ,, | ચિત્તોડ |
| (૪૮) | શ્રી નાગપુરા ,, | નાગપુર |
| (૪૯) | શ્રી પલ્લવીયા ,, | પાલનપુર |
| (૫૦) | શ્રી પોસલીયા ,, | એરણપુરા |
| (૫૧) | શ્રી પરોલી ,, | પરોલી (એમ.પી.) |
| (૫૨) | શ્રી પોસીના ,, | પોસીના |
| (૫૩) | શ્રી પંચાસરા ,, | પાટણ |
| (૫૪) | શ્રી ફલોધી (ફલવર્ધી) પાર્શ્વનાથ | ફલોધી |
| (૫૫) | શ્રી બહી પાર્શ્વનાથ | મંદસોર |
| (૫૬) | શ્રી બરેજા ,, | બરેજા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| (૫૭) | શ્રી ભટેવા પાર્શ્વનાથ | | ચાણસ્મા |
| (૫૮) | શ્રી ભાભા | ,, | જામનગર |
| (૫૯) | શ્રી ભીન્નમાલ | ,, | શ્રીમાળનગર |
| (૬૦) | શ્રી ભીડભંજન | ,, | ચાણસ્મા |
| (૬૧) | શ્રી ભીલડીયાજી | ,, | ભીલડી |
| (૬૨) | શ્રી ભદ્રેશ્વર | ,, | ભદ્રેશ્વર |
| (૬૩) | શ્રી મનરંજન | ,, | મહેસાણા |
| (૬૪) | શ્રી મનવાંછિત | ,, | ગામનેર |
| (૬૫) | શ્રી મહાદેવ | ,, | પાટણ |
| (૬૬) | શ્રી મનોરથ | ,, | ચિત્તોડ |
| (૬૭) | શ્રી મનમોહન | ,, | પાટણ |
| (૬૮) | શ્રી મુળેવા | ,, | અમદાવાદ |
| (૬૯) | શ્રી મુહરી | ,, | ટીંટોઇ |
| (૭૦) | શ્રી મોઢેરા | ,, | મોઢેરા |
| (૭૧) | શ્રી મહીમાપુરા | ,, | મુર્શીદાબાદ |
| (૭૨) | શ્રી મક્ષીજી | ,, | ઉજ્જૈન |
| (૭૩) | શ્રી મુલતાન | ,, | મુલતાન |
| (૭૪) | શ્રી રાવણ | ,, | અલવર |
| (૭૫) | શ્રી રૂદ્રવી | ,, | જેસલમેર |
| (૭૬) | શ્રી રાણકપુરા | ,, | રાણકપુર |
| (૭૭) | શ્રી લોઢણ | ,, | ડભોઇ |
| (૭૮) | શ્રી લોહણા | ,, | લોહાણા જંગલ |
| (૭૯) | શ્રી લોદ્રવા | ,, | લોદ્રવા |
| (૮૦) | શ્રી વરકાણા | ,, | રાણી |
| (૮૧) | શ્રી વલા | ,, | પાટણ |
| (૮૨) | શ્રી વહી | ,, | જીર્ણ ભાલવા |
| (૮૩) | શ્રી વાડી | ,, | પાટણ |
| (૮૪) | શ્રી વિઘ્નહરા | ,, | ઉદયપુર |
| (૮૫) | શ્રી વિશ્વચિંતામણી | ,, | ખંભાત |
| (૮૬) | શ્રી સમીના | ,, | ઉદયપુર |
| (૮૭) | શ્રી સહસ્રફણા | ,, | જુનાગઢ |
| (૮૮) | શ્રી સહસ્રકૂટ | ,, | પાટણ |
| (૮૯) | શ્રી સાતફણા | ,, | ભણસાલ |
| (૯૦) | શ્રી સમેરીયા | ,, | લાંગણોદ |

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૯૧) | શ્રી શામલા પાર્શ્વનાથ | પાટણ |
| (૯૨) | શ્રી સુઘદંતી ,, | સુઘદંતી |
| (૯૩) | શ્રી સુરજમંડન ,, | સુરત |
| (૯૪) | શ્રી સુલતાન ,, | સિદ્ધપુર |
| (૯૫) | શ્રી સીરોડીયા ,, | શીરોહી |
| (૯૬) | શ્રી સુખસાગર ,, | અમદાવાદ |
| (૯૭) | શ્રી સેરીસરા ,, | સેરીસા |
| (૯૮) | શ્રી સોગટીયા ,, | નાડૂલાઈ |
| (૯૯) | શ્રી સાવલા ,, | વઢવાણ |
| (૧૦૦) | શ્રી શંખલપુરા ,, | શંખલપુર |
| (૧૦૧) | શ્રી સોમચિંતામણી ,, | ખંભાત |
| (૧૦૨) | શ્રી સાંકલા ,, | પાટણ |
| (૧૦૩) | શ્રી સેસફણા ,, | સણવાલ |
| (૧૦૪) | શ્રી સેસલી ,, | સેસલી |
| (૧૦૫) | શ્રી સ્થંભણ ,, | ખંભાત |
| (૧૦૬) | શ્રી સ્વયંભૂ ,, | કાપરડા |
| (૧૦૭) | શ્રી સોરઠા ,, | વલભીપુર |
| (૧૦૮) | શ્રી અમીઝરા ,, | વડાલી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्री उवसग्गहरंस्तोत्रपादपूर्तिरूपं
## ॥ श्रीपार्श्वस्तोत्रम् ॥
( श्री तेजःसागरप्रणीतम् )

**श्री गुरुभ्यो नमः ।**

उवसग्गहरं पासं. वंदिअ नंदिअ गुणाण आवासं ।
मइसुरसूरिं सूरिं, थोसं दोसं विमुत्तूणं ॥ १ ॥

जह महमहिममहग्घं, पासं वंदामि कम्मघणमुक्कं ।
तह मह गुरुकमजुअलं, थोसामि सुसामि भिच्चुव्व ॥ २ ॥

संसारसारभूअं, कामं नामं धरंति निअहिअए ।
विसहरविसनिन्नासं, धन्ना पुन्ना लहंति सुहं ॥ ३ ॥

सारयससिसंकासं, वयणं नयणुप्पलेहिं वरभासं ।
कुणइ कुकम्मविणासं मंगलकल्लाण आवासं ॥ ४ ॥

विसहरफुलिंगमंतं कुग्गहगहगहिअविहिअपुव्वत्तं ।
कुवलयकुवलयकंतं, मुदं सुहं दिसउ अच्चंतं ॥ ५ ॥

गुरुगुरुगुणमणिमालं, कंठे धारेइ जो सया मणुओ ।
सो सुहगो दुहगो णो, सिवं वरइ हरइ दुहदाहं ॥ ६ ॥

गुरुपायं गुरुपायं, गयरायगइं हु नमइ गयरायं ।
तस्स गहरोगमारी-सुदुट्ठकुट्ठा न पहवंति ॥ ७ ॥

भूवालभालमउड-ट्ठिअमणिमालामऊहसुइपायं ।
जो नमइ तस्स निच्चं, दुट्ठजरा जंति उवसामं ॥ ८ ॥

चिट्ठउ दूरे मंतो, तुह संतो मज्झ तुज्झ भत्तीए ।
सव्वमपुव्वं सिज्झइ, झिज्झइ पावं भवारावं ॥ ९ ॥

अहवा दूरे भत्ती, तुज्झ पणामो वि बहुफलो होइ ।
संसारपारकरणे, सुजाणवत्तु (त्तं) व्व जाणाहि ॥ १० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दंसणदंसणदं तव, दंसणयं लद्धु (द्धूण) सुद्धबुद्धोए ।
नरतिरिएसु वि जीवा, गमणं भमणं व (च) न लहंति ॥ ११ ॥

गुरुमाणं गुरुमाणं गुरुमाणं जे हु दिंति सुगुरूणं ।
ते दुहभवणे भवणे पावंति न दुक्खदोगच्चं ॥ १२ ॥

तुह सम्मत्ते लद्धे, लद्धं सिद्धीइ सुद्धमुद्धा णं ।
रयणे रयणे पत्ते, जह सुलहा रिद्धिसंपत्ती ॥ १३ ॥

सुहवरणे तुह चरणे, चिंतामणिकप्पपायवब्भहिए ।
लद्धे सिद्धिसमिद्धे, लद्धममुद्धं तिजयसारं ॥ १४ ॥

सामी ! कामियदायं, नच्चा सुच्चा जिआ तुमं पत्ता ।
पावंति अविग्घेणं, सिग्घमहग्घं कुसलवग्गं ॥ १५ ॥

तिव्वायरेण भव्वा, तुह मुहकमलाउलेहि असम्मत्ता ।
पावंति पापहीणा, जीवा अयरामरं ठाणं ॥ १६ ॥

इय संथुओ महायस !, निग्गजसकरपयरपाविअसुसोम ! ।
नियमइणो अणुसारा, सारगुणा ते सरंत(ते)ण ॥ १७ ॥

तुह सुहपयगयचित्तेण, भत्तिब्भरनिब्भरेण हिअयेण ।
अह देहि मे हिअकरं, सुचरणसरणं निरावरणं ॥ १८ ॥

बहुरम्मधम्मदेसण-सुणणे थुणणे वि दुलह सम्मत्तो ।
ता देव ! दिज्ज बोहिं, सोहिं को हिंडइ भवंमि ? ॥ १९ ॥

एवं सेवंतेणं, तुह सहगुणकित्तणं मए विहिअं ।
ता देसु मे सुकुसलं, भवे भवे पास ! जिणचंद ! ॥ २० ॥

इअ थुओ सुहओ गुणसंजुओ
ससिगणंवरसुंदरतावणो ।
स उवसग्गहरस्स दलेहि सो
दिसउ तेअसुसायरसंपयं ॥ २१ ॥

—પ્રિ. નૃ. ક.માંથી (શ્રી જિ. સૂ. ગુ. કૃત)

---

ઉવસગ્ગહરં સ્તોત્ર પાદપૂર્તિરૂપ બીજું પણ એક સ્તોત્ર ઉપલબ્ધ થાય છે, પણ તે અશુદ્ધ હોવાથી અહીં મૂકેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उवसग्गहरंस्तोत्रस्य पादपूर्तिरूपं

# पार्श्वजिनस्तोत्रम्

श्री जिनप्रभसूरि (? लक्ष्मीकल्लोलगणि)कृतं

पणमिय सुरनरपुइय-पयकमल पुरिसपुंडरीयपासं ।
संथवणं भत्तिपवणो भणामि भवभमणभीममणो ॥ १ ॥

उवसग्गहरं पासं पणमह नट्ठट्ठकम्मदढपासं ।
रोसरिउभेयपासं विणहियलच्छीतणयपासं ॥ २ ॥

जं जाणइ तेलुक्कं पासं वंदामि कम्मघणमुक्कं ।
जो झाइऊण सुक्कं झाणं पत्तो सिवमलुक्कं ॥ ३ ॥

विसहरविसनिन्नासं रोसगइंदाइभयकयविणासं ।
मेरुगिरिसन्निकासं पूरिअआसं नमह पासं ॥ ४ ॥

मरगयमणितणुभासं मंगल-कल्लाण-आवासं ।
टालियभवसंतासं थुणिमो पासं गुणपयासं ॥ ५ ॥

विसहरफुलिंगमंतं सच्च निच्चं मणे धरिज्जंतं ।
कुणइ विसं उवसंतं भविया ईय मुणह निब्भंतं ॥ ६ ॥

पयपणयदेवदणुओ कंठे धारेइ जो सया मणुओ ।
सो हवइ विमलतणुओ नामक्खरमंत भवि मणुओ ॥ ७ ॥

तस्सग्गहरोगमारी पराभवं न करेइ विसमारी ।
जो तुह सुमरणकारी संसारी पत्तभवपारी ॥ ८ ॥

तस्सइ सिज्झइ कामं दुट्ठजरा जंति उवसामं ।
संथुणइ जो पकामं अभिरामं तुज्झ गुणगामं ॥ ९ ॥

चिट्ठउ दूरे मंतो जो झायइ निच्चमेव एगंतो ।
तुह नाममसंभंतो सो जाइ लच्छिमइ मंतो ॥ १० ॥

न डसइ दुट्ठभोई तुज्झ पणामो वि बहुफलो होइ ।
तुह नामेण वि जोइ न हवइ न पराहवइ कोइ ॥ ११ ॥

नरतिरिएसु वि जीवा भमंति नरए य कायरा कीवा ।
सामिय जिण समय दीवा जेहिं न तुह नामिया गीवा ॥ १२ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रिद्धिं आहेवच्चं पावंति न दुक्खदोगच्चं ।
जे तुह आणा सच्चं पासंति य भावओ निच्चं ॥ १३ ॥

तुह सम्मत्ते लद्धे जीवाणं हवइ सासए सिद्धे ।
अणुवमतेयसमिद्धे अणंतसुहनाणसंबद्धे ॥ १४ ॥

तुह सुरनरवरमहिए चिंतामणिकप्पपायवब्भहिए ।
पयकमले मलरहिए मणभसलो वसउ मह सुहिए ॥ १५ ॥

पावंति अविग्घेणं जीवा जइ दुट्ठदोसवग्घेणं ।
न नडिज्जंति अ सिग्घेणं भवपारं त्रिहियविग्घेणं ॥ १६ ॥

सासयसुक्खनिहाणं जीवा अयरामरं ठाणं ।
लब्भंति तुह पयाणं जेसिं वट्टइ मणे झाणं ॥ १७ ॥

इय संथुओ महायस किंत्तिं दित्ति धियं च मह पयस ।
वयणरस्सि विजियपास, निन्नासिय दुरिय इय अयस ॥१८॥

कलिमलभयरहिएणं भत्तिब्भर निब्भरेण हियएणं ।
थुणिओ हियसहिएणं मए तुमं कम्मवहिएणं ॥ १९ ॥

ता देव दिज्जबोहिं ठवेमि जम्हा पयंमि तुह गेहं ।
कयपावस्स य सोहिं कुणसु भवारण्ण भवणेहिं ॥ २० ॥

अवगयपवयणनिस्संद भवे भवे पास जिणचंद ।
तुह पय पकयमयरंद-भसलत्त भवउ महचंद ॥ २१ ॥

*सिरिभद्दबाहुरइयस्स जिणपहसूरिहि मं सपहावं ।
संथवण एस समग्गस्स विहियं त्रिबुहाणयपयस्स ॥ २२ ॥

इति श्री उपसर्गहरस्य स्तवन संपूर्ण ॥

संवत् १७६४ वर्षे मिती श्रावण वदि १३ दिने लिपी कृत ॥ पं. जीवराज वाचनार्थं ॥

( અગરચંદજી નાહટા દ્વારા પ્રાપ્ત )

---

* श्री अगरचंदजी नाहटा द्वारा जैनसत्यप्रकाशे प्रकाशितस्तोत्रे अतः परं एवं पाठ उपलभ्यते :—

उवज्झाय हरिसकल्लोल–सीसेणं भद्दबाहु रइयस्य संथवणस्स समस्सा विहिया बुहाण य पसस्सा ।

इत्युपसर्गहरस्तवाम्नाय संप्रदायगर्भा श्रशुभकत्रं । त्रविचित्रपत्र (?) मंत्र जीयात् । पं. लक्ष्मीकल्लोलगणिकृतं समस्यास्तोत्रम् .

જૈન સત્ય પ્રકાશ વર્ષ ૫ મું. પૃષ્ઠ ૪૫૧–૨

---

પૃ. ૧૬૭ ની પાદનોંધમાં અમે જણાવેલ છે કે 'ઉવસગ્ગહરં સ્તોત્ર પાદપૂર્તિરૂપ બીજું પણ એક સ્તોત્ર ઉપલબ્ધ થાય છે, પણ તે અશુદ્ધ હોવાથી અહિં મૂકેલ નથી.' તે સ્તોત્ર પાછળથી 'જૈન સત્ય પ્રકાશ માસિક'માં કંઇક વિશેષ શુદ્ધ રીતે જોવા મળવાથી તેને યથાશકય વ્યવસ્થિત કરીને અહીં રજૂ કરેલ છે. —સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂરવણી

## યંત્રલેખન પ્રકાર

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથામાંથી યંત્ર મંત્રના જાણકાર ટીકાકાર મહર્ષિઓએ ૭ યંત્રો તથા આઠમા દેવકુલનો ઉદ્ધાર કરી બતાવ્યો છે જે નિમ્નોક્ત પ્રકારે છે.

**યંત્ર નં. ૧ જગદ્વલ્લભકર યંત્ર—**

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.

૨ તેની કર્ણિકામાં એક ચતુરસ્ર આલેખી તેમાં ૐકારનો ન્યાસ કરવો.

૩ ૐકારના ગર્ભમાં સાધકનું નામ લખવું.
( અહિં સાધકના નામના સંકેત સ્વરૂપે 'દેવદત્ત' એવું આલેખન કરેલ છે. )

૪ કમલના ચાર દલો પૈકી પ્રત્યેક દલમાં 'पार्श्वनाथ' એ અક્ષર ચતુષ્ટય પૈકી પ્રત્યેક અક્ષરનો ન્યાસ કરવો.

૫ તે ચતુર્દલ કમલના બહિર્ભાગમાં એક વલયનું આલેખન કરવું.

૬ વલય સાથે ચતુર્દલના સંધિ વિભાગમાં हर ચતુષ્ટયનો અનુક્રમે ન્યાસ કરવો.

૭ ઉપર્યુક્ત વલયના બહિર્ભાગમાં દ્વાદશસ્વર યુક્ત हकारનો ન્યાસ કરવો.

૮ નિર્દિષ્ટ હકારની બહાર માયાબીજ ( ह्रीँकार ) દ્વારા સાડા ત્રણ રેખાથી આલેખન કરવું.

૯ અને તેનો અંકુશ (क्रौँकार)થી નિરોધ કરવો *

**યંત્ર નં. ૨ સૌભાગ્યકર યંત્ર**—આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે.

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.

૨ તેની મધ્યમાં એક વલય આલેખવું.

૩ વલયના મધ્યભાગમાં वंकारનો ન્યાસ કરવો.

૪ वंकारના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

---

* મહાપ્રાભાવિક નવસ્મરણમાં આ યંત્રો આલેખેલાં છે. ત્યાં યંત્રનો क्रौँकारથી નિરોધ કરેલ નથી. તેથી અમે પણ યંત્ર ચિત્રમાં क्रौँकार આલેખેલ નથી પણ તે વિષયના જ્ઞાતાઓનું કથન છે કે દરેક યંત્રનો क्रौँकारથી નિરોધ કરવો જરૂરી છે માટે ત્યાં क्रौँकार ન હોવા છતાં ય વાચકોએ ત્યાં क्रौँकार સમજવો આવશ્યક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ કમલના ચાર દલોમાં 'पार्श्वनाथ' એ અક્ષર ચતુષ્ટય પૈકી દરેક અક્ષરનો અનુક્રમે દરેક દલમાં ન્યાસ કરવો.

૬ દલોના સંધિભાગમાં હર ચતુષ્ટયનો ન્યાસ કરવો.

૭ ઉપર્યુક્ત વલયના બહિર્ભાગમાં દ્વાદશ સ્વર સંયુક્ત હકારનો તે વલય ફરતો ન્યાસ કરવો.

૮ નિર્દિષ્ટ હકારની બહાર માયાબીજ દ્વારા સાડા ત્રણ રેખાથી આવેષ્ટન કરવું.

૯ અને તેનો અંકુશથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૩ લક્ષ્મીવૃદ્ધિકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે:—

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.

૨ તેની કર્ણિકામાં ह्रींકારનો ન્યાસ કરવો.

૩ ह्रींકારના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

૪ કમલના ચાર દલોમાં ક્રમશઃ 'पार्श्वनाथ' અક્ષર ચતુષ્ટયના દરેક અક્ષરનો અનુક્રમે દરેક દલમાં ન્યાસ કરવો.

૫ વલયના ચતુર્દલના સંધિભાગમાં हर ચતુષ્ટયનો અનુક્રમે ન્યાસ કરવો.

૬ ઉપર્યુક્ત વલયના બહિર્ભાગમાં દ્વાદશ સ્વર સંયુક્ત हકારનો તે વલય ફરતો ન્યાસ કરવો.

૭ તે વલય ફરતું એક અન્ય વલય આલેખી अ થી क्ष સુધીના માતૃકાક્ષરોનો ન્યાસ કરવો.

૮ નિર્દિષ્ટ માતૃકાક્ષરોની બહાર માયાબીજ દ્વારા સાડી ત્રણ રેખાથી આવેષ્ટન કરવું.

૯ તેનો क्रौंકારથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૪ ભૂતાદિનિગ્રહકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે.

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.

૨ કમલની કર્ણિકામાં 'हुं'કારનું આલેખન કરવું.

૩ 'हुं'કારના ગર્ભમાં સાધકના નામનો ન્યાસ કરવો.

૪ કમલના ચાર દલો પૈકી પ્રત્યેક દલમાં 'पा, र्श्व, ना, थ' અક્ષર ચતુષ્ટયના દરેક અક્ષરનો અનુક્રમે દરેક દલમાં ન્યાસ કરવો,

૫ ચતુર્દલના સંધિ વિભાગમાં 'हर' ચતુષ્ટયનું આલેખન કરવું.

૬ ચતુર્દલ કમલના બહિર્ભાગમાં એક વલયનું આલેખન કરવું.

૭ તે વલયના બહિર્ભાગમાં દ્વાદશ સ્વર સંયુક્ત हકારનો તે વલય ફરતો ન્યાસ કરવો.

૮ તે વલય ફરતું એક અન્ય વલય આલેખી अ થી क्ष સુધીના માતૃકાક્ષરો આલેખવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ નિર્દિષ્ટ માતૃકાક્ષરોની બહાર માયાબીજ દ્વારા સાડીત્રણ રેખાથી આવેષ્ટન કરવું.
૧૦ તેનો ક્રૌંકારથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૫ જ્વરનિગ્રહકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે.

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.
૨ તેની મધ્ય કર્ણિકામાં હૂં તથા ક્ષું નું આલેખન કરવું.
૩ તેની મધ્યમાં સાધકનું નામ આલેખવું.
૪ કમલના ચતુર્દલોમાં 'पार्श्वनाथ' એ અક્ષર ચતુષ્ટય પૈકી પ્રત્યેક અક્ષરનો ન્યાસ કરવો.
૫ દલના સંધિભાગમા હ્ર ચતુષ્ટયનો અનુક્રમે ન્યાસ કરવો.
૬ ઉપર્યુક્ત વલયના બહિર્ભાગના વલયને ઠકારથી પરિપૂરિત કરવું.
૭ પ્રસ્તુત વલયના બહિર્ભાગમાં अ થી अः સુધીના સોળ સ્વરો આલેખવા.
૮ પ્રસ્તુત યંત્રને માયાબીજ દ્વારા સાડી ત્રણ રેખાથી આવેષ્ટિત કરવું.
૯ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૬ શાકિનીનિગ્રહકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે—

૧ એક અષ્ટદલ કમલનું આલેખન કરવું.
૨ તેની કર્ણિકામાં વંકાર તથા ઝંકારનો ન્યાસ કરવો.
૩ તેની મધ્યમાં સાધકનું નામ આલેખવું.
૪ બહારના આઠ દલોમાં ॐ पार्श्वनाथाय स्वाहा આ આઠ અક્ષરો પૈકી પ્રત્યેક અક્ષરનો ન્યાસ કરવો.
૫ દલોના સંધિભાગમાં પ્રત્યેક સંધિમાં એકેક અક્ષરનો ન્યાસ કરવાપૂર્વક હ્ર ચતુષ્ટયનું આલેખન કરવું.
૬ દલો ફરતું એક વલય આલેખી તેને ઠકારથી પરિપૂરિત કરવું.
૭ પ્રસ્તુત વલયના બહિર્ભાગમાં अ થી क्ष સુધીના માતૃકાક્ષરો આલેખવા.
૮ પ્રસ્તુત યંત્રને માયાબીજ દ્વારા ત્રણ રેખાથી આવેષ્ટિત કરવું.
૯ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૭ વિષમવિષનિગ્રહકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે—

૧ એક વલયનું આલેખન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ તેની મધ્યમાં હુંકાર આલેખવો.

૩ તેના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

૪ હુંકારના બહિર્ભાગમાં એક વર્તુલ આલેખવું.

૫ તે વલયને હ્રીઁકારથી પરિપૂરિત કરવું.

૬ પ્રસ્તુત વલય ફરતું એક અન્ય વલય આલેખવું.

૭ તે વલયમાં આઠ દિશામાં ॐ पार्श्वनाथाय स्वाहा એ આઠ અક્ષરો ક્રમશઃ પ્રત્યેક દિશામાં આલેખવા.

૮ પ્રસ્તુત યંત્રને હ્રીઁકારની સાડીત્રણ રેખાઓથી આવેષ્ટિત કરવું.

૯ પ્રાન્તે ક્રૌઁકારથી નિરોધ કરવો.

### યંત્ર નં. ૮ દેવકુલ—

૧ સાત વલયનું એક ચક્ર આલેખવું.

૨ મધ્ય વલયમાં य्म्ल्व्र्यूँ આલેખી તેના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

૩ બીજા વલયમાં આઠેય દિશામાં આઠ हम्ल्व्र्यूँનો ન્યાસ કરવો.

૪ ત્રીજા વલયમાં अ થી अः સુધીના માતૃકાક્ષરોને સ્થાપિત કરવા.

૫ ચોથા વલયમાં ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ આઠેય દિશામાં નીચેના કૂટાક્ષરોનો ક્રમશઃ ન્યાસ કરવો.

कम्ल्व्र्यूँ चम्ल्व्र्यूँ टम्ल्व्र्यूँ त्म्ल्व्र्यूँ क्ष्म्ल्व्र्यूँ ठम्ल्व्र्यूँ धम्ल्व्र्यूँ भ्म्ल्व्र्यूँ.

૬ પાંચમાં વલયમાં ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ આઠેય દિશામાં નીચેના પદોનો ક્રમશઃ ન્યાસ કરવો.

ॐ ब्रह्माण्यै नमः ॐ कुमार्यै नमः ॐ इन्द्राण्यै नमः ॐ माहेश्वर्यै नमः ॐ वाराह्यै नमः ॐ वैष्णव्यै नमः ॐ चामुंडायै नमः ॐ गणपतये नमः ।

૭ ૬ઠ્ઠા વલયમાં य्म्ल्व्र्यूँ यः हाः हाः आँ क्रौँ क्षीँ ह्रीँ क्लीँ ब्लूँ द्राँ द्रीँ पार्श्वयक्षिणी मातृ-ब्रह्माणी दूतिका सहिते नमः આ અક્ષરોનો ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ ન્યાસ કરવો.

૮ ૭ મા વલયમાં क થી આરંભી ह સુધીના કૂટાક્ષરોનો ક્રમશઃ ન્યાસ કરવો.

૯ સંપૂર્ણ યંત્રને હ્રીઁકારથી સાડીત્રણ રેખાથી વેષ્ટિત કરી ક્રૌઁકારથી નિરુદ્ધ કરવું.

### યંત્ર નં. ૯ સર્વસંપત્કર બૃહચ્ચક્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે—

૧ એક વૃત્ત વલય આલેખવું.

૨ તેની મધ્ય કર્ણિકામાં હ્રીઁકારનો ન્યાસ કરવો.

૩ હ્રીઁકારના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ કર્ણિકાની બહારના આઠ દલોમાં ક્રમશઃ ઉર્ધ્વદિશાના ક્રમથી 'ॐ पार्श्वनाथाय ह्रीँ नमः' એ આઠ અક્ષરોનો ન્યાસ કરવો.

૫ ઉપર્યુક્ત કમલની બહારના ચાર દલોમાં ક્રમશઃ 'ॐ ब्रह्मणे नमः ॐ धरणेन्द्राय नमः ॐ नागाय नमः ॐ पद्मावत्यै नमः' અક્ષરો આલેખવા તથા કમલની દક્ષિણ દિશામાં પાર્શ્વયક્ષ તથા વામ દિશામાં પાર્શ્વયક્ષિણીનું આલેખન કરવું. (યંત્રમાં ચિત્ર દોરવાને બદલે કેવળ શબ્દનું આલેખન કર્યું છે.)

૬ તે ચાર દલોને अ થી अः સુધીના સ્વરોથી વેષ્ટિત કરવાં.

૭ તેની બહાર અષ્ટદળ કમળ આલેખી તેમાં ઉર્ધ્વદિશાથી આરંભી ॐ ह्रीँ श्रीँ हूँ । नमिऊण । पास । विसहर । वसहजिण । फुलिंग । ह्रीँ । नमः । આ મંત્રરાજની સ્થાપના કરવી.

૮ તે પછી વળી અષ્ટદલ આલેખી તેમાં ક્રમશઃ ઉર્ધ્વદિશાથી આરંભી ॐ नमो अरिहंताणं ह्रीँ नमः । ॐ नमो सिद्धाणं ह्रीँ नमः । ॐ नमो आयरियाणं ह्रीँ नमः । ॐ नमो उवज्झायाणं ह्रीँ नमः । ॐ नमो लोए सव्वसाहूणं ह्रीँ नमः । ॐ नमो ज्ञानाय ह्रीँ नमः । ॐ नमो दर्शनाय ह्रीँ नमः । ॐ नमश्चारित्राय ह्रीँ नमः । આ આઠ પદો આલેખવાં.

૯ તે પછી ષોડશદલ આલેખી તેમાં ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ સોળ વિદ્યાદેવીઓનાં નામ આદિમાં પ્રણવ તથા પ્રાન્તે 'नमः' થી સંપુટ કરવાપૂર્વક પ્રતિદલમાં આલેખવાં.

૧૦ તે પછી પણ ચોવીસ દલનું પદ્મ આલેખી તેમાં જિનેન્દ્ર ભગવંતોની માતાઓનાં નામ આદિમાં ॐ ह्रीँ તથા પ્રાન્તે नमः થી સંપુટ કરવાપૂર્વક ઉર્ધ્વદિશાથી આલેખવાં.

૧૧ તે પછી ષોડશદલનું પદ્મ આલેખી પ્રત્યેક પદ્મના દલમાં ઉર્ધ્વદિશાથી આરંભી આઠ દિશામાં ક્રમશઃ इन्द्र, अग्नि, यम, नैऋत, वरुण, वायु, कुबेर અને ઈશાન આ આઠ દિક્પાલોનો આદિમાં ॐકાર તથા પ્રાન્તે ह्रीँ नमः થી સંપુટ કરવાપૂર્વક ન્યાસ કરવો. પ્રત્યેક દિક્પાલના મધ્યવર્તી અંતરોમાં ક્રમશઃ जया, अजिता, अपराजिता, जंभा, मोहा, वीरा तारा તથા विजया આ આઠ દેવીઓનો આદિમાં 'ॐ'કાર તથા પ્રાન્તે 'ह्रीँ नमः' દ્વારા સંપુટ કરવાપૂર્વક ન્યાસ કરવો.

૧૨ તેની બહાર આઠ દલોમાં ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ આઠેય દિશામાં आदित्य, सोम, मंगल, बुध, बृहस्पति, शुक्र, शनैश्चर તથા राहु–केतुનો આદિમાં 'ॐ'કાર તથા પ્રાન્તે 'नमः' થી સંપુટ કરવાપૂર્વક ન્યાસ કરવો.

૧૩ સમગ્ર યંત્રને ह्रीँકાર દ્વારા સાડીત્રણ રેખાથી આવેષ્ટિત કરવું.

૧૪ પ્રાન્તે क्रौँકારથી નિરોધ કરવો.

૧૫ તે પછી ચતુષ્કોણ મહેન્દ્રમંડલ આલેખવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬ તેને વજ્રથી અંકિત કરવું તથા ચાર કોણોમાં લલ એ અક્ષર યુગલથી તથા ચાર દિશામાં ક્ષિક્ષિ એ અક્ષર યુગલથી કલિત કરવું.

૧૭ આ ચતુષ્કોણમાં યન્ત્રને સ્થાપવું.

## યંત્ર નં. ૧૦ ચિન્તામણિચક્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે—

૧ સર્વ પ્રથમ ધરણેન્દ્રથી જેમને છત્ર ધરાયું છે એવી ભગવંત શ્રી પાર્શ્વનાથની પ્રતિકૃતિ એક દ્વાદશદલ કમલની કર્ણિકામાં સ્થાપવી.

૨ તે પ્રતિકૃતિના અધોભાગમાં હ્રીઁકારનું આલેખન કરવું.

૩ કર્ણિકાની બહારના ચાર દલોમાં ક્રમશઃ पा, र्श्व, ना, थ, એ એકેક અક્ષરનો ન્યાસ કરવો.

૪ તે ચતુર્દલની બહાર એક અષ્ટકોણ ચક્ર આલેખવું. તે ચક્રની આઠ દિશાના આઠ દલોમાં ક્રમશઃ 'ॐ ब्म्ल्व्र्यूँ ब्रह्मणे नमः, ॐ धम्ल्व्र्यूँ धरणेन्द्राय नमः, ॐ न्म्ल्व्र्यूँ, नागाय नमः, ॐ प्म्ल्व्र्यूँ पद्मावत्यै नमः આ આઠ પદો આલેખવાં.

૫ અને તેની બહારના ભાગમાં 'ह्रीँ ॐ हः हः हः देव त्रासय त्रासय ॐ क्ष्वीँ सं हं सः यः यः यः क्षिप ॐ स्वाहा' એ અક્ષરોનો ઉર્ધ્વદિશાથી આરંભી ક્રમશઃ ન્યાસ કરી ઉપરના અષ્ટકોણને વેષ્ટિત કરવું.

૬ તે પછી એક વલય આલેખી તેમાં अ થી આરંભી अः સુધીના ૧૬ સ્વરોનો ન્યાસ કરવો.

૭ તે પછી એક અષ્ટદલ (કમલ) આલેખી તેમાં 'ॐ नमो अरिहंताणं ह्रीँ नमः' થી આરંભી 'ॐ चारित्राय ह्रीँ नमः' પર્યંતના પદો પૂર્વ યંત્રની માફક સ્થાપિત કરવા.

૮ તે અષ્ટદલને ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથાનો ૐકારપૂર્વક ન્યાસ કરીને તેનાથી વેષ્ટિત કરવું.

૯ તે પછી એક વલય આલખી તેમાં अनन्त, कुलिक, वासुकि, शंखपाल, तक्षक, कर्कोटक, पद्म, महापद्म આ આઠ નામોને પ્રત્યેકને આદિમાં ૐકાર તથા પ્રાન્તે नमः થી સંપુટ કરી સ્થાપવાં.

## યંત્ર નં. ૧૧ મૃતવત્સાદિ દોષનિવારક યંત્ર—

ત્રીજી ગાથામાં ૧૦ યંત્રો દર્શાવ્યા છે. જેમાં પ્રથમ મૃતવત્સાદિ દોષનિવારક યંત્ર છે. આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે—

૧ એક અષ્ટદલ કમલનું આલેખન કરવું.

૨ તેની મધ્ય કર્ણિકામાં એક વર્તુલનું આલેખન કરવું અને તેમાં ચારે દિશામાં ક્રમશઃ ह्रीँ दे क्षुं व અક્ષરોનું આલેખન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ કમલની ચાર દિશાના ચારે ય દલોમાં ह्रीँ क्ष्रूँ ह्रौँ એ અક્ષરો આલેખવા અને ચાર વિદિશાના ચાર દલોમાં સાધકનું નામ લખવું.

૪ નિર્દિષ્ટ દલોની બહાર માયાબીજ (ह्रीँકાર) દ્વારા સાડાત્રણ રેખાથી આવેષ્ટન કરવું.

૫ અને તેનો અંકુશ-क्रौंકારથી નિરોધ કરવો.*

**યંત્ર નં. ૧૨ બાલગ્રહરક્ષાકર યંત્ર—**

આ યંત્રનું આલેખન નિમ્નલિખિત પ્રકારે કરવામાં આવે છેઃ—

એક વર્તુલનું આલેખન કરવું.

૨ તેમાં મધ્યમાં વંકારનો ન્યાસ કરવો. તેના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.

૩ તે વર્તુલ ફરતું એક વલય આલેખવું અને તે વલયમાં अ થી अः સુધીના ૧૬ સ્વરોનો ન્યાસ કરવો.

૪ તેના ફરતું એક વલય આલેખી તેને 'ॐ ह्राँ ह्रीँ ऐँ क्ष्रीँ चामुंडे स्वाहा' મંત્રાક્ષરોથી સંભૃત કરવું

૫ વલયને માયાબીજની સાડીત્રણ રેખાથી વેષ્ટિત કરવું.

૬ પ્રાન્તે क्रौँકારથી નિરોધ કરવો.

**યંત્ર નં. ૧૩ સૌભાગ્યકર યંત્ર—**

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે—

૧ એક અષ્ટદલ કમલનું આલેખન કરવું.

૨ કમલની કર્ણિકામાં ह्रीँકાર લખી તેની મધ્યમાં સાધકનું નામ આલેખવું.

૩ કમલના આઠ દલોમાં આઠ ह्रीँકારનો ન્યાસ કરવો.

૪ કમલના દલો ફરતું ह्रीँકારની સાડી ત્રણ રેખાથી આવેષ્ટન કરવું.

૫ પ્રાન્તે ह्रीँકારને क्रौँકારથી નિરુદ્ધ કરવો.

**યંત્ર નં. ૧૪ ક્ષુદ્રોપદ્રવ રૌદ્રોપસર્ગશામક યંત્ર—**

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે.

૧ એક ચતુર્દલ કમલનું આલેખન કરવું.

૨ તેની કર્ણિકામાં વંકાર આલેખી તેની મધ્યમાં સાધકનું નામ આલેખવું.

---

* મૂળ ગ્રંથમાં क्रौँકારથી નિરોધ કરવાનું લખ્યું નથી તેથી યંત્રના ચિત્રમાં क्रौँકારથી નિરોધ દર્શાવ્યો નથી પણ તે વિષયના જાણકારો क्रौँકારથી નિરોધ કરવાનું ન લખ્યું હોવા છતાં ય क्रौँકારથી નિરોધ કરવાનું જણાવે છે તેથી તે મુજબ અહીં નિરોધ કરવા જણાવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ ચાર દલોમાં વંકારની સ્થાપના કરવી.

૪ તેની બહાર આઠ દલો આલેખી તેમાં આઠ રંકારનો ન્યાસ કરવો.

૫ પ્રસ્તુત યંત્રને હ્રૌંકારની સાડાત્રણ રેખાથી વેષ્ટિત કરવું.

૬ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

### યંત્ર નં. ૧૫ ચૌરભયનિવારક યંત્ર—

૧ અષ્ટદલ કમલ આલેખવું.

૨ તેની કર્ણિકામાં હ્રીંકાર આલેખી તેની અંદર સાધકનું નામ આલેખવું.

૩ બહારના અષ્ટદલોમાં હ્રીં દે હ્મ્લ્વ્યૂં વ હ્રીં આ અક્ષરો પ્રત્યેક દલમાં આલેખવાં.

૪ યંત્રને હ્રીંકારથી સાડીત્રણ વાર વેષ્ટિત કરવું.

૫ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

### યંત્ર નં. ૧૬ સૌભાગ્યકર યંત્ર—

[પ્રથમ એક સૌભાગ્યકર યંત્ર, યંત્ર નં. ૧૩ તરીકે દર્શાવેલ છે. આ બીજા પ્રકારનું સૌભાગ્યકર યંત્ર છે.]

૧ એક અષ્ટદલ કમલ આલેખવું.

૨ તેની મધ્યની કર્ણિકાને હ્રી દેં એ અક્ષરોથી સંભૃત કરવી.

૩ બહારના આઠ દલોમાં આઠ હ્રૌંકારનો ન્યાસ કરવો.

૪ યંત્રને હ્રૌંકારથી સાડાત્રણ વાર વેષ્ટિત કરવો.

૫ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

### યંત્ર નં. ૧૭ સર્વજનપ્રિયંકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ આ પ્રમાણે છે.

૧ એક અષ્ટદલ કમલ આલેખવું.

૨ તેની કર્ણિકામાં હ્રૌંકારનો ન્યાસ કરવો.

૩ બહારના આઠ દલોમાં આઠ હ્રૌંકાર આલેખવા.

૪ યંત્રને હ્રીંકારથી સાડાત્રણ વાર વેષ્ટિત કરવો.

૫ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

### યંત્ર નં. ૧૮ બાલરક્ષાકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ આ પ્રમાણે છેઃ—

૧ એક અષ્ટદલ કમલનું આલેખન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ તેની મધ્યમાં હ્રીંકાર આલેખી મધ્યમાં સાધકનું નામ લખવું.
૩ કર્ણિકાની બહાર આઠ દલોમાં આઠ રકાર આલેખવા.
૪ યંત્રને હ્રીંકારથી સાડાત્રણવાર વેષ્ટિત કરવો.
૫ પ્રાન્તે ક્રૌંકારથી નિરોધ કરવો.

## યંત્ર નં. ૧૯ અપસ્મારાદિ રોગનિવારક યંત્ર—

૧ એક અષ્ટદલ કમલનું આલેખન કરવું.
૨ કમલની કર્ણિકામાં હ્રીંકાર આલેખી મધ્યમાં સાધકનું નામ આલેખવું.
૩ કર્ણિકા ફરતા સાડાત્રણ વર્તુલો આલેખી તેને ક્રૌંકારથી રુદ્ધ કરવાં.
૪ બહારના આઠ દલોમાં આઠ હ્રીંકારનો ન્યાસ કરવો.
૫ યંત્રને હ્રીંકારથી સાડાત્રણવાર વેષ્ટિત કરવો.
૬ પ્રાન્તે ક્રૌંકારથી રૂદ્ધ કરવો.

## યંત્ર નં. ૨૦ દુર્ભગનારી સૌભાગ્યકર યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે મુજબ છે.

૧ પ્રથમ એક વલય આલેખવું.
૨ તે વલયમાં હ્રીંકાર આલેખવો.
૩ હ્રીંકારના ગર્ભમાં સાધકનું નામ આલેખવું.
૪ હ્રીંકારની ચાર દિશામાં (ઉપરના ક્રમથી પ્રદક્ષિણાવર્ત્તે) શ્રોં, હ્રૌં, શ્રીં, હ્રીં આ ચાર અક્ષરો આલેખવા.
૫ આ વલય ફરતું એક બીજું વલય આલેખવું.
૬ તે વલયને હ્રૌં શ્રોં આ અક્ષર યુગલથી સંભૃત કરવું.
૭ પ્રસ્તુત વલયને હ્રીંકારની સાડાત્રણ રેખાઓથી વેષ્ટિત કરી પ્રાન્તે ક્રૌંકારથી રુદ્ધ કરવું *

## યંત્ર નં. ૨૧ શાન્તિક પૌષ્ટિક ભૂતપ્રેતશાકિની જ્વરાદિનાશક યંત્ર—

આ યંત્રના આલેખનની વિધિ નીચે પ્રમાણે છે.

૧ આઠ વલયનું એક ચક્ર આલેખવું.

---

* યંત્રને ચિત્રમાં ક્રૌંકારથી રુદ્ધ કરેલ છે પણ આ અંગે બે માન્યતાઓ પ્રવર્ત્તે છે. એક માન્યતા ક્રૌંકારથી રુદ્ધ કરવાની છે. બીજી માન્યતા ક્રૌંકારથી રુદ્ધ કરવાની છે. અમે અહીં બીજી માન્યતાને પ્રાધાન્ય આપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ મધ્યવર્તી પ્રથમ વલયમાં ह्रं આલેખી તેના ગર્ભમાં સાધકનું નામ આલેખી ઉપરથી ચારે દિશામાં व झं प क्षि અક્ષરો ક્રમશઃ આલેખવા.

૩ તેની બાહ્યના વલયને ઠકારથી પરિપૂરિત કરવું.

૪ તેની બાહ્યના વલયને अ થી अः સુધીના માતૃકાક્ષરોથી વેષ્ટિત કરવું.

૫ તેની બાહ્ય રહેલા વલયમાં पार्श्वनाथाय ह्रीँ श्रीँ स्वाहा અક્ષરો આઠે દિશામાં આલેખવા.

૬ તેની બાહ્યના વલયને हर, हर શબ્દોથી પરિપૂરિત કરવું.

૭ તેની બાહ્યના વલયમાં આઠે દિશામાં ईवीँ क्ष्वीँ हं सः શબ્દો આલેખવા.

૮ તેની પછીના વલયને हंકારથી પરિપૂરિત કરવું.

૯ તેની પછીના વલયને पકારથી પરિપૂરિત કરવું.

૧૦ સંપૂર્ણ યંત્રને क्ष्रीँકારની સાડીત્રણ રેખાઓથી વેષ્ટિત કરી પ્રાન્તે क्रौँકારથી રુદ્ધ કરવું.

વાપીયંત્ર—

ઉવસગ્ગહરં સ્તોત્રના ૧૮૫ અક્ષરોને તથા પંચગૃહના સર્વતોભદ્ર યંત્રને સમાવિષ્ટ કરતું વાપીયંત્ર ઉવસગ્ગહરં સ્તોત્ર અંગેની જૂની હાથપોથીમાં સાંપડે છે. તેમાં પ્રસ્તુત યંત્રને આલેખવાની કોઈ જ વિધિ દર્શાવાઇ નથી.

ઉપરાંત મહાવીર ગ્રન્થમાલા, ધુલીયા (ખાનદેશ) તરફથી તેના અષ્ટમ પુષ્પ સ્વરૂપે પ્રસ્તુત વાપીયંત્ર પ્રકાશિત થયેલ છે. પરંતુ ત્યાં પણ આ યંત્રને આલેખવાની કોઈ જ વિધિ દર્શાવાઈ નથી.

જે રીતે યંત્ર જોવા મળે છે તે ઉપરથી આ યંત્રને આલેખવાની વિધિ નિમ્નલિખિત પ્રકારે હોય તેમ લાગે છે.

વાપીયંત્ર તેના નામ પ્રમાણે એક નવકોણની ચતુર્દ્વારવાળી વિશાલકાય વાપી છે. તેના કેન્દ્રના જળાશયરૂપી કોષ્ઠમાં પહોંચવા માટે નવ સોપાનવાળી નવ નવ ગૃહોની સોપાનમાલા અને એક એક દ્વાર માટે એક એક ગૃહ એ પ્રકારે ચારે દિશામાં આલેખવાના છે. પરંતુ તેની આકૃતિ નવકોણવાળી કરવાની હોવાથી તદનુસાર એકેક ગૃહની સંખ્યા ચારે બાજુ ઓછી થતી જશે.

એકંદર ગૃહો આ પ્રમાણે થશે—

૨૧+૧૯+૧૭+૧૫+૧૩+૧૧+૯+૭+૫+૩+૧=૧૨૧

આ ઉત્તર ગૃહો થયા. અધરગૃહો માટે કેન્દ્રિત ૨૧ ની સંખ્યા ગણવાની નથી. એટલે તે ૧૦૦ ગૃહો થશે.

આ પ્રકારે ૧૨૧+૧૦૦=૨૨૧ ગૃહોની સંખ્યા એકંદર થશે. આ ૨૨૧ ગૃહોને અંકગૃહો તથા અક્ષરગૃહોમાં વિભાજિત કરવાના છે.

એક પંચગૃહનું સર્વતોભદ્રનું યંત્ર અંક માટે આલેખિત કરવું હોય તો ૨૫ ગૃહો જોઇએ. અંક અને અક્ષરનો પ્રસ્તુત યંત્રમાં સમન્વય કરવાનો હોવાથી કેન્દ્રના એક ગૃહમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवसग्गहरंના ૩ને સ્થાપિત કરવાનો છે અને બાકી રહેતા ૨૪ ગૃહોમાં સર્વતોભદ્ર માટે અંકો એવી રીતે નિર્ણીત કરવા કે જેથી સર્વ બાજુથી ગણત્રી કરતાં સરવાળાની સંખ્યા ૧૮૫ થાય.

આ પ્રમાણે અંકોનો ન્યાસ કર્યા પછી અંક અને અક્ષરના યંત્રોના સમન્વય માટે ૧૮૫ ની સંખ્યા ચારે ય દિશામાં ત્રણ ત્રણ ગૃહમાં સ્થાપિત કરવી. આ પ્રકારે કરતાં બાર ગૃહોની અંક ગૃહોમાં વૃદ્ધિ થશે. તેથી ૩૬ ગૃહો અંકના થશે અને બાકીના ૧૮૪ ગૃહોમાં અને કેન્દ્રના એક ગૃહમાં उवसग्गहरं સ્તોત્રના ૧૮૫ અક્ષરોનો ન્યાસ કરવો.

આ યંત્ર લાવણ્યવિજયજી જ્ઞાનભંડાર, રાધનપુરની ડા. ૩૪ નં. ૨૦૬૮ 'उवसग्गहरं यंत्र' નામક પ્રતિમાં તેમ જ આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિરની ડભોઈની 'उवसग्गहरं स्तोत्र' નામક ૬૧૧૫ નંબરની પ્રતિમાં આલેખેલ છે. ઉપર્યુક્ત ક્રમાંક ૬૧૧૫ની પ્રતમાં આ યંત્રના આલેખન બાદ નીચે મુજબ ઉલ્લેખ પ્રાપ્ત થાય છેઃ—

इदं उपसर्गहरस्तोत्रयंत्रं कुंकुमसुरभिद्रव्यैर्लिखित्वा यंत्रं गृहे पूज्यते तस्य सर्वदुष्ट-गृ(ग्र)हरोगसाति (शान्ति)र्भवति । इदं यंत्रं रजतस्थाल्यां लिखित्वा पानिं (पानीयं) प्राक्षाल्य पाययेत् तस्य सा(शा)किन्यादिदोषो नाशयति । अस्य यंत्रपाने माहाविषं न पराभवति । इदं यंत्रं षि(शि)रसि वा बाहौ धारधारणात् लक्ष्मीवृद्धीयश-कीर्ति-सौभाग्य वृधि(द्धि) राज्य-मान्यं भवति । इहलोक परलोकसुखं भवति नात्र संदेहः । इच्छित कामना थाय छे ।


# જૈન સાહિત્ય વિકાસ મંડળનાં પ્રકાશનો

## [૧] પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા (ભાગ–૧ લો)

—પ્રતિક્રમણનાં સૂત્રોના અષ્ટાંગ વિવરણને સમાવતા આ પુસ્તકના ત્રણ ભાગો પૈકી આ પ્રથમ ભાગમાં 'અરિહંત–ચેઈઆણ' સુધીનાં સૂત્રો સામેલ કરવામાં આવ્યા છે.

—કાયોત્સર્ગ ઉપર પુષ્કળ પ્રકાશ પાડવામાં આવ્યો છે. 'ઉવસગ્ગહરં' ના અર્થ–ગૌરવમાં વધારો કરવામાં આવ્યો છે. આલંબન–યોગનું રહસ્ય સમજાવવામા આવ્યું છે, આ ભાગનાં પાંચે પરિશિષ્ટો ફરી ફરીને ધ્યાનપૂર્વક વાંચવા યોગ્ય છે.

આવૃત્તિ બીજી–મૂલ્ય રૂા. ૫–૦૦

## ×[૨] પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા (ભાગ ૨ જો)

—આ ભાગમાં 'ભગવાન્ હં' થી આરંભી 'ભરહેસર' સુધીનાં સૂત્રો સમાવિષ્ટ કરાયાં છે. પંચાચાર અને શ્રાવકધર્મ પર પુષ્કળ પ્રકાશ પાથરવામાં આવ્યો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—'લઘુશાંતિ' પર ૧૦૦ પાનાનું વિવેચન કરી; તેના પદે પદનું રહસ્ય સમજાવી, તેમાં રહેલા મંત્રોનો અર્થ પ્રકાશમાં આણવામાં આવ્યો છે.–મૂલ્ય રૂા. ૫–૦૦

**[૩] પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા (ભાગ ૩ જો)**

—'મન્નહ જિણાણ'થી આરંભી પ્રતિક્રમણના અવશિષ્ટ સર્વ સૂત્રો આમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉપરાંત અનેક મહત્ત્વના વિષયો આમાં ચર્ચવામાં આવ્યા છે. ખાસ કરીને 'અજિતશાંતિસ્તવ' પર અભૂતપૂર્વ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

—પ્રાચીનમાં પ્રાચીન પ્રતિના આધારે 'સંતિકર' સ્તવનનો પાઠ સુધારીને આપવામાં આવ્યો છે. પાંચે પ્રતિક્રમણના વિધિ તથા હેતુઓ, સ્તવનાદિ સંગ્રહ તથા અનેક પરિશિષ્ટો સમુચિત રીતે અપાયા છે. ૨૪૦૦ પૃષ્ઠ–પ્રમાણ આ ૩ ગ્રંથો એક યાદગાર કૃતિસમા છે.

પ્રતિક્રમણનાં સૂત્રોનું આટલું સર્વાંગ–શુદ્ધ સંસ્કરણ અન્ય કોઈ જોવામાં આવતું નથી. મૂલ્ય રૂા. ૫–૦૦

**×[૪] પ્રતિક્રમણની પવિત્રતા**

—પ્રતિક્રમણના રચયિતા, પ્રતિક્રમણ સૂત્રનું અધ્યયન પ્રથમ કેમ?, પ્રતિક્રમણની આવશ્યકતા, પ્રતિક્રમણની ચારિત્ર ઉપર અસર વગેરે વિષયોની વિશદ મીમાંસા કરી અનેક શંકાઓનાં શાસ્ત્રીય સમાધાન આપવામાં આવ્યા છે. આવૃત્તિ બીજી–મૂલ્ય રૂા. ૦–૬૨

**×[૫] પંચપ્રતિક્રમણ સૂત્ર (પ્રબોધટીકાનુસારી) ગુજરાતી આવૃત્તિ**

—શબ્દાર્થ, અર્થ–સંકલના તથા સૂત્ર–પરિચય સાથે વિધિઓ ઉપયોગી વિષયો, વિધિના હેતુઓ, ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરેનો સમાવેશ કરતું આ સર્વાંગ શુદ્ધ પ્રકાશન છે. ૬૪૦ પાનાનો દળદાર ગ્રંથ.–મૂલ્ય રૂા. ૨–૦૦

**[૬] પંચપ્રતિક્રમણસૂત્ર તથા નવસ્મરણ (પ્રબોધટીકાનુસારી હિન્દી આવૃત્તિ (આવૃત્તિ બીજી)**

—શબ્દાર્થ, અર્થ–સંકલના તથા સૂત્ર–પરિચય સાથે ઉપર્યુક્ત ગ્રંથનું આ હિન્દીમાં પ્રકાશન છે.–મૂલ્ય રૂા. ૫–૦૦

**[૭] સચિત્ર સાર્થ સામાયિક ચૈત્યવંદન (પ્રબોધટીકાનુસારી)**

—સામાયિક તથા ચૈત્યવંદનનાં સૂત્રોનું વિશિષ્ટ રીતે, સરળ ભાષામાં વિવેચન કરી ઉપયોગી ચિત્રો દ્વારા તેની સમજુતી આપવામાં આવી છે.–મૂલ્ય રૂા. ૧–૨૫

**[૮] યોગપ્રદીપ**

—લગભગ દોઢસો શ્લોક–પ્રમાણ આ પ્રાચીન ગ્રંથ યોગ જેવા ગહન વિષય ઉપર ગંભીર પ્રકાશ પાડે છે. આમાં પ્રાચીન ગુજરાતી બાલાવબોધ તથા અર્થ–સમજૂતી દ્વારા વિશિષ્ટ વિવેચન કરવામાં આવેલ છે.–મૂલ્ય રૂા. ૧–૫૦

**×[૯] ધ્યાન–વિચાર (સચિત્ર)**

આ ગ્રંથ જૈનદર્શને બતાવેલ ધ્યાન જેવા વિષય પર અનેરો પ્રકાશ પાથરે છે અને તેનાં ગૂઢ રહસ્યોને પ્રગટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનના વિષય પર આવો પ્રકાશ પાથરનાર કોઇ ગ્રંથ આજ સુધી પ્રાપ્ત થયેલ નથી. ધ્યાનની સાધના કરવા ઇચ્છતા સાધકોને આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે.

મૂલ્ય-સ્વાધ્યાય (અપ્રાપ્ય)

**[૧૦] તત્ત્વાનુશાસન-નાગસેનાચાર્ય-પ્રણીત (ગુજરાતી અનુવાદ-સહિત)**

–ધ્યાનના પ્રત્યેક અભ્યાસી માટે આનું વાંચન અત્યંત આવશ્યક છે; વ્યવહાર-ધ્યાન તથા નિશ્ચય-ધ્યાનનું આમાં સુંદરતમ વર્ણન છે, ધ્યાનના વિષયની સંપૂર્ણ છણાવટ કરતો આ ગ્રંથ ગ્રંથકારની અપૂર્વ પ્રતિભાશક્તિને સ્વયં પ્રદર્શિત કરે છે. મૂલ્ય ૧-૦૦

**×[૧૧] નમસ્કાર-સ્વાધ્યાય (સચિત્ર) (પ્રાકૃત વિભાગ)**

—અચિંત્ય ચિન્તામણિ, સર્વ મહામંત્રો તથા પ્રવરવિદ્યાઓના પરમબીજ તરીકે વર્ણવાયેલ શ્રીપંચમંગલમહાશ્રુતસ્કંધની યથાર્થ સ્વરૂપમાં વ્યવસ્થિત સમજ અનેક પ્રાકૃત સ્તોત્રો, યંત્રો, મંત્રો તથા ચિત્રો દ્વારા આ ગ્રંથમાં આપવામાં છે.

—પ્રાકૃતભાષમામાં રચાયેલા, નમસ્કાર વિષયક પ્રાપ્ત થયેલ પ્રાચીન શ્રેષ્ઠ સાહિત્યનો આમાં સુંદર સંગ્રહ તેના ગુજરાતી અનુવાદ સાથે આપેલ છે-મૂલ્ય રૂા. ૨૦-૦૦ (અપ્રાપ્ય)

**[૧૨] ઋષિમંડલસ્તવ-યન્ત્રાલેખન**

—મન્ત્ર સાહિત્યમાં અદ્ભુત નિષ્ણાત, ચૌદમીશતાબ્દીના સમર્થ માંત્રિક, આચાર્યશ્રી સિંહતિલકસૂરિની આ અદ્ભુત કૃતિ છે.

—આમાં ઋષિમંડલયંત્રનું આલેખન કેવી રીતે કરવું? તેની સરળતાથી સમજૂતી આપવામાં આવી છે. અગ્યાર પરિશિષ્ટો તથા સરળ અનુવાદ સાથેનો આ ગ્રંથ સાધકોને અતિ ઉપયોગી છે. -મૂલ્ય રૂા. ૩-૦૦

**[૧૩] ઋષિમંડલયન્ત્ર (ત્રિરંગી આર્ટપેપર પર)**

—આચાર્ય શ્રીસિંહતિલકસૂરિએ નિર્દિષ્ટ કરેલ આમ્નાયને ધ્યાનમાં રાખીને દોરાયેલ આ ભવ્ય ચિત્ર, અનેક યંત્રો સામે રાખીને સર્વાંગ શુદ્ધ રીતે છાપવામાં આવે છે.

-મૂલ્ય રૂા. ૧-૦૦

**[૧૪] નમસ્કાર-સ્વાધ્યાય (સચિત્ર) (સંસ્કૃત વિભાગ)**

—શ્રી નમસ્કાર મહામંત્ર અંગેના ૪૩ પ્રાચીન સંસ્કૃત સ્તોત્રો તથા સંદર્ભોને આ ગ્રંથમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે.

-નમસ્કાર મહામંત્રની વિવિધ વિશેષતાઓ અને તે સંબંધી વિપુલ સાહિત્યનો એક જ સ્થળે સમાવેશ કરતો આ ગ્રંથ અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી છે. મૂલ્ય રૂા, ૧૫-૦૦

**×[૧૫] A comparative study of the Jaina Theories of Reality and Knowledge**

By-Y. J. Padmarajiah.

—જૈનદર્શન ઉપર વિશદ વિવેચન કરતો આ થીસીસ (નિબંધ) ડો. વાય. જે. પદ્મરાજૈયાએ અંગ્રેજીમાં લખેલ અને તે થીસીસ પર તેમને ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા એમ. એ. ડી. ફીલ (M. A. D. Phil.) ની પદવી એનાયત થયેલ. જૈન સાહિત્ય વિકાસ મંડળને આ નિબંધ અતિ ઉપયોગી લાગવાથી તેનું પ્રકાશન કરવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગ્રંથ માટે પરદેશથી અતિ સુંદર અભિપ્રાયો સાંપડેલ છે.–મૂલ્ય રૂા. ૧૫–૦૦

## [૧૬] સર્વસિદ્ધાન્ત–પ્રવેશક

—છએ દર્શનોનું ટૂંકું પણ સચોટ વિવેચન કરતો આ ગ્રંથ ૧૧ મી શતાબ્દીમાં ચિરંતન જૈનમુનિએ રચેલ છે, જે છ દર્શનોના જ્ઞાનના ઇચ્છુકો માટે બાળપોથી જેવો છે.

—ગ્રંથ મનોરમ સરળ સંસ્કૃતભાષામાં છે. –મૂલ્ય રૂા. ૧–૦૦

## [૧૭] જિનસ્નાત્રવિધિ (પ્રા.) અને અર્હદભિષેકવિધિ (સં.)

—લગભગ એક હજાર વર્ષો પહેલાં થયેલા આચાર્ય જીવદેવસૂરિની પ્રાકૃત કૃતિ, સમુદ્રસૂરિની સં. પંજિકા સાથે તથા (૨) વાદિવેતાલની સંસ્કૃત કૃતિ, શીલાચાર્ય (તત્ત્વાદિત્ય) ની સં. પંજિકા સાથે. બંને ગ્રંથો ગુજરાતી અનુવાદ, વિસ્તૃત પ્રસ્તાવના, વિષય પ્રદર્શન તથા ઉપયોગી ૫ પરિશિષ્ટો સાથે સુસંપાદિત છે.–મૂલ્ય રૂા. ૨–૦૦

## ×[૧૮] લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય

લોગસ્સ સૂત્ર અંગે પ્રાચીન ગ્રન્થોમાં પ્રાપ્ત થતા સાહિત્યનું આમાં સર્વતોમુખી વિવેચન કરવામાં આવ્યું છે, ઉપરાંત પ્રશ્નોત્તરો, પ્રકીર્ણ વિચારો, આવશ્યક માહિતી સ્તોત્રો યન્ત્રો, કલ્પ તથા શકુનાવલિ આદિથી ગ્રન્થ અતિ આદરણીય અને આનંદદાયક બન્યો છે. સ્વાધ્યાયનાં રસિક આત્માઓએ આ ગ્રંથ અવશ્ય વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ૭-૦૦

## [૧૯] યોગસાર

ધર્મનો ટૂંક સાર સરળ ભાષામાં આજથી લગભગ ૫૦૦ વર્ષો પૂર્વના મુનિવરે ગ્રંથસ્થ કર્યો છે. જે અનુવાદ સાથે આમાં દર્શાવાયો છે. પુસ્તિકા નાનકડી છતાં અતિ ઉપયોગી છે. મૂલ્ય રૂા. ૨–૦૦

## [૨૦] PRAMANANAYA TATTVALOKALAMKARA WITH ENGLISH TRANSLETION

આજથી ૧૦૦૦ વર્ષો પૂર્વે રચાયેલ ગ્રંથનું આ પ્રથમવાર જ અંગ્રેજી ભાષાંતર છે. જે જૈનદર્શન, પ્રમાણ, નય વગેરે સમજવા અતિ ઉપયોગી છે. મૂલ્ય રૂા. ૨૦–૦૦

## [૨૧] યોગશાસ્ત્રના અષ્ટમ પ્રકાશનનું સવિસ્તર વિવરણ વિભાગ ૧ લો

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત યોગશાસ્ત્રના આઠમા પ્રકાશના ૧ થી ૧૭ શ્લોકનું સૂક્ષ્મતાથી અને છતાં ય સરળ વિવેચન આમાં રજુ કરાયું છે. કુંડલિની માટે પ્રાપ્ત થતા જૈન પાઠો રજુ કરાયા છે. ધ્યાનની એક સળંગ પ્રક્રિયા દર્શાવાઇ છે જે ધ્યાનમાર્ગના અભ્યાસીઓને અવશ્ય મનનીય છે. મૂલ્ય રૂા. ૧૫–૦૦

## [૨૨] સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય, પ્રથમ ભાગ

સૂરિમંત્રને લગતા પાંચ કલ્પોને સમાવતો આ ગ્રંથ સૂરિમંત્ર અંગે અદ્ભુત પ્રકાશ પાડે છે. આ ગ્રંથમાં સમાવિષ્ટ મંત્રરાજ રહસ્ય પ્રથમવાર જ પ્રકાશિત થાય છે. સૂરિમંત્ર અંગે આ એક આકર ગ્રંથ છે. મૂલ્ય રૂા. ૨૦–૦૦

---

× નિશાનીવાળા ગ્રન્થો હાલ પ્રાપ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org